
# ગીતા સંદેશ




## - શ્રી યોગેશ્વરજી

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *




e-book

Title : Geeta Sandesh
Language : Gujarati
Version : 1.0
Pages : 116
Created : March 31st, 2014.


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## પ્રસ્તાવના



ગીતા શું શીખવે છે એના કરતાં ગીતા શું નથી શીખવતી એ પ્રશ્ન વિચારવા જેવો છે. ધર્મ, તત્વજ્ઞાન, સાધના, આધ્યાત્મિકતાના સંબંધમાં ગીતાએ પર્યાપ્ત પ્રાણવાન પ્રકાશ પાડ્યો છે. એવો પ્રકાશ પાડ્યો છે જે યુગો સુધી ઝાંખો ના થાય કે નાશ ના પામે. જે માનવના અંતરાત્માને અહર્નિશ આલોકિત કરે. જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગનાં ગૂઢાતિગૂઢ રહસ્યોની રજૂઆત કરીને એણે માનવજાતિને માટે મહામૂલ્યવાન મહત્વનું કલ્યાણકાર્ય કર્યું છે. અસંખ્ય અંધકારગ્રસ્ત આત્માઓને પ્રકાશ પૂરો પાડ્યો છે. પ્રેરણાહીનને પ્રેરણા આપી છે, અશાંતને શાંતિ બક્ષી છે, પથભ્રાંતને પથપ્રદર્શન કર્યું છે, શંકાશીલને શંકા-કુશંકાના વમળમાંથી બહાર કાઢ્યા છે, મોહમગ્નને મોહમાંથી મુક્ત કર્યા છે, અને બદ્ધને મુક્તિનો મહારસ ચખાડ્યો છે. એણે જીવનને જ્યોતિર્મય કરવા માટે જરૂરી સઘળું શીખવ્યું છે.

ગીતા શું શીખવે છે ? કર્તવ્ય કરવાનું. સ્વધર્મનું સમ્યક્ પાલન. કર્તવ્યોનો ત્યાગ એને લેશ પણ પસંદ નથી પડતો.

એ ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મનને સ્વસ્થ અને શાંત રાખવાનું, હિંમત કેળવવાનું, નીતિ-સદાચાર-માનવતાને ના છોડવાનું, પરમાત્માને શરણે જવાનું અને પ્રાર્થવાનું શીખવે છે. એના એ અને એવા બીજા જીવનોપયોગી શાશ્વત સંદેશને સમજીને જીવનમાં ઉતારીએ તો જીવન અવનવી દીપ્તિ તથા શાંતિથી સંપન્ન થાય ને વધારે જીવવા જેવું બની જાય.

ગીતાના એ અને એવા બીજા જીવનોપયોગી સંદેશને આ પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યા છે. મૂળ પ્રવચનોરૂપે રજૂ થયેલા વિષયોને અહીં સમાવી લીધા છે. જીવનવિકાસના સાધકોને એ ઉપયોગી બનશે એવી આશા છે.

**- શ્રી યોગેશ્વર**

* * *

## અનુક્રમણિકા


૧. ગીતાવિચાર
૨. ઉત્ક્રાંતિના ત્રણ તબક્કા
૩. સર્વકાલીન સંદેશ
૪. યુદ્ધનાં કારણો
૫. સારસંદેશ
૬. વિષાદયોગ
૭. તરીશ તથા નાશ પામીશ
૮. બીજ, શક્તિ તથા કીલક
૯. વિકાસની વિવિધ કક્ષાઓ
૧૦. ગીતા અને શ્રીકૃષ્ણ
૧૧. યોગક્ષેમનું વહન
૧૨. આચારસંહિતા
૧૩. ગીતાની યજ્ઞભાવના
૧૪. અંતસમયની સાધના
૧૫. ગીતાનો યોગ
૧૬. ગીતા શું શીખવે છે ?
૧૭. શૌચ વિશે


* * *

## ૧. ગીતાવિચાર

### સર્વકાલીન સાહિત્યગ્રંથ

સંસારમાં બે પ્રકારનાં સાહિત્ય જોવા મળે છે. એક તો સમકાલીન સાહિત્ય અને બીજું સર્વકાલીન સાહિત્ય. એક ક્ષણજીવી સાહિત્ય અને બીજું સનાતન સાહિત્ય. એક તો એક જ પ્રજાવિશેષ, જાતિવિશેષ, દેશવિશેષ કે કાળવિશેષ પૂરતું સીમિત સાહિત્ય અને બીજું સર્વકાળની ને દેશની પ્રજાઓને માટે પ્રેરક, પ્રકાશદાયક, સર્વોપયોગી સાહિત્ય. એવા સાહિત્યનો સમુદ્ભવ થયો હોય છે કોઈ એક જ સ્થળે, એક જ પરિસ્થિતિને અનુલક્ષીને, એક જ વ્યક્તિવિશેષને માટે, પરંતુ એ સમસ્ત સૃષ્ટિનું, સઘળાં સ્થળોનું અને સઘળા સંજોગનું બનીને રહ્યું હોય છે. એને સાર્વજનિક કે સર્વદેશીય સાહિત્ય પણ કહી શકાય. એવા સર્વકાલીન, સર્વદેશીય, સાર્વજનિક, સનાતન સાહિત્યમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમાવેશ કરી શકાય છે.

મહાકવિ કાલિદાસે કહ્યું છે કે **क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपम रमणीयतायाः।** સાચું સૌંદર્ય ક્ષણેક્ષણે નવીનતાને ધારણ કરે છે અને નિત્યનૂતન લાગે છે. એને અવલોકતાં કદી કંટાળો નથી આવતો. સંપૂર્ણ ને સદાનો સંતોષ નથી થતો. એવું નથી કે હવે એને નથી અવલોકવું. એનો આસ્વાદ નથી લેવો. એ વાર્ધક્યથી, વિકારથી, વ્યાધિથી, વિનાશથી પર હોય છે. એની અંદર પ્રતિપળે અભિનવ આકર્ષણનો, આહ્લાદનો, આરામનો અનુભવ થાય છે. ઉષા અને સંધ્યાના રંગોને રોજરોજ જોઈએ તોપણ એ પુરાતન નથી થતા. કંટાળો નથી આપતા. સરિતા, સ્રોત, સાગરનાં આકર્ષણો અનંતકાળથી એકસરખાં રહે છે. સૂર્ય, ચંદ્ર, અભ્ર અને એનાથી આચ્છાદિત આકાશ અવનવા આહ્લાદે અલંકૃત લાગ્યા કરે છે. સુમનોનું સૌંદર્ય પણ શાશ્વત અને અહર્નિશ અભિનવ લાગે છે. એમની ઉપર કદી વૈરાગ્ય નથી થતો. એમની સુવાસ શાશ્વત કાળથી શાશ્વત સમયને માટે રેલાતી હોય છે. શરીરનું આકર્ષણ અને સૌંદર્ય કેટલીકવાર ઓસરી જાય છે પરંતુ આત્માની આકર્ષકતા અને આહ્લાદકતા નથી મટતી. એ અવનવા રહસ્યથી ભરપૂર લાગ્યા જ કરે છે. એનો તાગ કાઢવાના, એના મહિમાથી માહિતગાર બનવાના અથવા એનું રહસ્યજ્ઞાન મેળવવાના ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે છે પણ તે પ્રયત્નો અધૂરા જ રહે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. એનાં આકર્ષણ, સૌંદર્ય, માધુર્ય, માહાત્મ્ય નિત્યનૂતન છે. ક્ષણેક્ષણે અભિનવ લાગે છે. એને રચાયે વરસોનાં વહાણાં વીતી ગયાં છે તોપણ એ જાણે આજે અત્યારે જ રચાઈ હોય એવું લાગ્યા કરે છે. એમાં સંગ્રહાયેલું સત્વ અને ધબકતું તત્વ એટલું બધું જીવનોપયોગી અને પ્રેરક છે. એની ઉપર જાતિ, દેશ કે કાળવિશેષનું શાસન નથી ચાલતું. એના રહસ્યજ્ઞાન પર અત્યાર સુધી વિભિન્ન વિચારસરણીવાળા વિદ્વાનો દ્વારા કેટલોય પ્રકાશ પાડવામાં આવ્યો છે તોપણ ભવિષ્યમાં અભિનવ પ્રકાશને માટે અવકાશ છે. એની ઉપર નિતનવાં વૈવિધ્યપૂર્ણ ભાષ્યો રચાશે તોપણ એનું આકર્ષણ અલ્પ પણ ઓછું નહિ થાય. એનો મહિમા મટી નહિ જાય.

*

### સંસ્કૃતિનું હૃદય

ગીતાના માહાત્મ્યમાં ભગવાન શ્રીકૃષ્ણના શ્રીમુખમાંથી પ્રકટેલા ઉદ્‌ગારોના રૂપમાં કહેવામાં આવ્યું છે કે હે પાર્થ, ગીતા મારું હૃદય છે, ઉત્તમ સુંદર નિવાસસ્થાન છે. ગીતાના દિવ્ય જ્ઞાનનો આશ્રય લઈને હું ત્રિલોકનું પાલન કરું છું. ગીતાના આધારથી હું શ્વાસ લઉં છું, જીવનને ટકાવું છું, ગીતા મારું પરમપદ છે.

गीता मे हृदयं पार्थ गीता मे चोत्तमं गृहम् ।
गीताज्ञानमुपाश्रित्य त्रिल्लोकान्पालयाम्यहम् ॥
गीताश्रयेऽहं तिष्ठामि गीता मे परमं पदम् ॥

ભગવાન કૃષ્ણે જે ગૌરવગ્રંથને પોતાનું હૃદય કહ્યું છે તે ગ્રંથનો મહિમા કેટલો મંગલમય અને મહાન હશે તેની કલ્પના સહેલાઈથી કરી શકાય તેમ છે. માનવશરીરમાં હૃદયનું સ્થાન ખૂબ જ મૂલ્યવાન અને મહત્વનું મનાય છે. હૃદય બંધ પડી જાય તો શરીર પણ બંધ પડી જાય. સમસ્ત જીવન પર કામચલાઉ, વચગાળાનો પડદો પડી જાય. હૃદય ચાલે તો જીવન પણ ચાલવા લાગે. શરીર સજીવ બની જાય. હૃદયનો એવો મહિમા છે. પરમાત્મા સૌના હૃદયપ્રદેશમાં વિરાજે છે, અને ગીતા એમનું હૃદય છે એટલે એ ગીતામાં વસે છે. ગીતાના જ્ઞાન વિના પરમાત્મા જો કાર્ય કરી શકે નહીં તો માનવ કેવી રીતે કરી શકે ? પોતાનાં તન, મન તથા અંતરના પરિપાલનને માટે એને ગીતાના પરમ ગૌરવજ્ઞાનની અનિવાર્ય આવશ્યકતા છે જ.

ગીતાને ભગવાન કૃષ્ણે પોતાનું હૃદય કહી છે અને એ ભગવાન કૃષ્ણનું હૃદય છે એ તો સાચું જ છે, પરંતુ બીજી રીતે કહીએ તો એ સમસ્ત ભારતીય તથા માનવીય સંસ્કૃતિનું હૃદય છે. એ હૃદય કદી પણ અને કોઈયે કારણે બંધ પડે તેવું નથી. એને લીધે ભારતીય સંસ્કૃતિ સજીવ છે. યુગોના આઘાત-પ્રત્યાઘાતોની સામે સફળતા સહિતા શ્વાસ લઈને ટકી રહી છે. એમાં ભારતીય સંસ્કૃતિ ને જીવન ને જગત વિશે, જીવાત્મા તથા પરમાત્મા વિશે, બંધ-મોક્ષ, શાંતિ-અશાંતિ વિશે, તથા જીવનસાધનાનાં જુદાજુદાં સાધનો સંબંધી જે કાંઈ કહેવાનું છે તે તે સંક્ષેપમાં છતાં પણ સારગર્ભિત રીતે આવી જાય છે. માહાત્મ્યના પેલા બીજા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે વેદ તથા ઉપનિષદોની ગાયોને ગોપાલનંદને દોહીને ગીતારૂપી અલૌકિક અમૃત અથવા દૂધ તૈયાર કર્યું છે. શાસ્ત્રોમાં આલેખાયેલું અમૃત તો અંગને અમર બનાવે છે, કિન્તુ ગીતારૂપી અલૌકિક અમૃત મન, અંતર અને આત્માને અનુપ્રાણિત કરે છે અને અમરતા અર્પે છે. એ અમૃતની સરખામણી સાધારણ અમૃત સાથે ના કરાય. ભારતીય ધર્મ, તત્વજ્ઞાન વિષય સાહિત્ય તથા સંસ્કૃતિમાંથી ગીતાગ્રંથને બાદ કરવામાં કે બાકાત રાખવામાં આવે તો એનો મહિમા મરી જાય, એનું હૃદય બંધ પડી જાય. ગીતાગ્રંથનું સ્થાન એવું અદ્‌ભુત, અજોડ, અનુપમ છે.

ખ્રિસ્તી ધર્મનો એકમાત્ર સર્વમાન્ય પ્રતિનિધિગ્રંથ બાઈબલ મનાય છે. ઈસ્લામનો કુરાન અને જરથોસ્તી ધર્મનો ઝંદ અવસ્તા કે ગાથા. એવી રીતે કોઈ આપણને જણાવે કે ભારતીય ધર્મ, તત્વજ્ઞાન કે સંસ્કૃતિનું, ભારતની અતીતકાળની અક્ષય આત્મસાધનાનું પ્રતિનિધિત્વ કરનારા કોઈ એક જ મહાગ્રંથને બતાવો, તો આપણે ગીતાને કોઈપણ પ્રકારના સંશય કે સંકોચ સિવાય બતાવી શકીએ. વેદો, ઉપનિષદો, દર્શનશાસ્ત્રો, રામાયણ અને મહાભારત ખરેખર પ્રશસ્ય છે, પરંતુ સંસ્કૃતિનું પૂર્ણ પ્રામાણિક પ્રમાણભૂત પ્રતિનિધિત્વ કરનારા કોઈ એક જ ગૌરવગ્રંથને રજૂ કરવો હોય તો ગીતાને રજૂ કરી શકાય અને કહી શકાય કે આ એક ગ્રંથ બીજા બધા જ ગ્રંથોનું પ્રતિનિધિત્વ કરી શકે તેમ છે. ગીતા ભારતીય સંસ્કૃતિનો આત્મા,

ભારતીય ધર્મ કે તત્વજ્ઞાનનું પરિપૂર્ણ પ્રતીક છે. માટે જ કહ્યું છે કે એ એક જ શાસ્ત્ર છે, સર્વે શાસ્ત્રોના સારરૂપ સનાતન શાસ્ત્ર છે. એનું અધ્યયન કરવામાં આવે પછી અન્ય શાસ્ત્રોનું અધ્યયન ના કરવામાં આવે તોપણ કશું ગુમાવવાનું નથી રહેતું.

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्र विस्तरैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिः सृता ॥

અને एकं शास्त्रं देवकीपुत्रगीतम् તથા सर्वशास्त्रमयी गीता तस्माद् गीता विशिष्यते જેવાં માહાત્મ્યનાં વચનો એ હકીકતની પ્રતીતિ કરાવે છે કે સાક્ષી પૂરે છે.

ગીતાને જન્માવવાનું સુરદુર્લભ સૌભાગ્ય ભારતને સાંપડ્યું છે એ સાચું છે તોપણ એનો અર્થ એવો નથી કે એની ઉપર ભારતનો જ અબાધિત અધિકાર છે. ભારત એને માટે ગૌરવનું અધિકારી બની શકે, ગર્વ લઈ શકે, તોપણ જ્ઞાનવિજ્ઞાનની એ મહામિલકત એની એકલાની નથી, સમસ્ત સંસારની છે. એ અખિલ માનવજાતિની મૂડી છે. આપણે એને માટે સાચું ગૌરવ તો ત્યારે જ લઈ શકીએ જ્યારે એના સિદ્ધાંતો, ઉપદેશો અથવા આદર્શોને જીવનમાં અનુવાદિત કરીએ કે અનુવાદિત કરવા કટિબદ્ધ બનીએ.

*

### ઘર તીર્થ બને છે

એકવાર હિમાલયના મસૂરી નગરમાં પ્રવચનોની પૂર્ણાહૂતિ કરીને હું બહાર નીકળ્યો ત્યારે રસ્તે ઊભેલી કોઈક છોકરીએ મને પ્રણામ કરીને બાઈબલની પુસ્તિકા ભેટ આપવા માંડી. મેં એની એ ભેટનો નમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો ને જણાવ્યું કે મેં બાઈબલને વાંચ્યું છે. એણે કહ્યું તોપણ લઈ જાવ. તમારી પાસે, તમારા ઘરમાં હશે તો કોઈકવાર કોઈને પણ કામ લાગશે. મેં એની પ્રાર્થનાનો પુનઃ અસ્વીકાર કર્યો અને જણાવ્યું કે બાઈબલની પુસ્તિકા મારી પાસે પણ છે.

રસ્તે જતાં સૌ કોઈને એ છોકરી બાઈબલ આપ્યે જતી. બાઈબલ ઉપહાર સ્વરૂપે મફત આપવા છતાં લેનારનો આભાર માનતી. એથી લેનારની પ્રસન્નતાનો પાર રહેતો નહિ. રસ્તા પરથી એક મોટા ઉદ્યોગપતિ પસાર થયા. છોકરીએ એમને બાઈબલ ભેટ આપવા માંડ્યું તો એ બોલ્યા કે હું અંગ્રેજી નથી જાણતો.

‘કશી હરકત નહીં’, છોકરી સત્વર બોલી ઊઠી. ‘તમારા ઘરમાં કે પરિવારમાં કોઈ ને કોઈ તો અંગ્રેજી જાણતું જ હશે.’

‘અરે કોઈ ને કોઈ શું? મારી પત્ની અને મારો પુત્ર બંને જાણે છે અને એ પણ ખૂબ જ સરસ રીતે.’

‘બસ ત્યારે. એમની દ્વારા તમને પણ કોઈવાર એનું રહસ્ય જાણવા મળશે. તમે લઈ જાવ તો ખરા. બાઈબલને પહેલાં ઘરમાં પહોંચવા દો. આગળનું કામ આપોઆપ થઈ રહેશે.’

શેઠે બાઈબલ સાથે ચાલવા માંડ્યું ત્યારે છોકરીને સંતોષ થયો. એને કોઈ હિસાબે ઈશુની વાણીનો પ્રચાર કરવો હતો અને બાઈબલ ઘરમાં પહોંચાડવું હતું. ગીતાના માહાત્મ્યકાર પણ ગીતાના પરમપવિત્ર જ્ઞાનવિજ્ઞાનયુક્ત ગૌરવગ્રંથને પહેલાં ઘરમાં પહોંચાડવા માગે છે. ગીતા ઘરમાં પહોંચશે તો આગળનું કામ આપોઆપ થયા કરશે. ઘરમાં પહોંચેલી ગીતાને કોઈવાર કોઈપણ ઉઘાડશે, વાંચશે, વિચારશે, સમજવાની કોશિશ કરશે, સમજશે, આત્મસાત્ કરશે અને જીવનમાં ઉતારવાનો પ્રયાસ આદરશે. ક્રમે ક્રમે બધું જ થતું

જશે. પરંતુ ગીતાના પુસ્તકને ઘરમાં રાખવામાં જ નહીં આવે કે એની સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ નહીં રાખવામાં આવે તો એ બધું કેવી રીતે બની શકશે ? ગીતાના ગ્રંથને ઘરમાં રાખવો એ તો માત્ર આરંભ છે. એક આવશ્યક મંગલ અમોઘ આરંભ. માટે જ ગીતાના માહાત્મ્યમાં જણાવ્યું છે કે જે ઘરમાં ગીતાનું પવિત્ર પુસ્તક હોય છે ને ગીતાનો પાઠ થાય છે તે ઘરમાં પ્રયાગરાજ જેવા તીર્થોનો સદા વાસ થાય છે. એ ઘરમાં હું વસું છું, કોઈ પ્રકારનું અમંગલ નથી રહી શકતું.

गीतायाः पुस्तकं यत्र यत्र पाठः प्रवर्तते ।
तत्र सर्वाणि तीर्थानि प्रयागादीनि तत्र वै ॥

ગીતાના માહાત્મ્યકાર કેવળ એટલું જ નથી ઈચ્છતા કે ગીતાનું પુસ્તક ઘરમાં જ રહે. ગીતાને ઘરમાં રાખવાની સૂચના માનસશાસ્ત્રીય સુચના છે. ઘરમાં બધાં ગીતામય જીવન જીવવા માંડે તો ઘર તીર્થમય બની જાય. પરંતુ માનવો કેવળ શબ્દાર્થને પકડીને બેસી ગયા અને સમજવા લાગ્યા કે ગીતાને ઘરમાં રાખીશું, પગે લાગીશું, અને અક્ષત ચંદન કે સુમન સમર્પિત કરીશું એટલે કલ્યાણ થશે. બહુ બહુ તો માગશર સુદ અગિયારસના ગીતાજયંતીના દિવસે પોથીપૂજા કરીશું અને ગીતાના સરઘસમાં સામેલ થઈશું. પરંતુ એટલાથી જ કાંઈ કલ્યાણ થઈ શકે અને ઘરને તથા જીવનને તીર્થસદૃશ પવિત્ર કે કલ્યાણકારક બનાવી શકાય ?

*

**યોગ શબ્દનો પ્રયોગ**

ગીતાના પ્રત્યેક અધ્યાયના શીર્ષકની એક વિશિષ્ટતા કે વિલક્ષણતા છે. એ વિશિષ્ટતા કે વિલક્ષણતા તરફ કેટલાય ગીતાવાચકોનું ધ્યાન નથી જતું. મોટાભાગના ગીતાવાચકો ગીતાના અધ્યાયોનો આરંભ કે પાઠ કરે છે, પરંતુ અધ્યાયોનાં શીર્ષકોનો વિચાર નથી કરતા. એમની પ્રત્યે પૂરતું લક્ષ નથી આપતા. જો પૂરતું લક્ષ આપવામાં આવશે તો જણાશે કે એ શીર્ષકો ખૂબ જ સૂચક છે. પ્રત્યેક અધ્યાયના શીર્ષકમાં યોગ શબ્દનો પ્રયોગ કરાયો છે. પ્રથમ અધ્યાયનું શીર્ષક અર્જુનવિષાદયોગ, બીજા અધ્યાયનું શીર્ષક સાંખ્યયોગ, ત્રીજા અધ્યાયનું કર્મયોગ, છઠ્ઠા અધ્યાયનું આત્મસંયમયોગ, દસમા અધ્યાયનું વિભૂતિયોગ અને અઢારમા અધ્યાયનું મોક્ષસંન્યાસયોગ, એવી રીતે યોગ શબ્દ સર્વત્ર પ્રયોજાયો છે. એ સૂચવે છે કે જીવન ભોગ માટે નથી પરંતુ યોગ માટે છે. વિલાસ માટે નથી, સંયમ માટે છે. પ્રકૃતિના પદાર્થોની પ્રીતિ અથવા આસક્તિ માટે નથી, પરમાત્માની પ્રીતિ તથા કૃપા માટે છે. સ્વાર્થ માટે નથી, પરાથ અથવા પરમાર્થ માટે છે. બંધન માટે નથી, મુક્તિ માટે છે. અશાંતિ માટે નથી, શાંતિ માટે છે. અપૂર્ણતા માટે નથી, પૂર્ણતા માટે છે. અવિદ્યામાંથી અધ્યાત્મવિદ્યામાં પ્રવેશીને એ દ્વારા પરમાત્માનો પરિચય સાધીને પરમાત્મામાં પ્રતિષ્ઠિત થવા માટે છે. એ મૂળભૂત એકમાત્ર અંતિમ આદર્શને દૃષ્ટિ સમક્ષ રાખીને એની પરિપૂર્તિના પ્રયત્નો કરતાં જ જીવવાનું છે. શીર્ષક દ્વારા જ ગીતા એ સુંદર સંદેશ પ્રદાન કરે છે.

જ્ઞાન કેવળ બુદ્ધિની શોભા થવાને બદલે કે વિતંડાવાદમાં પરિણમવાને બદલે યોગ માટે જ હોય. પરમાત્માભિમુખ બનાવીને પરમાત્માની પાસે પહોંચાડનારું હોવું જોઈએ. ભક્તિ પણ ભાવુકતા કે સંવેદનશીલતાથી સંપન્ન બનાવવાને બદલે પરમાત્માની શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનાવીને પરમાત્માનું દર્શન

કરાવનારી હોવી જોઈએ. યોગની સાધના પણ ધ્યાન કે સમાધિ જેવાં સાધનોમાં સીમિત બનીને બેસી રહેવાને બદલે પરમાત્માના અપરોક્ષ અનુભવનો આસ્વાદ આપનારી હોવી જોઈએ. એનું લક્ષ્ય પણ પરમાત્માનો યોગ અથવા મેળાપ જ હોવું જોઈએ. અને એવું જ કર્મના સંબંધમાં પણ સમજી લેવાનું છે. કર્મ પણ અહંતા, મમતા, રાગદ્વેષ તથા તૃષ્ણા તેમજ વાસનામાંથી મુક્તિ આપી, જીવનશુદ્ધિ સાધી, પરમાત્માનો સંયોગ સાધવા કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે છે. યોગ શબ્દના શીર્ષકપ્રયોગમાં એવી વ્યંજના રહેલી છે.

ગીતાકારને મન ગીતાનું મહત્વ કેટલું બધું મોટું છે તેનો વિચાર પ્રત્યેક અધ્યાયની પરિસમાપ્તિ પછી કરાયેલા વિવિધ શબ્દપ્રયોગ પરથી સહેલાઈથી કરી શકાય છે. ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु જેવા વિશાળ શબ્દપ્રયોગમાં ગીતાને ઉપનિષદ કહી છે. બ્રહ્મવિદ્યાનો ગ્રંથ ગણી છે, યોગશાસ્ત્ર તરીકે અંજલિ આપી છે. એ અંજલિ સર્વપ્રકારે સમુચિત છે. ગીતા જ્ઞાન, ભક્તિ, કર્મ અને યોગના ચતુર્વિધ સાધનસમન્વયના સંદેશને સંભળાવનારો મંગમલય મહાગ્રંથ છે. એનો જેટલો પણ લાભ લેવાય એટલો ઓછો છે. એ લાભ સૌ કોઈને માટે સર્વ પ્રકારે શ્રેયસ્કર સાબિત થશે.

* * *

## ૨. ઉત્ક્રાંતિના ત્રણ તબક્કા

### કૃષ્ણનો મહિમા

મહાભારતના મહાભયંકર સંગ્રામ વખતે, કુરૂક્ષેત્રના પુરાણપ્રસિદ્ધ પવિત્ર તીર્થધામમાં, કૌરવો તથા પાંડવોની શસ્ત્રસજ્જ સેના વચ્ચે, ભગવાન કૃષ્ણ અર્જુનના રથના સારથિ થઈને પધાર્યા એ શું બતાવે છે ? રથના સારથિ થવાનું કાર્ય એ જમાનામાં એટલું બધું ઉત્તમ અથવા આવકારદાયક નહોતું મનાતું - ભગવાન કૃષ્ણ જેવા સ્વનામધન્ય સર્વશ્રેષ્ઠ પ્રાતઃસ્મરણીય મહાપ્રતાપી મહાપુરૂષને માટે - અને એ કાર્ય માત સુતપુત્રો જ કરતા, ત્યારે ભગવાન કૃષ્ણે અર્જુનના રથના સારથિ થઈને કુરૂક્ષેત્રના યુદ્ધમેદાનમાં પ્રગટ રીતે પધારવાનું પસંદ કર્યું એ શું સૂચવે છે ? પ્રેમનો વિજય. બીજા શબ્દોમાં કહીએ તો સત્યનો કે ધર્મનો વિજય. પાંડવોનો પક્ષ સત્યનો ને ધર્મનો હતો. એ ન્યાય, નીતિ, તથા ધર્મની મર્યાદાના રક્ષણ માટે લડી રહેલા. ભગવાન કૃષ્ણે એમને એટલા માટે જ સાથ આપ્યો. સર્વ પ્રકારની શક્ય સહાયતા કરવાનો સંકલ્પ કર્યો. એમણે પાંડવોનો પરોક્ષ રીતે પણ પક્ષ લઈને અર્જુનનું સારથિપદ સંભાળ્યું એટલે પાંડવોનો વિજય ચોક્કસ બની ગયો. એ વિજયમાં કશી શંકા ના રહી. જેમના પક્ષમાં ભગવાન હોય, જે ભગવાનનો સાથ, સહકાર અથવા કૃપાકટાક્ષ પામે એ વિજયથી વંચિત કેવી રીતે રહી શકે ?

ભગવાન કૃષ્ણ અર્જુનના સારથિ બનીને પધાર્યા એમાં અર્જુનના પવિત્ર પ્રામાણિક પ્રબળ પ્રેમનો વિજય હતો. ભક્તકવિ સૂરદાસે લખ્યું છે પણ ખરું

પ્રેમ કે બસ અર્જુનરથ હાંક્યો,<br>
ભૂલ ગયે ઠકુરાઈ ..<br>
સબસે ઊંચી પ્રેમસગાઈ.

જે ભગવાન મોટામોટા મુનિ, તપસ્વી તથા યોગીઓના ધ્યાનના વિષય સહેલાઈથી ના બની શકે અને અસાધારણ આરાધકોને પણ જેમનું દર્શન સહેલાઈથી ના થાય તે ભગવાન, અર્જુનને મદદરૂપ બનવા માટે સૌના દેખતાં યુદ્ધમેદાનમાં આવી પહોંચ્યા એ અર્જુનના પ્રેમનો પુરસ્કાર હતો. ભગવાન કૃષ્ણને પોતાના પક્ષમાં લેવાના પ્રયોજનથી પ્રેરાઈને દુર્યોધન અને અર્જુન બંને એમની પાસે પહોંચેલા. ભગવાને યુદ્ધમાં શસ્ત્ર દ્વારા સક્રિય ભાગ લેવાની ના પાડી એટલે દુર્યોધનનો ઉત્સાહ ઓસરી ગયો. એ નિરાશ થયો. એને થયું કે કૃષ્ણ જો યુદ્ધ કરવાના જ નથી તો એમને આપણા પક્ષમાં રાખવાથી શું વળવાનું છે? એણે કૃષ્ણની ઉપર પોતાની પસંદગી ના ઉતારી. પરંતુ અર્જુનની દૃષ્ટિ જુદી હતી. એણે વિચાર્યું કે ભગવાન કૃષ્ણ યુદ્ધમાં સક્રિય રીતે ભાગ નહીં લે તોપણ ઉપસ્થિત રહી શકશે જ. એમની કેવળ ઉપસ્થિતિ જ કેટલી બધી પ્રેરણા પ્રદાન કરનારી, આશા આપનારી, હિંમત-શ્રદ્ધા-નિર્ભયતા જગાવનારી સાબિત થશે ? એ શસ્ત્રોથી નહીં લડે તોપણ માર્ગદર્શન તો આપશે જ.

જીવનમાં ધન હોય, વૈભવ હોય, ઐશ્વર્ય હોય, પદ-પ્રતિષ્ઠા-સૌંદર્ય-યૌવન-ભૌતિક સુખોપભોગ સઘળું હોય, પરંતુ સૌના સ્વામી, સૂત્રધાર, પ્રાણ જેવા પરમાત્મા ના હોય તો એ જીવનની કિંમત કશી નથી. ઊલટું,

જે જીવનમાં પરમાત્માની પ્રતિષ્ઠા હોય તે જીવનમાં બીજું બધું જ હોય છે. જ્ઞાનીઓ જણાવે છે કે આત્મા શરીરમાં કશું જ નથી કરતો. એકદમ અલિપ્ત, કૂટસ્થ અને તટસ્થ રહે છે. તોપણ એની ઉપસ્થિતિથી કેવો અસાધારણ, આશ્ચર્યજનક ચમત્કાર થાય છે ? શરીર, મન, બુદ્ધિ, ઈન્દ્રિયો, સઘળું સક્રિય બને છે. એવી રીતે ભગવાન કૃષ્ણ કશું યુદ્ધકર્મ ના કરવાના હોય તોપણ એમની સંનિધિ સદાને સારુ પ્રેરક રહેશે એવી અર્જુનને પ્રતીતિ હતી. એ પ્રતીતિને લીધે જ ભગવાન અર્જુનના સારથિ બન્યા. અર્જુને એમને પોતાના રથના સારથિ બનાવ્યા. કેવળ સ્થૂળ રથના જ નહીં પરંતુ પોતાના ને પાંડવોના જીવનરથના. અર્જુનને પરમસંતોષ થયો.

દુર્યોધન ભગવાન કૃષ્ણનો એવો મહિમા-એવો પરમવિજયપ્રેરક પ્રભાવ ના સમજી શક્યો. એણે એમને પોતાના પક્ષમાં ના લીધા અથવા એમનો સર્વમંગલ સાથસહકાર ના શોધ્યો. એટલે એની નિષ્ફળતા નિશ્ચિત થઈ. એના પરાજય તથા પતનનો કોઈ પ્રશ્ન જ ના રહ્યો. એનો સર્વનાશ સંદેહરહિત બની ગયો.

ગીતાના પ્રથમ અધ્યાયનો આરંભ એ ગર્ભિત સૂચન આપે છે ને જણાવે છે કે આપણે પણ દુર્યોધનને બદલે અર્જુન બનીને, ન્યાય-નીતિને વફાદાર રહીને, પરમાત્માને આપણા પક્ષમાં રાખી શકીએ છીએ. જીવનના જટિલ જંગમાં, મુસીબતોના મહાભારત-મેદાનમાં, સુખશાંતિ-સફળતા-સમૃદ્ધિ-સુયશ તથા પરમવિજયની પ્રાપ્તિ માટે આપણે સર્વેશ્વર ભગવાનનું સાચા દિલથી શરણ લેવું જોઈએ, એમને સર્વસમર્પણ કરવું જોઈએ, અને એમની મદદ માગવી જોઈએ. માનવનો પુરુષાર્થ અને ભગવાનના અસાધારણ અસીમ અનુગ્રહ - બંનેનું જ્યાં સંમિલન થાય છે ત્યાં જીવન તીર્થમય બને છે અને સંસિદ્ધિના સર્વોત્તમ શિખરના સર્જનમાં વિલંબ નથી લાગતો. ગીતાના અઢારમા અધ્યાયના અંતિમ શ્લોકમાં એવી પ્રેરક વાણીને સંભળાવતાં કહેવામાં આવ્યું છે :

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥१८-७८॥

જીવનમાં બીજું બધું જ હોય પરંતુ પરમાત્માની પ્રીતિ તથા પ્રતિષ્ઠા ના હોય તો સુખશાંતિની, સ્થિરતા તથા સંવાદિતાની પ્રાપ્તિ નથી થઈ શકતી. પરંતુ પરમાત્માની પૂર્ણ પ્રીતિ કેવી રીતે થાય ? અર્જુન બનવાથી. અર્જુન એટલે નમ્ર, નિખાલસ, નિષ્કપટ. એવું વિનમ્ર, વિશદ વ્યક્તિત્વ કેળવવાથી પરમાત્માની પરમકૃપાનો આસ્વાદ સહેલાઈથી મળી રહે છે.

*

**બદ્ધ અને મુક્ત જીવ**

ભગવાન કૃષ્ણ કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં અર્જુનના રથના સારથિ થઈને આવ્યા એટલે જાણે કે અર્જુનનું અને પાંડવોનું સૌભાગ્ય આવ્યું. એ દૃશ્ય કેટલું બધું સુંદર, અદ્‌ભુત, આહ્‌લાદક, આકર્ષક હતું ? એને જોઈને ઉપનિષદના પેલા વર્ણનની સ્મૃતિ તાજી થતી હતી

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वादु अत्ति अनश्नन्नन्यो अभिचाक शीति ॥

એક જ સરખા રૂપરંગના, સનાતન સાથી જેવાં બે પંખીઓ એક જ વૃક્ષની શાખા પર વિરાજે છે. એમાંનું એક એ પિપ્પલવૃક્ષનાં સ્વાદિષ્ટ ફળોનો ઉપભોગ કરે છે અને બીજું પક્ષી કોઈપણ પ્રકારના ફળોપભોગ સિવાય પોતાના મહિમામાં ડૂબેલું હોય તેમ શાંતિપૂર્વક જોયા કરે છે.

અર્જુન અને ભગવાન કૃષ્ણ સનાતન કાળના સખા જેવા, વાસ્તવિક રીતે વિચારતાં એક જ હતા. અર્જુન જીવાત્માનો પ્રતિનિધિ હતો ને ભગવાન કૃષ્ણ પરમાત્માના પ્રતીક હતા. જીવ કર્મફળોનો કે સંસારના વિષયોનો ઉપભોગ કરીને સુખદુઃખને ભોગવે છે પરંતુ પરમાત્મા એમનાથી અલિપ્ત રહે છે.

એ જીવ પરમાત્માની પાસે પહોંચીને એમના મૂળભૂત મહિમાને જાણે છે ત્યારે પોતાના સ્વરૂપને ઓળખીને શોકમોહમાંથી સદાને માટે મુક્તિ મેળવે છે. ઉપનિષદના આગળના શ્લોકમાં એનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે

**समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः ।**
**जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥७॥**

**मुह्यमानः** અર્જુન મોહલીન, વિષાદગ્રસ્ત હતો. એણે ભગવાન કૃષ્ણની કૃપાથી ક્રમેક્રમે આગળ વધીને એમનો મહિમા જાણ્યો. એથી એ મોહમુક્ત બની ગયો. મોહમુક્ત બનવાથી **वीतशोकः** શોકમુક્ત પણ થઈ શક્યો. ગીતામાં એવી રીતે એ ઉપનિષદવચનનું ભાષ્ય કરવામાં આવ્યું છે.

ગીતામાં બદ્ધ જીવન અને મુક્ત જીવની અથવા જીવાત્માની તથા પરમાત્માની કથા કહેવામાં આવી છે. બદ્ધ જીવના પ્રતિનિધિરૂપે અર્જુન છે અને મુક્ત તથા પૂર્ણ જીવન કે પરમાત્માના પ્રતિનિધિ તરીકે ભગવાન કૃષ્ણ છે. અર્જુનમાં નરનું ને ભગવાન કૃષ્ણમાં નારાયણનું દર્શન થાય છે. જીવને જાતજાતની સમસ્યાઓ સતાવે છે. એના નિર્ણયો નિશ્ચિત નથી હોતા. એના સંકલ્પવિકલ્પો અને એની યોજનાઓ ચંચલ હોય છે. એને પ્રશ્નો અને સમસ્યાઓ સતાવે છે, બેચેન બનાવે છે, ને કર્તવ્યક્ષેત્રમાંથી, કર્તવ્યનિષ્ઠામાંથી ડગાવે છે. કદીક જ્ઞાન તો કદીક અજ્ઞાન ઘેરી વળે છે. શિવના સંબંધમાં એવું નથી હોતું. એવી વિરોધાભાસી અવિદ્યામય અચોક્કસ અવસ્થાની કલ્પના પણ કરી શકાતી નથી. એ હંમેશા આત્મતૃપ્ત, આત્મારામ, આત્મનિષ્ઠ હોય છે. પરમાત્મા પ્રકૃતિના અધીશ્વર છે. પ્રકૃતિથી અલિપ્ત છે. જીવ પ્રકૃતિનો સેવક અને પ્રકૃતિમાં આસક્ત છે માટે જ પરવશ બની બેઠો છે. પરમાત્માના અસીમ અનુગ્રહ સિવાય, પરમાત્માને ઓળખ્યા સિવાય, એ પરવશતામાંથી મુક્તિ નથી મળી શકતી.

કોઈ કુશળ કલાકાર પોતાની લોકોત્તર કળાની મદદથી કોઈક અસાધારણ કલાકૃતિનું નિર્માણ કરે તેવી રીતે મહર્ષિ વ્યાસે ગીતાના આરંભમાં ભગવાન કૃષ્ણના અને અર્જુનના રેખાચિત્રને રજૂ કર્યું છે.

*

### ધર્મક્ષેત્ર - ઉત્ક્રાંતિના ત્રણ તબક્કા

ગીતાના આરંભમાં જ મહર્ષિ વ્યાસે **धर्मक्षेत्रे कुरुक्षेत्रे** શબ્દપ્રયોગ કરીને સૂચવ્યું છે કે જે ક્ષેત્રમાં આપણે શ્વાસ લઈએ છીએ તે ક્ષેત્ર-માનવશરીર, માનવજીવન અને જગત કોઈ સામાન્ય ક્ષેત્ર નથી, પરંતુ ધર્મક્ષેત્ર છે. આ જગતમાં જીવવાનું સૌભાગ્ય સાંપડવું એની પાછળ સત્કર્મોનો પુણ્યપરિપાક અને ઈશ્વરનો

અસાધારણ અનુગ્રહ રહેલો છે. આ માનવશરીર જેને તેને નથી મળતું. દેવોને પણ દુર્લભ છે. વિકાસના પવિત્ર પુણ્યપ્રવાસમાં મહત્વનું સીમાચિહ્ન છે. એની મહત્તા અને વિશેષતાને સુચારૂરૂપે સમજીને એનો સમ્યક્, બને તેટલો વધારે સદુપયોગ કરવા તૈયાર થવું જોઈએ. માનવશરીરના રૂપમાં કેટલી બધી મહામૂલ્યવાન મૂડી મળી છે તેનો કેટલાય લોકોને ખ્યાલ નથી. માટે તો તે પોતાના જીવનને જેમતેમ વિતાવી રહ્યા છે. આ જીવનને અને જગતને ધર્મક્ષેત્ર સમજીને એમાં ન્યાય, નીતિ, સદાચાર અથવા ધર્મનાં બીજને વાવવા જોઈએ. એવી રીતે જીવનનું ને જગતનું શ્રેય સાધી શકાય. જીવનમાં કર્મસંસ્કારોનાં જેવાં બીજને વાવીશું એવા જ અંકુરો ઊગી નીકળશે. અનાચારનાં અશુભ બીજને વાવીને શાંતિની આશા ના રાખી શકાય. દુર્યોધને અનાચારનાં અશુભ બીજને વાવ્યાં અને ઉછેર્યાં તો એનો પોતાનો નાશ તો નોતર્યો જ પરંતુ સાથેસાથે બીજાનો પણ નાશ કર્યો.

ગીતાના પ્રથમ અધ્યાયમાં દુર્યોધન, અર્જુન અને ભગવાન કૃષ્ણનાં ત્રિવિધ પાત્રોનો પરિચય થાય છે. એ ત્રણે પાત્રો વિકાસના ક્રમનાં ત્રણ જુદાંજુદાં સોપાનો જેવાં છે. સમુત્ક્રાંતિની સાંકળના ત્રણ જુદાજુદા અંકોડા. દુર્યોધન આસુરી સંપત્તિનો સ્વામી છે. પરધનને પથ્થર માનવાની અને પરસ્ત્રીને માતા સમજવાની એને ટેવ નથી. માટે તો એ પાંડવોના ન્યાયોચિત રાજ્યાધિકારનો વિચાર નથી કરતો. પાંડવોના પ્રામાણિક હિસ્સાને એણે હડપી લીધો છે. ભરસભામાં દ્રૌપદીનું અપમાન કરી બેઠો છે. એ અહંકારથી ઉન્મત્ત અને અંધ બનીને, સારાસારનું ભાન ભૂલી જઈને, પાંડવોનો નાશ કરવાની દુર્વાસનાથી પ્રેરાઈને ભીષણ યુદ્ધ કરવા માટે તૈયાર થયો છે. એની દશા લગ્નપ્રસંગમાં કે મેળામાં નીકળ્યો હોય એવી છે. એવા જ ઉલ્લાસને અનુભવતો એ યુદ્ધમેદાનમાં આચાર્ય દ્રોણને યોદ્ધાઓની ઓળખાણ આપી રહ્યો છે. મોહરૂપી મદિરા પીને એ છાકટો બન્યો છે. એની સૂધબૂધ જતી રહી છે. એના અંતરમાં કરુણા, દયા, સહાનુભૂતિ, સંવેદના, કશાની અસર નથી થતી. જો થતી હોત તો એની અવસ્થા અર્જુન જેવી હોત. જે ભાવો અને વિચારો અર્જુનને થયા એ એને થાત. પરંતુ એ પોતાની પરિસ્થિતિથી, પ્રકૃતિથી લાચાર છે.

દુર્યોધન આસુરી સંપત્તિથી ભરપૂર છે, તો અર્જુન દૈવી સંપત્તિથી. દુર્યોધન જડ કે વિષયી જીવ છે તો અર્જુન જિજ્ઞાસુ તથા સાધક જીવનો પ્રતિનિધિ છે. વિકાસની દશામાં એ થોડાંક ડગલાં આગળ છે. એ વિવેકી છે, સદસદ્ બુદ્ધિથી સંપન્ન બનવાની આકાંક્ષાવાળો છે, કરુણાર્દ્ર, સદ્ગુણી તથા સંવેદનશીલ છે. પરસ્ત્રીને માતા સમાન માને છે ને પરધનને પથ્થર સમાન. ધર્માધર્મનો, ન્યાયાન્યાયનો, સત્યાસત્યનો, સત્કર્મદુષ્કર્મનો વિચાર કરીને આગળ વધવાની વૃત્તિવાળો છે. નમ્રાતિનમ્ર છે, સરળ છે, નિષ્કપટ છે, નિખાલસ છે. માટે તો યુદ્ધના મેદાનમાં કૌરવપાંડવની પ્રતિસ્પર્ધી સેનાઓને નિહાળીને એનું અંતર આર્દ્ર બન્યું છે અને વિષાદગ્રસ્ત થયું છે. એ સંવેદનશીલતામાં સ્નાન કરતાં કહે છે :

"યુદ્ધમાં ભાગ લેવાની ઈચ્છાથી ઊભેલા આ સ્વજનોને નિહાળીને મારાં અંગો દુઃખવા લાગે છે, મારું મુખ સુકાય છે, શરીરે પ્રસ્વેદ તથા રોમાંચ થાય છે. હાથમાંથી ગાંડીવ સરકી પડે છે. ત્વચામાં દાહ થાય છે. મન ભમવા માંડે છે, અને મારાથી સ્થિરતાપૂર્વક ઊભા નથી રહી શકાતું. મને સઘળાં લક્ષણો વિપરીત દેખાય છે. સમરાંગણમાં સ્વજનોનો સંહાર કરવાથી કલ્યાણ થશે એવું નથી લાગતું. હે કૃષ્ણ, મને વિજયની, રાજ્યની, સુખની, કશાની ઈચ્છા નથી થતી; રાજ્યથી, ભોગથી, દીર્ઘ જીવનથી પણ શું વળવાનું છે ? જેમને

માટે અમે સામ્રાજ્યસુખ કે ભોગવૈભવની ઈચ્છા રાખીએ છીએ તે તો ધન તથા પ્રાણના મોહને પરિત્યાગીને યુદ્ધ કરવા એકઠા થયા છે."

दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥१-२७॥
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥१-२९॥
गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥१-३०॥
निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥१-३१॥
न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।
किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा ॥१-३२॥

વિચારોના વેગવાન વમળમાં આગળ વધતાં અને વિભિન્ન વિચારદર્શન કરતાં પ્રથમ અધ્યાયના અંતભાગમાં એ કહે છે :

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥१-४५॥
यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥१-४६॥

"રાજ્યના સુખોપભોગની લાલસાથી અમે સ્વજનોનો સંહાર કરવા કટિબદ્ધ બનીને ભયંકર પાપ કરવા માટે તૈયાર થયા છીએ. હું શસ્ત્રોને છોડી દઈને કોઈ પ્રકારનો પ્રતિકાર ના કરું અને એ અવસ્થામાં શસ્ત્રાસ્ત્રથી સજ્જ કૌરવો મને યુદ્ધમેદાનમાં મારી નાખે તો મારું પરમ કલ્યાણ થશે."

અને અર્જુનની એ સંવેદનશીલતા પરાકાષ્ઠા પર પહોંચી એટલે એણે યુદ્ધ કરવાનું માંડી વાળ્યું. ધનુષ્યબાણને છોડીને, શોકથી ઘેરાયેલા મનવાળો એ રથમાં જઈને બેસી ગયો.

एवमुक्त्वार्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥१-४७॥

માનવે દુર્યોધન મટીને ક્રમે ક્રમે અર્જુન બનવાનું છે અને અર્જુનમાંથી કૃષ્ણ થવાનું છે. અનીતિને બદલે નીતિનો માર્ગ ગ્રહણ કરવાનો છે. સમાજમાં દુષ્કર્મોને કરનારા દુર્યોધનોની સંખ્યા વધે છે ત્યારે સમાજ દુઃખી થાય છે. અશાંત અથવા બેચેન બને છે. અર્જુન અને કૃષ્ણ વધે છે ત્યારે સમાજમાં સુખશાંતિ, સમૃદ્ધિ અને સમુન્નતિની સૃષ્ટિ થાય છે. વ્યક્તિગત રીતે પણ માનવ આસુરી સંપત્તિમાંથી મુક્તિ મેળવીને જેમ જેમ દૈવી સંપત્તિમાં, સદ્‌ભાવોમાં, સદ્‌વિચારોમાં, સદ્‌ગુણોમાં તથા સત્કર્મોમાં સ્થિતિ કરતો જાય છે તેમ તેમ સુખશાંતિથી સંપન્ન બને છે અને સ્વાભાવિકી પ્રસન્નતાને અનુભવે છે.

*

અર્જુને લડવા ના પાડીને ધનુષ્યબાણને મૂકી દીધાં છે તોપણ ભગવાન કૃષ્ણ સંપૂર્ણ શાંત છે. અર્જુનના વિપરીત વિચાર તથા વર્તનની એમના પર કશી જ અસર નથી થઈ. એમને કોઈ પ્રકારનો ક્રોધ નથી થયો.

એક ઠેકાણે કોલેજમાં પ્રવચન દરમ્યાન મેં વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછ્યો કે કૃષ્ણની જગ્યાએ તમે હો તો શું કરો ? એક વિદ્યાર્થીએ જણાવ્યું કે હું તો અર્જુનને તમાચો જ મારી દઉં. એને પહેલેથી ખબર નહોતી કે એને સ્વજનો સાથે જ લડવાનું છે ?

મેં જણાવ્યું કે ભગવાન કૃષ્ણની એ જ વિશેષતા છે. માટે જ એમને ભગવાન કહેવામાં આવ્યા છે. એ તો લેશ પણ અસ્વસ્થ થયા સિવાય શાંતિપૂર્વક સ્મિત કરતા ઊભા છે. જીવનના જટિલ જંગમાં, મહાભારત-મેદાનમાં, એવી રીતે કોણ શાંતિ રાખી શકે ને સ્મિત કરી શકે ? સામાન્ય મનુષ્ય તો ના જ કરી શકે. બીજા અધ્યાયમાં ભગવાન કૃષ્ણને માટે ખૂબ જ ઉચિત રીતે હૃષીકેશ શબ્દનો ઉપયોગ થયો છે. મહર્ષિ વ્યાસે એક સિદ્ધહસ્ત કુશળ કલાકારની અદાથી ભગવાન કૃષ્ણનું અને અર્જુનનું વર્ણન કરતાં કહ્યું છે

**तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।**
**सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः ॥२-१०॥**

"બંને સેનાની મધ્યે વિષાદમગ્ન બનેલા અર્જુનને હૃષીકેશ ભગવાને આ પ્રમાણે વચનો કહ્યાં."

એમાં અર્જુનને માટે **विषीदन्तम्** અને ભગવાન કૃષ્ણને માટે **प्रहसन्निव** શબ્દપ્રયોગ કર્યો છે. જીવાત્મા વિષાદગ્રસ્ત છે, પરમાત્મા સદા આનંદમગ્ન, પ્રસન્ન. વિષાદગ્રસ્ત જીવે પરમાત્માની પરમકૃપાથી પરમાનંદમગ્ન કે પ્રસન્ન થતાં શીખવાનું છે. ભગવાન કૃષ્ણ હૃષીકેશ હતા. હૃષીકેશ એટલે ઈન્દ્રિયોના સ્વામી અથવા અધીશ્વર. જેણે પોતાના મન અને પોતાની ઈન્દ્રિયો પર કાબૂ કર્યો હોય, જે હૃષીકેશ હોય એ જ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ સ્મિત કરી શકે. આપણે પણ ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરવાની કોશિશ કરીશું તો નિરાશ, વિષાદમગ્ન, ચિંતાતુર કે હતપ્રભ નહીં બનીએ. પરિસ્થિતિ પ્રતિકૂળ હશે ત્યારે પણ નાસીપાસ થવાને બદલે, કિંકર્તવ્યવિમૂઢ બનવાને બદલે, મનને સ્થિર, સંવાદી, શાંત રાખી શકીશું.

આપણી દૃષ્ટિ સુવિશાળ નથી હોતી, સંકુચિત અથવા સીમિત હોય છે એને લીધી જીવનના મધ્યાંતરને અંત સમજીને દુઃખી થઈએ છીએ. સાચું જોતાં તે મધ્યાંતર માત્ર હોય છે, સમાપ્તિ નથી હોતી.

*

વરસો પહેલાં હું ઋષિકેશમાં રહેતો હતો ત્યારે દહેરાદૂનના એક પરિચિત પ્રેમી ભાઈ મારી પાસે આવીને કહેવા માંડ્યા કે મારે માથે આભ તૂટી પડ્યું. મારો સર્વનાશ થઈ ગયો. મારે માટે હવે જીવવા જેવું નથી રહ્યું.

એની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

મેં એમને શાંત પાડીને એમના ઉદ્‌ગારોનું કારણ પૂછ્યું તો એમણે જણાવ્યું : મારા મોટા છોકરા રાજેન્દ્રે પોતાની મેળે છોકરીને પસંદ કરી અને એની સાથે લગ્ન કરવાની ઈચ્છા બતાવી. અમે લગ્નનો દિવસ નક્કી કરીને કંકોતરી છપાવી, બધે વહેંચી, લાગતાવળગતા સૌને વાત કરી. લગ્નમંડપની ને બીજી તૈયારી કરી, બધું જ કર્યું; અરે, બેન્ડવાળાને એડવાન્સની રકમ પણ આપી આવ્યા. પરંતુ લગ્નના એકાદ

અઠવાડિયા પહેલાં એણે લગ્ન કરવાની ના પાડી. અમે એને કેટલુંય સમાજાવ્યો તોપણ એ માન્યો જ નહીં. નાતમાં અમારું નાક કપાઈ ગયું. મારે માટે તો હવે જીવવાનું પણ ઝેર જેવું બની ગયું.

એવું કહીને એ ફરીવાર રડવા લાગ્યા ને બોલ્યા : મને તો થાય છે કે એ છોકરાને સારી પેઠે મેથીપાક જમાડું.

મેં કહ્યું : ના ના, એવું ના કરશો. એવું વિચારશો પણ નહીં. રાજેન્દ્ર લગ્ન કરવા તૈયાર થશે.

કોની સાથે ? ક્યારે ?

એ જ છોકરી સાથે. આજથી છ મહિના પછી.

બને નહીં.

ના કેમ બને ? એવું જ બનવાનું છે. આ તો એના લગ્નજીવનના અભિનયનો મધ્યાન્તર છે, અંત નથી.

એ ભાઈ વિચારમાં પડ્યા. એમને મારા પ્રત્યે પ્રેમ તથા વિશ્વાસ હતો. એટલે મારી વાતની એમણે અવજ્ઞા તો ના કરી, પરંતુ કહ્યું : હવે તો એને જ્યારે પણ લગ્ન કરવું હોય ત્યારે ભલે એકલો કરે. હું કશો રસ નહિ લઉં. કંકોતરીઓ પણ નહીં છપાવું. બેન્ડ નહીં બોલાવું. મંડપ પણ નહીં બાંધું. બધી તૈયારી કરું અને પાછો મારું નાક કાપે તો ?

નહીં કાપે. એ લગ્ન કરશે જ.

થયું પણ એવું જ. છ મહિને રાજેન્દ્રે એ જ છોકરી સાથે લગ્ન કર્યું ત્યારે એના પિતાને શાંતિ વળી. મહત્વની વાત એ હતી કે છોકરી સાથે કોઈ કારણે લગ્ન કરવાની ના પાડ્યા પછી પણ રાજેન્દ્રે એના ફોટાને પૂર્વવત્ પોતાની પાસે જ રાખેલો. એના મનમાં એ છોકરી હતી જ.

*

ભગવાન પણ સમજતા હતા કે અર્જુને યુદ્ધ કરવાની ના પાડી છે તોપણ એના મનમાં યુદ્ધ છે જ. માટે એ મૂકી દીધેલા ગાંડીવને ધારણ કરીને લડશે જ. જે દીર્ઘદૃષ્ટિથી સંપન્ન છે તે કદી શોક નથી કરતા. જીવનની પરિવર્તનશીલ પરિસ્થિતિઓથી અને કામચલાઉ પરિણામોથી પ્રભાવિત નથી થતા. અર્જુનને જો ખરેખર યુદ્ધ ના કરવું હોય તો એના ઉદ્‌ગારો જુદા જ હોત. એ ભગવાનને એમ કહેત નહીં કે મારું ચિત્ત ધર્મનો નિર્ણય નથી કરી શકતું અને સંમૂઢ બની ગયું છે. અમારે માટે જે કલ્યાણકારક હોય તે મને જણાવો. હું તમારે શરણે આવ્યો છું. તમારો શિષ્ય છું. મને ઉપદેશ આપો.

એ ઉદ્‌ગારો સ્પષ્ટ રીતે સૂચવે છે કે અર્જુનનું મન અસ્થિર અથવા નિશ્ચયબળથી રહિત હતું. એણે સ્પષ્ટ નિર્ણય નહોતો કર્યો તેથી તો ભગવાનની સલાહ માગી. **पृच्छामि त्वां धर्मसम्मूढचेताः ।** એમાં પૃચ્છામિ શબ્દ ધાર્યા કરતાં વધારે સૂચક છે. જેને લગ્ન કરવું જ નથી તે લગ્નમંડપમાં ચોરીમાં બેસે જ શા માટે ? અને બેસે તો હસ્તમેળાપ શા માટે કરે ? એની અવસ્થા તો સમર્થ રામદાસ જેવી હોય. સાવધાન શબ્દને સાંભળતાં જ એ સાચેસાચ સાવધાન બની જાય ને લગ્નમંડપને છોડીને ચાલી નીકળે. અર્જુન ‘યુદ્ધ નથી કરવું’ ના જપ જપે છે, પરંતુ બેઠો છે યુદ્ધના મેદાનમાં જ. ભગવાનના સ્મિતનું એક રહસ્ય એ જ છે. એ

જાણે છે કે અર્જુન લડશે જ. આ તો વચગાળાનો તબક્કો છે. પછી વિષાદગ્રસ્ત, વિહ્વળ કે બેચેન શા માટે બનવું જોઈએ ?

સંસારમાં બંને પ્રકારના માનવો છે : અર્જુન અને દુર્યોધન. જે બીજાનું હડપવા માગે છે, અન્યાય અથવા અનૃતથી ઉપાર્જન કરેલી સમૃદ્ધિને ભોગવવાની ભાવના રાખે છે, બીજાના ન્યાયોચિત અધિકારોનો નાશ કરવામાં આનંદ અનુભવે છે. દુર્વિચાર-દુર્ભાવ-દુષ્કર્મને લીધી બીજાને પીડે છે. એવા માનવોને દુર્યોધનના વંશજો કહી શકાય. જે નમ્રતા, નિખાલસતાની મૂર્તિ છે, ભગવાનને જીવનરથના સારથિ બનાવી ચૂક્યા છે, જે ભગવાનના મંગલમય માર્ગદર્શન પ્રમાણે ચાલે છે કે ચાલવા માગે છે, તે બધા અર્જુનો છે. આજે આજુબાજુ બધે અશાંતિના ઓળાઓ ઊતરેલા છે. એનું એક કારણ એ પણ છે કે માનવને અર્જુનની પેઠે પરમાત્માનું શરણ સ્વીકારવાની ને પરમાત્માની પ્રેરણા મેળવીને જીવનનું નિર્માણ કરવાની અભિરુચિ થતી નથી. માનવ દુર્યોધનની પેઠે દુષ્કર્મપરાયણ હશે ત્યાં સુધી સુખી નહીં થઈ શકે. સમાજ કે રાષ્ટ્રને પણ સુખી નહીં બનાવી શકે. દુર્યોધન જીવનના જંગમાં કદીપણ વિજયી બનતો નથી. શરૂઆતમાં કુકર્મોની મદદથી તે સુખી ને સમૃદ્ધ, ફાલેલો, માતેલા સાંઢ જેવો જણાય તોપણ અંતે અધઃપતન પામે છે. અર્જુન પાંડવો સાથે પીડા પામે છે, કષ્ટો વેઠે છે, ચિંતા-પરિતાપ-ક્લેશોમાંથી પસાર થાય છે પરંતુ છેવટે આત્મિક સામ્રાજ્યનો, સુખ-શાંતિ-સમૃદ્ધિનો ઉપભોક્તા બને છે.

ભગવાન કૃષ્ણનું પાત્ર પૂર્ણપુરુષનું, પુરુષોત્તમનું પાત્ર છે. એ પાત્ર જીવનવિકાસના સુમેરુ શિખર પર પહોંચેલું પૂર્ણ, કૃતકૃત્ય પાત્ર છે. એ પૂર્ણતાના પ્રતીક છે. ભગવાન કૃષ્ણને કોઈ પ્રશ્નો નથી, સમસ્યાઓ નથી, વિકાસની ચિંતા નથી. મૂંઝવણ નથી, કિંકર્તવ્યવિમૂઢતા, ભ્રાંતિ, ચંચલતા, વાસના, અશાંતિ, અવિદ્યા નથી. એમની અવસ્થા આદર્શ છે. એમનો કોઈ પ્રકારની તૃષ્ણાઓ, વાસનાઓ, લાલસાઓ પરવશ બનાવી શકતી નથી. એમનો લેપ એમને નથી લાગતો. એમના બંધનમાં એ નથી બંધાતા. એ મનને સ્વસ્થ રાખીને કેવળ લોકસંગ્રહને માટે જ કર્મો કરે છે. એમના જીવનનો આદર્શ હંમેશા એમની આંખ આગળ રહે છે. પ્રકૃતિના પાર વિનાના પદાર્થો કે વિષયો એમને લેશ પણ આસક્ત નથી કરી શકતા. એ પૂર્ણતાનો પ્રવાસ કરીને દ્રષ્ટા બનીને સંસારને જોયા જ કરે છે. એમના પર અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિનો પ્રભાવ નથી પડી શકતો. એ દ્વંદ્વાતીત છે.

માનવે વિકાસના એ ત્રિવિધ તબક્કામાંથી પસાર થવાનું છે. ઉત્તરોત્તર ઉત્ક્રાંતિ સાધવાની છે. આજે માનવ જે અવસ્થામાં જીવી રહ્યો છે એ અવસ્થામાંથી એણે આગળ વધવાનું છે. એવી ઉત્ક્રાંતિ માટે ગીતામાં જ્ઞાન, ભક્તિ, યોગ તથા કર્મના ચતુર્વિધ સાધનો બતાવ્યાં છે. સાધનો જુદા હોવા છતાં એમનું હાર્દ કે સાધ્ય એક જ દેખાય છે. ગીતાનો સંદેશ છે કે એ સાધનોનો આવશ્યકતાનુસાર લાભ લઈને માનવે આસુરી સંપત્તિમાંથી દૈવી સંપત્તિમાં પ્રવેશવાનું ને પ્રતિષ્ઠિત થવાનું છે. એની સાથે સાથે પોતાની અંદર જે દિવ્યતા અથવા દિવ્ય પરમચેતના છે એનો સંપર્ક સાધતાં શીખવાનું છે. એવા સંપર્કથી જ સાચા અર્થમાં વીતરાગ, સુખી, શાંત તથા કૃતાર્થ થઈ શકાય છે. બુદ્ધિ વિશુદ્ધ થવાથી સમજાય છે કે અનાત્મ પદાર્થોનો આનંદ અલ્પ અને ઉપરચોટિયો છે. અનાત્મ પ્રાકૃતિક જગત કરતાં વધારે ઊંચું, ઉદાત્ત, અસાધારણ, જ્યોતિર્મય જગત અસ્તિત્વ ધરાવે છે. એમાં સૌએ પ્રવેશવાનું છે. પરમાત્માની એ દિવ્ય પરાત્પર પરમચેતનાનો સંપર્ક સાધીને

સાધક છેવટે પરમાત્મામય બની જાય છે. પરમાત્માની સાથે અભિન્ન અંતરંગ એકતાનો અનુભવ કરીને પરમાત્માતુલ્ય થાય છે. ત્યારે વિકાસની પરિપૂર્ણતાએ પહોંચે છે.

થિયરી ઓફ ઈવોલ્યુશન-ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ આજના શિક્ષિતોમાં સારી પેઠે ગવાય છે, પરંતુ તે તો મોટે ભાગે શારીરિક કે ભૌતિક છે. ડાર્વિન કહે છે કે માનવનો પૂર્વજ વાનર છે. વાનરમાંથી માનવ થયો. એ ઉત્ક્રાંતિમાં આપણને રસ નથી. આપણે તો ભારતીય ઉત્ક્રાંતિવાદમાં અભિરુચિ રાખીએ છીએ. એ ઉત્ક્રાંતિવાદ શરીરનો જ નથી, મન-બુદ્ધિ અને આત્માનો છે. એવો ઉત્ક્રાંતિવાદ જ આપણે માટે આશીર્વાદરૂપ છે. આખું જગત પરમાત્મામાંથી જ પ્રાદુર્ભાવ પામ્યું છે એવું આપણા સત્પુરુષોએ અને સદ્ગ્રંથોએ કહી બતાવ્યું છે. એવા અસાધારણ અલૌકિક ઉદ્ભવસ્થાનને છોડીને આપણે વાનર કે બીજા કોઈ પશુના ઉદ્ ભવસ્થાનને માનવના ઉદ્ભવસ્થાન તરીકે શા માટે માનીએ ? છતાં પણ કોઈ પોતાને વાનરના વંશજ માને તો આપણને કશી જ હરકત નથી.

માનવ જેમ જેમ વિચારનો ને વિશદ વ્યવહારનો આધાર લઈને આગળ વધતો ગયો તેમ તેમ વિકાસ કરતો ગયો. શિક્ષિત, સુસંસ્કૃત બનતો ગયો. મન, બુદ્ધિ અને અંતરાત્માની ઉત્ક્રાંતિ આપોઆપ થતી ગઈ. આસુરી સંપત્તિમાંથી દૈવી સંપત્તિમાં, મોહમાંથી નિર્મોહમાં, અશાંતિમાંથી શાંતિમાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં પ્રવેશતો ગયો. પોતાની મુક્તિ અથવા પૂર્ણતાની યોજના બનાવતો થયો. એવી ઉત્ક્રાંતિ આજે પણ ચાલે છે. એવો ઉત્ક્રાંતિવાદ ઉપયોગી છે.

એવી આત્મિક ઉત્ક્રાંતિને સંપૂર્ણપણે સફળ કરવા માટે ગીતાએ પરમાત્માની શ્રદ્ધાભક્તિ સહિતની શરણાગતિનો અને એ દ્વારા થનારી કૃપાપ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે.

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥१८-६२॥

"હે અર્જુન, સર્વભાવે એ પરમાત્માનું શરણ લે. એમની કૃપાથી પરમાશાંતિની ને સનાતન સર્વોત્તમ પદની પ્રાપ્તિ થશે."

દુન્યવી વ્યાપાર કે ધંધામાં પણ સહાયતા લેવી પડે છે. કેટલાક નિષ્ણાતોના અભિપ્રાયોને મેળવવા પડે છે અને અનુભવી પુરુષોનો સહયોગ શોધવો પડે છે. તો આ તો જીવનની ઉત્ક્રાંતિ કરવાની છે. એમાં સર્વેશ્વર પરમાત્માની મદદની અનિવાર્ય આવશ્યકતા રહે જ, એ સહેલાઈથી સમજી શકાય તેમ છે.

અત્યારે આપણે જોઈએ તેવી ને તેટલી મદદ માગતા નથી તેને બદલે પ્રાર્થવું જોઈએ કે પ્રભુ, મારા જીવનમાં પ્રકાશ પાથશો, મને પ્રેરણા પહોંચાડો, શક્ય એટલી બધી રીતે સહાયતા કરો.

અર્જુને બીજા અધ્યાયમાં પ્રાર્થના કરી કે પ્રભુ, હું તમારે શરણે આવ્યો છું. મને પ્રકાશ ને પ્રેરણા પ્રદાન કરો. ઉપદેશ આપો.

એ પ્રાર્થના તથા શરણાગતિ અર્જુનની ઉત્ક્રાંતિને માટે આશીર્વાદરૂપ બની એવી રીતે કોઈને માટે પણ બની શકે.

* * *

## ૩. સર્વકાલીન સંદેશ

**મહાભારતનું મહાયુદ્ધ**

મહાભારતના મહાયુદ્ધને થયે કેટલાંય વરસો વીતી ગયાં. એ મહાયુદ્ધ કુરુક્ષેત્રની પ્રાચીન પવિત્ર પુણ્યભૂમિમાં થયેલું. એ પુણ્યભૂમિ સ્થૂળ રીતે જોતાં દિલ્હીથી થોડેક દૂર છે. એ પુણ્યભૂમિનું અવલોકન આજે પણ કરી શકાય છે. ત્યાં ભગવાન કૃષ્ણે વિષાદમગ્ન ઉત્સાહરહિત અર્જુનને ગીતાના ગૌરવજ્ઞાનનો ઉપદેશ આપ્યો એની સંસ્મૃતિરૂપે એક સુંદર સારગર્ભિત સ્મારકની રચના કરવામાં આવી છે. એ સ્મારક પણ દર્શનીય છે. એ સઘળી હકીકત સાચી હોવા છતાં એ હકીકત પણ એટલી જ સાચી છે કે માનવના મનના કુરુક્ષેત્રમાં આજે પણ મહાભારતનું મહાયુદ્ધ ચાલ્યા કરે છે અને કદાચ માનવ સૃષ્ટિમાં શ્વાસ લેતો હશે ત્યાં સુધી ચાલ્યા કરશે. માનવ એકલો હોય કે સમૂહમાં રહેતો હોય, અને વિજનમાં વસતો હોય કે વસતિમાં, સર્વસંગ પરિત્યાગી બનીને જીવતો હોય કે વિવિધ પ્રકારના સંગની વચ્ચે વિચરતો હોય તોપણ મહાભારતનું એ મહાયુદ્ધ ચાલ્યા જ કરે છે. એને માટે કોઈ પરંપરાગત, પ્રાચીન કે અર્વાચીન બાહ્ય શસ્ત્રાસ્ત્રોની આવશ્યકતા નથી હોતી. એ મહાયુદ્ધ માનવના મનમાં અથવા અંતરમાં અહર્નિશ અનવરત રીતે ચાલ્યા જ કરે છે. વિચારોનું, ભાવોનું, સંકલ્પો તથા વિકલ્પોનું, વૃત્તિઓનું અને વાસનાનું યુદ્ધ. દેવી અને આસુરી સંપત્તિનું યુદ્ધ. માનવના મનરૂપી મહાભારતના મેદાનમાં કૌરવ-પાંડવની સેનાઓ છાવણી નાખીને પડેલી છે. એક બાજુ નીતિ તો બીજી બાજુએ અનીતિ. એક તરફ સદાચાર તો બીજી બાજુએ દુરાચાર. એક બાજુ સત્ય તો બીજી બાજુએ અસત્ય. એક તરફ સંયમ તો બીજી તરફ અસંયમ, એ બંનેની વચ્ચે કાયમી ગજગ્રાહ ચાલ્યા કરે છે. ગીતાના સોળમા અધ્યાયમાં એ બંને સેનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

માનવની અંદર એ દ્વિવિધ વૃત્તિ, વાસના, પ્રકૃતિનો સંઘર્ષ ચાલ્યા કરે છે. એ સંઘર્ષને શાંત કરવા અને એની અંદર વિજયી થવા માટે પાંડવપક્ષને - સત્ય, નીતિ, સદાચાર અથવા સાત્વિકતાને પ્રબળ બનાવવાની અને ભગવાન કૃષ્ણનું શરણ લેવાની આવશ્યકતા છે. એ સંઘર્ષ ક્ષણેક્ષણે ને સ્થળે સ્થળે ચાલ્યા જ કરે છે. ભગવાનનું શરણ એને શાંત કરવાની શક્તિ ધરાવે છે એવો ગીતામાતાનો કોલ છે.

ગીતાના પ્રથમ અધ્યાયમાં રથનું વર્ણન કરવામાં આવ્યું છે. એ રથ વિશાળ સંદર્ભમાં વિચારીએ તો શરીરનો છે. ઉપનિષદમાં જણાવ્યું છે કે "આ શરીરરૂપી રથ છે, આત્મા એ રથમાં બેઠેલો યોદ્ધો છે. બુદ્ધિ સારથિ છે. મનની લગામ છે, ઈન્દ્રિયોરૂપી અશ્વો છે. વિષયો એ અશ્વોનો ખોરાક છે. મન તથા ઈન્દ્રિયો સાથે જોડાઈને આત્મા ભોક્તા બને છે. જેનો બુદ્ધિરૂપી સારથિ જ્ઞાનવિજ્ઞાનથી સંપન્ન હોય, જે માનવે મનની લગામને બરાબર વશમાં રાખી હોય, તે જ માનવ સંસારમાર્ગ પરથી સહીસલામત રીતે પસાર થઈને પરમાત્માના પરમપદને પામી શકે છે. એથી ઊલટું, જેનો બુદ્ધિરૂપી સારથિ સુયોગ્ય ના હોય, સુવિચારી ના હોય, અને મનની લગામને તથા ઈન્દ્રિયોના અશ્વોને જેણે અંકુશમાં ના રાખ્યા હોય એનો સર્વનાશ થાય છે. એટલા માટે ઊઠો, વિવેકના જગતમાં જાગો અને સ્વાનુભવસંપન્ન શ્રેષ્ઠ સત્પુરુષોની પાસે પહોંચીને, એમનાં ચરણોમાં બેસીને આત્માના ગૂઢાતિગૂઢ રહસ્યજ્ઞાનને મેળવી લો. આત્માસાક્ષાત્કારનો માર્ગ ધાર્યા જેટલો

સહેલો નથી. એમાં અનેક પ્રકારના અવરોધો અને વિક્ષેપો છે. માટે જીવનરથને જાગૃતિપૂર્વક આગળ વધારવો પડશે. પ્રમાદી બન્યે નહીં ચાલે."

એ જ વાતને બીજી રીતે વર્ણવવી હોય તો વર્ણવી શકાય કે જીવનના રથને વિવેક અને વૈરાગ્યના અનુશાસનાત્મક આજ્ઞાંકિત અશ્વો જોડેલા હોય, સંયમ અને સદ્‌વિચારની લગામ સાંપડી હોય, શીલરૂપી સ્વાનુભવપૂર્ણ સારથિ હોય, તો જીવનના મહાભારતયુદ્ધમાં વિજયી થવાય. સિદ્ધિ, સફળતા, સુયશની સંપ્રાપ્તિ થાય.

ભગવાન કૃષ્ણના રથને શ્વેત અશ્વો જોડેલા. શ્વેત રંગ શુદ્ધિનો, પવિત્રતાનો, મંગલનો સૂચક છે. ભગવાનનું તો બધું પવિત્ર અને મંગલ જ હોય ને ? જીવ વાસનાનો, વિકારોનો, વિચારો તેમજ વૃત્તિઓનો દાસ છે. એની ઈન્દ્રિયો એના અધિકારમાં નથી. માટે એના મન-ઈન્દ્રિયોરૂપી અશ્વો શ્યામ છે, કાલિમાયુક્ત છે. જીવે જીવનના મહાભારત મેદાનમાં વિજય મેળવવા મન-ઈન્દ્રિયો પર અધિકાર કરીને એમના અશ્વોને શાંત કરવાના છે.

*

**મહાનુભાવોની અવસ્થા**

મહાભારતના મહાભીષણ યુદ્ધમેદાનની કરુણતા જોવા જેવી છે. સંજયને સમરાંગણના સમાચાર પૂછનાર ધૃતરાષ્ટ્ર શરૂઆતમાં જ મારા તથા પાંડુના પુત્રોએ કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં શું કર્યું, એવો પ્રશ્ન પૂછીને મામકાઃ શબ્દના પ્રયોગ દ્વારા - કૌરવાઃ પાંડવાઃ શબ્દપ્રયોગ દ્વારા નહીં - પોતાની પાંડવો પ્રત્યેની ભેદબુદ્ધિને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે વાચા આપે છે.

मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजय ॥१-१॥

પહેલા અધ્યાયના બીજા તથા ત્રીજા શ્લોકમાં કહેવામાં આવે છે કે પાંડવોની સજ્જ થયેલી સેનાને નિહાળીને દુર્યોધન આચાર્ય દ્રોણની પાસે પહોંચીને વચનો કહેવા લાગ્યો : હે આચાર્યો, પાંડવોની આ સુવિશાળ સેનાને જુઓ. એને તમારા શિષ્ય દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને તૈયાર કરી છે.

आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥१-२॥
पश्यैतां पाण्डुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥१-३॥

એ વર્ણન અસાધારણ ચમત્કૃતિથી ભરેલું છે. એ વખતના રાજા અને આચાર્યના માનસનું પ્રતિબિંબ પાડે છે. રાજા સન્માર્ગગામી, સદાચારી અને આદર્શ ના હોય તો સમાજ કે રાષ્ટ્ર સુખી ના થઈ શકે. દુર્યોધનને રાજા તરીકે ઓળખાવીને એના અમંગલ અનાચાર તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે.

અને એ જમાનાના સર્વોત્તમ આચાર્યની અવસ્થા તો જુઓ ! એમને જણાવવામાં આવે છે કે પાંડવોની સેના તમારા શિષ્યે તૈયાર કરી છે. એમને ખબર છે કે એમાં એમનો પ્રાણપ્રિય શિષ્ય અર્જુન પણ છે. એને માટે તો એમણે એકલવ્યનો અંગૂઠો માગી લીધેલો. સેનાની એ માહિતી એમને સંવેદનશીલ બનાવીને યુદ્ધકર્મ પરથી ઉપરામ નથી કરતી. અર્જુનની જેમ વિષાદગ્રસ્ત નથી બનાવતી. એ તો લડવા માટે લાલયિત છે. અર્જુન આગળ પર કહે છે કે મહાનુભાવો કે ગુરુજનોને મારવા કરતાં તો ભિક્ષાન્ન પર નિર્વાહ

કરવાનું કાર્ય મને કલ્યાણકારક લાગે છે. અર્થાત્ ગુરુજનોનો નાશ કરીને લોહીથી ભરેલા ભોગોને ભોગવવા કરતાં મને ભિક્ષાન્ન સારું લાગે છે.

પરંતુ દ્રોણાચાર્યને, ભીષ્મ પિતામહને, દુર્યોધનને, કૃપાચાર્યને કે કર્ણ જેવા લોકોત્તર પુરુષોને એવો વિચાર નથી આવતો એ શું સૂચવે છે ? એ જ કે એ જમાનાના મહાપુરુષોની ઘોર દુર્દશા થયેલી. એને લીધે એ દુરાચારી દુર્યોધનનો સંપૂર્ણપણે અને સક્રિય વિરોધ ના કરી શક્યા. સમાજમાં જે દુરાચારી હોય એને સહકાર આપવામાં આવે અને એનો મક્કમતાપૂર્વક વિરોધ અથવા મુકાબલો કરવામાં ના આવે, તે પણ એક અપરાધ જ છે. એથી દુરાચાર અને દુરાચારીને બળ મળે છે. જ્ઞાનીઓ, દાનીઓ, પદાધિકારીઓ, તપસ્વીઓ અને વિદ્યાવાનોએ અનાચાર, અન્યાય અને અધર્મનો વિરોધ કરવો જોઈએ. એમાં જ એમની શોભા છે. બહુજન સમાજ એમની પાસેથી એવી અપેક્ષા રાખે છે.

ભીષ્મ પિતામહ એ જમાનાના સર્વશ્રેષ્ઠ જ્ઞાની પુરુષ હતા. એ મહાભારતના મહાયુદ્ધ પછી બાણશય્યા પર સૂતેલા ત્યારે ભગવાન કૃષ્ણે યુધિષ્ઠિરને ને બીજા પાંડવોને જણાવેલું કે ભીષ્મ પિતામહના રૂપમાં જ્ઞાનનો મહાન સૂર્ય અસ્તાચલ પર પહોંચવાની તૈયારીમાં છે. એ અસ્ત થઈને પરલોકમાં પ્રયાણ કરી જાય તે પહેલાં એમના જ્ઞાનનો તમે લાભ લઈ લો. એવી રીતે ભગવાને એમને એમની પાસે પહોંચવાની પ્રેરણા કરેલી. મહાભારતના શાંતિપર્વને વાંચવા-વિચારવાથી એમની અસાધારણ મેધા કે બૌદ્ધિક પ્રતિભાનો પરિચય થાય છે. એમણે, દ્રોણાચાર્યે, કૃપાચાર્યે ને અન્ય માન્ય મહાપુરુષોએ દુર્યોધનને સાફ શબ્દોમાં સંભળાવી દીધું હોત કે અમે તારા તરફથી નહીં લડીએ તો દુર્યોધનના પગ ઢીલા થાત. એનો ઉત્સાહ ઓસરી જાત. યુદ્ધ કરતાં પહેલાં પૂરતો વિચાર કરત. પરંતુ કમનસીબે એ મહાનુભાવો તટસ્થ રહી શક્યા નહીં. એમણે દુર્યોધન સાથે અસહકાર કરવાને બદલે એના સેનાપતિ થઈને પાંડવોનો સશસ્ત્ર પ્રતિકાર કરવાની તૈયારી કરી. એથી દુર્યોધનને બળ મળ્યું. એ એમના જ બળ પર કૂદી રહેલો. જ્ઞાન, શસ્ત્રવિદ્યા અને એવી બીજી દૃષ્ટિએ એ અત્યંત આગળ હોવા છતાં આત્મબળની દૃષ્ટિએ એટલા પાછળ હતા એવું અનુમાન એ ઘટનાચક્ર પરથી સહેલાઈથી કરી શકાય છે. દુર્યોધનના આશ્રિત હતા માટે એમણે દુર્યોધનનો પક્ષ લીધો એવું માનવા-મનાવવામાં એમની દુર્યોધનનિષ્ઠા કે રાજ્યનિષ્ઠા દેખાય છે ખરી, પરંતુ ધર્મનિષ્ઠા કે સત્યપ્રિયતા નથી દેખાતી. એ મહાનુભાવો કે ગુરુજનોને જોઈને યુદ્ધમેદાનમાં જે ભાવો અર્જુનને થયા એવા ભાવો જો આ મહાનુભાવો કે ગુરુજનોને પણ થયા હોત તો મહાભારતનો ઈતિહાસ જુદો જ હોત. ગીતા બતાવે છે કે એ જમાનાના માન્ય મહાપુરુષો અન્ય રીતે કેટલા બધા અલ્પ હતા. પ્રત્યેક જમાનામાં અનાચાર તો ઓછાવત્તા પ્રમાણમાં થતો જ રહેવાનો. એ અનાચારનો શક્ય તેટલી સઘળી રીતે સંગઠિતપણે સામનો થાય અને એની સાથે કોઈપણ પ્રકારનો સહયોગ સાધવાને બદલે વ્યક્તિગત અને સમષ્ટિગત રીતે એની સાથે અસહયોગ કરવામાં આવે એ અત્યંત આવશ્યક હોય છે.

યુધિષ્ઠિર મહાભારત કાળના મહાન જ્ઞાની હતા. એમની ઈચ્છા યુદ્ધ કરવાની અને રક્તથી રંગાયેલા સામ્રાજ્યસુખને ભોગવવાની ન હતી. એમણે એમના યુદ્ધવિરોધી ભાવોની અભિવ્યક્તિ અવારનવાર ભગવાન કૃષ્ણની અને અન્યની આગળ કરેલી પણ ખરી. એને લીધે કેટલાકને થાય છે કે ગીતાના જ્ઞાનનો સાચો અધિકારી આત્મા અર્જુનનો નહીં પરંતુ યુધિષ્ઠિરનો હતો; એટલે ગીતાનું જ્ઞાન યુધિષ્ઠિરને અપાયું હોત તો

યોગ્ય કહેવાત. ઉપર ઉપરથી જોતાં એ દલીલ સારી લાગે છે તોપણ એક અતિશય અગત્યની, ખાસ નોંધપાત્ર હકીકત એ છે કુરુક્ષેત્રની પુણ્યભૂમિમાં, મહાભારતના યુદ્ધમેદાનમાં યુધિષ્ઠિરને નહિ પરંતુ અર્જુનને જ યુદ્ધવિરોધી ભાવો થયા હતા. યુધિષ્ઠિરે નહિ પરંતુ અર્જુને જ એ ભાવો ભગવાન કૃષ્ણની આગળ પ્રગટ કરેલા અને યુધિષ્ઠિરે નહિ પરંતુ અર્જુને જ યુદ્ધભૂમિમાં ભગવાનનું મંગલ માર્ગદર્શન પણ માંગેલું. યુદ્ધભૂમિમાં જે ભાવો કે વિચારોની અભિવ્યક્તિ અર્જુન દ્વારા કરવામાં આવી છે એ અથવા એવા જ ભાવો-વિચારોની અભિવ્યક્તિ યુધિષ્ઠિરે કરી હોત તો ગીતાનો ઉપદેશ અર્જુનને બદલે યુધિષ્ઠિરને આપવામાં આવ્યો હોત એમાં સહેજ પણ શંકા નથી. ભગવાનને માટે સૌ કોઈ સમાન હતા. પરંતુ જેને તૃષા લાગે છે તેને જ પાણી આપવામાં આવે છે એ ન્યાયે, પરમાત્માના પથદર્શનની અને પરમજ્ઞાનની પિપાસા એકમાત્ર અર્જુનને જ લાગેલી. એના સિવાય કોઈએ યુદ્ધ કરવાની ના પાડીને ધનુષબાણને કે અન્ય શસ્ત્રાસ્ત્રોને પરિત્યાગેલાં નહીં. એટલે ગીતાશ્રવણનો સાચો આદર્શ અધિકારી એ જ થઈ શક્યો. ગીતાની જ્ઞાનગંગાના પાવન પ્રવાહને ભગવાને બીજા કોઈને માટે નહિ પરંતુ એને માટે જ વહેતો કર્યો.

*

ભારતના રાષ્ટ્રીય ગૌરવને વધારવામાં ને રાષ્ટ્રનિર્માણની પ્રેરણાપ્રાપ્તિમાં ભગવદ્ ગીતાએ સાંપ્રત સમયમાં કેટલો બધો મહત્વનો મૂલ્યવાન ભાગ ભજવ્યો છે તેનો ખ્યાલ છેલ્લાં થોડાંક વરસોના ઈતિહાસ પરથી આવી શકે છે. સ્વામી વિવેકાનંદને ગીતા ખૂબ જ પ્રિય હતી. એમને માટે એ એટલી બધી પ્રેરક થઈ પડેલી કે પરદેશ જતાં પહેલાંના ભારતવર્ષના ભ્રમણ દરમિયાન એ એને પોતાની પાસે જ રાખતા. ‘આઝાદી એ મારો જન્મસિદ્ધ અધિકાર છે’ એવા સન્માનસૂચક સૂત્રને વહેતું કરનાર લોકમાન્ય તિલકે ગીતામાંથી અનોખી પ્રેરણાને પ્રાપ્ત કરેલી. એમના ‘ગીતા રહસ્ય’ ગ્રંથરત્ન દ્વારા એ સ્પષ્ટ થાય છે. મહર્ષિ અરવિંદને પણ ગીતાએ અસાધારણ પ્રેરણાસામગ્રી પૂરી પાડેલી. આધુનિક ભારતના એક બીજા મહાપુરુષ સુભાષચંદ્ર બોઝ પણ ગીતાપ્રેમી હતી.

ત્રણેક વરસ પહેલાં મારે કલકત્તા જવાનું થયેલું ત્યારે મેં સુભાષચંદ્ર બોઝના સ્થાનની મુલાકાત લીધેલી. એમનાં કુટુંબીઓએ મને એ સ્થાનના નિરીક્ષણમાં મદદ કરી. મેં એમને પૂછ્યું કે સુભાષચંદ્ર બોઝ આ સ્થાનમાંથી અદૃશ્ય થયા એ પહેલાં અહીં એકાંતવાસમાં રહ્યા ત્યારે કોઈ પુસ્તકો વાંચતા હતા ?

એમણે ઉત્તર આપ્યો કે વાંચતા હતા.

કયા પુસ્તકો વાંચતા હતા ?

એક તો સ્વામી વિવેકાનંદના વ્યાખ્યાનો અને બીજું, શ્રીમદ્ ભગવદ્ ગીતા.

ભગવદ્ ગીતા ?

હા. ભગવદ્ ગીતા એમને ખૂબ જ પ્રિય હતી. એનું અધ્યયન કરતાં એ અવારનવાર ઊંડા વિચારમાં ડૂબી જતા. એમને પ્રેરણા મળતી. દેશને માટે સર્વસમર્પણ કરવાની તમન્ના એમની અંદર ગીતાભ્યાસને પરિણામે જ પેદા થયેલી.

હું વિચારમાં પડ્યો.

એમણે જણાવ્યું : મારા શબ્દો અનેકને આશ્ચર્યકારક લાગશે તોપણ સંપૂર્ણ સાચા છે. મેં એમને કેટલીયવાર ગીતામાંથી કર્મયોગની પ્રેરણા ઝીલતાં સાંભળ્યા છે. દેશની આઝાદી કાજે કુરબાની કરવાની ભાવનાની પ્રાપ્તિ એમને ગીતાઅભ્યાસને પરિણામે જ થયેલી.

ભારતની સ્વતંત્રતાના અન્ય સફળ સેનાની મહાત્મા ગાંધીજી તો ગીતાના પરમભક્ત. ગીતામાંથી એમણે અનાસક્તિની ને બીજી જીવનોપયોગી દીક્ષા લીધેલી. ગીતા એમની પ્રકાશદાત્રી હતી. એ લખે છે કે જ્યારે જ્યારે મારું મન મૂંઝાઈ જાય છે, મને પ્રકાશ નથી દેખાતો અને અંધકાર ઘેરી વળે છે ત્યારે ત્યારે હું ગીતા માતાનું શરણ લઉં છું. એ શરણ કદી નિષ્ફળ નથી જતું. પ્રત્યેક વખતે મને નવીન પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. ગીતાના ઉપદેશનો વિચાર કરવાથી મારી મૂંઝવણ મટે છે ને મને માર્ગ મળે છે.

ગીતાના ઉપદેશે અર્જુનના મોહને ને મતિભ્રમને મટાડ્યો તેમ એ પછી બીજા કેટલા બધા અર્જુનોના મોહને, માનવોના મતિભ્રમને મટાડ્યા. જીવનના જટિલ જંગમાં, મુસીબતોથી મઢેલા, મુંઝવણથી ભરેલા મહાભારતના મેદાનમાં પુરુષાર્થના ગાંડીવોને પરિત્યાગીને નીરસ તથા નાહિંમત બનેલા કેટકેટલા અર્જુનોને પુનઃપ્રોત્સાહિત કર્યા, હિંમતવાન ને રસમય બનાવ્યા; ગાંડીવધારી બનાવીને ફરી લડતા કર્યા, અને શ્રી, યશ, વિજય તથા આત્મિક સામ્રાજ્યની સંપ્રાપ્તિથી કૃતાર્થ કરી દીધા. કર્તવ્યાકર્તવ્યનો નિશ્ચિત નિર્ણય ના કરી શકનારા, સ્મશાનવૈરાગને વશ થઈને ક્ષેત્રસંન્યાસ લેવાનાં સ્વપ્નાં સેવનારા કેટલા જીવનસંગ્રામના સૈનિકોને બેઠા કર્યા કે સામર્થ્યે ભર્યા, ને કેટલાને નવનિર્માણના નિમિત્ત બનાવ્યા એનો કડીબંધ ઈતિહાસ કોની પાસે છે ? કોણે તૈયાર કર્યો છે ?

આજે પણ કૌરવ-પાંડવ વચ્ચે કટુતા થાય છે, યુદ્ધ મંડાય છે, અર્જુન યુદ્ધે ચઢે છે, ભગવાન સારથિ બને છે, ગાંડીવને ત્યાગવામાં આવે છે. "મારે નથી લડવું, જીવન જીવવા જેવું નથી, આના કરતાં તો ક્યાંક જતા રહેવું, સર્વસંગપરિત્યાગી થવું, પરિવ્રાજક બનવું સારું છે" એવા એવા સંકલ્પો લેવાય છે. આજે પણ નિરાશા ઘેરી વળે છે, ક્લૈબ્યના શિકાર થવાય છે. ફરી પાછું સર્વાન્તર્યામી સર્વસૂત્રધાર સૃષ્ટિનિયામક સર્જનહારનું શરણ લેવાય છે. પ્રાર્થના થાય છે, ગીતા ગવાય છે. નવજીવનની-અભિનવ પ્રકાશની, પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. વળી પાછું અનંત ઉત્સાહથી લડાય છે, વિજયી થવાય છે, સામ્રાજ્યસુખનો ઉપભોગ કરાય છે. એ ચક્ર એક અથવા બીજી રીતે આજે પણ ચાલે છે ને ભવિષ્યમાં માનવ રહેશે ત્યાં સુધી ચાલુ રહેશે. ત્યાં સુધી ગીતા અને એનું જ્ઞાન અક્ષય રહેશે.

*

**સર્વકાલીન સંદેશ**

ગીતાના ઉપસંહાર સમયે ભગવાન કૃષ્ણે અર્જુનને પૂછ્યું કે મેં આપેલો સદ્દુપદેશ તેં એકાગ્ર ચિત્તથી ધ્યાનપૂર્વક સાંભળ્યો અને તારો અજ્ઞાનના પરિણામે પેદા થયેલો સંમોહ દૂર થયો કે ના થયો ? અર્જુને એના ઉત્તરમાં કહ્યું કે તમારી કૃપાથી મારો મોહ મટી ગયો છે. મને કર્તવ્યની સ્મૃતિ થઈ છે. હે અચ્યુત ! હું તો સત્ય ધર્મની નિષ્ઠામાંથી ચ્યુત બની ગયેલો કે ડગી ગયેલો. હવે મારી સઘળી શંકાઓનું સુખદ સમાધાન થયું છે. હું જાગ્રત બનીને બેઠો થઈ ગયો છું. તમારા આદેશને આજ્ઞાંકિત સેવકની પેઠે અનુસરવાની મારી તૈયારી છે. મેં હવે મારા આત્મસ્વરૂપમાં સ્થિતિ કરી છે. **स्थितोऽस्मि** નો અર્થ એવો પણ લઈ શકાય છે.

અર્જુનના એ સારગર્ભિત શબ્દો ગીતાના અસાધારણ આત્મજ્ઞાનના પ્રભાવનો પરિચય કરાવે છે. ગીતાજ્ઞાનની અસર માનવ પર એવી અનોખી થાય છે. એનો અવિદ્યાજન્ય મોહ મટી જાય છે. એને કર્તવ્યની સમુચિત દીક્ષા સાંપડે છે. એનો અંતરાત્મા અંતર્યામીના અનુગ્રહને અનુભવે છે, એ આત્માની નિષ્ઠામાં સ્થિતિ કરીને પ્રલોભનો તથા ભયસ્થાનોની વચ્ચે અડગ રહે છે. શંકા-કુશંકાઓમાંથી મુક્તિ મેળવી, શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને, જીવનનો અભિનય કરવા તૈયાર થાય છે, અને પરમાત્માની પરમ પવિત્ર પ્રેરણા પામીને તે પ્રમાણે પગલાં ભરવા કટિબદ્ધ બને છે. આપણે પણ અર્જુનની પેઠે અવનવા પ્રકાશથી અને અવનવી પ્રેરણાશક્તિથી સંપન્ન બનીને એવા ઉદ્ગારો કાઢી શકીએ તો ગીતા-અધ્યયન સફળ થયું અને પરમાત્માનું શરણ સાર્થક બન્યું એવું સમજી શકાય. અર્જુનનો વિષાદ પ્રસાદમાં પલટાયો એવી રીતે આપણા જીવનમાં પણ પ્રસાદ પ્રગટે એ આવશ્યક છે. એવા પ્રસાદને પામવા માટે પરમાત્માની શરણાગતિને સ્વીકારવી જોઈએ.

આપણા શરીરની અંદર અને બહાર વિશાળ વિશ્વમાં જે ચેતના, શક્તિ, સુખશાંતિ અને આનંદ છે એનું કેન્દ્ર ક્યાં છે ? પરમાત્મામાં. પરમાત્મામાંથી જ એ પ્રાદુર્ભાવ પામીને પ્રવાહિત થાય છે અને સમસ્ત બ્રહ્માંડમાં ફરી વળે છે. ઘરમાં વિદ્યુતશક્તિનો સંચાર થાય છે પરંતુ એનો પ્રાદુર્ભાવ પાવરહાઉસમાં થતો હોય છે. ત્યાંથી એ સર્વત્ર પ્રવાહિત થાય છે. એને પ્રવાહિત કરવા માટે મીટર, વાયર અને બલ્બ જેવાં સાધનોની કે માધ્યમોની આવશ્યકતા હોય છે. ઘરમાં પાણીને લાવવા માટે નળ હોય છે, પરંતુ એનો સંબંધ પાણીની પાઈપ સાથે, તે દ્વારા પાણીની મુખ્ય લાઈન સાથે અને વોટર વર્કસ્ સાથે કરવો પડે છે. ત્યાંથી જ પાણી પ્રવાહિત થાય છે. પરમાત્મા સૌના મૂળાધાર છે. ચેતના, જીવન, શક્તિ, પ્રેમ, આનંદ, શાંતિ સૌની મુખ્ય લાઈન એમનામાંથી શરૂ થાય છે. શરીરમાં રહેલી આત્મિક ચેતનાનો વિસ્તાર પણ એમની અંદરથી જ થતો હોય છે. એમની સાથે સંબંધ બાંધવાથી જ જીવન જ્યોતિર્મય, સંવાદી, સુખી, શાંત, પરિપૂર્ણ, મુક્ત અને કૃતાર્થ બને છે. અર્જુનની કાયાપલટ એવો સર્વોત્તમ શાશ્વત સંદેશ પૂરો પાડે છે.

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तम् अभ्यर्च सिद्धिं विन्दति मानवः ॥१८-४६॥

"જેમનાથી આ સમસ્ત જડ-ચેતનાત્મક જગત ભરેલું છે અને જેમને લીધે જીવો જુદી જુદી પ્રવૃત્તિ કરી શકે છે, તેમને પોતાનાં કર્મોથી આરાધીને માનવ સિદ્ધાવસ્થાએ પહોંચી શકે છે."

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥१८-६२॥

"હે ભારત, સર્વ ભાવથી-અંતરના અંતરતમમાંથી એ ઈશ્વરનું જ શરણ લે. એમના કૃપાપ્રસાદથી પરમશાંતિની અને અવિનાશી અમૃતપદની, અચળ સ્થાન અથવા અવસ્થાવિશેષની પ્રાપ્તિ થશે."

આજે આજુબાજુ બધે જ અશાંતિના ઓળા ઊતર્યા છે, માનવનું મન મૂંઝાયેલું અને અંતર અસ્વસ્થ અને આર્ત છે, જીવનનો સ્વાભાવિક રસ સુકાઈ ગયો છે અને વેદના તથા વિષાદની વીણા ચારેકોરથી શોરબકોર કરતાં વાગી રહી છે, જીવનનો આનંદ ઓસરતો જાય છે ને મન કિંકર્તવ્યવિમૂઢ થાય છે, નવીનવી સમસ્યાઓ, શંકાકુશંકાઓ માનવમનને ઘેરી વળે છે તેમજ ભ્રમિત કરે છે, જીવન વધારે ને વધારે

અંધકારમય થતું જાય છે, ત્યારે પ્રકાશ, સંવાદ, શક્તિ, સ્વસ્થતાની સંપ્રાપ્તિ માટે ગીતાનો એ સંદેશ સાંભળવા જેવો છે. એને અનુસરવાથી બધી રીતે લાભ થશે, હાનિ તો થશે જ નહીં.

**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥२-४०॥**

"આ સુંદર સનાતન ધર્મનું સ્વલ્પ જેટલું આચરણ પણ મોટા ભયમાંથી રક્ષા કરે છે."

માનવજાતિ એ સર્વકાલીન શ્રેયસ્કર સંદેશને સાંભળશે ખરી ? એને સાંભળવામાં એનું હિત સમાયેલું છે. પરમહિત.

ગીતા એવી રીતે અર્જુનને નિમિત્ત બનાવીને માનવમાત્રના મંગલ માટેનો જીવનોપયોગી પ્રેરક શાશ્વત સંદેશ સંભળાવે છે. એ સંદેશ અતીતકાળનો હોવા છતાં અદ્યતન છે, અજર અને અમર છે. એને જેટલા પ્રમાણમાં ફેલાવવામાં આવશે એટલા પ્રમાણમાં લાભ પહોંચશે. એથી સમાજની સાચી સર્વોત્તમ સેવા થશે. એ સંદેશને સંભળાવવાના કલ્યાણકાર્યમાં જે પડેલા છે તે ધન્ય છે. જે સાંભળે છે તે પણ ધન્ય છે. અને જે એને જીવનમાં ઉતારવાનો પ્રામાણિક પ્રયત્ન કરે છે તે તો સૌથી વધારે ધન્ય છે. જે બડભાગી મહામાનવો એને જીવનમાં ઉતારી ચૂક્યા હોય એમની ધન્યતાનું તો કહેવું જ શું ?

* * *

## ૪. યુદ્ધનાં કારણો

કુરુક્ષેત્રની પરંપરાગત પુણ્યભૂમિમાં, મહાભારતના મહાયુદ્ધમેદાનમાં, કૌરવ-પાંડવની સુવિશાળ સેનાઓને પારસ્પરિક પ્રતિશોધભાવથી પ્રેરાઈને એકમેકના નાશના-સર્વનાશના સંકલ્પ સાથે ઊભા રહેવું પડ્યું તેનું કારણ ? મહાભારતના એ મહાભયંકર મહાયુદ્ધનાં કારણો કેટલાંય હતાં. એ કારણોમાંથી કેટલાકનો ઊડતો ઉલ્લેખ કરી લઈએ.

મહાભારતના મહાયુદ્ધનું એક કારણ દુર્યોધનનો દુર્ભાવ કે દ્વેષભાવ હતું. એ દુર્ભાવ કે દ્વેષભાવથી પ્રેરાઈને એણે પ્રથમથી જ પાંડવોને હેરાન કરવાના ને પીડા પહોંચાડવાના પ્રયાસો કરેલા. એને લીધે એણે પાંડવો પર કેટલાંય કષ્ટો વરસાવેલાં. એમના ન્યાયોચિત રાજ્યાધિકારને પણ પચાવી પાડેલો. ભગવાન કૃષ્ણે પાંડવોના પ્રતિનિધિ, દૂત કે વિષ્ટિકાર તરીકે એની પાસે પહોંચીને એને સમજાવવાનો અને ન્યાયમાર્ગે વાળવાનો પ્રામાણિક પ્રયત્ન કરી જોયો તોપણ એ ના માન્યો. પાંડવોને પાંચ ગામો આપવાના પ્રસ્તાવનો પણ એણે અસ્વીકાર કર્યો. અને વધારામાં જણાવ્યું કે સોયના અગ્રભાગના પૃથ્વી પર પડવાથી જેટલી જગ્યા રોકાય છે તેટલી જગ્યા પણ હું નહીં આપી શકું. એ છતાં પણ પાંડવોને રાજ્યસુખનો લોભ કે મોહ હોય તો યુદ્ધમેદાનમાં લડવા માટે આવી જાય. જેનું સામર્થ્ય વિશેષ હશે તે વિજયી થશે ને રાજ્યસુખ ભોગવશે. સામ્રાજ્યનું સુખ કાંઈ નામર્દોને અથવા ભિક્ષુકોને નથી મળતું. વસુંધરા વીરભોગ્યા છે. ભગવાન કૃષ્ણે એને યુદ્ધના દુષ્પરિણામનો ખ્યાલ આપ્યો તોપણ એ એકનો બે ના થયો. એ ધારત ને માનત તો પાંડવો સાથેની ભયંકર યાદવાસ્થળીને ટાળી શકત. પરંતુ એ પછી જે કાંઈ બન્યું તે સુવિદિત છે. પાંડવો પાસે શાંતિમય સમાધાનનાં બધાં બારણાં બંધ થઈ જવાથી છેવટે અન્ય કોઈ વિકલ્પ જ રહ્યો નહીં. યુદ્ધ એમના ન્યાયોચિત અધિકારની રક્ષા માટે અનિવાર્ય બની ગયું.

દુર્યોધન જેવા સ્વાર્થ, લોભ, પરિગ્રહ અને વેરવૃત્તિ ધરાવનાર માનવો ઘર, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં વિરોધો ઊભા કરે છે, સંકટો સરજે છે. અશાંતિના ઓળાઓ ઉતારે છે અને યુદ્ધો જગાવે છે. અન્યને માટે આશીર્વાદરૂપ બનવાને બદલે અભિશાપરૂપ ઠરે છે.

મહાભારતના મહાયુદ્ધનું બીજું કારણ ધૃતરાષ્ટ્રની દુર્યોધનાદિ કૌરવોને માટેની વધારે પડતી મમતા તથા નરમ નીતિ હતું. એ કુટુંબના વડીલ હતા. પોતાના મોટાભાઈ પાંડવોની અનુપસ્થિતિમાં પાંડવોની પ્રેમપૂર્વક સંભાળ રાખવાની એમની જવાબદારી હતી. એ જવાબદારીને એ જરાપણ અદા કરી શક્યા નહીં એ તો સાચું જ પરંતુ સાથે સાથે દુર્યોધન દ્વારા પાંડવો પર વરસાવવામાં આવતી વિપત્તિઓના મૂક દ્રષ્ટા બની રહ્યા. દુર્યોધન પર એથી કોઈ પ્રકારનું જરૂરી નિયંત્રણ રહી ના શક્યું. એમણે જો દુર્યોધન સાથે અસહકાર કર્યો હોત તો પરિસ્થિતિ જુદી જ હોત. કૌરવો અને પાંડવો એમને બે આંખો જેવા હોવા જોઈતા'તા.

કુટુંબના વડીલ પોતાના ને પોતાના ભાઈના પુત્રો પ્રત્યે સમદૃષ્ટિ ના રાખે અને પોતાના ભાઈના પુત્રો કરતાં પોતાના પુત્રોને વિશેષ અગત્ય આપે, એટલું જ નહીં પણ પોતાના પુત્રો દ્વારા થતા એમની પ્રત્યેના અન્યાય અને અનાચારોનું અવલોકન કર્યા કરે તો તેમાં તેમની શોભા ના ગણાય. તે પોતાનું કર્તવ્ય

ચૂકે છે એવું જ કહી શકાય. ગીતાના પ્રથમ શ્લોકમાં ધૃતરાષ્ટ્રના મુખમાં મુકાયેલો મામકાઃ શબ્દ એમની કૌરવો પ્રત્યેની વધારે પડતી મમતાનો પડઘો પાડે છે. કૌરવોને કૌરવાઃ કહેવાને બદલે એ મામકાઃ કહે છે.

મહાભારતના મહાયુદ્ધનું ત્રીજું કારણ દ્યુત હતું. મહાભારત આપણને સૂચવે છે કે મોટા માણસો કરે છે ત્યારે જે મોટી ભૂલો કરે છે તેનાં દુષ્પરિણામો લાગતાવળગતા સૌ કોઈને ભોગવવાં પડે છે. યુધિષ્ઠિર જ્ઞાની, સદાચારી, સત્પુરુષ હતા તોપણ શકુનિના કહેવાથી દ્યુત રમવા તૈયાર થયા. દ્યુત રમવાનું એ વખતે ખરાબ મનાતું નહોતું એ દલીલને સ્વીકારવા ખાતર કામચલાઈ રીતે સ્વીકારીએ તોપણ, યુધિષ્ઠિરની ભૂલ એ હતી કે એકવાર હાર્યા પછી પણ એ બીજીવાર દ્યુત રમવા તૈયાર થયા. કદાચ એમને હારેલા રાજ્યને જીતવાનો લોભ લાગ્યો હશે. બીજીવારના દ્યુતમાં એ રાજ્ય સાથે દ્રૌપદીને પણ હારી બેઠા. એમણે દ્રૌપદીને હોડમાં મૂકી એ મોટી ભૂલ થઈ. પાંડવોને અને દ્રૌપદીને એ ભૂલના ભોગ બનવું પડ્યું.

દ્યુતની પ્રથા દેશમાં આજે પણ પ્રચલિત છે. જુદાં જુદાં રૂપે દ્યુત રમાય છે. શ્રીમંતોને ને શિક્ષિતોને પણ એમાં રસ પડે છે. હમણાં જ અમે દિલ્હીથી અમદાવાદ ટ્રેનમાં બેસીને આવી રહેલાં ત્યારે એનો અનુભવ થયો. દિલ્હીથી અમારા ડબામાં એક પંજાબી કુટુંબ બેઠું. ટ્રેન ઊપડી એટલે એ કુટુંબની સ્ત્રીઓએ બંને સીટની વચ્ચેની જગ્યાએ પેટી મૂકીને પુરુષો સાથે જુગાર રમવાની શરૂઆત કરી. જયપુર સ્ટેશને ઊતરવાનું આવ્યું ત્યાં સુધી જુગાર રમાતો રહ્યો. જુગાર રમાડનારી સ્ત્રીએ સારી રકમ જીતી લીધી. વચ્ચે વચ્ચે માંસભક્ષણ તથા દારૂસેવન પણ થતું રહ્યું. કુટુંબના બાળકોને પણ એનો ચસકો લાગેલો. એ બાળકો મોટાં થશે ત્યારે કેવાં બનશે એની કલ્પના અતિશય કરુણ હતી. એમનાં માતાપિતાને અને કુટુંબીજનોને એની નહોતી પડી. જાહેરજીવનના સઘળા શિષ્ટાચારનો એમણે પરિત્યાગ કરેલો. જયપુર સ્ટેશને ઊતરતી વખતે એમણે જણાવ્યું કે હોટલમાં જઈને પણ જુગારની રમત આગળ રમવાની છે ! મને એમની વૃત્તિ અને પ્રવૃત્તિને નિહાળીને આશ્ચર્ય થયું. ખાસ આશ્ચર્ય એટલા માટે થયું કે શિક્ષિત અને સભ્ય કહેવાતા માનવો પણ માનવજીવનની મહત્તાને સુચારુરૂપે સમજીને ન્યાય આપી શકતા નહોતા. એનો સદુપયોગ કરવાને બદલે ભયંકર દુરુપયોગ કરી રહેલા.

જુગાર તથા દારૂ-શરાબના સેવન સાથે જુદી જુદી કેટલીય બદીઓ પેદા થાય છે. અસત્ય ભાષણ, વ્યભિચાર, હિંસા, છળકપટ એને પગલે ફાલેફૂલે છે.

મહાભારતના મહાસંગ્રામનું ચોથું પ્રકરણ સ્ત્રીનું અપમાન હતું. દુર્યોધને પરસ્ત્રીને માતા બરાબર ના માની અને એની સાથે સારો વ્યવહાર ના રાખ્યો. યુધિષ્ઠિરનો દ્યુતમાં પરાજય થયો એટલે દુઃશાસને દુર્યોધનના દુષ્ટ આદેશને અનુસરીને રજસ્વલા દ્રૌપદીને સભા વચ્ચે કેશ પકડીને ખેંચી લાવીને નગ્ન કરવાનો પ્રયાસ કર્યો. સભાજનોમાંથી કોઈએ એની સામે વિરોધનો અવાજ ના ઉઠાવ્યો. સૌ કોઈ શાંત-મૂક પ્રેક્ષક તરીકે બેસી રહ્યા. એ ઘટનામાં એ જમાનાના જાહેરજીવનનું પ્રતિબિંબ પડતું હતું. દુર્યોધને દ્રૌપદીની અવજ્ઞા થતી અટકાવવાને બદલે એને સાથળ બતાવીને પોતાના ખોળામાં બેસવા કહ્યું. દ્રૌપદી સ્વમાનપ્રિય પવિત્ર ને વીર નારી હતી. એનો રોષ ભભૂકી ઊઠ્યો. એણે ભરસભામાં પ્રતિજ્ઞા કરતાં કહ્યું કે દુર્યોધન, ભીમ જ્યાં સુધી તારા સાથળને પોતાના ગદાપ્રહારથી તોડીને એના લોહીથી હાથને ભીના કરીને મારા કેશને ભીંજવશે નહીં ત્યાં સુધી હું અંબોડો નહીં બાંધું અને કેશને આવી રીતે ખુલ્લા જ રાખીશ. દ્રૌપદીની એવી કઠોર

પ્રતિજ્ઞાથી સભામાં હાહાકાર થઈ રહ્યો. દુર્યોધને પરસ્ત્રીને માતા સમાન ના માની એની હરકત નહોતી પરંતુ એથી આગળ વધીને અપમાનિત કરીને પત્ની સમાન સમજવાની કુચેષ્ટા કરી, એ કુચેષ્ટા એને ભારે પડી. પાછળથી વનવાસ દરમ્યાન પણ દ્રૌપદીએ એ પ્રસંગની અવારનવાર સ્મૃતિ કરાવીને પાંડવોને પ્રતિશોધને માટે પ્રેરણા આપેલી. દ્રૌપદી વીર નારી હોવાથી પોતાના અસાધારણ અપમાનને સહી નહોતી શકી. એનો દાહ એના દિલમાં કાયમ હતો.

પરસ્ત્રીને માતાતુલ્ય માનવાને બદલે અપમાનિત કરવાથી કેવું દુષ્પરિણામ આવે છે તે રામાયણ તથા મહાભારત પરથી સહેલાઈથી સમજી શકાય છે. રાવણે સીતાનું હરણ ના કર્યું હોત તો રામની સાથેના મહાયુદ્ધનાં બીજ વવાત નહીં અને રામાયણની રચના જરાક જુદી રીતે જ થઈ હોત. પરંતુ .. પરિસ્થિતિએ જે આકાર લીધો એ આપણે જાણીએ છીએ. જગત જાણે છે. દ્રૌપદી સરખી સન્નારીના અપમાનથી દુર્યોધનના સામ્રાજ્યના પાયા હચમચી ઊઠ્યા. માનવજાતિ અતીતકાળના ઈતિહાસના એ પદાર્થપાઠને યાદ રાખી અને અનુસરી શકી છે ખરી ? સ્ત્રીજાતિ પ્રત્યેનો એનો સાર્વત્રિક સર્વસામાન્ય વ્યવહાર કેવો છે ? એના દિલમાં દુર્વાસનારૂપી દુર્યોધન, દુરાચારરૂપી દુઃશાસન બેઠો છે કે ધર્માનુસાર પગલાં ભરનારા, ઈન્દ્રની સભામાં સંમોહિત બનેલી અપ્સરાશ્રેષ્ઠ ઉર્વશીને માતા સમાન મંગલ માનનારા અર્જુનનું આસને છે ? સ્ત્રીઓનો અનાદર આજે પણ થાય છે. આજે પણ એમને આસુરીવૃત્તિ અને દૃષ્ટિથી દેખવામાં આવે છે. એ અનેકવિધ અનાચાર અથવા અત્યાચારોનો ભોગ બને છે. આપણાં શહેરો અથવા નગરો અને મહાનગરોનું નિરીક્ષણ કરવાથી એ હકીકતની પ્રતીતિ થાય છે કે સ્ત્રીજાતિ કેવી યાતના, પશુવૃત્તિ, લાલસા કે દુર્વ્યવહારનો શિકાર બની છે ! આજે પણ એનું મુખ એટલું ઊંચું નથી. પુરુષ એને કામુકતા વિના જાણે કે જોઈ જ શકતો નથી. એ રીત બદલવા જેવી છે. એને લીધે સમાજમાં નાના-મોટાં મહાભારત થયા કરે છે.

*

**સ્ત્રીજાતિ વિશે**

ગીતાના એક અભ્યાસીએ મને ફરિયાદ કરતાં કહ્યું કે ગીતામાં સ્ત્રીજાતિ વિશે બહુ સારો અભિપ્રાય નથી આપવામાં આવ્યો. એને ઉતારી પાડવામાં આવી છે એવું કહીએ તો ચાલે. સ્ત્રીજાતિને માટે એવો અનુચિત અને અન્યાયકારક અભિપ્રાય આપનારા ગીતા ગ્રંથને ભારતીય ધર્મ, સાધના કે સંસ્કૃતિનું પ્રામાણિક પરિપૂર્ણ પ્રતિનિધિત્વ કરનારો મહાગ્રંથ કહી શકાય ખરો ?

મેં એને પૂછ્યું કે ગીતાએ સ્ત્રીજાતિ સંબંધી ઊતરતો અભિપ્રાય ક્યાં આપ્યો છે, તો એમણે એમના આક્ષેપના અનુમોદનમાં જણાવ્યું કે પ્રથમ અધ્યાયના ૪૦ અને ૪૧મા શ્લોકને યાદ કરો. એટલે મારા દોષારોપણની વાસ્તવિકતાનો ખ્યાલ આવશે.

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥१-४०॥
अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥१-४१॥

"કુળનો નાશ થતાં સનાતન કુળધર્મનો નાશ થાય છે. ધર્મનો નાશ થવાથી કુળ નથી રહેતું. ચારે તરફ અધર્મ છવાય છે. અધર્મની અભિવૃદ્ધિથી હે કૃષ્ણ ! કુળની સ્ત્રીઓ દૂષિત બને છે અને દુષ્ટ સ્ત્રીઓથી વર્ણસંકર સંસ્કારરહિત પ્રજા પેદા થાય છે."

એ ભાઈ મારા તરફ વિજેતાની અદાથી જોઈ રહ્યા. મેં એમના મનોભાવોને સમજી લીધા ને જણાવ્યું કે એ શ્લોકો અર્જુનના મુખમાં મુકાયેલા હોવાથી એ દ્વારા અભિવ્યક્તિ પામેલા વિચારો ભગવાન કૃષ્ણના નથી, પરંતુ અર્જુનના છે. અર્જુને અધર્મની અભિવૃદ્ધિથી સ્ત્રીઓ દૂષિત બને છે એવું કહ્યું એમાં પણ એની વૃત્તિ સ્ત્રીજાતિને ઉતારી પાડવાની કે હલકી બતાવવાની નથી. એ ઉદ્‌ગારોમાં એના સ્ત્રીજાતિ પ્રત્યેના પૂજ્યભાવનો પડઘો પડે છે.

કેવી રીતે ? તમે એનો પક્ષ ખોટી રીતે લઈ રહ્યા છો.

પક્ષ નથી લેતો.

તો પછી ?

જે યથાર્થ છે એના તરફ અંગુલિનિર્દેશ કરું છું.

તમને એવું નથી લાગતું કે અધર્મની અભિવૃદ્ધિથી સ્ત્રીઓની પેઠે પુરુષો પણ દૂષિત થઈ શકે ? તો પછી ગીતામાં કેવળ સ્ત્રીઓનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને પુરુષોને એવા ઉલ્લેખમાંથી બાકાત રાખવામાં આવ્યા છે તેનું કારણ ? એ દ્વારા સ્ત્રીઓને અન્યાય કરાયો છે એવું નથી ?

ના. મને એવું નથી લાગતું.

તમે પુરુષ છો તેથી.

એમાં પુરુષ કે સ્ત્રીનો સવાલ નથી ઊઠતો. અર્જુનના શ્રીમુખમાં એવા શબ્દો મૂકીને ગીતાના રચયિતા મહર્ષિ વ્યાસ સ્ત્રીજાતિનું ગૌરવ ગાતાં કે માહાત્મ્ય વર્ણવતાં સૂચવવા માગે છે કે કુળ, શીલ, સદાચાર, ધર્મ તથા સંસ્કૃતિનો મુખ્ય આધાર સ્ત્રી પર છે. સ્ત્રી ભગિની, સખી, સેવિકા, પત્ની અને જનની છે. કુળમાં દોષ લાગવાથી પુરુષ પણ બગડે છે એટલે વર્ણસંકર પ્રજા પેદા થાય છે એવું કહ્યું છે - પરંતુ જો સ્ત્રીને સંસ્કારી, શુચિ, શીલવતી રાખી શકાય તો ઉત્તમ સંતાનની સૃષ્ટિ થાય અને સમસ્ત સમાજને બેઠો કરી શકાય. એથી ઊલટું, જો સમાજમાં સ્ત્રી કે માતા જ મરી જાય તો સ્વસ્થ, સમૃદ્ધ, સુખી સમાજની આશા અસ્તાચળ પર પહોંચી જાય. એવી રીતે વિચારતાં સમજાય છે કે ગીતા સ્ત્રીજાતિને કશો અન્યાય નથી કરતી. એ તો કહે છે સંસ્કૃતિની ધાત્રી, ભાગ્યવિધાત્રી અને પુરુષની પ્રેરણાદાત્રી સ્ત્રીને સદા સુરક્ષિત રાખજો, જીવવા દેજો, દૂષિત ના કરશો. પુરુષ ગમે તેટલો બગડ્યો હશે, વિપથગામી બન્યો હશે તોપણ સ્ત્રી જો સન્માર્ગગામિની, સદાચારિણી ને સારી રહી હશે તો એને સુધારી શકશે. માટીમાંથી માનવ કરશે, દાનવમાંથી દેવ બનાવીને જગતને નવજીવન ધરશે. એનો અર્થ એવો નથી કે એ પુરુષને છૂટો દોર આપવા માગે છે અથવા એનો મહિમા ઓછો આંકે છે. ગીતા તો માનવના જ નહિ, જીવમાત્રના મહિમાને જાણે છે ને માને છે. એ તો એવો ઉલ્લેખ કરીને સ્ત્રીજાતિની વિશિષ્ટતા દર્શાવે છે એટલું જ.

જે ગીતાએ **स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥९-३२॥** કહીને જણાવ્યું છે કે પરમાત્માનું સાચા દિલથી શરણ લઈને સ્ત્રી, વૈશ્ય અને શૂદ્ર પણ પરમગતિને પામે છે, તે ગીતા સ્ત્રીજાતિને

ઊતરતી કક્ષાની કે હલકી કેવી રીતે કહી શકે ? એવું કથન એના પોતાના જ કથનનું વિરોધી થાય. એના વિપરીત કથનની કલ્પના પણ એનાથી થઈ શકે નહીં.

મારા એટલા સ્પષ્ટીકરણથી એ ભાઈનું સમાધાન થયું. મેં એમને જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમાં અને એનું પ્રતિનિધિત્વ કરનારા ધર્મગ્રંથોમાં ક્યાંય પણ સ્ત્રીજાતિનું અપમાન કરવામાં નથી આવ્યું. એના મહિમાને ઘટાડવામાં નથી આવ્યો અથવા એની અવજ્ઞાનો આદેશ નથી અપાયો. મનુસૃષ્ટિમાં મનુ મહારાજે જણાવ્યું છે કે જ્યાં સ્ત્રીઓની પૂજા થાય છે, સ્ત્રીઓને સન્માનવામાં ને સુશિક્ષિત કરાય છે, ત્યાં દૈવી શક્તિઓ વાસ કરે છે; અને જ્યાં એથી ઊલટું થાય છે ત્યાં સઘળી પ્રવૃત્તિઓ, વિકાસની સર્વ યોજનાઓ વ્યર્થ જાય છે.

**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।**
**यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥**
**(मनुस्मृति अध्याय ३, श्लोक ५६)**

ગીતા ભારતીય સંસ્કૃતિની એવી પવિત્ર પ્રાણવાન પરંપરાની સંદેશવાહિની હોઈને એથી વિરુદ્ધ કેવી રીતે કહી શકે ? દસમા અધ્યાયમાં સ્ત્રીજાતિના મહિમાને દર્શાવતાં એટલા માટે તો કહેવામાં આવ્યું છે કે સ્ત્રીઓમાં કીર્તિ, શ્રી, વાણી, સ્મરણશક્તિ, મેધા, ધૃતિ તથા ક્ષમારૂપે હું જ છું.

**कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥१०-३४॥**

સ્ત્રીજાતિને માટે એથી અધિક આદરપૂર્ણ અંજલિ બીજી કઈ હોઈ શકે ?

* * *

## ૫. સારસંદેશ

**માનસશાસ્ત્રની દૃષ્ટિએ**

મહાભારતના મહાયુદ્ધનાં કારણો એ અથવા એવાં અનેક હોય તોપણ યુદ્ધની તૈયારી થઈ એ ચોક્કસ. એ એક ધર્મયુદ્ધ હતું. ધર્મને માટેનું યુદ્ધ. ન્યાયનીતિની મર્યાદા અથવા રક્ષાને માટે, અન્યાયના પ્રતિકારને કાજ, એક અનિવાર્ય અનિષ્ટ તરીકે કરાનારું યુદ્ધ. એના વિનાનો અન્ય એકે વિકલ્પ શેષ નહોતો રહ્યો. સમાધાનનાં સઘળાં દ્વારો બંધ થઈ ગયેલાં, એટલે જ પાંડવોને ધર્મક્ષેત્રમાં ધર્મયુદ્ધ કરવાની ફરજ પડી.

અર્જુન રથમાં બેસી ગયો. એણે યુદ્ધ કરવાની ના પાડી. તોપણ એ રહ્યો તો યુદ્ધના મેદાનમાં જ. મહર્ષિ વ્યાસ કહે છે કે રથમાં પ્રવેશીને બેસી ગયો. रथोपस्थ उपाविशत् । માનસશાસ્ત્રની દૃષ્ટિએ એ વર્ણન શું સૂચવે છે ?

એક ભાઈ અમને મળવા આવ્યા. ભોજનનો વખત હોવાથી અમે એમને ભોજન માટે આમંત્રણ આપ્યું તો એમણે જણાવ્યું કે ભોજનની રુચિ નથી.

અમે કહ્યું કે ભોજનની રુચિ ના હોય તો દીવાનખાનામાં બેસીને કોઈ પુસ્તક વાંચો કે નામજપ કરો.

અમે જમવા બેઠા એટલે થોડીવાર પછી ભોજનખંડમાં આવીને એમણે જણાવ્યું કે મારે જમવું તો નથી પરંતુ તમને હરકત ના હોય તો અહીં તમારી પાસે બેસું.

અમે આપેલા આસન પર બેસીને એ ભોજનની વાનગીઓનું નિરીક્ષણ કરવા લાગ્યા. અમે એમને કહ્યું કે આજે ખીર બની છે. બની છે પણ સારી. થોડીક ચાખવી હોય તો.

એમણે એકાદ ચમચી ચાખવાની ઈચ્છા દર્શાવી. અમે એકાદ ચમચી ખીર આપી. એનો આસ્વાદ લઈને એ બોલ્યા કે ખીર ખરેખર ખૂબ જ સરસ બની છે. તમને હરકત ના હોય તો થોડીક વધારે લઉં.

અમે કહ્યું કે અમને તો કશી જ હરકત નથી. હરકત તો તમને હતી.

પછી તો એમણે ખીરની પ્રસંશા કરતાં કોઈ પણ પ્રકારના બાહ્ય સંકોચ સિવાય ખીર ખાવા માંડી. ચમચી પરથી ચમચા પર અને ચમચા પરથી ચમચાઓ પર પ્રયાણ કર્યું. એમની ભૂખ એટલી બધી ઊઘડી કે વાત નહીં. મોટા ભાગની ખીરની તપેલી તો અમારે બદલે એમણે જ ખાલી કરી. એ ભોજનખંડમાં બેસવા આવ્યા ત્યારથી જ અમે માનસશાસ્ત્રની દૃષ્ટિએ સમજી ગયા કે એ અત્યારે ના કહે છે તોપણ પાછળથી ભોજન કરવાના જ. એમના મનમાં ભોજનની સૂક્ષ્મતમ ભૂખ ના હોય તો એ ભોજનખંડમાં શા માટે બેસે ?

અર્જુનના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે. એનું મન યુદ્ધકર્મમાંથી તદ્દન ઉપરામ બની ગયું હોત, અથવા એને લડવું જ ના હોત તો યુદ્ધભૂમિમાં બેસત જ નહીં. મહર્ષિ વ્યાસની અર્જુનના વર્ણનમાં વ્યક્ત થતી એ કળાત્મકતા ખૂબ જ સૂચક છે.

જીવ જગતમાં વારંવાર ઉદ્વેગને અનુભવે છે. જ્યાં સુધી એ પરમાત્માનું શરણ સ્વીકારે નહીં, પરમાત્માને પામે અથવા અનુભવે નહીં, ત્યાં સુધી બંધન, ક્લેશ, પરિતાપમાંથી મુક્તિ મેળવી શકે નહીં. એનું દર્શન શ્રીમદ્ ભગવદ્ ગીતાએ સરસ રીતે કરાવ્યું છે. યુદ્ધિભૂમિમાં અર્જુનને ઉદ્વેગ થયો. એના સૂક્ષ્મ મનની

અંદર યુદ્ધના સંસ્કારો તો હતા જ, પરંતુ સ્વજનો અને ગુરુજનોને જોઈને એનું મન ચલાયમાન બનેલું ને પાછું પડેલું. એમની સાથેના સંગ્રામથી પાપના ભાગી થવાશે એવો એને ભય લાગેલો. જો કોઈ એને ખાતરી કરાવી આપે કે સ્વજનો તથા ગુરુજનો સાથેનું એ યુદ્ધ અકલ્યાણકારક કે પાપપ્રદાયક નથી તો એ તરત જ યુદ્ધ કરવા તૈયાર થઈ જાય.

સમ્રાટ અશોકે કલિંગદેશ પર આક્રમણ કર્યું ત્યારે યુદ્ધની ભીષણતાનો ને વિનાશકતાનો વિચાર કરીને અને સંહારનાં હૃદયદ્રાવક દૃશ્યોને દેખીને એને યુદ્ધ પરથી વૈરાગ્ય થયો અને એણે જીવનભર યુદ્ધ ના કરવાની પ્રતિજ્ઞા લીધી. અર્જુનને એવો વૈરાગ્ય નહોતો થયો. યુદ્ધને એ અનિષ્ટ અથવા અનર્થકારક નહોતો માનતો. યુદ્ધ સ્વજનો સાથે કરવાનું હોવાથી જ એ વિચારે ચઢેલો અને કિંકર્તવ્યવિમૂઢ બનેલો. ભગવાન એની સઘળી ચેષ્ટાઓને સ્મિતપૂર્વક, સહેજ પણ ઉત્તેજિત થયા વગર, શાંતિથી નિહાળવા લાગ્યા. એ જાણતા હતા કે વખત આવ્યે અર્જુન વીર યોદ્ધાની પેઠે પરમપ્રતાપી, પ્રખર પરાક્રમી બનીને શત્રુનો સામનો કરશે ને વિજયને વરશે. ભગવાનની દૃષ્ટિ દૈવી હતી. જીવાત્માની શક્તિ સીમિત હોય છે, દૃષ્ટિ પણ પરિમિત હોય છે. પરમાત્માની દૃષ્ટિ વિશાળ અને શક્તિ અસીમ હોય છે. જગતમાં જીવાત્માની નહિ પરંતુ પરમાત્માની ઈચ્છાનો જ વિજય થાય છે. પરમાત્માની પાસે પહોંચનારા જીવને એમના અસાધારણ અનુગ્રહથી એમની ઈચ્છાની માહિતી મળે છે. પરમાત્મા પોતાના શરણાગત ભક્તની આગળ સઘળાં રહસ્યોનું ઉદ્‌ઘાટન કરે છે, ત્યારે ભક્ત વ્યક્તિગત ઈચ્છાને ગૌણ ગણીને પરમાત્માની ઈચ્છાને જ સર્વોપરી તથા મંગલમયી માનીને અનુસરે છે. એથી અહંતા, મમતા તથા આસક્તિમાંથી મુક્તિ મેળવે છે. ભગવાન કૃષ્ણ સ્વયં રથના સારથિ થયા તોપણ અર્જુને એમને ઓળખી શક્યો નહીં. એને લીધે જ વિષાદગ્રસ્ત બનીને કહેવા લાગ્યો કે મને યુદ્ધકર્મમાં શા માટે પ્રવૃત્ત કરો છો ?

સંસારમાં સાચા સ્વજન-પોતાના જન એક પરમાત્મા જ છે. જીવ એમને ઓળખતો નથી માટે જ ભ્રાંતિમાં ભમે છે. પીડા તથા પરિતાપમાં પડે છે અને અશાંતિનો શિકાર બને છે. અર્જુન સર્વસંગ પરિત્યાગ કરીને સંન્યાસી, પરિવ્રાજક કે ભિક્ષુ બનવાનાં સ્વપ્નાં સેવે છે, પરંતુ ભગવાન એના એવા વિચારને માન્ય નથી રાખતા. મનમાં રાગ હોય ને બહારથી ત્યાગની વાતો અથવા નકલ કરવાથી શું વળે ? વસ્ત્રોને બદલવાથી, નામ બદલવાથી, વેશપલટો કરવાથી, સ્વજનોને ત્યાગવાથી અને ઘર તથા પરિવારને છોડવાથી પણ શાંતિ નથી મળતી. મન જ શાંતિ અને અશાંતિનું, બંધન ને મુક્તિનું, હર્ષ અને શોકનું મૂળભૂત કારણ છે. એને સુધારવામાં, ઉદાત્ત બનાવવામાં, પરમાત્માના પ્રેમરંગે રંગી દેવામાં ના આવે ત્યાં સુધી શાંતિ નથી મળવાની ને સમસ્યાઓ નથી શમવાની. ભગવાન સમસ્યાઓથી ગભરાઈ, ડરીને ભાગવાનું પસંદ નથી કરતા. સમસ્યાઓનો શૂરવીરતાપૂર્વક સામનો કરવાનું પસંદ કરે છે. કર્તવ્યના મહાભારત મેદાનમાંથી પીછેહઠ કરવાની કે નાસી જવાની પ્રવૃત્તિ એમને લેશ પણ રુચિકારક નથી લાગતી. એ કર્તવ્યપ્રીતિ, કર્તવ્યપરતા અને કર્તવ્યનિષ્ઠા વધારે પ્રિય માને છે.

**પ્રાર્થના**

જીવનના જટિલ જંગમાં અર્જુનની જેમ સ્મશાનવૈરાગ્યના શિકાર થવાય, ભ્રાંતિના ભોગ બનાય, મતિ મૂંઝાય ને બુદ્ધિ બહેર મારી જાય. કર્તવ્યાકર્તવ્યનો, સત્યાસત્યનો, મંગલ-અમંગલનો, શ્રેય તથા પ્રેમનો

નિર્ણય કરી ના શકાય; ચિંતા, નિરાશા, વ્યથા, વિપરીતતા, વિષાદ, વિપત્તિનાં વાદળ વીંટળાઈ વળે, પ્રકાશનું એકે કિરણ દેખાય નહીં, પ્રેરણાનું સ્ત્રોત સુકાઈ જાય, રસ રહે નહીં, અંતર અશાંતિના ઓળાથી આવૃત્ત થાય, એકલતા અને આનંદરહિતતાનો અનવરત અનુભવ થાય અને એમ લાગે કે જીવન જીવવા જેવું નથી રહ્યું, પુરુષાર્થના પરમ ગાંડીવને પરિત્યાગીને મન આત્મઘાત કરવા તરફ વળી જાય, ચારે તરફ ક્લૈબ્ય છવાઈ જાય, ત્યારે શું કરવું ? ગીતા અર્જુનના પાત્ર દ્વારા એનો ઉત્તર આપે છે. એ ઉત્તર આજે પણ એટલો જ ઉપયોગી છે. આશીર્વાદરૂપ છે. એ કહે છે કે એવે વખતે ક્ષણવાર શાંતિ રાખવી, ધીરજ ધરવી. અંતરના અંતરતમમાં, પ્રાણની પણ પાસે, અણુપરમાણુમાં, જડચેતનાત્મક સમસ્ત સંસારમાં, પ્રતિષ્ઠિત પરમાત્માનું શરણ લેવું. એમને પ્રાર્થવું : "હે પ્રભુ, હું તમારે શરણે છું. મને માર્ગદર્શન આપો. મારે તમારો જ આધાર છે. બીજા કોઈનોય આધાર નથી. મારું કહેવાય એવું બીજું કોઈ જ નથી. મને પ્રેરણા પ્રદાન કરો. પ્રકાશ પહોંચાડો. મારા જીવનરથના સારથિ બનો. તમે સારથિપદ સંભળાશો પછી શું બાકી રહેશે ? શાંતિ, સુખ, સમૃદ્ધિ, સમુન્નતિ, સંવાદ, સફળતા સઘળું પ્રાપ્ત થશે. જીવન ધન્ય, કૃતાર્થ, મંગલમય મહોત્સવ જેવું બની જશે."

પરમાત્માની એવી પ્રાર્થના નિષ્ફળ નથી જતી. ફળે છે. જરૂર ફળે છે. સાધકને સફળ મનોરથ કરે છે. એને સારુ શ્રેયસ્કર ઠરે છે.

જીવનમાં અર્જુન બનવું બહુ જ જરૂરી છે. અર્જુન એટલે નમ્ર નિખાલસ, નિષ્કપટ, સરળ, દંભરહિત. નમ્ર જ નમે છે ને શરણાગત બને છે. અહંકારીથી કોઈનું શરણ નથી લઈ શકાતું. અર્જુનને માટે પ્રાર્થના સેતુસરખી બની ગઈ. આપણે પ્રાર્થનાનો આધાર લેતા નથી એટલે જીવન દુઃખમય અથવા બેચેન બને છે. બીજાની પાસે દુઃખના ગાણાં ગાવાથી કોઈ જ હેતુ સરતો નથી. દુઃખનું નિવેદન પરમકૃપાળુ પ્રેમસિંધુ પરમાત્માની પાસે જ કરવું જોઈએ. પ્રતિદિન સવારે ને સાંજે પ્રાર્થના કરીએ તો જીવનનું દુઃખ ઓછું થઈ જાય. પરંતુ દુર્ભાગી જીવ પરમાત્માની પ્રાર્થના કરતો કે મદદ માગતો નથી. પરમાત્માને જીવનરથના સારથિ બનાવીને શરણાગતભાવે સર્વ કાંઈ સુપ્રત કરતો નથી. તેથી વેદનાગ્રસ્ત બને છે. જો જીવનની સઘળી સમસ્યાઓ, ચિંતાઓ, વેદનાઓ, પરમાત્માની પાસે રજૂ કરતાં શીખીએ તો ? કેટલી બધી રાહત મળે ? ચિંતા, વેદના, સમસ્યા કેવી હળવી બની જાય ? પ્રાણની પણ પાસે રહેલા પરમાત્માનો પરિચય ના હોવાથી જીવ સંસારની પાર વિનાની પ્રવૃત્તિ કર્યા કરે છે ને ચિંતા, વેદના, વિપત્તિ, વિષાદનો શિકાર બને છે. પરમાત્માની શ્રદ્ધાભક્તિથી સંપન્ન બની, પરમાત્માનો આધાર લઈને આગળ વધવાથી જીવનનો જટિલ પ્રવાસ સરળ બને છે. સુખકારક થઈ પડે છે. પરમાત્મા આપણા સહપ્રવાસી થાય છે. પ્રાર્થનાથી અવનવી શક્તિ સાંપડે છે. આપણે અનાથને બદલે સનાથ થઈએ છીએ. એની મદદથી આપણે અનુભવીએ છીએ કે આપણે કદીપણ એકલા નથી પડી શકતા. સ્વજનો-પ્રિયજનો આપણો પરિત્યાગ કરે, આપણને છેલ્લી સલામ ભરે, અથવા આપણો સંબંધ વિચ્છેદ કરે, તોપણ પરમાત્મા આપણો પરિત્યાગ નથી કરતા. આપણી સાથે ને પાસે રહે છે. આપણી રક્ષા કરે છે. મોહ તથા શોકમાંથી મુક્તિ આપે છે.

ભાગવતમાં ગજેન્દ્રની કથા છે. ત્રિકૂટ પર્વત પર રહેનારા ગજેન્દ્રે સરોવરમાં પ્રવેશીને પોતાની પત્નીઓ સાથે યથેચ્છ વિહાર કર્યો. છેવટે એ મગરના મુખમાં સપડાયો. મગરના મુખમાંથી છૂટવાના

કેટલાય પ્રયત્નો કર્યા તોપણ છૂટી ના શકાયું. છેવટે પોતાની અસહાયતાનો અનુભવ કરીને એણે સર્વાન્તર્યામી સર્વેશ્વર પરમાત્માનું શરણ લીધું અને પ્રાર્થના કરી. એનો ચમત્કાર અદ્દભુત થયો. પરમાત્માએ સુદર્શન ચક્રની મદદથી ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો. ગજેન્દ્રના જેવો મદોન્મત્ત વિષયાસક્ત જીવ મોહના પાશમાં બંધાઈ જાય છે ત્યારે એમાંથી છૂટવાની કોશિશો કરે છે. જપ, તપ, યજ્ઞયાગ, દાન, તીર્થાટન, સત્સંગ, દેવદર્શન, ચિંતનમનન, સ્વાધ્યાય તેમજ યોગાભ્યાસનો આધાર લે છે. છતાં પણ એના પ્રયત્નો અધૂરા રહે છે ત્યારે પોતાની અલ્પ શક્તિનો અને અસહાયતાનો અનુભવ કરીને સર્વેશ્વર સર્વશક્તિમાન પ્રભુને પ્રાર્થે છે કે પોકારે છે : હે પ્રભુ ! આપ જ મારા એકમાત્ર આશ્રય છો. આપ જ મને મુક્તિ આપો. મારાથી આ મોહપાશમાંથી નથી છૂટી શકાય તેમ. પરમાત્મા એની પ્રાર્થના સાંભળીને એની મદદ માટે સુદર્શન ચક્રને મોકલે છે. સુદર્શન એટલે જેનું દર્શન સુંદર છે, જે દિવ્ય નેત્રના ખૂલવાથી ભૂતભવિષ્યનું જ્ઞાન મળે છે ને વાસનાજન્ય દોષોમાંથી સાધકની મુક્તિ થાય છે તે પ્રસન્નતાને પૂરી પાડવારું, પ્રાણને પુલકિત કરનારું, પ્રશાંતિનું દાન દેનારું દૈવી ચક્ર. દર્શન સુધરી જાય તો ભેદભાવ, અહંકાર, રાગદ્વેષ, વાસના, વિકાર, અવિદ્યામાંથી મુક્તિ મળે. દર્શન જ્યારે વાસના અને વિકારોથી બગડી જાય છે ત્યારે જીવનમાં વિકૃતિ આવે છે, જડતા પ્રવેશે છે અને સમતા નથી રહેતી. સર્વવ્યાપક પરમાત્માનો અનુભવ આકાશ કુસુમવત્ અશક્ય બને છે. પરમાત્માનું સુમધુર સંગીત નથી સંભળાતું. એમના સિવાય બીજું બધું દેખાય છે અથવા અનુભવાય છે. ઉપનિષદ કહે છે કે એકત્વનું-સૌમાં સમાન રીતે રહેલા પરમાત્માનું દર્શન કરનારો જ્ઞાની શોકરહિત થાય છે. એની અંદરનો મોહ પોતાની સમસ્ત સેના સાથે વિદાય થાય છે. બુદ્ધિ પરમાત્મામાં પ્રતિષ્ઠિત થવાથી સમદર્શન સહજ બને છે. એને પરમાત્મામાં પ્રતિષ્ઠિત કરવા માટે પ્રાર્થનાનો ઉપાય અત્યંત અકસીર, અસરકારક અને અમોઘ છે.

પ્રાર્થના દ્વારા પરાત્પર, પરમપ્રેમમય, પ્રકાશસ્વરૂપ પરમાત્માનો સીધો સંપર્ક સધાય છે. એ સંપર્ક ખૂબ જ કલ્યાણકારક થઈ પડે છે. એથી નવજીવનનો, નવલ રસનો, સનાતન શક્તિનો સંચાર થાય છે. વિરોધાભાસી વાયુમંડળમાં, પાર વિનાનાં નાનાંમોટાં પ્રલોભનોમાં પણ માનસિક સમતુલાને સાચવી શકાય છે અને અલિપ્ત રહેવાય છે. મહાત્મા ગાંધીજી નિરંતર કાર્યરત રહેતા તોપણ પ્રાર્થનાને છોડતા નહીં. એ કહેતા કે હું અન્ન ને જળ વિના જીવી શકું પરંતુ પ્રાર્થના વિના ના જીવી શકું. પ્રાર્થનાથી એમને મોટી મદદ મળતી. સવારે ને સાંજે બંને વખત એ નિયમિત રીતે પ્રાર્થનાનો આધાર લેતા. યોગીઓ પર્વતોની ગુફામાં બેસીને જે પરમાત્માનું ધ્યાન ધરે છે તે પરમાત્માની સાથે એમણે સંસારમાં વસતિની વચ્ચે વસી તથા વિચરીને તાર જોડ્યો. એ કહેતા કે જ્યારે પણ હું મૂંઝાઉં છું, કિંકર્તવ્યવિમૂઢ કે બેચેન બનું છું ત્યારે ગીતા માતાનો અથવા પ્રાર્થનાનો આધાર લઉં છું. ને મારો આધાર નિષ્ફળ નથી જતો. મને પ્રત્યેક વખતે પ્રેરણા, પ્રકાશ કે પથપ્રદર્શન મળે છે.

જેનો અનુભવ એમણે કર્યો એનો અનુભવ સર્વકોઈ કરી શકે છે. સ્વાનુભૂતિનો મંગલ માર્ગ સૌને માટે ઉઘાડો છે. પ્રાર્થનાની શક્તિ શાશ્વત હોવાથી સર્વ કાળે અને સર્વ સ્થળે કામ કરે છે. આપણે એનો લાભ લઈને આપણી કાયાપલટ કરી શકીએ. જીવનમાં સમૂળી ક્રાંતિ તથા શાંતિ લાવી શકીએ છીએ. અર્જુને વિષાદગ્રસ્ત દશામાં જે પ્રાર્થના કરી તેથી એનો વિષાદ દૂર થયો. એના અંતરના આકાશમાં ઊમટેલાં વ્યામોહનાં વિપરીત

વાદળાં વીખરાઈ ગયાં. એને અવનવો પ્રાણવાન પ્રકાશ લાધ્યો. એની અશાંતિનો અંત આવ્યો. પ્રથમ અધ્યાયના ઉપસંહારમાં એને માટે **उपाविशत्** એટલે કે બેસી ગયો એવો શબ્દપ્રયોગ કરવામાં આવેલો. ગીતાની પરિસમાપ્તિ સમયે અઢારમા અધ્યાયના ઉપસંહાર સમયે એ જ અર્જુન **स्थितोऽस्मि** એટલે કે હું ઊભો થયો છું એવો શબ્દપ્રયોગ કરે છે. એ પ્રાર્થનાનો અથવા ગીતાના દિવ્ય જ્ઞાનનો ચમત્કાર છે. વિષાદગ્રસ્ત, પુરુષાર્થમાંથી શ્રદ્ધાને ખોઈ ચૂકેલો માનવ પણ ગીતાજ્ઞાનથી ને પરમાત્માની પ્રાર્થના તથા શરણાગતિથી ફરી પાછો કર્તવ્યક્ષેત્રમાં તત્પર બને છે. નિરાશ થઈને બેઠો હોય છે તેને બદલે અવનવી આશાથી અલંકૃત બનીને જીવનનો આનંદ લેવા ઊભો થાય છે. નિરાશાને ખંખેરી કાઢે છે. સ્મશાનવૈરાગ્યને શમાવે છે. અને જીવનના જંગમાં જડત્વને જલાવીને કર્તવ્યનો શંખ વગાડે છે. **उपाविशत्** અને **स्थितोऽस्मि** શબ્દપ્રયોગો ગીતાના બે છેડા છે. એ માનવમનની બે વિરોધાભાસી અવસ્થાઓ બતાવે છે. એમની વચ્ચેથી, એમને સાંકળવાનું સહજ સત્કર્મ કરતાં, ગીતાની જ્ઞાનગંગા વહ્યા કરે છે. ગીતામાં બેઠેલાને ઊભા કરવાની, નિરાશને આશામય બનાવવાની સંજીવની શક્તિ છે. બીજા અધ્યાયથી આરંભીને અઢારમા અધ્યાયના **स्थितोऽस्मि** શબ્દ સુધીમાં એવું શું થયું જેણે અર્જુનની કાયમી કાયાપલટ કરી એને સમજવા માટે ગીતાને શાંતિપૂર્વક સ્વસ્થચિત્તે સમજવી પડશે.

ગીતાના ઉપસંહાર વખતે અર્જુનના ઉદ્ગારો કેટલા બધા સારગર્ભિત અને સુંદર છે એને વિચારો. અર્જુન કહે છે કે મારો અજ્ઞાનના પરિણામે પેદા થયેલો મોહ જ્ઞાનના પવિત્ર પ્રકાશથી મટી ગયો. કર્તવ્યની વિસ્મૃતિ દૂર થઈ અને મને કર્તવ્યની સ્મૃતિ તથા દીક્ષા સાંપડી. મારા મૂળ સચ્ચિદાનંદ સ્વરૂપનું ભાન થયું. તમારા મંગલમય મહિમાને જાણી શકાયો. અને એવી રીતે તમારી સાથેના મારા શાશ્વત સંબંધનો સ્વાનુભવ થયો. હવે સઘળી શંકાકુશંકામાંથી મુક્તિ મેળવીને સ્વરૂપમાં સ્થિતિ કરીને હું બેઠો થયો છું. આ બધું હે અચ્યુત ! આપના અનુગ્રહથી જ થઈ શક્યું છે. હું મારા કર્તવ્યપંથથી ચ્યુત થઈ ગયો પરંતુ આપ તો એવા જ અલિપ્ત, અડગ, અચ્યુત રહ્યા. હવે હું આપના આદેશને અનુસરવા, આપે કહેલું કર્મ કરવા તૈયાર છું. જે અર્જુન ભ્રાંત અને કિંકર્તવ્યવિમૂઢ હતો તે ભ્રાંતિરહિત અને કર્તવ્યરત બની ગયો.

આપણે પણ એવા ઉદ્ગારો કાઢી શકીએ તેમ છીએ ? આપણો મોહ, સંમોહ, વ્યાહમોહ મટી ગયો ? આપણને કર્તવ્યની સ્મૃતિ થઈ ? આપણે શંકામુક્ત થઈ શક્યા ? અવનવાં ઉત્સાહ, રસ, તરવરાટ, આત્માનુભવ અને પરમાત્માના અનુગ્રહથી સંપન્ન બની શક્યા ? એ પ્રશ્નોના ઉત્તરો જો હા માં મળતા હોય અને આપણું સર્વકાંઈ ભગવાનનું સમજીને ભગવાનને કાજે કાર્ય કરવા તૈયાર થયા હોઈએ તો આપણું ગીતાનું શ્રવણ, મનન, પારાયણ, પરિશીલન સફળ સમજવું. ગીતા મૃતપ્રાય માનવને જીવન આપે છે. મડદામાં પ્રાણ પ્રગટાવે છે. નવી શક્તિ, દૃષ્ટિ, વૃત્તિ તથા પ્રવૃત્તિ બક્ષે છે.

**ભજસ્વ મામ્**

અર્જુનની એવી કાયાપલટ કેવી રીતે થઈ ? ભગવાનની શરણાગતિ, પ્રાર્થના તથા કૃપાથી. જીવનમાં અનેકવિધ ઉપાધિઓ છે. ચિંતા, ભીતી, લાલસા, અશાંતિ, ભ્રાંતિ તેમજ વેદના છે. એમનો અંત કેવી રીતે આવે ? જે જીવન ને જગત અભિશાપરૂપ લાગે છે એ આશીર્વાદરૂપ, ને દુઃખદ લાગે છે તે સુખદ કેવી રીતે

લાગે ? જીવવા જેવું નથી લાગતું તે જીવવા જેવું કેવી રીતે થાય ? ભગવાનનાં શરણ, સ્મરણ, મનન, ભગવાનની સાથેના સંભાષણ, ભગવાનનાં દિવ્ય દર્શન અને અનુગ્રહથી. પ્રકૃતિની પ્રીતિ, મમતા અને આસક્તિવાળો જીવ સદા દુઃખી થવાનો. પરવશ, બદ્ધ, બેચેન, બેહોશ બનવાનો, પ્રકૃતિના પદાર્થો, વિષયો, રૂપરંગો અને રસોનું સેવન માનવને અશાંત કરે છે. પરમપુરુષ પરમાત્માનું શરણ, સ્મરણ કે ભજન શાંતિ ધરે છે. પ્રકૃતિને પૂજીને કે ભજીને કોઈ સુખી ના થઈ શકે. પ્રકૃતિની ઉપાસનાને માર્ગે વળેલાં પશ્ચિમના અસંખ્ય નરનારીઓ આજે એનો અનુભવ કરી રહ્યાં છે. એ સમજવા માંડ્યાં છે કે પરમાત્માની ઉપાસના, પ્રીતિ તથા પ્રતિષ્ઠા વિના જીવનમાં સાચી સુખશાંતિ, સ્થિરતા અને સંવાદિતા નહિ આવી શકે. એ જ્ઞાન, ધ્યાન તેમજ સંકીર્તનમાં રસ લે છે ને વ્યસનરહિત શુચિ સંયમી જીવન જીવવાની કોશિશ કરે છે. જીવનનું એવું અભ્યુત્થાન આવકારદાયક છે. એથી જીવન વધારે ને વધારે ઉજ્જવળ, શક્તિશાળી ને ધન્ય બનશે. ભગવાન કૃષ્ણે ગીતાના નવમા અધ્યાયના ૩૩ મા શ્લોકના ઉત્તરાર્ધમાં જે કાંઈ કહ્યું છે તે આ સંદર્ભમાં ખાસ યાદ રાખવા જેવું છે. **अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥९-३३॥**

"આ સંસાર અનિત્ય છે, પરિવર્તનશીલ છે, સનાતન સુખથી રહિત છે. એને પામીને મને જ ભજ."

એ આખાય ચરણમાં **भजस्व माम्** શબ્દો ચિરસ્મરણીય છે. ભગવાન કહે છે કે મને ભજ. જીવનું પરમકલ્યાણ ભગવાનને જ ભજવામાં રહેલું છે. ભગવાનને જ ભજવામાં, સમર્પિત થવામાં, ભગવાનના થઈને રહેવામાં, ભગવાનને માટે જ જીવવામાં, સર્વકાળે, સર્વસ્થળે, સર્વેશ્વર સર્વાન્તરયામી ભગવાનને અનુભવવામાં, ભગવાનમાં જ આસક્ત થવામાં, ભગવાનને જ હૃદયમાં ધારણ કરવામાં, આંખ દ્વારા ભગવાનને જોવામાં, કાન દ્વારા એને જ સાંભળવામાં, વદન દ્વારા એમનું જ ગુણસંકીર્તન ને શરીરથી એમની સેવા કરવામાં. જન્મો સુધી જીવે ભગવાનને ભૂલીને પ્રકૃતિના ક્ષણભંગુર પરિવર્તનશીલ પદાર્થોનું સેવન અને ભજન કર્યું છે તોપણ એને સંતુષ્ટિ તથા શાંતિ નથી મળી. હવે એ પોતાની પ્રકૃતિને ને પ્રવૃતિને પલટાવીને ભગવાનને ભજે તે જરૂરી છે. જીવનની સાચી સાર્થકતા એમાં જ સમાયેલી છે.

ગીતાનો એ સારસંદેશ છે. આખી ગીતાના મુખ્ય ઉપદેશ તરીકે એ બે શબ્દોને યાદ રાખીએ તોપણ ચાલે. **भजस्व माम्**. મને જ ભજ. એ બે શબ્દોને બદલે એક જ શબ્દને યાદ રાખીએ તોપણ ચાલે. **भजस्व**. ભજ. એટલે કે હે માનવ, તું મને જ ભજ. તારું શ્રેય ચાહતો હોય તો પ્રકૃતિના પદાર્થો કે વિષયો, રંગો-રસો કે રૂપોને ના ભજતો. એમના અંતસ્તલમાં, એમની અંદર અને બહાર, મારું દર્શન કરીને મને જ ભજજે. મારી સાથે જ એક બનજે.

**भजस्व माम्** માંથી **भजस्व** શબ્દને યાદ ના રાખવો હોય તો ફકત **माम्** શબ્દને યાદ રાખી શકાય. **माम्** એટલે મને. ભગવાનને. જીવન ભગવાનને માટે છે, માટે ભગવાનને જ અર્પણ કરવું જોઈએ. ભગવાનનું છે માટે ભગવાનને માટે જીવાવું જોઈએ. જીવનમાં ભગવાનને જ ધારવા જોઈએ એવો એનો સંકેત છે. એને બનતી બધી જ શક્તિથી અનુસરવાની આવશ્યકતા છે.

* * *

## ૬. વિષાદયોગ

ભગવદ્ ગીતાના પ્રથમ અધ્યાયમાં કૌરવો અને પાંડવોની સેનાઓને નિહાળીને અર્જુનને વિષાદ થાય છે. એ વિષાદની પાછળ અર્જુનની જ્ઞાનવૈરાગ્યવૃત્તિ કામ નહોતી કરતી, પરંતુ મોહની પ્રવૃત્તિ કાર્ય કરી રહેલી એ સહેલાઈથી સમજી શકાય તેમ છે. એનો વિચાર કરીને મને એક પ્રસંગ યાદ આવે છે.

એક નામાંકિત ન્યાયાધીશ હતા. તે કોઈની પણ શેહ, લાગવગ કે મોહિનીમાં સપડાયા વિના કાયદાને અનુસરીને આકરામાં આકરો દંડ કરતા. એમની ન્યાયપ્રિયતા માટે એ પ્રસિદ્ધ હતા. લોકો એમને વજ્ર-કઠોર કાળજાના કહેતા. એકવાર એમના હાથમાં એક વિચિત્ર કેસ આવ્યો. એ કેસ ખૂનનો હતો. એમાં સંડોવાયેલો આરોપી ખરેખર અપરાધી હતો અને અપરાધી તરીકે સાબિત થઈ ચૂકેલો. એને સજા કરવાનું કાર્ય જ શેષ રહેલું. એને માટેનો ચુકાદો તૈયાર કરવાનો હતો. પરંતુ .. ન્યાયાધીશનું અંતર વિષાદમાં ડૂબી ગયું.

એમની પત્નીએ એથી દુઃખી થઈને એનું કારણ પૂછ્યું તો એમણે જણાવ્યું કે મારા વિષાદનું કારણ બીજું છે.

બીજું એટલે ?

એક ખૂન કેસનો ફેંસલો કરવાનો છે. ચુકાદો આપવાનો છે.

એમાં વિષાદ શું કરવાનો છે ? આપી દો. તમે અત્યાર સુધી એવા કેટલાય ચુકાદાઓ આપી દીધા છે. પહેલાં તો તમને કોઈવાર વિષાદ થયો નહોતો.

આ વખત વિષાદનું ખાસ કારણ છે.

શું કારણ છે ? ખૂનનો અપરાધ પુરવાર થયો છે ને ?

થયો છે.

તો પછી બીજી શી મુશ્કેલી છે ?

મુશ્કેલી એક જ છે અને એ પણ ખૂબ જ મોટી છે. ખૂન કરનાર માણસ આપણો છેક જ સમીપનો સંબંધી છે.

એથી શું થયું ? ખૂન કરનાર ગમે તે હોય, તમારે તો કાયદાની પોથીને જોવાની છે.

એ બધું જાણું છું તોપણ મારું મન પાછું પડે છે.

ના પડવું જોઈએ. તમે ન્યાયાધીશ છો. ન્યાયાધીશ તરીકેના કર્તવ્યને તમારે પૂરું કરવાનું છે. તમને ક્યાં કોઈના પ્રત્યે વ્યક્તિગત રાગદ્વેષ છે ?

દિવસોના દીર્ઘ મંથન પછી ન્યાયાધીશે ચુકાદો લખી નાખ્યો તો ખરો, પેલા અપરાધીને-સંબંધીને ફાંસીની સજા પણ ફરમાવી, પરંતુ એમનો વિષાદ કેમે કરીને મટ્યો જ નહી. એમના મનમાં તીવ્ર વૈરાગ્ય પેદા થવાથી એમણે થોડા જ સમયમાં સર્વ ત્યાગ કરીને સંન્યાસ લીધો. સંન્યાસ લીધા પછી પણ વિષાદ એમની સાથે વરસો સુધી રહ્યો. વિષાદનો સંન્યાસ ન લેવાયો.

અર્જુનના વિષાદનું કારણ પણ કાંઈક અંશે એવું જ હતું. એને સ્વજનોને જોઈને મોહ થયેલો, વિષાદ આવેલો. બીજા કોઈ હોત તો એ કોઈપણ દલીલ કે તર્કવિતર્ક કર્યા વિના ક્યારનોય લડવા લાગ્યો હોત. પરંતુ સ્વજનો સાથે લડવાથી પાપ લાગશે એવી ભીતિથી એના પગ પાછા પડ્યા. એણે ધનુષ્યબાણ મૂકી દીધાં.

અર્જુનના એ વિષાદને વિષાદયોગ તરીકે ઓળખવામાં આવ્યો છે. આપણે હઠયોગ, રાજયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ, લયયોગ, કુંડલિનીયોગ, નાદાનુસંધાનયોગ, જપયોગ, કર્મયોગ, મંત્રયોગ, એવા એવા પરંપરાગત પ્રચલિત શબ્દપ્રયોગો તો સાંભળીએ છીએ પરંતુ વિષાદયોગ શબ્દપ્રયોગ તદ્દન નવો છે. સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય છે કે વિષાદયોગ થઈ શકે ?

ગીતામાતા એ પ્રશ્નનો પ્રત્યુત્તર હા માં આપે છે. એ કહે છે કે જીવનની કોઈપણ ક્રિયા એવી નથી જે દરમ્યાન યોગ ના થઈ શકે. જીવનની કોઈ એવી ક્ષણ નથી જે દરમ્યાન યોગ ના થઈ શકે. કોઈ એવું સ્થળ નથી જ્યાં રહીને યોગ ના થાય. કોઈ એવી પરિસ્થિતિ નથી જેવી વચ્ચે રહીને યોગ ના સધાય. યોગ એટલે મેળાપ. જોડાવું. પરમાત્મા તરફ અભિમુખ થઈ જવું. એમના વિયોગને મટાડી દેવો. જીવાત્મા પરમાત્માને ઓળખતો નથી. જે સાધના, પ્રવૃત્તિ, પદ્ધતિ અથવા અભ્યાસક્રમ દ્વારા એ પરમાત્મા પ્રત્યે અભિમુખ થાય અને પરમાત્માને જાણી જાય તે સાધના, પ્રવૃત્તિ, પદ્ધતિ અથવા અભ્યાસક્રમને યોગ કહેવામાં આવે છે. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિને એનો સંબંધ પરમાત્મા સાથે જોડીને યોગમય બનાવી શકાય. ગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે તું જે કાંઈ પણ કરે, જમે, હોમે, દાન દે, તપે, તે બધું હે કૌન્તેય ! મને અર્પણ કર. એમ કરવાથી તું શુભાશુભ ફળોથી ને કર્મોના બંધનમાંથી મુક્તિ મેળવશે અને સંન્યાસ તથા યોગસાધનાથી સંપન્ન તથા મુક્ત બનીને મારી પ્રાપ્તિ કરશે.

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥९-२७॥
शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥९-२८॥

એવી રીતે પ્રત્યેક ભાવ કે વિચારને પણ યોગ બનાવી શકાય. મહારાજા ભર્તૃહરિનો વૈરાગ્ય યોગ બની ગયો. એ પોતે વૈરાગ્ય શતકમાં લખે છે કે મારી અંદર જ્યારે કામદેવે પેદા કરેલા સંસ્કારને પરિણામે ઉત્પન્ન થયેલું અજ્ઞાન હતું ત્યારે સકળ સૃષ્ટિમાં મને સ્ત્રી વિના બીજું કશું દેખાતું નહોતું. પોતાની પત્ની પિંગલામાં એમને પુષ્કળ પ્રીતિ અને આસક્તિ હતી. એકવાર એક બ્રાહ્મણે એમને શંકર ભગવાન પાસેથી મળેલું અમૃતફળ આપ્યું. એમણે એ અમૃતફળ પોતાની પ્રિયતમા પિંગલાને આપ્યું. પિંગલાએ પોતાના યાર અશ્વપાલને, અશ્વપાલે એની પ્રીતિપાત્ર દાસીને અને દાસીએ વળી પાછું રાજાને આપ્યું. રાજાને એ ફળ નિહાળીને નવાઈ લાગી. એમને સઘળા ભેદની માહિતી મળી અને પિંગલાના અશ્વપાલ સાથેના સંબંધનું ભાન થયું ત્યારે એમની આંખ ઊઘડી ગઈ. એમને તીવ્ર વૈરાગ્ય થયો. તેમણે ઉદ્‌ગારો કાઢ્યા, "જે સ્ત્રીનું હું નિરંતર ચિંતન કરું છું તે મારામાં રતિ નથી રાખતી. મારાથી વિરક્ત છે. તે બીજા જ પુરુષની ઈચ્છા રાખે છે. એ પુરુષ પણ બીજી જ સ્ત્રીમાં આસક્ત છે. તે સ્ત્રી મારા પરિતોષ માટે પ્રયાસ કરે છે. એવી રીતે કોઈ

કોઈને વફાદાર નથી. મનુષ્યોનાં મન ચંચળ ને નિર્બળ છે. એ સ્ત્રીને ધિક્કાર, પેલા પુરુષને ધિક્કાર, કામદેવને ધિક્કાર, આ સ્ત્રીને ધિક્કાર અને મને પણ ધિક્કાર કે હું આટલા બધા વખત સુધી ઘોર અજ્ઞાનમાં જ રહ્યો."

यां चिन्तयामि सततं मयि सा विरक्ता
सा अप्यन्यम् इच्छति जनं स जनो अन्यसक्तः ।
अस्मत् कृते च परिशुष्यति काचिद् अन्या
धिक् तां च तं च मदनं च इमां च मां च ॥

મહારાજા ભર્તૃહરિનો વૈરાગ્ય કેવળ વૈરાગ્ય ના રહ્યો. પરંતુ યોગસાધના તરફ વળ્યો. એથી પ્રેરાઈને એમણે આત્મકલ્યાણને માટે યોગાભ્યાસનો આધાર લીધો. એમનો વૈરાગ્ય યોગ બન્યો. એ મહાન યોગી બન્યા.

*

અમારા પરિચયમાં એક યુવક હતો. તે લગ્ન કરવાની ના પાડતો. તેની માતાએ મને તે યુવકને લગ્ન કરવા માટે સમજાવવાની ભલામણ કરી.

મેં તેને સમજાવી જોયો. તેણે કહ્યું કે હું લગ્ન કરું ને સંતાન થાય તો ?

મેં જણાવ્યું કે એ તો કોઈના હાથની વાત નથી. છતાં પણ ધારો કે સંતાન થાય તો ? તો શું થયું ?

કેમ ? તેને ભણાવવાની ને મોટું કરવાની ઉપાધિ. અને ના કરે નારાયણ અને તે માંદું પડે તો ડોક્ટરને ત્યાં લઈ જવાની ઉપાધિ.

એ બધી ચિંતામાં પડવાની જરૂર નથી. બધાં છોકરાં માંદાં પડે જ એવું થોડું છે ? અને પડે તોપણ પાછાં સારાં થઈ જાય. મોટાં તો એ આપોઆપ થતાં જાય અને ભણે પણ ખરાં.

પરંતુ ભૂલેચૂકે જો સ્ત્રી જ સારી ના મળે તો ?

મળશે. ઈશ્વર સારી સ્ત્રી જ મેળવશે.

એ યુવકે છેવટે લગ્ન કરી લીધું. લગ્નના થોડાક મહિના પછી એની માતાએ મારી પાસે પહોંચીને જણાવ્યું કે તમારે છોકરાને પાછો સમજાવવો પડશે.

મેં પૂછ્યું કે હવે શા માટે સમજાવવાનો છે ? એણે લગ્ન તો કરી લીધું.

લગ્ન કર્યું એ બરાબર પરંતુ નહોતું કર્યું ત્યારે તો એ કાંઈક ઠીક હતો.

તો હવે બગડી ગયો છે ?

બગડી તો નથી ગયો પરંતુ બદલાઈ ગયો છે.

બદલાઈ ગયો છે એટલે ?

હવે તો દિવસો સુધી નોકરીએ પણ નથી જતો. સ્ત્રીનું મોઢું જોઈને બેસી રહે છે. થાકે છે ત્યારે એની સાથે ફરવા નીકળે છે.

બે વરસે એ યુવકે પોતાના નાનકડા પુત્ર સાથે આવીને મને પ્રણામ કર્યા.

મેં પૂછ્યું કે છોકરો માંદો તો નથી પડતો ને ?

એણે જણાવ્યું કે પડે છે, પણ એથી શું થયું ? દવાખાનાં ને ડોક્ટરો ઘણાં છે. દવા કરાવી લઈએ છીએ.

લગ્નજીવનનો કંટાળો નથી આવતો ?

કંટાળો શેનો ? એનો આનંદ અપૂર્વ છે. જેણે એમાં પ્રવેશ ના કર્યો હોય તે પ્રવેશ કરીને જુએ તો ખબર પડે.

મને થયું કે જે યુવક લગ્ન કરવાની ચોખ્ખી ના પાડતો હતો એની અંદર કેટલો બધો શકવર્તી ફેરફાર થઈ ગયો છે !

*

તુલસીદાસજીને માટે કામ યોગમય બની ગયો. તુલસીદાસજીએ મોટી ઉંમરે લગ્ન કર્યું. પરંતુ પછી પોતાની પત્ની રત્નાવલીમાં આસક્ત બન્યા.

મોહ એવો પ્રબળ હોય છે. એ કેટલીકવાર માનવને અંધ બનાવે છે.

તુલસીદાસજીને પણ રત્નાવલીમાં એટલો બધો રાગ થયો કે વાત નહીં. એકવાર એ બહારગામ ગયેલા ત્યારે રત્નાવલી પોતાના ભાઈ સાથે પિયર ગઈ. તુલસીદાસજીને રત્નાવલી સિવાયનું સદન સ્મશાન જેવું લાગ્યું. એ રત્નાવલીની પાછળ પાછળ પ્રેમઘેલા બનીને ચાલી નીકળ્યા.

મોડી રાતે વરસાદની વચ્ચે એ રત્નાવલી પાસે પહોંચ્યા તો એમને જોઈને એને આશ્ચર્ય થયું.

તમે ? અત્યારે ?

કેમ ? હું અત્યારે ના આવું ? મને તારા પ્રત્યે પ્રેમ છે.

પ્રેમ ?

હા, પ્રેમ. તને નવાઈ લાગી ?

આ પ્રેમ નથી, મોહ છે. કામ છે. તમે મારા શરીરને માટે મારી પાછળ પાછળ આવી પહોંચ્યા છો. આ શરીર તો નાશવંત છે. હાડમાંસનું માળખું છે. એની પાછળ તમે મોહાયા છો. શરીરમાં મોહાવા જેવું શું છે ? તમે તો પંડિત છો. મહાપંડિત. વાલ્મીકિ રામાયણના રસિયા છો. જેટલો પ્રેમ કે રાગ આ ક્ષણભંગુર શરીરમાં રાખો છો તેનાથી સોમા ભાગનો પ્રેમ પણ ભગવાન રામમાં હોત તો જીવન સફળ, સાર્થક કે ધન્ય બની જાત. વિદ્વત્તા વનિતામાં આસક્ત બનવા કે ભાન ભૂલવા માટે નથી, પરમાત્માને અનુભવવા માટે છે.

ધન્ય છે રત્નાવલીને. ભારતવર્ષ જ આવી મોહરહિત અસાધારણ સ્ત્રીઓને પેદા કરી શકે છે. દુનિયાના બીજા દેશોને એવી કામમુક્ત સ્ત્રીઓની કલ્પના પણ નથી આવી શકતી. એમની સાહિત્યસૃષ્ટિમાં એવું પવિત્ર પાત્ર જ નથી.

તુલસીદાસજી પોતાની ત્રુટિને સમજી ગયા.

રત્નાવલીના સુતીક્ષ્ણ શરસરખા શબ્દો એમના હૃદય સોંસરવા ઊતરી ગયા. એ બીજે દિવસે પ્રભાતમાં જ એને પ્રણામ કરીને ચાલી નીકળ્યા. એમનો કામ એવી રીતે એકાએક ઈશ્વરપ્રાપ્તિના યોગમાં પલટાઈ ગયો. રત્નાવલીને ઘરમાં ભગવાન મળ્યા ને તુલસીદાસજીને વનમાં. એવી રીતે બંનેને સંતૃપ્તિ થઈ.

અર્જુનનો વિષાદ ભગવાન તરફ લઈ જનારો હતો તેથી યોગ બની ગયો. એણે ભગવાન કૃષ્ણને કહ્યું કે મારે શું કરવું જોઈએ ? મારું મન ચંચળ છે. મને માર્ગદર્શન આપો. મારા જીવનની લગામ આપને સોંપું છું. ભગવાને એને મંગલમય માર્ગદર્શન આપ્યું. એ દૃષ્ટિએ જોતાં ગીતાના પ્રથમ અધ્યાયનું શીર્ષક અર્જુનવિષાદયોગ સાર્થક છે.

* * *

## ૭. તરીશ તથા નાશ પામીશ

રસ્તા પરથી પસાર થનારાં નાનાંમોટાં બધા જ વાહનો ડાબી બાજુ ચાલવાના પરંપરાગત નિયમનું પાલન કરે છે. એવું નિયમપાલન કરવાને બદલે સઘળાં વાહનોને સ્વેચ્છાપૂર્વક ગમે તે બાજુએ ચલાવવામાં આવે તો અકસ્માતોની પરંપરા સર્જાય. સમાજમાં વસનારે અને વિહરનારે કેટલાક સર્વસામાન્ય પ્રસ્થાપિત નિયમોને પાળવા જ જોઈએ. રસ્તા પર પોલીસ હોય છે તે હાથના સાંકેતિક પ્રયોગથી વાહનોનું નિત્ય નિયમન કરે છે. એના હાથના પ્રયોગથી વાહનો એકાએક અટકી જાય છે અને એના સંકેતની દિશામાં ચાલવા લાગે છે. કેટલાંક શહેરોમાં વાહનોનું નિયમન કરવાનું કામ પોલીસોને બદલે બત્તીઓ કરે છે. વાહનવ્યવહારના સફળ સંચાલનને માટે એમના સંકેતોને અથવા આદેશોને પણ સૌએ માન્ય રાખવા પડે છે.

વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવનવ્યવહારની સુખાકારી, સંવાદિતા અને સફળતા માટે પણ એવી જ કેટલીક પ્રસ્થાપિત પરંપરાઓને પાળવી જોઈએ. કેટલાક નૈતિક નિયમોને પાળવા જોઈએ. એથી કષ્ટ, ક્લેશ, પરિતાપ, અશાંતિમાંથી મુક્તિ મળે છે. મેં એક પ્રવાસીને પૂછ્યું કે અમેરિકામાં વાહનો કઈ તરફ ચાલે છે, ડાબી તરફ કે જમણી તરફ ? તો એમણે જણાવ્યું કે જમણી તરફ. ત્યાં વાહનોને માટે જમણી તરફ ચાલો, કીપ ટુ ધી રાઈટ નો નિયમ છે.

સફળ જીવનવ્યવહારને માટે જીવનમાં વાહનોને પણ એવી રીતે રાઈટ એટલે કે ન્યાય, નીતિ, માનવતા તથા સદાચારની દિશામાં ચલાવવાની આવશ્યકતા છે. શાસ્ત્રોએ અને સત્પુરુષોએ એના સંકેતો પૂરા પાડતાં કહ્યું છે કે सत्यं वद । धर्मं चर । સદા સત્યની ઉપાસના કરો. અસત્યની નહિ. પરમ સત્યરૂપી પરમાત્માના સાક્ષાત્કારનો સંકલ્પ અને એને માટેની સમુચિત સાધનાનો આશ્રય લો. સત્યનો જ પક્ષ ગ્રહણ કરો. સત્યને સાથ આપો. ન્યાય, નીતિ, સદાચારને માર્ગે ચાલો. અસત્ય, અન્યાય, અનીતિ, અનાચારને માર્ગે ભૂલેચૂકે પણ ગ્રહણ ના કરતા. એને ટેકો ના આપતા. અસત્ય, હિંસા, ચોરી, વ્યભિચાર, પરિગ્રહ, છળકપટ, અહંતા-મમતા અને રાગદ્વેષમાંથી મુક્તિ મેળવજો. એ પરંપરાગત, પ્રસ્થાપિત નિયમોને પાળવાથી સમાજનું સ્વાસ્થ્ય સચવાય છે. જે સમાજમાં એ નીતિનિયમોને નેવે મૂકીને મનમાની કરવામાં આવે છે એ સમાજ બેચેન બને છે. દુઃખી થાય છે અને અવ્યવસ્થા અથવા અશાંતિનો શિકાર બનીને સર્વનાશના માર્ગે જાય છે. સુખી થવાની આકાંક્ષાવાળા કોઈપણ માનવસમાજે એ નીતિનિયમોને પાળવા પડે છે. એને માટે એવું નિયમપાલન અથવા આચારશાસ્ત્ર અનિવાર્ય હોય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં એવું એક સુંદર જીવનોપયોગી વિધાન આવે છે. એ વિધાન ખૂબ જ વિચારણીય છે.

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥१८-५७॥
मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ॥१८-५८॥

"ચિત્તથી સર્વ કર્મોને મારા ચરણોમાં સમર્પી, મારે પરાયણ બની, બુદ્ધિયોગનો આધાર લઈને, સતત મારામાં ચિત્તને રાખનાર થા."

"મારામાં ચિત્તવાળો થવાથી મારી કૃપા થશે. એ કૃપાથી સઘળા સંકટોને તરી જશે. જો મારા શબ્દને અહંકારપૂર્વક નહીં સાંભળે તો વિનાશ પામશે."

એ શ્લોકના પ્રત્યેક ચરણનો છેલ્લો શબ્દ નોંધપાત્ર છે. **तरिष्यसि** અને **विनङ्क्ष्यसि**. 'તરી જઈશ' અને 'વિનાશ પામીશ'. બંને શબ્દો દેખીતી રીતે જ વિરોધી છે અને જીવનની અવસ્થાના બે છેડાઓ તરફ અંગુલિનિર્દેશ કરે છે. માનવે સંસારસાગરને તરવાની ઈચ્છા હોય તો એનો માર્ગ પણ એમાં દર્શાવવામાં આવ્યો છે. અને જો નાશ પામવું હોય તો એની શક્યતાનો પણ ઉલ્લેખ કરાયો છે. માનવજીવન મહામૂલ્યવાન છે. એનો જેટલો પણ ઉપયોગ કરવામાં આવે એટલો ઓછો છે. એનો લાભ લઈને પરમાત્માની શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને પરમાત્મામાં મનને જોડીને પરમાત્માનો સંબંધ બાંધવામાં આવે તો એમની કૃપાથી તરી જવાય, શાંતિ પમાય, ને સંકટોને પાર કરાય. પરમાત્માની પરમકૃપાથી જીવની કાયાપલટ થાય છે. વિદ્યુતશક્તિનો સંબંધ થવાથી જડ પંખા ફરે છે, ટ્રેનો દોડે છે, કારખાનાં કામ કરે છે, રેડિયો વાગે છે, માઈક શબ્દોના પ્રતિઘોષ પાડે છે. ઈસ્ત્રી-હીટર તથા કૂલર કામ કરતાં થાય છે, તેવી રીતે પરમાત્માનો સંબંધ થવાથી નવજીવન મળે છે, પ્રકાશ પ્રગટે છે ને શાંતિ સાંપડે છે. અર્જુનના પ્રાણવાન પાત્ર દ્વારા ગીતા એ વસ્તુ સ્પષ્ટ કરે છે. અર્જુને ભગવાનું શરણ લીધું તો એ સંકટ, ક્લેશ, ક્લૈબ્ય, અશાંતિને તરી ગયો. તરવાની મરજીવાળા માનવે પણ એ જ માર્ગ લેવાનો છે. એથી ઊલટું પાત્ર દુર્યોધનનું છે. દુર્યોધને નીતિ, સત્ય, સદાચાર, ન્યાય અને ભગવાનનો સંબંધ વિચ્છેદ કર્યો. એમનાથી વિરોધી માર્ગ લીધો તો એનો ને બીજાનો નાશ નોતર્યો. એવી રીતે પોતાના ને બીજાના નાશને નોતરવાનો માર્ગ પણ માનવને માટે ઉઘાડો છે. એ માર્ગે જવું હોય તોપણ એને કોઈ રોકી શકે તેમ નથી.

ભગવાન તરફ અભિમુખ થયા સિવાય એમનામાં મન લાગી શકે નહીં. પણ અભિમુખ કેવી રીતે થવું ? ભગવાન તરફ અભિમુખ થવાનો અકસીર અમોઘ ઉપાય ભગવાનનાં સ્મરણ મનન, ધ્યાન, સ્વાધ્યાય અને પ્રાર્થનાનો છે. એ ઉપાયનો આધાર લેવાથી ભગવાન તરફ અભિમુખ થવાશે અને મનને ભગવાનમાં લગાડી શકાશે. મન ભગવાનમાં લાગશે એટલે કોઈપણ કાળે, કોઈપણ પ્રસંગે, પરિસ્થિતિમાં અને કોઈપણ સ્થળે ભગવાનની સાથેનો સંબંધ સહજ બનશે. વાતાવરણ વિરોધી કે વિપરીત હશે તોપણ ભગવાનનો સંપર્ક ચાલુ જ રહેશે. સુખમાં કે દુઃખમાં, લાભ કે હાનિમાં, સંપત્તિ કે વિપત્તિમાં, જય અથવા પરાજયમાં અને અભ્યુદય અથવા અધઃપતનમાં, એ સંપર્ક નહીં તૂટે. ક્રમે ક્રમે વધતો જ જશે.

ભગવાને **सर्वदुर्गाणि** અને **मत्प्रसादात्त** શબ્દપ્રયોગો કરેલા છે. ભગવાન તરફ અભિમુખ થવાથી ને ભગવાનમાં મનને લગાડવાથી એમનો અસાધારણ અનુરાગ અનુભવાય છે. એમનો અનુગ્રહ વરસે તો પછી બાકી શું રહે ? એવું એક પણ કષ્ટ કે દુઃખ નથી જે એના અનુગ્રહથી દૂર ના થાય. એમની પરમકૃપા જેના પર વરસે છે તે કૃતાર્થ થાય છે. આજના માનવને માટે એ શબ્દોમાં શાશ્વત સંદેશ સમાયેલો છે. આજે પણ માનવજીવનમાં દુઃખ છે, અશાંતિ છે, પીડા-પરિતાપ, મૂંઝવણ, મુસીબત અને વિષાદ છે. એમનો અંત

આણીને જીવનને નવીન રસ, ચેતના, શક્તિ તથા શાંતિથી સંપન્ન કરવા માટે પરમાત્માને ઓળખવાની, પ્રેમ કરવાની અને પરમાત્માનું અનુસંધાન સાધવાની આવશ્યકતા છે. આજનો માનવ એ સમજે તો એનું કલ્યાણ સધાતાં વાર ન લાગે. ભગવાન અશાંતિગ્રસ્ત, તાપત્રસ્ત, શોકરત માનવને અભય અને શાંતિ અર્પનારા સુનિશ્ચિત સ્વરમાં જણાવે છે કે "સર્વ ધર્મોને પરિત્યાગીને એક માત્ર મારા જ શરણે આવી જા. હું તને સર્વ પ્રકારના પાપથી મુક્તિ આપીશ."

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥१८-६६॥

અર્જુનને પાપનો ભય હતો. એણે કહેલું પણ ખરું કે સ્વજનો સાથેનું આ યુદ્ધ પાપપ્રદ છે. એટલા માટે ભગવાને એની પાપભીતિને દૂર કરવાના આશયથી એવું કહ્યું. માનવ જો ભગવાનને શરણે જાય તો એને પાપનો ભય ક્યાંથી રહે ? પુણ્યનો ઘમંડ કે કેફ પણ ના રહે. એ પુણ્યના તથા પાપના પાશમાંથી છૂટી જાય, મોહમાંથી, રાગદ્વેષમાંથી, ક્લેશમાંથી ને ભયમાંથી મુક્તિ મેળવે. શોકને પણ તરી જાય. એ સંદર્ભમાં એ શ્લોકમાં થોડોક ફેરફાર કરીને કહી શકાય કે

अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि ।
अहं त्वां सर्वपुण्येभ्यो मोक्षयिष्यामि ।
सर्वरागेभ्यो मोक्षयिष्यामि । सर्वद्वेषेभ्यो मोक्षयिष्यामि ।
क्लेशेभ्यो मोक्षयिष्यामि । शोकेभ्यो मोक्षयिष्यामि ।
मोहेभ्यो मोक्षयिष्यामि । भयेभ्यो मोक्षयिष्यामि ।
अहं त्वां सर्वबंधेभ्र्यः मोक्षयिष्यामि मा शुचः ॥

*

**સંબંધ બાંધવાનું આવશ્યક**

નડિયાદના સુપ્રસિદ્ધ શુચિ સંસ્કારધામ સંતરામ મંદિરમાં મારો નિવાસ હતો ત્યારે ત્યાં જમીનમાં ખોદકામ થઈ રહેલું. મારે ત્યાંથી પસાર થવાનું થયું ત્યારે કોન્ટ્રાકટરે મને જણાવ્યું કે જમીનને ખોદીને નવા મકાનની ગટરની લાઈનને મુખ્ય ગટર સાથે જોડવાની કોશિશ કરીએ છીએ. મુખ્ય ગટર સાથે મકાનની ગટરની લાઈનનું જોડાણ થવાથી ગંદા પાણીનો નિકાલ સહેલાઈથી થઈ જશે.

ઘરમાં પાણીના નળ હોય તેમની દ્વારા પાણી લાવવું હોય તો નળનો સંબંધ પાઈપ સાથે, પાઈપનો સંબંધ મુખ્ય પાઈપ સાથે, અને એનો સંબંધ વૉટર વર્કસની સાથે કરવો જોઈએ. આપણા જીવનની અને અખિલ અવનીની પણ મૂળાધાર શક્તિ પરમાત્માની સાથે આપણો સંબંધ ના બાંધીએ ત્યાં સુધી જીવન ચેતનવંતુ અથવા રસકસવાળું બની શકે નહીં. આત્માની મુખ્ય પાઈપ લાઈન દ્વારા, પરમાત્માનો સનાતન સંબંધ સધાવો જોઈએ. જ્ઞાન, ભક્તિ, કર્મ તેમજ યોગ પરમાત્માના એ સંબંધને સાધવા માટે છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે સર્વભાવે એ પરમાત્માનું શરણ લે. એમની કૃપાથી પરમશાંતિ ને સનાતન પરમપદને પામી લઈશ. **तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।** (અધ્યાય ૧૮, શ્લોક ૬૨ પૂર્વાર્ધ)

*

**સતત યુક્તદશા**

સંસારની અંદર આજ સુધીમાં કેટલીય સંસ્કૃતિઓનો અભ્યુદય થયો અને કેટલીય સંસ્કૃતિઓ અસ્તાચલ પર પહોંચી ગઈ પરંતુ ભારતીય સંસ્કૃતિ દૃઢમૂળ હોવાથી આજે પણ જીવંત છે. એમાં સમય સમય પર ભરતી અને ઓટ આવ્યાં છે. વિષમતાઓ પેદા થઈ છે, ને દૂષણો દાખલ થયાં છે. પરંતુ એ દૂષણોને દૂર કરી, એના દોષોને દફનાવીને, એમાં પ્રાણ પૂરનારા મહાપુરુષોનો પ્રાદુર્ભાવ પણ સમય સમય પર થતો રહ્યો છે. દુનિયાના બીજા કોઈપણ ધર્મ કે પંથમાં એટલા બધા જ્યોતિર્ધરો કે સંસ્કૃતિના સંદેશવાહકો નથી થયા. ભારતમાં પાછલાં બસો વરસોમાં કેશવચંદ્ર સેન, લોકમાન્ય તિલક, દયાનંદ, વિવેકાનંદ, રામતીર્થ, અરવિંદ, રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, યોગાનંદ અને મહાત્મા ગાંધીજી જેવા અસાધારણ જ્યોતિર્ધરોનો આવિર્ભાવ થયો. એમણે ભારતીય સંસ્કૃતિના હૃદયને રજૂ કરીને એની અંદર અવનવી શક્તિનો સંચાર કર્યો. એના ગૌરવને વધાર્યું. એવા જાજવલ્યમાન જ્યોતિર્ધરોને લીધે ભારતીય સંસ્કૃતિ નાશ નથી પામી. એ સંસ્કૃતિનું સંપૂર્ણપણે પ્રતિનિધિત્વ કરનારા મહાન ગ્રંથોમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનું સ્થાન અગ્રગણ્ય અને નિરાળું છે. એ મહાન ધર્મગ્રંથમાં યોગનો સર્વોપયોગી, સુંદર, શાશ્વત સંદેશ સાંભળવા મળે છે. જીવન યોગ માટે છે. ભોગ માટે સ્વચ્છંદી બનીને ભોગાસક્ત બની, ભાન ભૂલીને જીવવા માટે નથી. સ્વાર્થ માટે નથી, પરાર્થે વાપરવા માટે છે. તિરસ્કારવા માટે નથી, ચાહવા માટે છે. પોતાને માટે નથી, સમસ્ત સૃષ્ટિને માટે છે. જીવન ઈશ્વરને માટે જીવાવું તથા સમર્પિત થવું જોઈએ એવો સુંદર સંદેશ ગીતામાં આપવામાં આવ્યો છે. એ સંદેશ ખરેખર મનનીય છે.

ભક્તિ ઉપર ઉપરની અથવા બહારની ક્રિયાપ્રક્રિયાઓમાં જ કેદ થનારી અથવા અટવાઈ જનારી હોય, ક્ષણિક લાગણી, ઊર્મિ, આવેગ અથવા ઉશ્કેરાટ હોય તો જીવનનું કલ્યાણ ના કરી શકે. ભક્તિ યોગમય બનવી જોઈએ. ઈશ્વરની પ્રીતિ પ્રકટાવી, ઉત્તરોત્તર ઈશ્વરની પાસે ને પાસે પહોંચાડી, ઈશ્વરનું દર્શન કરાવનારી હોવી જોઈએ. એવી ભક્તિ કેવળ ભક્તિ રહેવાને બદલે ભક્તિયોગ બની જાય છે. એનાથી જીવનનું શ્રેય સધાય છે. જ્ઞાન પણ કેવળ બૌદ્ધિક માહિતી નથી. વાદવિવાદ, તર્ક વિતર્ક કે વિતંડાવાદની વિચક્ષણતા નથી. પરમાત્માની પોતાની અંદર અને બહાર થનારી અને જીવનમાં શાંતિ સંવાદિતા તથા સમતાની પ્રતિષ્ઠા કરનારી અપરોક્ષ અનુભૂતિ છે. એટલા માટે ગીતામાં જ્ઞાનયોગ શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. કર્મ પણ યોગ બને ત્યારે જ કલ્યાણકારક થઈ શકે. એ કર્મ જીવનને નિર્મળ અને નિષ્કામ બનાવી બીજાને માટે જીવવાની શક્તિ આપી સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે. એવો કર્મયોગ બંધનકારક બનવાને બદલે બંધનમાંથી મુક્તિ આપનારો થઈ પડે છે. ભગવાન અર્જુનને કહે છે લૌકિક કે પારલૌકિક સિદ્ધિઓની પ્રાપ્તિને માટે આત્મદર્શનની અભીપ્સા વિના જુદાંજુદાં તપ કરનારા તપસ્વીઓ કરતાં યોગી શ્રેષ્ઠ છે. પુસ્તકપંડિત બૌદ્ધિક પ્રતિભાસંપન્ન જ્ઞાની કરતાં પરમાત્માનો અપરોક્ષ અનુભવ કરનારો યોગી શ્રેષ્ઠ છે. એટલા માટે હે અર્જુન, તું યોગી થા. **तस्माद्योगी भवार्जुन** ॥૬-૪૬॥

ગીતા માનવમાત્રને યોગી બનવાનો આદેશ આપે છે. જેણે પરમાત્મા સાથે અભિન્ન અંતરંગ સંબંધ બાંધ્યો છે તે યોગી છે. ભગવાન કૃષ્ણે ગીતામાં એવી વૈચારિક ક્રાંતિ કરી છે. એવો યોગ જીવનની પ્રત્યેક પળે જીવનના પ્રત્યેક સ્થળે થઈ શકે છે. એને માટે સામાજિક સંબંધોનો કે કર્તવ્યનો પરિત્યાગ કરીને

સરિતાના શાંત તટપ્રદેશ પર કે પર્વતોની કંદરાઓમાં જવાની જરૂર નથી. બૂરા વિચારો, ભાવો, કુકર્મોનો સંબંધવિચ્છેદ કરવાનો છે. ગીતાએ નામ બદલવાનું, સ્થાન બદલવાનું, બહારના રૂપરંગને બદલવાનું નથી કહ્યું. દૃષ્ટિ અને વૃત્તિને બદલવાનું, મનને ઉદાત્ત કરવાનું કહ્યું છે. જ્યાં સુધી મન નહિ બદલાય ત્યાં સુધી શાંતિની સમસ્યાનો સુખદ ઉકેલ નહિ આવી શકે. માટે જ્યાં છીએ ત્યાં રહીને મનને બદલીએ. મનની મલિનતાને મટાડવાનો પ્રામાણિક પ્રયત્ન કરીએ. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ યોગમય કરી દઈએ.

વેદ, ઉપનિષદ, દર્શનશાસ્ત્ર અને રામાયણમાં પણ નથી કરાયો એવો સુંદર સરસ સારગર્ભિત શબ્દપ્રયોગ ભગવાને ગીતામાં કર્યો છે. એ 'સતત યુક્ત' શબ્દપ્રયોગ દ્વારા જીવને સર્વે દેશકાળમાં શિવની સાથે સતત જોડાયેલા રહેવાનો સંદેશ આપે છે. ઈશ્વરની સાથેનો સંપર્ક સતત રહેવો જોઈએ. એમની સાથેનું જોડાણ અખંડ અથવા અતૂટ રહેવું જોઈએ. ઈશ્વર સાથેનો જેમનો સંબંધ સતત રીતે સચવાઈ રહે છે તેવા મહાપુરુષોને સતત યુક્ત મહાપુરુષો કહેવામાં આવે છે. જીવનો શિવ સાથેનો સંપર્ક છૂટી જવાથી જીવ દુઃખી થાય છે, કાયરતાનો શિકાર બને છે ને પ્રકૃતિના પદાર્થોમાં રૂપરંગ તથા વિષયોમાં આસક્તિ કરે છે. એ વિશ્વની પરમચેતના સર્વશક્તિમાન પરમાત્માનો સંબંધ ચાલુ રાખે તો માર્ગ મોકળો થવાથી મન અથવા અંતર આનંદ અનુભવે છે. ભગવાન કહે છે કે મારામાં મનને નિરંતર જોડીને જે શ્રદ્ધાપૂર્વક મને ભજે છે તેને હું બુદ્ધિયોગ આપું છું. એ બુદ્ધિયોગની મદદથી માનવ મને મેળવી લે છે.

વર્તમાન જગતમાં સુખશાંતિની ઈચ્છા રાખનારા આત્માઓને ગીતા પૂછે છે કે તમારા પરમાત્મા સાથેના સંપર્કો સુચારુરૂપે સ્થપાયેલા છે ? ના સ્થપાયા હોય તો તેમને લેશ પણ વિલંબ વગર સ્થાપી દો. એના સિવાય સનાતન શાંતિ મળવી મુશ્કેલ છે. દિવસે, રાતે, સવારે, સાંજે, મધ્યાહ્ને કે મધરાતે, ઘરમાં કે ઘરની બહાર, વસ્તીની વચ્ચે કે એકાંતમાં કામ કરતા હો ત્યારે કે ના કરતા હો ત્યારે, પરમાત્માના સંપર્કને અક્ષય રાખો. એવા સતત સંપર્કને માટે, એવી સતત યુક્તદશાની પ્રાપ્તિ માટે, ભક્તિનું સાધન સર્વોત્તમ છે. પરમાત્માનો પરમપવિત્ર પ્રેરક સનાતન શક્તિસંચારક સંપર્ક જ્ઞાનની મદદથી પણ સાધી શકાય છે. કર્મ પણ માનવને પરમાત્માભિમુખ બનાવે છે. યોગની સાધના પણ એ સંપર્કની સિદ્ધિ માટે સહાય કરે છે. પરમાત્માનો સંપર્ક સાધના દ્વારા એકવાર સધાયા પછી પણ જો સાધક પ્રમાદી બને ને સાધના કરે તો છૂટી પણ જાય છે. જેમ વીજળીનો કરંટ કોઈવાર પકડાય છે ને કોઈવાર જોડાણમાં કાંઈક ગરબડ થવાથી છૂટી જાય છે તેમ.

પરમાત્માની સાથેની સતત યુક્તદશાની સિદ્ધિ કે સ્વાનુભૂતિ પછી સંસારના પાર્થિવ પ્રલોભનો કશું નથી કરી શકતાં. વિરોધાભાસી, વિકૃત, વિપરીત વાતાવરણમાં વસવા છતાં પણ અંતરાત્મા એનાથી અહર્નિશ અલિપ્ત રહે છે. કશાથી પ્રભાવિત થતો, ખરડાતો, કે કશામાં આસક્તિ કરતો નથી. સ્વરૂપનો સુખદ સ્વાનુભવ કરીને જીવનમુક્તિના અલૌકિક આનંદને અનુભવે છે. માનવનું વ્યક્તિત્વ અનેરું બની જાય છે. જીવન સુખશાંતિના સંપુટ જેવું થાય છે. જીવનના સઘળાં ક્ષેત્રોમાં આપણે એવા પરમાત્માની સાથે અખંડ અંતરંગ અલૌકિક એકતાનો અનુભવ કરનારા યુક્ત અથવા સતતયુક્ત માનવો જોઈએ છે. માનવતાથી મઘમઘતા, માનવતાથી મંડિત બનવા મથનારા, આદર્શ, અલિપ્ત, સંસારના પાર વિનાનાં પ્રલોભનોથી પ્રભાવિત નહીં થનારા, બદીઓના શિકાર નહીં બનનારા, સેવાવ્રતના ભેખધારી માનવો જોઈએ છે. આઝાદી પછી એવા માનવો ઓછા થતા જાય છે. વસતી વધી હશે પરંતુ એમની વસતી ઘટી છે. જીવનનો ઉત્સવ

કરનારા એવા પરદુઃખભંજન દાક્તરો જોઈએ છે. વકીલો, ન્યાયધીશો, અધ્યાપકો જોઈએ છે. વેપારી, મજૂર, માલિક, ખેડૂત, રાજનીતિજ્ઞો, પ્રધાનો તથા ધર્માચાર્યો જોઈએ છે. એ જ પોતાના ને બીજાને સકળ રાષ્ટ્રને અથવા વિશ્વને સુખશાંતિથી સંપન્ન બનાવી શકશે. ભૌતિક ઉત્પાદન પર જેટલું ધ્યાન આપવામાં આવે છે એથી પણ અધિક ધ્યાન એવા આદર્શ માનવોની માવજત પર અપાવું જોઈએ.

યોગ, ભક્તિ, જ્ઞાન, કર્મ, સત્સંગ અને સાધનાના નામે માનવની મુખાકૃતિઓ મ્લાન થઈ છે. મૂરઝાઈ ગઈ છે. જીવનનો રહ્યોસહ્યો આનંદ પણ ઓસરી ગયો છે. રસ લુપ્ત થયો છે. જીવનમાં આશાને બદલે નિરાશા વ્યાપી છે. ખુમારીને બદલે લાચારીએ, કર્તવ્યપરતાને બદલે કર્તવ્યરહિતતાએ, ચેતનાને બદલે જડતાએ, પરમાર્થને બદલે સ્વાર્થ, શાંતિને બદલે અશાંતિએ ઘર કર્યું છે. એવી કરુણ દશાનો અંત આણવો જોઈએ. ગીતામાતાએ એનો ઉપાય બતાવ્યો છે. એ ઉપાયને અજમાવીએ તો સંસારમાં સ્વર્ગસુખનું સર્જન કરીને નરકની નિશાનીઓને નાબૂદ કરી શકીએ.

*   *   *

## ૮. બીજ, શક્તિ તથા કીલક

### બીજ

બીજ વગર વૃક્ષની ઉત્પત્તિ નથી થતી. વૃક્ષને વિલોકવાથી જ અનુમાન કરી શકાય છે કે એના મૂળમાં નાનું અથવા મોટું બીજ રહેલું છે. વૃક્ષ એના આરંભમાં રહેલા બીજનો જ વિસ્તાર હોય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના સુંદર વિશાળ વૃક્ષની રચના પણ એના બીજ વિના નથી થઈ. એના મૂળમાં પણ અત્યંત પ્રાણવાન બીજ પડેલું છે. એ બીજ કયું છે ? એનો ઉત્તર આપતાં ગીતાના કરન્યાસમાં કહેવામાં આવ્યું છે.

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे इति बीजम् ॥

મહાભારતના મહાયુદ્ધમેદાનમાં વિષાદગ્રસ્ત વ્યામોહવશ બનેલા અર્જુને ગાંડીવને પરિત્યાગીને યુદ્ધ કરવાની ના પાડી. જેમનો શોક કરવા જેવો નહોતો તેનો તે શોક કરવા માંડ્યો. શરીર તો વિનાશી છે. એનો શોક અસ્થાને છે. અને આત્મા અવિનાશી હોવાથી કદી, કોઈ પ્રકારે, કોઈનાથી નાશ નથી પામતો. એનો શોક કરવાનો કોઈ અર્થ નથી. માટે જ ભગવાન કૃષ્ણે કહ્યું કે જેનો શોક કરવા જેવો નથી તેનો તું શોક કરે છે ને વચનો વિદ્વાનો જેવાં બોલે છે ! ગીતાજ્ઞાનની ઉત્પત્તિનું બીજ અર્જુનના મનની એવી અવસ્થા અથવા ભૂમિકામાં રહેલું છે. એ બીજ હોત જ નહીં તો ગીતાની ઉત્પત્તિ ના થાત. માનવના વિષાદનું બીજ એમાં જ રહેલું છે. જેનો શોક કરવો યોગ્ય નથી એનો માનવ શોક કરે છે. જેનો મોહ કરવા લાયક નથી એનો મોહ કરે છે. જેની મમતા અથવા આસક્તિ કરવા જેવી નથી એની મમતા અથવા આસક્તિ કરે છે. એથી એનું મન અશાંતિ અનુભવે છે, અસ્વસ્થ બને છે. જેમનો શોક કે મોહ નથી કરવા જેવો એવા પદાર્થોની ક્ષણભંગુરતાને સમજીને માનવ જો અપરિવર્તનશીલ અવિનાશી પરમાત્મામાં પ્રીતિ કરે તો એને વિષાદ કરવાનું, ચિંતાતુર બનવાનું અથવા અશાંતિ અનુભવવાનું કોઈ કારણ જ ના રહે.

ગીતાએ પ્રજ્ઞાવાદ શબ્દનો મૌલિક સુંદર સારગર્ભિત પ્રયોગ કર્યો છે. આપણે ત્યાં સમાજવાદ, સામ્યવાદ, મૂડીવાદ, રૂઢિવાદ જેવા શબ્દપ્રયોગો પ્રચલિત છે. પરંતુ ગીતાએ પ્રજ્ઞાવાદ શબ્દને પ્રયોજ્યો છે. પ્રજ્ઞાવાદ એટલે બુદ્ધિવાદ. બોલવાનો વાદ. મૌખિક કે વાચિક વિદ્વત્તા, બુદ્ધિનો બડબડાટ. પ્રજ્ઞા અથવા સત્યાસત્યને, શુભાશુભને, સમજનારી ને ગ્રહણ કરનારી વિવેકશક્તિ કે સદ્‌બુદ્ધિ સદાયે કલ્યાણકારક, સુખદાયક અને શાંતિપ્રદાયક છે. જ્યાં પણ પ્રગટે છે ત્યાં એ આશીર્વાદરૂપ ઠરે છે. પરંતુ પ્રજ્ઞા અને પ્રજ્ઞાવાદમાં મહત્વનો તફાવત છે. પ્રજ્ઞાવાદી પુરુષ મોટા મોટા સિદ્ધાંતોનું અને આદર્શોનું પોપટપારાયણ કરી જાય છે. એવા પોપટપારાયણમાં એને એક પ્રકારનો અસાધારણ આનંદ આવે છે. એવું પોપટપારાયણ એનો સ્વભાવ થઈ જાય છે. એ દ્વારા એ પોતાની બુદ્ધિનું ઠેર ઠેર પ્રદર્શન કરે છે. અને કામચલાઉ સંતોષ મેળવે છે. પરંતુ એ સિદ્ધાંતો, આદર્શો અને બુદ્ધિવાદને આચારના ક્ષેત્રમાં ઊતારવાની ઈચ્છા એને નથી હોતી. એવો કોરો પ્રજ્ઞાવાદ કે બુદ્ધિવિલાસ માનવનું કલ્યાણ નથી કરતો, જીવનમાં સંવાદિતા નથી સ્થાપતો કે શાંતિ નથી આપતો. જે દેશમાં એવો પ્રજ્ઞાવાદ વધે છે અને એને અનુરૂપ આચાર અથવા વ્યવહાર નથી વધતો તે દેશ સ્વસ્થ, સુદૃઢ, શક્તિશાળી નથી થઈ શકતો.

અર્જુન પ્રજ્ઞાવાદથી પ્રેરાઈને વાતો પંડિત જેવી કરતો હતો. પરંતુ જન્મમરણનો શોક કરતો, કર્તવ્યવિમુખ બનતો અને પાપપુણ્યનો સમ્યક્ વિચાર ના કરી શકવાથી કાલ્પનિક પાપના ભયથી ડરતો હતો. એનું કર્તવ્ય અધર્મ, અન્યાય અને અત્યાચારો સામે અવાજ ઉઠાવવાનું, લડવાનું કે ઝઝૂમવાનું હતું. તોપણ એ સહજ માનવીય કર્તવ્યનો પરિત્યાગ કરીને એણે લડવાની ના પાડેલી અને એવી રીતે અધર્મ, અન્યાય અને અત્યાચારને પરોક્ષ રીતે પોષવાનો પ્રારંભ કરેલો. એ જ્ઞાનની નિશાની ન હતી, અજ્ઞાનની હતી. પવિત્ર પ્રજ્ઞાની નહિ, અપરિપક્વ વિચારણાની આવૃત્તિ હતી. એનો દેખાવ ને વર્તાવ વિદ્વાનના જેવો હતો. એનો વિવેક ને વૈરાગ્ય અદ્ભુત દેખાતો. પરંતુ એની પાછળ એની ભીરુતા અને દીનતા જ સમાયેલી. માટે જ ભગવાને એનો વિરોધ કર્યો. એની બુદ્ધિને પરિમાર્જિત કરવાનો પ્રયત્ન કર્યો. ગીતામાં એનું દર્શન થાય છે. અર્જુન જો સાચેસાચ પ્રાજ્ઞ હોત તો વિષાદગ્રસ્ત ના બનત. કર્તવ્યના પંથથી ના ચળત અને કિંકર્તવ્યવિમૂઢ પણ ના બનત. પોતાના વાસ્તવિક કલ્યાણ કર્મને સુચારુરૂપે સમજી જઈને એનું અનુષ્ઠાન કરત. એની એવી અર્ધદગ્ધ અપરિપક્વ અવસ્થાને લીધે જ એને પ્રકાશની આવશ્યકતા હતી. પ્રેરણા અને પથપ્રદર્શનની અપેક્ષા હતી. એણે એને માટે પ્રાર્થના કરી. ભગવાને એ પ્રાર્થનાને માન્ય રાખી. પરિણામે ગીતાની પવિત્ર જ્ઞાનગંગાનું પ્રાકટ્ય થયું.

જગતમાં પંડિતો કેટલાય છે, શાસ્ત્રીઓ અને આચાર્યો પણ છે, બુદ્ધિવાદીઓ અથવા વાણીના વિદ્વાનો પણ છે. પરંતુ એમનામાંના કેટલાક ના કરવાનાં કાર્યોને કરે છે અને કરવાનાં નથી કરતા. વાસના, વિકાર, વિપરીત વર્તનના દાસ છે. એ ભૂમિકા બીજ જેવી છે. એ ભૂમિકામાં સાચી સલાહની, પ્રકાશની, પથપ્રદર્શનની આવશ્યકતા હોય છે. અને અર્જુનની પેઠે જે એને માટે પ્રાર્થે છે, એને માગે છે, એને એ મળી રહે છે. અર્જુનની જીવનરૂપી જમીન વિવેકના સામાન્ય હળથી ખેડાયેલી. એમાં શ્રદ્ધાનું ખાતર પણ ભરાયેલું. માટે જ ભગવાને એને સુયોગ્ય સમજીને એમાં પરમ જ્ઞાનનું પવિત્ર બીજારોપણ કર્યું. એ બીજમાંથી ગીતાના વિશાળ વૃક્ષનું સર્જન થયું. ગીતાના બીજા અધ્યાયના અગિયારમા શ્લોકના પૂર્વાર્ધમાં એ બીજનું દર્શન થાય છે.

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।

"જે શોક કરવા યોગ્ય નથી એનો તું શોક કરે છે ને વચનો પંડિત જેવાં બોલે છે !"

ગીતામાં અર્જુનને માટે યુદ્ધની સમસ્યા એટલી મોટી નહોતી જેટલી કર્તવ્યની વિસ્મૃતિની-કર્તવ્યના સંબંધવિચ્છેદની. માનવ અને અગ્રગણ્ય માનવ જો પોતાના કર્તવ્યને મૂકી દે તો સમાજમાં અશુભ અનિષ્ટકારક તત્વોનું જોર વધી પડે અને શુભ તત્વોને સાથ ના સાંપડે. અનીતિ અને અધર્મનો સામનો કરવો હોય ત્યારે સ્મશાનવૈરાગ્યની અસર નીચે આવવાનું ઉચિત ના કહેવાય. સમાજના સન્માન્ય સત્પુરુષો અન્યાય અથવા અનાચારને સહી લે અને પડકારે નહીં તો બીજા સામાન્ય માનવો પાસેથી શી આશા રાખી શકાય ? એમણે તો સામાન્ય માનવોને માર્ગદર્શન આપવું અથવા નેતૃત્વ પૂરું પાડવું જોઈએ. એવું નેતૃત્વ અથવા પથપ્રદર્શન પૂરું પાડવામાં ન આવે તો સર્વત્ર ક્લૈબ્ય ફરી વળે. ચારેકોર અવ્યવસ્થા, આતંક અને અશાંતિ છવાઈ જાય. કર્તવ્યની સામે સંબંધવિચ્છેદ કરનારો અર્જુનનો પ્રજ્ઞાવાદ ભગવાનને એટલા માટે પણ પસંદ ના પડ્યો.

*

**શક્તિ**

ભગવદ્ ગીતાના બીજની સાથે ભગવદ્ ગીતાની શક્તિનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે.

**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज इति शक्तिः ॥**

પ્રત્યેક પુરુષમાં કોઈ ને કોઈ પ્રકારની વિશિષ્ટ શક્તિ રહેતી હોય છે. કોઈ શરીરશક્તિથી સંપન્ન હોય છે, કોઈ માનસિક શક્તિથી કે મનોબળથી, કોઈ આત્મબળથી, કોઈ ચારિત્ર્યબળથી, કોઈક ચિંતનથી, તો કોઈની વિશેષતા એનાં ધન-વૈભવ-પદ-સત્તાના સામર્થ્યને લીધે મનાતી હોય છે. માનવીની શક્તિનું કેન્દ્રીકરણ એક અથવા અધિક વસ્તુઓમાં થયું હોય છે. પ્રાચીનકાળની કથાઓમાં કોઈ રાક્ષસના પ્રાણ અમુક પક્ષીમાં રહેતા એવાં વિધાનો કરવામાં આવ્યા છે. એ પક્ષીને મારી નાખવાથી રાક્ષસનો પણ નાશ થતો. દીપકની શક્તિ એની જ્યોતિમાં, સૂર્યની ગરમીમાં, ચંદ્રની ચાંદનીમાં, ફૂલની શક્તિ ફોરમમાં, સરિતાની સલિલમાં, મધની મધુતામાં, આંખની અવલોકવામાં, મનની મનન કરવામાં અને ઈતર ઈન્દ્રિયોની પોતપોતાના વિષયોમાં પ્રવૃત્ત થવામાં રહેલી છે. એ શક્તિથી સંપન્ન થવામાં જ એમની શોભા છે. એમને માટે એવી શક્તિ સહજ હોય છે. એથી વંચિત બનવાથી એમનું મહત્વ નથી રહેતું. એમની કિંમત કોડીની થઈ જાય છે. સામાન્ય અથવા અસામાન્ય પુસ્તકોની અથવા ધર્મગ્રંથોની પણ પોતાની આગવી કિંમત, વિશેષતા, વિલક્ષણતા કે શક્તિ હોય છે. એથી વંચિત બનવાથી એમનું મહત્વ નથી રહેતું. એમની કિંમત કોડીની થઈ જાય છે. ગીતાની શક્તિ શેમાં સમાયેલી છે ? એવી કયી વિશિષ્ટ વસ્તુ છે જે ગીતાને બળ પ્રદાન કરે છે અને જેના વિના ગીતા નિષ્પ્રાણ બની જાય ? ભગવાનની ભક્તિભાવસહિતની શ્રદ્ધાપૂર્વકની શરણાગતિ એ ગીતાની મુખ્ય શક્તિ છે. ગીતાનું હાર્દ છે. જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગ દ્વારા એની જ પ્રાપ્તિ કરવાની છે. જે ભગવાનની શરણાગતિને સ્વીકારે છે તે નિર્ભય બને છે. નિશ્ચિંત થાય છે, સર્વપ્રકારે સુરક્ષિત બની જાય છે, એનો જીવનપથ સરળ બને છે અને એ પરમશાંતિ, સનાતન સુખ, પ્રસન્નતા અને જીવનમુક્તિને અનુભવે છે. ગીતાની એ મહત્વની પ્રેરણા અથવા શક્તિસામગ્રી છે.

ગીતા કરન્યાસમાં કહેવામાં આવ્યું છે

**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज इति शक्तिः ॥**

"સર્વ ધર્મોને પરિત્યાગીને એક મારું જ શરણ લે એ શક્તિ છે."

એ શબ્દોનો સંક્ષેપ કરીને કહેવું હોય તો કહી શકાય કે **मामेकं शरणं व्रज इति शक्तिः ॥**

"એક મારું જ શરણ લે એ શક્તિ છે."

ભગવાન કૃષ્ણે ગીતાના અઢારમા અધ્યાયમાં અર્જુનને પોતાનું શરણ લેવાનું કહ્યું છે. સર્વભાવે સાચા દિલથી શરણ લેવાનું. અર્જુનને નિમિત્ત બનાવીને પ્રત્યેક માનવને એ જ વાત કહી છે. એ જ સનાતન સંદેશ સંભળાવ્યો છે. શરણાગતિ-ભાવના પરિણામે જ ગીતાનું સર્જન થયું. અર્જુને ભગવાન કૃષ્ણને શરણે જઈને એમને પ્રકાશ, પ્રેરણા, પથપ્રદર્શનને માટે પ્રાર્થના ના કરી હોત તો ગીતાની જ્ઞાનગંગાનું અવતરણ ના થયું હોત. અર્જુનની શરણાગતિના પરિણામે ભગવાને એના પર કૃપા કરી. તાપતપ્ત અશાંતિગ્રસ્ત સમસ્યારત કિંકર્તવ્યવિમૂઢ માનવ પણ ભગવાનનું શરણ સ્વીકારે તો એની અર્જુનની પેઠે કાયાપલટ થઈ જાય. ભગવાન એવા માનવને ને માનવમાત્રને પોતાના પ્રત્યે અભિમુખ થવાનો ને પોતાના અસાધારણ અલૌકિક

અનુગ્રહના આસ્વાદની અભીપ્સા રાખવાનો સંદેશ સંભળાવે છે. એ સંદેશ કલ્યાણકારક છે. ગીતાનો એ સારસંદેશ છે. એને જીવનમાં વણી લેવાથી જીવન શક્તિશાળી બનશે ને શાંતિ અનુભવશે.

*

**કીલક**

ગીતાના કીલકને વર્ણવતા કરન્યાસમાં કહેવામાં આવ્યું છે

**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच इति कीलकम् ॥**

જે જીવ સર્વાન્તર્યામી સર્વસમર્થ સર્વેશ્વર પરમાત્માનું સાચા દિલથી શરણ લે એને કોઈ પ્રકારની ચિંતા રહી શકે ? ભય હોઈ શકે ? એને મોહ, સંમોહ, વ્યામોહ, શોક, મોહ, પાપ, તાપ, સંકટ સતાવી શકે ? એ તો માતાની માવજત મેળવનારા બાળકની પેઠે નિશ્ચિંત, નિરાપદ, નિર્ભય બની જાય છે. કીલકમાં ભગવાને પ્રકારાન્તરે પ્રતિજ્ઞા કરી છે કે જે જીવ સંસારની મહાસફરમાં મારું શ્રદ્ધાભક્તિસહિત શરણ લે છે તે જીવને કર્મબંધનથી, અહંતા-મમતા-શોક-મોહથી મુક્ત કરીને હું કાયમને માટે કૃતાર્થ કરું છું. એ જીવની જીવનયાત્રાને સરળ અને સુરક્ષિત કરું છું. એના આત્મવિકાસની બધી જ જવાબદારીને ઉપાડી લઉં છું. એવી પરમપવિત્ર પ્રતિજ્ઞા બીજું કોણ કરી શકે તેમ છે ? બીજા કોઈની પ્રતિજ્ઞાનું મૂલ્ય પણ શું ? કીલકના શબ્દોના રૂપમાં ભગવાને એવી બાંયધરી આપી છે અથવા એવો દસ્તાવેજ કરી આપ્યો છે જેનો કદી ભંગ કે નાશ ના થાય, એનું લખાણ ખૂબ જ વિશ્વસનીય છે. એ દસ્તાવેજ પ્રેમ તથા શ્રદ્ધાનો છે. એ આપણા સામાન્ય લૌકિક દસ્તાવેજ જેવો નથી જેમાં ઈચ્છાનુસાર ફેરફાર થઈ શકે.

કીલકના એ શબ્દો શરણાગત સાધકની શ્રદ્ધાભક્તિને વધારે છે. એથી એને અધિક બળ મળે છે, અવનવો ઉત્સાહ સાંપડે છે અને એનો વિશ્વાસ વધે છે. એને થાય છે કે ભગવાન મારું અમંગલ કદીપણ નહિ થવા દે. મારું સર્વત્ર સર્વ પ્રકારે કલ્યાણ કરશે. એમની શરણાગતિ મને પરમપવિત્ર બનાવશે. એમના અલૌકિક અનુગ્રહથી મારામાં પાપબુદ્ધિ જાગશે જ નહીં, મારી પાપમાં પ્રવૃત્તિ થશે જ નહીં, પછી પાપમાંથી મુક્તિ મેળવવાનો અથવા મને પાપમાંથી મુક્ત કરવાનો પ્રશ્ન જ ક્યાં પેદા થાય છે ?

કીલકના શબ્દો ભક્તને માટે અસાધારણ અવલંબનરૂપ બને છે. એમનો આધાર લઈને ભક્ત દીનતા, હીનતા, નિરાશા અને અવિદ્યાને સહેલાઈથી તરી શકે છે. જેના મસ્તક પર એના અભયદાનને આપનારા ભગવાનનો વરદ હેતાળ હસ્ત હોય એને નાહિંમત થવાનું કારણ જ ક્યાં છે ? એ તો સદાયે સુરક્ષિત છે, સુખી અને શાંત છે.

* * *

## ૯. વિકાસની વિવિધ કક્ષાઓ

દિલ્હીનું સ્ટેશન કેટલું બધું મોટું છે ? એ જંકશન કહેવાય છે. ત્યાંથી ઊપડનારી ગાડીઓ અનેક હોય છે. ઉત્તરમાં અમૃતસર, સિમલા, પઠાનકોટ, કાશ્મીર તરફ પ્રયાણ કરવું હોય તો પ્રયાણ કરાય છે, પશ્ચિમમાં મુબંઈ તરફ જવાય છે, પૂર્વે કલકત્તા અને આસામ તરફ પહોંચવા માટે હાવરા અને આસામ મેલ મળે છે, તથા દક્ષિણમાં છેક નીચે મદ્રાસ, બેંગ્લોર, કન્યાકુમારી જવાની ગાડી પણ મળે છે. મધ્ય ભારતમાં પણ જઈ શકાય છે. અને ક્યાંય ન જવું હોય તો પ્લેટફોર્મ પર બેસી શકાય છે અથવા ઈચ્છા હોય તો ઘેર પાછા પણ પહોંચી શકાય છે.

માનવશરીર એવું મહાન જંકશન છે. એ શરીરના પ્લેટફોર્મ પર પહોંચીને ઉત્તરમાં પણ જઈ શકાય, ઊર્ધ્વલોકની યાત્રા કરી શકાય, નીચે પણ જઈ શકાય, અધોગતિને પણ નોતરી શકાય, પશુપક્ષી વનસ્પતિની યોનિમાં પણ પ્રવેશી શકાય; અને બીજે ક્યાંય ના જવું હોય તો "પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનનીજઠરે શયનમ્" ની ઉક્તિ અનુસાર માનવશરીરને પુનઃ પુનઃ મેળવીને આવા ને આવા ભોગોમાં રહી શકાય. ક્યાં જવું છે ? આગળ વધવું કે પાછળ ? એનો વિચાર માનવે પોતે જ કરી લેવાનો છે, અને તદનુરૂપ પુરુષાર્થ પ્રારંભવાનો છે. માનવશરીર દેવોને પણ દુર્લભ છે. સાધનોનું ધામ અને મોક્ષનું દ્વાર છે. સત્કર્મોના પરિપાકથી અથવા પરમસૌભાગ્યથી સાંપડ્યું છે. એનો સદ્‌બુદ્ધિપૂર્વક સદુપયોગ કરીને આત્માની દુનિયામાં આગળ વધીએ, ઉન્નતિ કરીએ, અને અન્યને માટે પણ ઉપયોગી બનીએ તો કેવું સારું ? માનવશરીરમાં આવીને આપણે એક નિર્ણાયક સ્થળે ઊભા છીએ. અહીંથી જે તરફ જવું હશે તે તરફ જઈ શકાશે. સુખ કે દુઃખ, હર્ષ કે શોક, શાંતિ અથવા અશાંતિ, અભ્યુત્થાન અથવા અધઃપતન, માનવયોનિ, દેવયોનિ, પરમાત્માપદ, પૂર્ણતા, પશુપક્ષીની કે વનસ્પતિની યોનિ - જેની પણ પ્રાપ્તિ કરવી હશે તેની પ્રાપ્તિ કરી શકાશે. આ એક મહાન મૂલ્યવાન મંગલ જંકશન છે. ગીતા કહે છે કે અહીં આવી પહોંચ્યા છો તો હવે આગળ વધજો, પાછળ ના પડશો. નવજીવનને મેળવજો. મૃત્યુના મુખમાં હાથે કરીને ના પડતા; ના સડતા. આત્માની મદદથી આત્માનો ઉદ્ધાર કરવો જોઈએ. આત્માનું અધઃપતન ના નોતરવું જોઈએ.

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥६-५॥

*

જગતમાં પ્રથમ કક્ષાના, દ્વિતીય કક્ષાના અને તૃતીય કક્ષાના ત્રિવિધ માનવો જોવા મળે છે. એમને જડ અથવા વિષયી, જિજ્ઞાસુ અને સાધક આત્માઓ તરીકે ઓળખી અથવા ઓળખાવી શકાય. ગીતામાં એમનો ઊડતો ઉલ્લેખ આવે છે.

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः॥१४-१८॥

"સત્વગુણી આત્માઓ ઊર્ધ્વ ગતિ કરે છે, રજોગુણી આત્માઓ મધ્યભાગમાં રહે છે, અને તમોગુણની અનર્થકારક અમંગલ વૃત્તિવાળા આત્માઓની અધોગતિ થાય છે. એ નીચે પ્રયાણ કરે છે."

ગીતાના પરંપરાગત ભાષ્યકારોએ કરેલો એનો અર્થ રૂઢ અને રોચક છે. એમના અર્થાનુસાર સત્વગુણી આત્માઓ શરીરને છોડ્યા પછી સ્વર્ગાદિ ઉચ્ચલોકમાં પ્રવેશે છે; રજોગુણી આત્માઓ મૃત્યુલોકમાં જ માનવશરીરમાં વાસ કરે છે; અને તમોગુણી આત્માઓના વિચારો અને ભાવો વિપરીત અથવા અધમ હોવાથી એમને પશુપક્ષી વનસ્પતિની નિકૃષ્ટ યોનિઓની પ્રાપ્તિ થાય છે. આત્માની મરણોત્તર ગતિ પર એવી રીતે સંક્ષેપમાં પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. એ પ્રકાશ આદર્શ અને આવકારદાયક હોવા છતાં, આપણે ગીતાના એ શ્લોકનું અલગ અર્થઘટન પણ કરી શકીએ. એ અર્થઘટન મરણોત્તર ગતિ પર આધાર નથી રાખતું, પરંતુ જીવન દરમ્યાન થનારી ગતિ અથવા વિકાસ કક્ષા પર નિર્ભર છે. આપણી આજુબાજુના સમાજનું નિરીક્ષણ કરવાથી જણાય છે કે એમાં અનેક લોકો એવા છે જે પેટ તથા જનનેન્દ્રિયના ભોગોમાં જ રત રહે છે, એમને જીવનનું સાર-સર્વસ્વ સમજે છે, એને માટે જ પ્રયત્નો કરે છે, એમાં જ સુખ ગણે છે, અને એમની વૃત્તિઓનું કેન્દ્રીકરણ એ ઈન્દ્રિયોમાં જ, નીચેના સ્થળોમાં જ થયું હોય છે. ખાવું પીવું, ભૌતિક ભોગ ભોગવવા એ જ એમના જીવનનું લક્ષ્ય હોય છે. એમને ચાર્વાકના વંશજો કહી શકાય. એવા જડ કે વિષયી જીવો વિકાસની દૃષ્ટિએ થર્ડ ક્લાસમાં, તૃતીય શ્રેણીમાં, છેક જ નિમ્ન કક્ષામાં છે. એમની વૃત્તિ વિચારસરણી અધોગામિની હોય છે. એમને શરીરમાં જ મમતા અથવા આસક્તિ હોય છે. સ્થૂળ જગતને અને પાર્થિવ પ્રકૃતિને જ સર્વ કાંઈ સમજીને એ એની આરાધનામાં મશગૂલ હોય છે. આત્મા સિવાયના પદાર્થોમાં પ્રીતિ કરીને એવા આત્માઓ એમને માટે જ જન્મે છે, જીવે છે, ને મરે છે. એમની અંદર જિજ્ઞાસા નથી હોતી, સંવેદના નથી હોતી, વિકાસની ભૂખ કે લગન તો શું પરંતુ આકાંક્ષાય નથી હોતી. એ સત્યાસત્યનો, શુભાશુભનો વિચાર કર્યા સિવાય ફાવે તેમ જીવે છે, વર્તે છે અને ઈન્દ્રિયોના આવેગોમાં તણાતા રહે છે.

વિકાસની દૃષ્ટિએ સેકન્ડ ક્લાસ અથવા દ્વિતીય કક્ષાના આત્માઓની અવસ્થા જરાક જુદી હોય છે. એમની વૃત્તિઓનું કેન્દ્રીકરણ શરીરના મધ્યભાગમાં અથવા હૃદયમાં થયું દેખાય છે. એમની ઉપર હૃદયનું રાજ્ય ચાલતું હોય છે. એ ઊર્મિની, લાગણીની, પ્રેમની, દયા કે કરુણાની, સંવેદનશીલતાની અસર નીચે જલદી આવે છે. એ એટલા બધા લાગણીપ્રધાન હોય છે કે લાગણીથી દબાઈ જઈને મૃત્યુ પણ પામે છે. સંવેદનશીલતાના નિતનવા મનમાન્યા જગતમાં જીવીને એ સુખદુઃખની સંમિશ્રિત અસરોને અનુભવે છે. પશુશ્રેણીના ત્રીજી કક્ષાના આત્માઓ કરતાં એ આગળ હોય છે. કારણ કે અન્યને માટેની સહાનુભૂતિથી સંપન્ન બને છે.

એ અવસ્થાથી આગળ વધ્યા પછી વિકાસની દિશામાં ફર્સ્ટ ક્લાસ અથવા પ્રથમ કક્ષાની પ્રાપ્તિ થાય છે ત્યારે ઊર્ધ્વપ્રદેશમાં પ્રવેશ થાય છે. શરીરનો ઊર્ધ્વપ્રદેશ એટલે મસ્તક. માનવીની વૃત્તિ એ પ્રદેશમાં પ્રવેશે છે અને કેન્દ્રિત થાય છે એટલે એને બુદ્ધિના વિકાસમાં, સ્વાધ્યાયમાં, પ્રાર્થનામાં, ધ્યાનમાં, ચિંતનમનનની પ્રક્રિયામાં, અને પોતાની ને બીજાની સુખશાંતિની, સમુન્નતિની, મુક્તિની ને પૂર્ણતાની યોજનામાં વધારે રસ પડે છે. એ લાગણીથી દોરવાઈ અને આવેગો, ઉત્તેજનાઓ કે ઉશ્કેરાટોમાં તણાઈ જતો નથી. પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, સંવેદનાને અનુભવે છે ખરો પરંતુ એમને બુદ્ધિથી તપાસે કે ચકાસે છે;

એમનાથી અંધ નથી બનતો. શરીર, ઈન્દ્રિયોના વિષયો અને પ્રકૃતિના રૂપરંગોમાં આસક્તિ નથી કરતો. પ્રકૃતિને બદલે એ પ્રકૃતિના સ્વામી પરમપુરુષ પરમાત્માને ભજવામાં અને ઓળખવામાં આનંદ માને છે.

વિકાસની એ પછીની અવસ્થાને એર-કન્ડિશન્ડ અથવા વાતાનુકૂલ અવસ્થા તરીકે ઓળખાવી શકાય. એ અવસ્થા પરમશાંતિ, પૂર્ણતા, જીવનમુક્તિની ઉચ્ચોચ્ચ અવસ્થા છે. એ અવસ્થામાં કોઈ પ્રશ્ન નથી પેદા થતો, સમસ્યા નથી સતાવતી, દ્વંદ્વોનો પ્રતિકૂળ પ્રભાવ નથી પડતો, પરમાત્માની સાથેનો સંપર્ક અને પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બને છે. શરીરધારણ સાર્થક કરે છે. જીવન જ્યોતિર્મય બને છે.

વિકાસની એ કક્ષાએથી પ્રત્યેક આત્માએ ક્રમશઃ પસાર થવાનું છે. માનવજીવન એવા ઉત્તરોત્તર ઊર્ધ્વીકરણ માટે, વિકાસ માટે જ મળેલું છે.

એ વિકાસમાં સહાયક થનારાં સઘળાં સાધનોનો ગીતાએ સ્વીકાર કર્યો છે. જ્ઞાન, ભક્તિ, યોગ, કર્મ કોઈનો પણ અનાદર નથી કર્યો. એ સાધનોમાંથી કોઈપણ એકનો, બેનો અથવા બધાનો આધાર લઈને સાધક આગળ વધી શકે છે. ગીતા કોઈપણ સાધનપદ્ધતિનો તિરસ્કાર નથી કરતી. સૌના સમન્વય અથવા સદ્ઉપયોગમાં માને છે. વિકાસની નિમ્નમાં નિમ્ન ભૂમિકા પર ઊભેલા જીવને પણ તિરસ્કાર આપવાનું પસંદ નથી કરતી. પાપી, સુદુરાચારી, 'પાપીમાં પણ પાપી' પ્રત્યે પણ સહાનુભૂતિ ધરાવે છે અને એને માટે પણ આત્મવિકાસના દ્વારને ઉઘાડાં રાખે છે. જીવનમાં બધા જ રંગોરૂપો-અભિનયો પોતપોતાની રીતે મહત્વનાં છે. કેટલાક લોકો કૈકેયી, મંથરા, રાવણ, કંસ, દુર્યોધનાદિનો તિરસ્કાર કરે છે, પરંતુ એ અનુચિત છે. રામાયણના સાંગોપાંગ સંપૂર્ણ અભિનયને માટે રામ જેટલા જરૂરી છે એટલાં જ જરૂરી મંથરા, કૈકેયી, રાવણાદિ છે. એમના સિવાય રામાયણ થાય જ નહીં, કોઈકે તો એમનો અભિનય કરવો જ પડે. એ અભિનય અપયશ આપનારો, કડવો અથવા અળખામણો હોવા છતાં આવશ્યક અને અનિવાર્ય છે. કૃષ્ણ અને અર્જુનની પેઠે કંસ અને દુર્યોધનની ભૂમિકા પણ એમના જીવનના અભિનય માટે અગત્યની છે. ઉત્તાનપાદ અને ધ્રુવ, સુરુચિ અને સુનીતિ, હિરણ્યકશિપુ તથા પ્રહ્લાદનાં પરસ્પર પ્રતિકૂળ પાત્રો સાથે જ રહેવાનાં. એમને અલગ નહિ પાડી શકાવાનાં. એવું સમજીને પ્રત્યેક પાત્રની પોતપોતાના સ્થાનની વિશિષ્ટતાને વિચારીને સૌ પ્રત્યે સહાનુભૂતિ જગાવવાની છે. ગીતાની વિચારસરણી એવી વિશાળ તથા વિલક્ષણ છે.

* * *

## ૧૦. ગીતા અને શ્રીકૃષ્ણ

ભગવદ્ ગીતાના આરંભમાં-માહાત્મ્યમાં ભગવાન કૃષ્ણની પ્રશસ્તિ કરતાં કહ્યું છે, **कृष्णं वंदे जगदगुरुम् ।** જગદ્ગુરુ શ્રીકૃષ્ણને વંદુ છું. પ્રશસ્તિકારે પ્રેમોદ્રેકથી પ્રેરાઈને ભગવાન કૃષ્ણને જગદ્ગુરૂ કહ્યા છે. એમને જગદ્ગુરુ તરીકે અંજલી આપવાનું કારણ ? ઈશ્વરના અલૌકિક અવતાર તરીકે એમણે કોઈ વિશિષ્ટ ધર્મ, સંપ્રદાય, મત કે પથની પ્રસ્થાપના કરી છે ? ના. એવું ચોક્કસપણે નહિ કહી શકાય. એમના નામે એમની દ્વારા સ્થપાયેલો કોઈ ધર્મ નથી. એમણે તો પરંપરાગત પ્રાચીન ધર્મપ્રવાહને પરિશુદ્ધ પ્રાણવાન પ્રબળ બનાવીને પ્રવાહિત કર્યો છે. તો પછી એમને જગદ્ગુરુ કહેવામાં કેટલુંક ઔચિત્ય છે ? સહેજ શાંતિપૂર્વક વિચારીએ તો સમજાશે કે એમણે ગીતાના શાશ્વત સદુપદેશ દ્વારા જે આપ્યું છે તે સમસ્ત સંસારનું-અખિલ માનવજાતિનું છે. એના પર સૌનો અબાધિત અધિકાર છે. ગીતામાં એમણે અર્જુનને નિમિત્ત બનાવીને પીરસેલી જ્ઞાનવિજ્ઞાનની સ્વાનુભવપૂર્ણ સામગ્રી માનવના અંતરાત્માને અનુપ્રાણિત અને આલોકિત કરવાની શક્તિ ધરાવે છે. એ સામગ્રી દ્વારા એ અનંતકાળથી પૃથ્વીને પ્રકાશ પહોંચાડવાનું કલ્યાણકાર્ય કરી રહ્યા છે. એમણે માનવધર્મની માવજત, માનવતાનાં મૂલ્યોની પ્રસ્થાપના કરી છે. અને આજે પણ કરી રહ્યા છે. જીવનમાં એમણે બીજું કાંઈયે ના કર્યું હોત અને ગીતાનો અજર અમર ઉપદેશ જ આપ્યો હોત તોપણ એ અમર બનત અને જગતના મહાન ગુરુ કે પથદર્શક ગણાત. એ ગુરુના ગુરુ છે. અન્ય ગુરુઓ એમની પાસેથી જ પ્રકાશ પામે છે. એવી રીતે વિચારતાં એમને માટે કરાયેલો જગદ્ગુરૂ શબ્દપ્રયોગ સાર્થક લાગે છે.

*

એક આદર્શ કર્મયોગી, જ્ઞાની, મહાન ભક્ત, યોગયોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણની ગીતા જીવનવિકાસના જરૂરી સાધન તરીકે કર્મને કે ભક્તિને જ મહત્વ આપતી નથી અથવા જ્ઞાન કે યોગનું જ પ્રાધાન્ય સ્વીકારતી નથી પરંતુ ચારેનો સમુચિત સ્વીકાર કરે છે. મનબુદ્ધિના વિકાસને માટે જ્ઞાનની આવશ્યકતા છે, હૃદયના વિકાસને માટે ભક્તિભાવની, મનબુદ્ધિથી પારના પ્રદેશમાં પહોંચી પરમાત્માના સુખદ સાક્ષાત્કારને માટે યોગની અને જીવનના ધારણપોષણ તથા સૃષ્ટિની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ ને સમુન્નતિ માટે કર્મની અનિવાર્ય આવશ્યકતા છે. ગીતા એ ચતુર્વિધ સાધનોના સમન્વયને સ્વીકારે છે. એ ઉપરાંત એનો સમતાવાદ પણ જોવા જેવો છે. પ્રવૃત્તિ તથા નિવૃત્તિ, ભોગ અને ત્યાગ, ઉભયના મર્મને સમજાવી ઉભયમાંથી કોઈનો વિરોધ અથવા અનાદર નથી કરતી. એક તરફ તે ક્ષણિક વૈરાગ્ય કે વ્યામોહને વશ થઈને ક્ષેત્રસંન્યાસ લેવા માટે તૈયાર થનારા અર્જુનને સ્વર્ગના દ્વારને ખોલનારા, સુખી સૌભાગ્યશાળી ક્ષત્રિયો જ પામી શકે એવા, સામેથી આવેલા, ધર્મયુદ્ધમાં વીરતાપૂર્વક મન મૂકીને ભાગ લઈને વિજય મેળવી, સામ્રાજ્યનું સુખ ભોગવવાનો આદેશ આપે છે, તો બીજી બાજુએ આ સમસ્ત જગત સનાતન સુખશાંતિથી રહિત અને અશાશ્વત અથવા ક્ષણભંગુર છે માટે એમાં જન્મીને અન્યની આસક્તિ અથવા પ્રીતિ કરવાને બદલે ભગવાનની જ ભક્તિ કર એવી સૂચના પૂરી પાડીને જ્ઞાનવિજ્ઞાનનાં ગૂઢાતિગૂઢ રહસ્યોનું ઉદ્ઘાટન કરે છે. એવી રીતે સમતાનું ઉદાહરણ પૂરું પાડે છે.

ધર્મ, અર્થ, કામ, અને મોક્ષની સાધનાને હવે અલગ પાડી શકાય તેમ નથી. પહેલાં ગૃહસ્થાશ્રમ, સાંસારિક સુખોપભોગ અને પછી સંન્યાસ એવા વિભાગો પાડવાનું ઉચિત નથી. જીવનમાં ધર્માચરણ પણ કરાવું જોઈએ, અર્થોપાર્જનની પ્રવૃત્તિ પણ આવશ્યકતાનુસાર થતી રહેવી જોઈએ, કામનાઓ અને કામની પૂર્તિ તથા શુદ્ધિની સમ્યક્ સાધના કરાવી જોઈએ, અને મોક્ષ અથવા જીવનમુક્તિના અલૌકિક આનંદાનુભવને માટે આત્મદર્શનની આરાધનાનો પણ આધાર લેવાવો જોઈએ. ગૃહસ્થાશ્રમમાં-સંસારના વ્યવહારની વચ્ચે વસીને જ આત્મિક અભ્યુત્થાનના માર્ગે આગળ વધાય અથવા સંન્યાસનો આનંદ અનુભવાય એવી જીવનચર્યાના સમન્વયાત્મક સાધનાકાર્યક્રમને અપનાવવાની આવશ્યકતા છે. જીવનની પ્રત્યેક પળ ને સંસારના પ્રત્યેક સ્થળને સાધનામય કરવાની જરૂર છે. સાધનાના આરંભ અને અનુષ્ઠાનને માટે કોઈ વિશેષ સ્થળ, સમય અથવા અવસ્થાની પ્રતીક્ષા નથી કરવાની. પહેલાં સાંસારિક જીવન અને પછી આધ્યાત્મિક જીવન, પહેલાં પ્રેય અને પછી શ્રેય એવું નહીં પરંતુ એ ઉભયનો સુભગ સમન્વય. એ બન્નેને ભેળવી દેવાની અથવા ઓતપ્રોત કરવાની આવશ્યકતા છે. જીવન ખૂબ જ ચંચળ છે. વેગથી વહી જનારું. એનો સંપૂર્ણપણે, સર્વત્ર, સર્વાવસ્થામાં સદ્દુપયોગ કરવાનો છે.

આત્મવિકાસની સાધનાના અનુષ્ઠાનના આરંભનો સર્વોત્તમ સમય કયો ? આમ તો જે સમયે જીવનના આકાશમાં સદ્‌બુદ્ધિનો સૂર્યોદય પ્રકટ થાય તે સમય સૌથી સુંદર, સુયોગ્ય, સર્વોત્તમ કહી શકાય. તોપણ તટસ્થ રીતે કહીએ તો શૈશવ, કિશોર કે યૌવનકાળને આત્મોન્નતિના આરંભનો સાનુકૂળ અને સર્વોત્તમ સમય કહી શકાય. બાળક માતાના ઉદરમાં હોય ત્યારથી જ એનો આરંભ કરી શકાય. આત્મોન્નતિની સાધનાને માટે જીવનની ઉત્તરાવસ્થા કે વૃદ્ધાવસ્થા પર આધાર ના રાખવો જોઈએ. જે ઉષઃકાળમાં ઊઠે છે તે વિશેષ શક્તિ તથા સ્ફૂર્તિથી સંપન્ન હોય છે, વધારે કાર્ય કરી શકે છે અને એમની પાસે વખત પણ વધારે હોય છે. શૈશવાવસ્થા જીવનનો ઉષઃકાળ છે. કિશોરાવસ્થા અને યુવાવસ્થાના સૂર્યોદય પછીનો તાજો પ્રસન્ન પ્રભાતકાળ. એ કાળનો જે સદુપયોગ કરી લે છે એ મોટામાં મોટા લાભને મેળવી લે છે.

ગીતાના ગાયક ભગવાન શ્રીકૃષ્ણ છે. લગભગ પ્રત્યેક લેખક કે ઉપદેશકની કૃતિના સંબંધમાં બને છે તેમ, ગીતા પણ એમના આદર્શોનું અથવા પવિત્ર જીવનપ્રવાહનું પ્રતિબિંબ છે. શ્રીકૃષ્ણે જીવનભર પ્રજાને પીડનારા અસુરો અને અધમ મનુષ્યો સાથે યુદ્ધ કર્યું અને પ્રજાને રાહત આપી. અધર્મના નાશ અને ધર્મના સંસ્થાપન માટે તો ગીતામાં સૂચવ્યું છે એમ એમનો અવતાર હતો. એવા લોકોત્તર મહાપુરુષ મૂંગે મોઢે અધર્મ અથવા અન્યાયને સાંખી લે એ બને જ કેમ ? જરાસંઘ અને શિશુપાલનો જીવનના છેવટના સમય સુધી એમણે સામનો કર્યો. અર્જુનને અન્યાય સામે લડી લેવાનો આદેશ આપ્યો ને એ પણ નિરુપાયે. કંસ જેવા કેટલાય રાજાઓનો નાશ કરવા છતાં પણ રાજ્યસુખમાં આસક્તિ ના હોવાથી એ રાજગાદી પર ના બેઠા. એમનાં રાજ્યો બીજાને સુપ્રત કર્યાં. એથી જ એ ગીતામાં **समलोष्टाश्मकांचनः** કહીને પથ્થર, માટી અને સોનામાં સમબુદ્ધિનો સંદેશ અથવા આદર્શ રજુ કરી શક્યા. ભોગ, વૈભવ, ઐશ્વર્ય અને રાજનીતિના વિરોધાભાસી વિપરીત વાતાવરણમાં વસવા છતાં નિર્લિપ્ત જ રહ્યા. એમના લીલા-સંવરણનો કે સ્વધામગમનનો પ્રસંગ એની સાક્ષી પૂરે છે. પોતાના વિવિધરંગી જીવનપાઠને એક નટવરની પેઠે પૂરો કરીને એમણે આખરે સ્વધામમાં સદેહે પ્રયાણ કર્યું એ પરમપવિત્ર પ્રસંગ શ્રીમદ્ ભાગવતના બારમા સ્કંધમાં

વર્ણવેલો છે. એ એમની અખંડ આત્મનિષ્ઠાનું દર્શન કરાવે છે. એ આત્મનિષ્ઠાને અકબંધ રાખીને એમણે પરમ પ્રેમમયી ગોપીઓની સાથે પ્રેમમૂર્તિ બનીને લીલા કરી. એમને મન ગોપીઓ પોતાના જ સ્વરૂપ સમી હતી. એમની સાથે રસપૂર્ણ રાસલીલા કરવા છતાં પણ એ સંપૂર્ણપણે આસક્તિરહિત અથવા સંગદોષથી મુક્ત રહ્યા. વ્રજમંડળને છોડીને મથુરાપુરીમાં પ્રવેશ્યા પછી એમણે ગોપીઓને મળવાનો મનોરથસરખો ના કર્યો. બીજો કોઈ લાલસા-વાસના-કામનાયુક્ત પુરુષ હોત તો દિવસ દરમ્યાન મથુરામાં રહેત, કામ કરત ને રાતે ગોપીઓની પાસે વ્રજમાં પાછો ફરત. આજના કોઈ પાર્થિવ પ્રેમીની પેઠે રોજનો ઓછામાં ઓછો એક પ્રેમપત્ર લખત. ભગવાને ગોપીઓને પ્રેમપત્ર લખવાની કલ્પના પણ ના કરી. એ સંવેદનરહિત કે કઠોર નહોતા, પરંતુ આત્મા આત્મા સાથે વાતો કરતો હોય પછી સ્થૂળ પત્રોની આવશ્યકતા ક્યાં રહે છે ? ગોપીઓને શાંતિ આપવા કે સાંત્વન પ્રદાન કરવા એમણે ભાગવતના ઉલ્લેખાનુસાર ઉદ્ધવજીને મોકલ્યા. એની પાછળ એમની સહૃદયતા અને પ્રીતિ કામ કરી રહેલી; આસક્તિ નહોતી. આસક્તિ હોત તો એ મથુરા-વૃંદાવન વચ્ચે લગભગ રોજ નહિ તો એકાંતર અપ-ડાઉન અથવા અવરજવર કરત. એટલે જ એવા અકામહત પૂર્ણકામ વીતરાગ આત્મનિષ્ઠા સંપન્ન શ્રીકૃષ્ણ ગીતામાં ચરાચરમાં આત્મદર્શનનો અને ગમે તેવા વાતાવરણમાં આત્મરત રહેવાનો આદેશ આપી શક્યા. સ્ત્રી, વૈશ્ય ને શૂદ્રને માટે પણ પૂર્ણતા અને મુક્તિનાં મંગલમંદિરના દ્વાર ઉઘાડી નાખનારા શ્રીકૃષ્ણે પોતાના જીવનમાં એમની પ્રત્યે અસાધારણ અનુકંપા, સહાનુભૂતિ તથા સમાનતા દર્શાવી. વૈશ્યકુળમાં તો તે જન્મ્યા જ હતા. પ્રેમના પરમ અધિકારને લીધે એમણે ગોપીઓને મુનિઓને પણ દુર્લભ એવી સદ્ગતિ આપી.

પાંડવો વનમાં વિચર્યા ત્યારે એમની રક્ષા માટે સદાય તૈયાર રહ્યા. ભરસભામાં દ્રૌપદીના મર્યાદાભંગના પ્રસંગ વખતે મદદ માટે પ્રાર્થના થતાં તરત જ મદદે આવ્યા અને અરણ્યમાં દુર્યોધને દુર્વાસામુનિને પાંડવો પાસે એમનું અમંગલ ઈચ્છીને મોકલ્યા ને દ્રૌપદીને મૂંઝવણ થઈ પડી ત્યારે અચાનક પ્રગટ થઈને સૂર્યનારાયણે આપેલા અક્ષયપાત્રમાં શાકનું એક પાંદડું જ બાકી હતું એને આરોગી લઈ સમસ્ત સૃષ્ટિની તૃપ્તિ કરી દીધી. દુર્વાસા મુનિને પોતાના શિષ્યો સાથે સ્નાન કરતાં કરતાં જ ઓડકાર ખવડાવીને વિદાય કર્યા, ને પાંડવોની લાજ રાખી. એવા મહાપુરુષ ગીતામાં પોતાનું અનન્યચિત્તે ભાવસહિત સ્મરણ કરનારના યોગક્ષેમને વહન કરવાનો અમૂલખ દેવદુર્લભ દસ્તાવેજ લખી આપે એમાં શું આશ્ચર્ય ? શૈશવાવસ્થાથી માંડીને છેવટ સુધી ગૌપાલન તથા કૃષિ જેવાં કામોમાં રસ લઈને સુયોગ્ય સમયે તે તત્વોપદેશ પણ આપી શક્યા. એના જ પ્રતીકરૂપે સાંસારિક સુધારણા અને આત્મિક અભ્યુત્થાન ઉભયનો સ્વીકાર કરીને અર્જુનને અને એના દ્વારા સમસ્ત સંસારને એની આવશ્યકતા અથવા અનિવાર્યતા સમજાવી શક્યા છે.

એમના જમાનાના એ સર્વશ્રેષ્ઠ મહાપુરુષ હતા. તેથી જ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં એમની અગ્રપૂજા કરવાનો નિર્ણય લેવાયો ત્યારે ત્યાં પણ સૌના સ્વાગતનું ને પૂજ્ય પુરુષોના પાદપ્રક્ષાલનનું કલ્યાણકાર્ય એમણે સસ્મિત ઉપાડી લીધું. એવી અસાધારણ એમની નમ્રતા, સેવાભાવના તથા સમતા હતી. જીવનની ઉત્તરાવસ્થામાં લગભગ એંસી વરસની વયે પણ યુવાનોને શરમાવે તેવી શક્તિ અને યૌવનસહજ

સુયોગ્યતાથી સંપન્ન બનીને મહાભારતના મહાયુદ્ધ વખતે અર્જુનના સારથિ બનવાનું સ્વીકાર્યું. જીવનની છેલ્લી ક્ષણોમાં પોતાને બાણ મારનારા પારધિને નિર્વેરભાવથી પ્રેરાઈને ક્ષમા આપી.

એવા તો અસંખ્ય ઉદાહરણો આપી શકાય. એમનો પ્રધાન સૂર અથવા ફલિતાર્થ એ જ છે કે ગીતા અને ગીતાનો સમતાવાદ શ્રીકૃષ્ણના જીવનના પ્રતિબિંબરૂપ છે. એમાં આલેખેલા આદર્શોને જીવનમાં અનુવાદિત કર્યા હોવાથી જ એ એમની એવી અસરકારક રજૂઆત કરી શક્યા છે. ગીતા શ્રીકૃષ્ણનું શાશ્વત શબ્દશરીર છે એમ જ કહી શકાય. એમણે જે જીવનભર જોયું, વિચાર્યું, અનુભવ્યું, માનવજીવનને માટે મંગલ માન્યું એનો નિષ્કર્ષ ગીતારૂપે રજૂ કર્યો છે અને જીવનવિકાસમાં માનનારા માનવસમુદાયના શાસ્ત્રપદે સ્થાપ્યો છે.

લોકહિતમાં માનનારા શ્રીકૃષ્ણ પોતે જ લોકહિતમાં તત્પર હતા પછી અર્જુનને કર્તવ્યવિમુખતાનો કે કર્મત્યાગનો આદેશ કેવી રીતે આપે ? ગાંડીવને છોડીને વિષાદમગ્ન બનેલા અર્જુનને એમણે યુદ્ધકર્મમાં પ્રેર્યો અને કર્મને કરવા છતાં પણ પોતે અકર્તા રહેતા હતા તેવી રીતે અકર્તા રહેવાનો આદેશ આપ્યો.

એવી રીતે ગીતા અને શ્રીકૃષ્ણ એક છે. કોઈ કારણે છૂટાં ના પાડી શકાય એવાં છે. જેમ અંગ અને આત્મા અથવા તેજ અને છાયા.

* * *

## ૧૧. યોગક્ષેમનું વહન

ભગવાને કૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભક્તોને માટે અદ્ભુત દસ્તાવેજ લખી આપતાં જણાવ્યું છે કે જે અનન્યભાવે મારું ચિંતનમનન કરે છે અને મને સર્વકાળે સર્વસ્થળે ઉપાસે છે એ મારી સાથે સદાને સારુ સંબંધ બાંધી ચૂકેલા ભક્તોના યોગક્ષેમને હું વહન કરું છું.

**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥९-२२॥**

અંતરમાં બીજા કોઈને ના રાખીને એક ભગવાનનું જ પરમશ્રદ્ધાભક્તિ સહિત સતત ચિંતનમનન થાય એ અનન્યભાવે થતું ચિંતન છે. એવા ભક્તપુરુષોને માટે **उपासते** ને બદલે **पर्युपासते** શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. એનું મુખ્ય કારણ એ છે કે ભક્તો ભગવાનને અંદર અને બહાર, આગળ અને પાછળ, કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરતાં, જીવનના સઘળા સમય અને સામર્થ્યનો સદ્ઉપયોગ કરીને ભજે છે. તનથી ભજે છે, મનથી ભજે છે, બુદ્ધિથી ભજે છે, વિચારોથી ભજે છે, ભાવોથી ભજે છે. આંખથી સર્વત્ર ભગવાનની ઝાંખી કરવાની ટેવ પાડીને ભજે છે, કાનથી કથાકીર્તન અને ભગવાનની લીલાવાતોને સાંભળીને ભજે છે, પગ દ્વારા એમની જ પ્રદક્ષિણા કરે છે અને હાથથી એમની અને એમના પ્રતિનિધિ જેવા દીનદુઃખીની સેવા કરીને એમને ભજે છે. એ ભગવાનની ઉપાસના નથી પરંતુ પર્યુપાસના છે. સાધકે એવી સતત સમજપૂર્વકની સર્વાંગીણ ઉપાસના અથવા પર્યુપાસના કરવાની આવશ્યકતા છે. એવી રીતે નેહપૂર્વક નિત્યનિરંતર ઉપાસના કરનારા, મને જ પોતાના જીવનનું સારસર્વસ્વ સમજીને શ્રદ્ધાભક્તિપૂર્વક ભજનારા, ભક્તોના યોગક્ષેમને ભગવાન વહન કરે છે. ત્યાં **योगक्षेमं करोम्यहम्** શબ્દોને બદલે **योगक्षेमं वहाम्यहम्** શબ્દ વપરાયા છે એ પણ સૂચક છે. 'યોગક્ષમ કરું છું' એવું કહેવામાં ખાસ વિશિષ્ટતા નથી દેખાતી પરંતુ 'યોગક્ષેમને વહન કરું છું' એવું કહેવામાં ભગવાન ભક્ત પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવતા હોય અથવા પોતાની સ્વાભાવિક જવાબદારીનું પાલન કરતા હોય એવું લાગે છે.

ભગવાને ભક્તોના યોગક્ષેમને વહન કરવાની વાત કહી છે એમાં યોગક્ષેમનો અર્થ શો કરવો ? એક તો એનો પરંપરાગત, રૂઢ, કેટલાક ભાષ્યકારો કે ટીકાકારોનો અર્થ છે. એ અર્થ પ્રમાણે ભગવાન પોતાના ભક્તોના જીવનની સ્થૂલ ભૌતિક આવશ્યકતાઓની પૂર્તિ કરે છે અને એ આવશ્યકતાઓનું સંરક્ષણ કરે છે. ભક્તોને અન્ન-વસ્ત્ર આપે છે, મકાન આપે છે, નિરોગ રાખે છે, રોગ થાય તો ઔષધિનો પ્રબંધ કરે છે, શાંતિથી જીવાડે છે, અને એમની જીવનોપયોગી વસ્તુઓને સાચવે છે. યોગ એટલે જીવનોપયોગી પદાર્થોની પ્રાપ્તિ અને ક્ષેમ એટલે એમનું રક્ષણ. મને લાગે છે કે એવો અર્થ કરવાથી ગીતાને અને એના ગાનાર ભગવાનને ન્યાય નથી થતો. ભગવાને એમને અનન્યભાવે ભજનારા ભક્તને જીવનોપયોગી પદાર્થો જ પ્રદાન કરતા હોય અને એ પદાર્થોની રક્ષા કરતા હોય તો તો એક સાંસારિક શેઠ પણ એવું કરે છે; એમાં ભગવાનની વિશેષતા શી ? ભગવાન ભક્તના જીવનનિર્વાહ કરનારા અને ચોકીદાર થયા એટલું જ. ભગવાનનું કહેવાનું તાત્પર્ય એટલું જ નથી. ભક્ત અથવા આદર્શ ભક્ત પણ ભગવાનની ભક્તિ એટલા માટે

જ નથી કરતો કે ભગવાન એની સાંસારિક આવશ્યકતાઓની પૂર્તિ કરે અને એમનું ધ્યાન રાખે. ભક્તિની સાચી સફળતા કે સાર્થકતા ભગવાનની વધારે ને વધારે કૃપા મેળવવામાં અને અંતે ભગવાનના સુખદ શાંતિપ્રદાયક સાક્ષાત્કારમાં સમાયેલી છે. ભગવાનનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી ભક્તને ચેન પડતું નથી ને સાર્થકતા લાગતી નથી. એને ધન, મકાન, યશ, પરિવાર, સત્તા, સુખસાહ્યબી, સાંપડે કે ના સાંપડે, એના જીવનનું મૂળભૂત મુખ્ય લક્ષ્ય કે પરમ પ્રાપ્તવ્ય એ નથી હોતું. એની ભક્તિસાધના એને માટે નથી ચાલતી. એના પરમારાધ્ય એકમાત્ર પરમાત્મા જ હોય છે. એમનાં દર્શન અથવા કૃપાનુભવને માટે જ એ ભક્તિ કરે છે. એટલે જો ભક્તિ દ્વારા બીજું બધું જ મળે પરંતુ ભગવાન ના મળે તો શું કામનું ? ભક્ત એથી પ્રસન્ન ના થાય અને જીવનની સાર્થકતાને ના અનુભવે. એથી ઊલટું, ભક્તને બહારનું બીજું કાંઈ જ ના મળે પરંતુ ભગવાનના સમાગમસુખનો સ્વાદ સાંપડે તોપણ એને સ્વર્ગસુખ લાગે. એ કોઈ પ્રકારનો અસંતોષ ના અનુભવે. અનન્યભાવથી ભજનારા, ચિંતનમનન કરનારા, એકનિષ્ઠ આરાધકોને ભગવાન એમનાં દેવદુર્લભ દર્શનનો લાભ આપે એ સ્વાભાવિક, સમજી શકાય તેવું, અને ઉચિત છે. ભગવાન અને એમના ભક્ત બંનેને માટે એ શોભાસ્પદ છે.

એ સંદર્ભમાં ગીતાની અત્યાર સુધીની પરંપરાગત વિચારસરણીમાં આપણે આવશ્યક પરિવર્તન કરવું પડશે. યોગ તથા ક્ષેમની વાતને નવેસરથી વિચારવી પડશે. તો જ ગીતાના સૂચિતાર્થને સમજી શકાશે. ગીતાના કોઈપણ ભાષ્યકાર કે ટીકાકારને મહત્વ આપ્યા વિના, એના અભિપ્રાયથી દોરવાઈ ગયા વિના, મૂળ ઉદ્‌ગારોને જ મહત્વ આપવું પડશે.

તો પછી યોગ અને ક્ષેમનો અર્થ શો થાય ? યોગનો સામાન્ય અર્થ મેળાપ છે. ભગવાનનો અનુભવ ના થવાથી ભક્ત એમને માટે મનોરથ કરે છે, અભ્યાસ આદરે છે ને ઝંખે છે. ભગવાન પોતાના અસાધારણ અમોઘ અનુગ્રહથી એવા ભાવભીના ભક્તને દર્શન આપે છે, વિયોગવ્યથાને શમાવે છે અને શાંતિ આપે છે. ભગવાનનો સુખદ સંયોગ પામીને ભક્તના હૃદયમાં ને રોમેરોમમાં, સમસ્ત જીવનમાં, ધન્યતાની દૈવી વીણા વાગી ઊઠે છે. ભગવાન ભક્તને પોતાનું પરમદિવ્ય દર્શન આપે છે એ એમનો સર્વોત્તમ અનુગ્રહ હોય છે. ભક્તને એવા જ યોગની ઈચ્છા અથવા ઝંખના હોય છે.

ક્ષેમનો અર્થ આત્મકલ્યાણ થાય છે. ભગવાનનું શ્રદ્ધાભક્તિપૂર્વક શરણ લેનારા ને ચિંતનમનન-સ્મરણ-સંકીર્તન કરનારા ભક્તો ભગવાનના દૈવી દર્શનના લાભને પામે નહીં ત્યાં સુધી ભગવાન એમની રક્ષા કરે છે. એમને માતાની પેઠે મીઠી મમતાથી પ્રેરાઈને સંભાળે છે. બાળક સળગતી સગડી પાસે પહોંચવાની પ્રવૃત્તિ કરતો હોય, સરિતા કે સાગરની દિશામાં દોડતો હોય, ખાડાટેકરા કે કાંટાકાંકરા તરફ જતો હોય, તો માતા તેને જોઈ રહેતી નથી. એની પાસે દોડીને એને પકડી લે છે ને બચાવે છે. એની આપત્તિને અવલોકી શકતી નથી. ભગવાનના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે. ભક્ત કોઈવાર ભૂલથી કે ભ્રાંતિથી ભક્તિના મુખ્ય માર્ગને ભૂલી જઈને, મૂકી દઈને, વિષયગામી અથવા પથભ્રાંત બની જાય તો ભગવાન એને પોતાનો સમજી એની રક્ષા કરે છે. સાધક કોઈવાર કોઈ કારણે માયાના રૂપરંગોમાં, પદાર્થોમાં, આકર્ષણોમાં અટવાઈ જાય, અથવા અનાત્મ પદાર્થોની આસક્તિ કરી બેસે કે કરવાની તૈયારીમાં હોય; વિષયોના અંગારામાં, પ્રલોભનોમાં, અધઃપતનની ગર્તામાં પડવા માગતો હોય; ત્યારે ભગવાન એના

આત્મકલ્યાણ માટે એની રક્ષા કરે છે. જે વ્યક્તિ કે વસ્તુમાં એણે આસક્તિ કરી હોય તે વ્યક્તિ કે વસ્તુને એની પાસેથી લઈ લે છે, એની વિરોધી કરે છે. એથી આરંભમાં એની આસક્તિને લીધે એને દુઃખ થાય છે, આઘાત લાગે છે, પરંતુ પાછળથી ભગવાનની કરુણાનો અને કલ્યાણકારકતાનો અનુભવ થાય છે. ભગવાન એ દ્વારા એને પોતાની પાસે લઈ જવા અને પોતાનો કરવા માગે છે. પોતાના ભક્તને પડવા કે નષ્ટ થવા નથી દેતા. એમનું શરણ લેનારને પતિત થવા દેતા નથી. એનો હાથ પકડીને સહીસલામત રીતે જીવનની જટિલ સાધનાયાત્રા પરથી આગળ વધારે છે. એનું અકલ્યાણ નથી થવા દેતા, ભક્ત ધનની, પદની, પ્રમાદની, પ્રતિષ્ઠાની મોહિનીમાં પડે તો ભગવાન એને ઉગારે છે. આત્માના અકલ્યાણના માર્ગે આગળ વધતો હોય તો ત્યાંથી પાછો વાળીને આત્મકલ્યાણ અથવા ક્ષેમના મંગલમય માર્ગ પર મૂકી દે છે. ભગવાને ગીતામાં અભયવચન આપતાં કહ્યું છે કે કલ્યાણકાર્ય કરનારની કદી પણ દુર્ગતિ નથી થતી.

**न हि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात गच्छति ॥६-४०॥**

બુદ્ધ ધર્મના ત્રિપિટક ગ્રંથોમાં એક સુંદર સારગર્ભિત કથા આવે છે. ઉત્તરાખંડના એકાંત પરમપવિત્ર પ્રદેશમાં ભગવદ્ ભક્તિ અને યોગની સાધનામાં મગ્ન રહેનારા એક મહાયોગી એક રાજાના પ્રેમાગ્રહને વશ થઈને એના રાજ્યમાં આવ્યા અને રાજાએ એમને માટે તૈયાર કરાવેલી, રાજધાનીના નગરના એક છેડાની, સરિતાના પ્રશાંત તટપ્રદેશ પરની, મઢૂલીમાં રહેવા લાગ્યા. મઢૂલીમાં રહેવાનો વિચાર એકાંતપ્રેમી યોગીપુરુષે પોતાની મેળે જ પ્રકટ કરેલો અને રાજાએ એને માન્ય રાખેલો.

મઢૂલીમાં રહેતાં રહેતાં યોગીને સારો સમય થઈ ગયો. રોજ મધ્યાહ્ન પહેલાં રાજાનો સુવર્ણજડિત રથ આવી પહોંચતો અને એમાં વિરાજીને એ રાજપ્રાસાદમાં ભિક્ષા માટે જતા. દિવસનો શેષ સઘળો સમય સાધનામાં પસાર કરતા. એમ કરતાં કરતાં મહિનાઓ વીતી ગયા. એકવાર એક પાડોશી રાજાએ રાજાના રાજ્ય પર આક્રમણ કર્યું. એને લીધે સીમાપ્રદેશમાં અશાંતિ ફરી વળી. એ અશાંતિને શમાવવા અને આક્રમણને પાછું હઠાવવા માટે યોગીપુરુષના આશીર્વાદ મેળવીને રાજા અશાંતિગ્રસ્ત વિસ્તાર તરફ ચાલી નીકળ્યો. ગુરુદેવને પોતાની અનુપસ્થિતિમાં કોઈ પ્રકારની અગવડ ન પડે એવી વ્યવસ્થા કરવાનું એ ના ભૂલ્યો.

મધ્યાહ્ન પહેલાં રોજ રાજાનો સુવર્ણજડિત રથ આવતો અને એમાં વિરાજીને યોગી રાજપ્રાસાદમાં પહોંચી જતા. એક દિવસ એ ક્રમમાં ભંગ પડ્યો. એક દિવસ યોગી ધાર્યા કરતાં વધારે સમય સુધી ઊંડી સમાધિમાં ડૂબી ગયા, એટલે એમની પ્રતીક્ષા કરીને રથ પાછો વળ્યો. સમાધિમાંથી જાગ્યા પછી યોગીને થયું કે આજે ધાર્યા કરતાં ઘણો વધારે વખત થઈ ગયો છે, ભિક્ષા માટે જવામાં વિલંબ થયો છે. રાજાના પરિચારકો મારી રાહ જોતા હશે; આજ સુધી મેં મારી યોગસિદ્ધિનો પ્રયોગ નથી કર્યો પરંતુ આજે એ પ્રયોગ કરવાનો અવસર ઉપસ્થિત થયો છે, તો મારી મહામહેનતે મેળવેલી આકાશગમનની અસાધારણ શક્તિના પ્રયોગ દ્વારા આકાશમાર્ગેથી પસાર થઈને રાજપ્રાસાદમાં પહોંચી જાઉં.

યોગી આકાશગમન દ્વારા રાજપ્રાસાદમાં પહોંચી ગયા અને રાણીના શયનખંડની ખુલ્લી બારીમાંથી અંદર પ્રવેશ્યા. રાણી શય્યા પર સૂતેલી. એનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત હતાં. યોગીની પાદુકાના અવાજથી એ જાગી ઊઠી. પરંતુ .. એનું અસાધારણ સૌંદર્ય યોગીની આંખમાં વસી ગયું.

યોગીએ એ દિવસે ભોજન કર્યું તો ખરું પરંતુ એમનું મન એમાં ના લાગ્યું.

બીજા દિવસથી એમણે રાજપ્રાસાદમાં આવવાનું છોડી દીધું. મઢૂલીમાં રહીને જ ભિક્ષા કરવાનું શરૂ કર્યું.

યુદ્ધમાં વિજય મેળવીને, સીમા પર શાંતિ સ્થાપીને, પાછા ફરેલા રાજાએ સૌથી પ્રથમ સદ્ગુરુના સમાચાર પૂછ્યા. પોતાના પરમપૂજ્ય ગુરુદેવ રાજપ્રાસાદમાં ભિક્ષા માટે નથી પધારતા એ જાણીને એનો ઉલ્લાસ ઊડી ગયો. એને ચિંતા થઈ.

ગુરુની પાસે પહોંચીને એણે પોતાની ચિંતાને પ્રદર્શિત કરી તો ગુરુએ જણાવ્યું; મારું મન બેચેન બની ગયું છે.

એનું કારણ ?

યોગીએ સઘળી કથા સંક્ષેપમાં કહીને છેવટે જણાવ્યું; મને રાણીને જોઈને મોહ થયો છે એને લીધે મારું અંતર અશાંત બન્યું છે. એ અશાંતિ ત્યારે જ ટળે જ્યારે રાણીની પ્રાપ્તિ થાય; જ્યારે રાણી મારી બની જાય.

રાજાએ કહ્યું : ઓહો, એટલી જ વાત છે ? રાણીને વાત કરીને એ તૈયાર થશે તો એને તમારી સેવામાં મોકલી દઈશ.

યોગીને સંતોષ થયો.

રાણી ખૂબ જ વિલક્ષણ હતી. રાજા સાથે વિચારવિનિમય કરીને એ યોગી પાસે પહોંચવા તૈયાર થઈ.

યોગી રાણીને પોતાની મઢૂલીમાં જોઈને પ્રસન્ન થયા. રાણી નીચે બેસી ગઈ એટલે યોગીએ પોતાની ચાદર પાથરીને જણાવ્યું કે જમીન પર તો ધૂળ પથરાયેલી છે; તેથી વસ્ત્રો બગડશે.

રાણીએ કહ્યું : મારાં તો વસ્ત્રો જ બગડે છે પરંતુ તમારું શું બગડે છે તે જાણો છો ? તમારો તો જીવનભરનો યોગ બગડે છે. વસ્ત્રો તો સાફ પણ થઈ શકશે પરંતુ જીવનભરનો, જન્મજન્માંતરનો બગડેલો યોગ સહેલાઈથી સુધરી નહિ શકે. હજુ પણ મોડું નથી થયું. ચેતી જાવ તો સારું છે. મારા શરીરમાં એવું તે શું છે જેને જોઈને તમને મોહ થાય છે ? ઉપરથી સારું લાગતું આ શરીર ગંદકીનું ઘર છે. વ્યાધિથી ભરેલું છું, ને કાળનો કોળિયો થનારું છે. એનો મોહ નિરર્થક અને સર્વનાશક છે.

એ બધું જ્ઞાન યોગીને પણ હતું જ. પરંતુ એ જ્ઞાન દબાઈ ગયેલું. રાણીના શબ્દોએ એને તાજું કર્યું. યોગીનો મોહ મટી ગયો. એમણે રાણીને પોતાની ઉદ્ધારક માનીને પ્રણામ કર્યાં અને રાજપ્રાસાદમાં રાજા પાસે પાછી મોકલી.

યોગીનાં મોહવાદળ વીખરાઈ જવાથી રાજાની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

યોગીએ હિમાલયના પોતાના એકાંત શાંત સ્થાનમાં વિશેષ સાધના સારુ જવાનો સંકલ્પ કર્યો. રાજારાણીએ અને પ્રજાજનોએ એમને વિદાય આપી.

પરમાત્માનું સાચા દિલથી શરણ લેનારા સત્પુરુષોની રક્ષા એ એમની વિલક્ષણ રીતે કરે છે અને એમને આત્મકલ્યાણના પવિત્ર પથ પરથી પડવા દેતા નથી એ ચોક્કસ છે. સાધક કે ભક્તની સંભાળ રાખવાની પ્રતિજ્ઞા પરમાત્મા પોતે જ કરે છે. એની પાછળ એમનો પોતાનો પણ સ્વાર્થ-જો એને સ્વાર્થ કહીએ

તો-રહેલો છે. સંસારમાં ભક્તો હોય જ નહીં; એમનું અધઃપતન થયા જ કરે, તો ભગવાનના ગુણગાન કોણ ગાય અને ભગવાનનો મહિમા કોણ ફેલાવે ? પોતાના જ કાર્યને આગળ વધારવા માટે સંતો તથા ભક્તોની અનિવાર્ય આવશ્યકતા છે. એટલે પણ ભગવાન એમને સુરક્ષિત રાખે છે. એમનું અધઃપતન નથી થવા દેતા. એમના અધઃપતનથી ભગવાનનો પોતાનો વ્યાપાર અટકી પડે, એમના મંગલમય મહિમાને આંચ આવે. ભક્તો, સંતો, સાધકો, યોગીઓ, એમના દૂત જેવા છે. એમને પ્રાણથી પણ પ્યારા છે. એમને પોતાને માટે પણ એમણે એમને જીવતા રાખવા જોઈએ. ભગવાન એમની પણ ક્ષણેક્ષણે સંભાળ રાખી એમનું ક્ષેમ સાધે છે. એમની જ્ઞાત અથવા અજ્ઞાત રીતે, પ્રત્યક્ષ કે પરોક્ષપણે સતત સેવા કર્યા જ કરે છે.

રહી યોગક્ષેમના સાધારણ પ્રચલિત પરંપરાગત અર્થની વાત. એ સંબંધમાં સ્પષ્ટીકરણ કરવાનું કે ભગવાન ભક્તના જીવનની આવશ્યકતાઓની પૂર્તિ કરે છે. કોઈવાર કામચલાઉ કાળને માટે એવી પૂર્તિ કરતા ના દેખાય તોપણ સુયોગ્ય સમય પર એવી પૂર્તિ કરે જ છે. ભક્તો કે સાધકોને શરૂઆતમાં કષ્ટ પડે, પ્રતિકૂળતા આવે, વિરોધોમાંથી પસાર થવું પડે અથવા દુન્યવી દૃષ્ટિએ અભાવગ્રસ્ત જીવન જીવવું પડે, તો તેથી નાહિંમત થવાની, નિરાશ કે ચિંતિત બનવાની અને ભગવાનની શ્રદ્ધાભક્તિને ડગાવીને ભક્તિની સાધનાને છોડી દેવાની જરૂર નથી. ભક્તિનો માર્ગ શરૂઆતથી જ સરળ, નિષ્કંટક, સુખમય, સલામત નથી હોતો. એનો આધાર લેતાંવેંત જ આપણી સઘળી ઈચ્છાઓ સંતોષાશે અથવા સાંસારિક રીતે આપણું જીવન સુખશાંતિ તથા સમૃદ્ધિથી સંપન્ન બનશે એવું નથી સમજવાનું. પોતાનું અનન્યભાવે ચિંતનમનન કરનારા એકનિષ્ઠ ભક્તોના જ યોગક્ષેમને ભગવાન વહન કરે છે એ ખાસ યાદ રાખવાનું છે. એવી અનન્યોપાસના કાંઈ જ્યાંત્યાં ને જેનાતેના જીવનમાં પ્રાદુર્ભાવ નથી પામતી.

ક્ષેમ શબ્દનો પ્રયોગ ગીતાના પ્રથમ અધ્યાયના ૪૬મા શ્લોકમાં પણ કરવામાં આવ્યો છે - **तन्मे क्षेमतरं भवेत् ।**

યોગની મહત્વની નોંધપાત્ર વ્યાખ્યાઓ ગીતામાં ચાર છે. **योगः कर्मसु कौशलम्** અને **समत्वं योगं उच्यते** - બે બીજા અધ્યાયમાં (શ્લોક ૫૦ તથા ૪૮ માં) અને બીજી બે વ્યાખ્યાઓ **योगम् आत्म विशुद्धये** તથા **तं विद्यात् दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।** છઠ્ઠા અધ્યાયમાં (૧૨ મા અને ૨૩મા શ્લોકમાં).

એ વ્યાખ્યા પ્રમાણે યોગ એટલે કર્મોની કુશળતા. કર્મો ક્યારે કરવાં, કેવી રીતે કરવાં, કયા પ્રયોજનથી પ્રેરાઈને કરવાં તેનું પૂર્ણ જ્ઞાન. યોગ એટલે સમતા. લાભ-હાનિમાં, નિંદા-સ્તુતિમાં, હર્ષ-શોકમાં, જય-પરાજયમાં, સંપત્તિ-વિપત્તિમાં મનની સમતા, અને છેવટે સમાધિની અલૌકિક અંતરંગ અવસ્થામાં શાંતિપૂર્ણ પ્રવેશ. એ વખતે સઘળી વિષમતા દૂર થાય છે.

છઠ્ઠા અધ્યાયની વ્યાખ્યા પ્રમાણે યોગ પોતાની જાતની વિશુદ્ધિ માટે છે. મનની શુદ્ધિ સધાતાં આત્મદર્શન શક્ય બને છે. અહંતા-મમતા, આસક્તિ-રાગદ્વેષ તથા કામક્રોધાદિ મનની મલિનતા અથવા અશુદ્ધિ છે. યોગની સાધનાથી એવી બધી અંતરંગ અશુદ્ધિમાંથી અને એની જનની જેવી અવિદ્યામાંથી મુક્તિ મળે છે. એથી સ્વરૂપના સાક્ષાત્કારમાં મદદ મળે છે. એવી રીતે વિચારતાં યોગ આત્માની શુદ્ધિ પણ છે અને શોધ પણ છે.

આત્માનો સાક્ષાત્કાર થતાં સમસ્ત પ્રકારનાં દુઃખોના સંયોગનો વિયોગ થાય છે એટલે કે શાશ્વત સુખની અનુભૂતિ સહજ બને છે.

યોગની એવી અલૌકિક અનુભૂતિને માટેની આવશ્યક ભૂમિકા પ્રત્યે પ્રકારાન્તરે અંગુલિનિર્દેશ કરતાં બીજા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે કે વેદાદિ સદ્‌ગ્રંથોના શ્રવણમનન અથવા પરિશીલનને પરિણામે પેદા થયેલી અને પરિપુષ્ટિ પામેલી બુદ્ધિ જ્યારે ધ્યાનના અંતરંગ અભ્યાસમાં જોડાઈને સમાધિમાં સ્થિતિ કરે છે ત્યારે જીવાત્માનો પરમાત્માની સાથેનો સંયોગ શક્ય બને છે. યોગની સંપૂર્ણ સર્વાંગીણ સિદ્ધિ અથવા પરમાત્માની અપરોક્ષ અનુભૂતિને માટે મન તથા બુદ્ધિને શુદ્ધ અને શાંત કરવાની આવશ્યકતા છે. એવા સિદ્ધિપ્રાપ્ત યોગીને સમાધિદશામાં જ પરમાત્માદર્શન થાય છે. અથવા પરમાત્માના અપરોક્ષ અનુભવને માટે એણે સમાધિની અતીન્દ્રિય અવસ્થામાં પ્રવેશવું પડે છે એવું નથી સમજવાનું. એ જાગૃતિદશામાં પણ સર્વસ્થળે ને સર્વકાળે પરમાત્મદર્શન કરતો હોય છે. એનું મન સદાને સારુ શાંત તથા પ્રસન્ન રહે છે. એકવાર એને અતીન્દ્રિય અવસ્થામાં સાંપડેલો યોગ ખંડિત નથી થતો; અહર્નિશ અખંડ જ રહે છે.

* * *

## ૧૨. આચારસંહિતા

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયના ૨૧ મા શ્લોકમાં એક સર્વોપયોગી સર્વકાલીન સરસ વિચાર રજૂ થયેલો છે. શ્રેષ્ઠ પુરુષ જે જાતનું આચરણ કરે છે તે જાતનું આચરણ કરવાની બીજા પુરુષોને પ્રેરણા મળે છે. તે જેને પ્રમાણભૂત માને છે તેનો જનસમૂહ કે સમાજ સ્વીકાર કરે છે અને એને આદર્શ માનીને અનુસરે છે.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥३-२१॥

એ શ્લોકની વિચારસરણી અત્યંત અગત્યની છે. સામાન્ય જનસમાજ સર્વોત્તમ મનાતા માનવ કે માનવોને અનુસરવાના સહજ સ્વભાવવાળો હોવાથી એમની જવાબદારી ઘણી વધી જાય છે. એમણે પોતાના જીવનને જેટલું બને એટલું આદર્શ, સ્વચ્છ, સદાચારી અને સુંદર બનાવવું જોઈએ, તો જ એ અન્યને પ્રેરણા પહોંચાડી શકે. જનસમાજ એમના વિચાર, ભાવ, વ્યવહારને ધ્યાનપૂર્વક પેખે છે અને એમાંથી અનુકરણની સામગ્રી મેળવે છે માટે, એનો ખ્યાલ રાખીને એમણે પોતાનાં વિચાર, ભાવ તથા વર્તન પ્રેરક, પથપ્રદર્શક બનાવવાનું ધ્યાન રાખવું જોઈએ. સમાજ પ્રત્યેની એમની જવાબદારી ધાર્યા કરતાં ઘણી મોટી છે. એમનું જીવન દર્પણ જેવું છે. એનું અવલોકન સહેલાઈથી કરી શકાય છે. સામાન્ય માનવો મૂંઝાય છે ત્યારે એ જીવન આશ્વાસનરૂપ અથવા માર્ગદર્શક બને છે. સમાજમાં સર્વોત્તમ મનાતા માનવોની વાણી એટલી બધી અસર નથી પહોંચાડતી. એમનું વર્તન વિશેષ અસર પહોંચાડે છે. પ્રભાવોત્પાદક ઠરે છે. માટે એમણે ઉત્તમ આદર્શોને જીવનમાં વણી લેવાનો પ્રામાણિક પ્રયત્ન આદરવો જોઈએ.

સમાજના સર્વોત્તમ મનાતા માનવોનો ધર્મ શો ? એમનું કર્તવ્ય શું ? આદર્શ માર્ગે ચાલવાનું. એ જો અન્યાય, અનીતિ, અધર્મ, અનાચાર સામે અવાજ ન ઉઠાવે તો ? ડરીને, ગભરાઈને, ક્ષેત્રસંન્યાસ લઈને અથવા અકર્મણ્ય બનીને એક બાજુએ બેસી જાય તો ? સ્મશાનવૈરાગ્યની અસર નીચે આવીને, ક્લૈબ્યથી સંપન્ન બનીને, એક બાજુએ બેસી જવાનો વિચાર કરે તો ? સમાજમાં અવ્યવસ્થા અને અશાંતિ ઊભી કરનારાં અને આતંક મચાવનારાં બળોને મોકળું મેદાન મળે. એમની ઉપર કોઈનો પણ કાબૂ ના રહે. ગીતામાં ભગવાને અર્જુનને એટલા માટે જ યુદ્ધનો આદેશ આપ્યો છે. ત્યાં તટસ્થ રીતે તો મૂળભૂત અથવા મુખ્ય પ્રશ્ન યુદ્ધનો નથી પરંતુ શોષણ, અનીતિ અને અન્યાય સામેના અવાજનો છે. જેમનું શોષણ થાય છે અથવા જેમને ખોટી રીતે સહન કરવું પડે છે તે જો મૂંગા રહે અને વિરોધનો અવાજ ન ઉઠાવે તો શોષણખોરને છૂટો દોર મળે. એમની ઉપર કોઈપણ પ્રકારનું નિયમન ના કરી શકાય. ગીતાનો એવો અભિપ્રાય છે.

એ અભિપ્રાયનું મહત્વ વર્તમાન સમયમાં ઘણું છે. આજે પણ અન્યાય, અત્યાચાર, અધર્મ અથવા શોષણનાં પાશવી પરિબળો આપણી આજુબાજુ બધે જ ફેલાતાં જાય છે ત્યારે સમજુ, સંનિષ્ઠ, સદાચારી સત્પુરુષોએ અર્જુનની પેઠે નાહિંમત બનીને, શંકાકુશંકાથી ઘેરાઈને, કિંકર્તવ્યવિમૂઢ બનીને બેસી રહેવાને

બદલે એમનો અસહયોગ સાધીને વ્યક્તિગત તથા સમષ્ટિગત સામનો કરવા તૈયાર થવું જોઈએ. સમાજનાં સાત્વિક શુદ્ધ સદાચાર તત્વો જો સુસંગઠિત થાય અને પારસ્પરિક સહયોગ સાધીને અશુભ અથવા અનાચારનો પ્રતિકાર કરે તો અશુભનું જોર ઓછું થઈ જાય. એ ઉપરાંત, નીતિ અને સદાચારનાં જ માનવીય મૂલ્યોને સર્વોત્તમ મનાતા માનવો આદર્શ, અભિનંદનીય, અનુકરણીય સમજતા હોય એમને ધીરજ, હિંમત, ચીવટપૂર્વક, અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિમાં એમણે વળગી રહેતાં શીખવું જોઈએ. એ મૂલ્યોનો મૃત્યુઘંટ ના વાગે તેનું ધ્યાન રાખવું જોઈએ. અમારા આચરણની અસર આજુબાજુના અને સમસ્ત સમાજ પર પડે છે તથા પડવાની છે એનો ખ્યાલ રાખીને આદર્શ આચારસંહિતાને વળગી રહેવાનો આગ્રહ રાખવો જોઈએ.

* * *

## ૧૩. ગીતાની યજ્ઞભાવના

યજ્ઞની પરંપરા, પ્રથા કે પદ્ધતિ ગીતાના કે ગીતા જેનું અગત્યનું અંગ છે એ મહાભારતના કાળ પહેલાં પણ પ્રવર્તમાન હતી. વેદ, ઉપનિષદ તથા રામાયણમાં એનો ઉલ્લેખ જોવા મળે છે. એવી રીતે વિચારતાં યજ્ઞ શબ્દનો પ્રયોગ ગીતામાં નવો અથવા પહેલવહેલો તો નથી જ. ગીતાના જમાના સુધી યજ્ઞો થતા અને મહત્વના મનાતા. યજ્ઞોના પરંપરાગત રૂઢ સ્વરૂપને સાચવવામાં અથવા અનુસરવામાં આવતું; પરંતુ મહાભારતના સોનેરી સમય દરમ્યાન યજ્ઞની વિચારધારા તથા ભાવનામાં ક્રાંતિકારી પરિવર્તન થયેલું દેખાય છે. યજ્ઞની સ્થૂળ ક્રિયા કરતાં યજ્ઞની સૂક્ષ્મ ભાવના પ્રત્યે જનસમાજનું મન વધારે વળેલું જણાય છે.

મહાભારતના રચયિતા મહર્ષિ વ્યાસ અને ગીતાના ગાનારા ભગવાન કૃષ્ણ બંનેની વિચારધારા અભિનવ અને ક્રાંતિકારી છે. મહાભારતમાં મહારાજા યુધિષ્ઠિરના વિશાળ યજ્ઞમંડપમાં યજ્ઞની પરિસમાપ્તિ પહેલાં પ્રવેશેલા અને જમીન પર આળોટીને પોતાના અર્ધસોનેરી શરીરને સંપૂર્ણ સોનેરી કરવા માટે કોશિશ કરનારા નોળિયાએ આશ્ચર્યચકિત બનેલા સભાજનોને કહેલું કે રાજાના યજ્ઞની પ્રસંશા સાંભળીને એના સુફળથી મારા શેષ શરીરને સોનેરી બનાવવા માટે હું દોડી આવ્યો છું, પરંતુ આ યજ્ઞ એટલો બધો ઉત્તમ, આદર્શ અથવા કલ્યાણકારક નથી. આના કરતાં તો મારા શરીરને આંશિક રીતે સોનેરી બનાવનાર પેલા ગરીબ ક્ષુધાતુર છતાં પણ અતિથિને પોતાનું ભોજન આપનારા કુટુંબનો સેવાયજ્ઞ શ્રેષ્ઠ હતો. આ યજ્ઞની પાછળ અહંકાર, દેખાવ, વિપુલ સંપત્તિ તથા શ્રેષ્ઠતાનું ગૌરવ છે. પરંતુ ભાવના, નમ્રતા, ત્યાગ, સમર્પણ તથા સેવાભાવ નથી. એવું જણાવીને એ નિરાશ નોળિયો ત્યાંથી ચાલી નીકળેલો.

એ ઘટના પ્રસંગ દ્વારા મહાભારતમાં પરંપરાગત યજ્ઞો સામે એક સુંદર અભિનવ સર્વોપયોગી વિચાર મૂકવામાં આવ્યો છે. ગીતા એ વિચારના અનુસંધાનમાં આગળ વધીને જણાવે છે કે જેટલા પણ દ્રવ્યયજ્ઞો, બાહ્ય સાધનોથી થનારા યજ્ઞો છે એમના કરતાં જ્ઞાનયજ્ઞ ઉત્તમ અને કલ્યાણકારક છે. એ પરમપવિત્ર જ્ઞાનયજ્ઞ સદ્‌બુદ્ધિથી પ્રેરાઈને કરવામાં આવે છે અને એમાં કોઈ પ્રકારની સામગ્રીની-ઘી, જવ, તલ, સમિધ, યજ્ઞકુંડ, હોતા, આચાર્ય, કશાની આવશ્યકતા નથી હોતી. એ સારગર્ભિત શબ્દો દ્વારા ગીતાએ જ્ઞાનયજ્ઞનો આશ્રય લેવાનું સૂચવ્યું છે.

શ્રીમદ્ ભાગવતના દસમા સ્કંધમાં પણ ભાગવતકારે યજ્ઞની નવી ક્રાંતિકારી દૃષ્ટિ રજૂ કરી છે. વરસાદની આકાંક્ષાથી ઈન્દ્રને પ્રસન્ન કરવા માટે યજ્ઞનું આયોજન કરવા તૈયાર થયેલા નંદાદિ ગોપોને ભગવાન કૃષ્ણે કહેલું કે માનવનાં સુખદુઃખ એનાં કર્મો પર અવલંબે છે. એમાં ઈન્દ્ર કશું જ કરી નથી શકતો. આપણા સાચા દેવતા તો ગિરિરાજ ગોવર્ધન છે. એમની ગોદમાં આપણે વિહરીએ ને વિશ્રાંતિ કરીએ છીએ. એમનાં વૃક્ષોની શીળી છાયાનો અને ફળોનો અમૃતમય સ્વાદ લઈએ છીએ. એ ગિરિરાજ ગોવર્ધન આપણી ગાયોને આશ્રય આપે છે. આપણી ગાયો પણ દેવતાતુલ્ય છે; એમના દૂધથી આપણે પુષ્ટિ પામીએ છીએ. આપણા દેવતા જેવી આ ધરતી અને એની ઉપર રહેનારાં દીન, દુઃખી, અભાવગ્રસ્ત, અનાથ એ સૌની સેવા કરીએ. એમના શુભાશીર્વાદ મેળવીએ. એમના મુખમાં અન્ન, ફળ, દૂધ, દહીં, માખણની આહુતિ આપીએ.

એમની પૂજા કરીએ. એમને વસ્ત્રો પહેરાવીએ. એમના આત્માઓને સર્વ પ્રકારે સંતોષીએ. એ ઉપરાંત સમાજમાં જે શ્રોત્રિય કે વિદ્વાનો છે, એમનો ઉચિત આદરસત્કાર કરીએ. એનાથી અધિક કલ્યાણકારક યજ્ઞ બીજો કોઈયે ના હોઈ શકે. એવા સુંદર સર્વોત્તમ સેવાયજ્ઞના અનુષ્ઠાન દ્વારા પરમાત્મા પ્રસન્ન થશે ને સુખશાંતિ સાંપડી શકશે.

યજ્ઞના એ અવનવા વિચારને નંદાદિ ગોપોએ ભગવાન કૃષ્ણના પ્રભાવને લીધે સ્વીકાર્યો. એમણે ભગવાન કૃષ્ણના કહ્યા પ્રમાણે જે સેવાયજ્ઞ કર્યો તે સુપ્રસિદ્ધ છે.

પોતાના જીવનના પવિત્ર પ્રભાતકાળ દરમ્યાન વ્યક્ત કરેલા એ વિચારો કૃષ્ણે કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં જીવનના સોનેરી સાયંકાળ સમયે પણ પ્રદર્શાવ્યા છે. ગીતામાં એમનું દર્શન થાય છે.

*

જગતમાં માનવ જન્મે છે ત્યારથી માંડીને જીવે છે અને જગતમાંથી વિદાય લે છે ત્યાં સુધી બીજાની સેવા લેતો હોય છે. માતા એની માવજત કરે છે ને પિતા એનું પાલન. સૂર્ય, ચંદ્ર, પવન, પાણી, પૃથ્વીની રચના એણે નથી કરી. જગતમાં જન્મવા માત્રથી એને એમનો અક્ષય વારસો મળી જાય છે. જે સ્કૂલમાં ભણે છે તે સ્કૂલ, ને રસ્તા પર ચાલે છે તે રસ્તા, વાહનો, અન્ન-વસ્ત્ર, મકાન, પુસ્તકાલય બધું એણે નથી બનાવ્યું. પાણી અને વીજળીની વિશાળ યોજનાઓ પણ સમાજના સદસ્ય તરીકે એને આપોઆપ વારસામાં મળે છે. સમુદ્ર, સરિતા, ઉદ્યાન, ફળ તથા ફૂલને એણે નથી બનાવ્યાં હોતાં તોપણ એ એમનો ઉપભોગ કરે છે. તો પછી એનું પોતાનું કર્તવ્ય શું છે ? જીવનભર લેતાં જ રહેવાનું ? એ જેમ લે છે તેમ આપે એ પણ આવશ્યક છે. વૃક્ષનાં ફળોનો ને છાયાનો ઉપભોગ કરનાર માનવે એકાદ વૃક્ષને ઉગાડવું જોઈએ. પાણી સીંચવું જોઈએ. પુસ્તક, પુસ્તકાલય, સ્કૂલ, દવાખાની રચનામાં નિમિત્ત બનવું જોઈએ. કોઈને ભણવામાં, રોગમુક્ત થવામાં, ઔષધ લેવામાં, કોઈની જ્ઞાનપ્રાપ્તિમાં, કોઈની ક્ષુધા કે તૃષાની તૃપ્તિમાં નિમિત્ત બનવું જોઈએ. નાની કે મોટી, ધન-બળ-વિદ્યા-પદ-પ્રતિષ્ઠા-સત્તા દ્વારા આહુતિ આપવી જોઈએ. એનું નામ યજ્ઞ. ગીતા એવા યજ્ઞનો આદેશ આપતાં જણાવે છે કે કોઈએ એકલપેટા ના થવું જોઈએ. જે પોતાને માટે જ જીવે છે, પોતાની જ સુખશાંતિ, મુક્તિ અને પૂર્ણતાનો વિચાર કે છે કે ઘાટ ઘડે છે તે ચોર છે. સમાજનો હિતશત્રુ છે. એવા માનવનું જીવન અપૂર્ણ અથવા એકાંગી છે. અન્યને ઉપયોગી નથી થતું. આશીર્વાદરૂપ નથી બનતું. સમાજમાં બીજાને માટે જીવનારા, અન્યના સુખે સુખી અને દુઃખે દુઃખી બનનારા માનવતાવાળા માનવો વધે છે ત્યારે સમાજ સુખી બને છે. એથી ઊલટું, સ્વાર્થી માનવો વધે છે ત્યારે દુઃખની ગર્તામાં પડે છે.

यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥३-१३॥

ભગવાન કૃષ્ણ પોતાનું ઉદાહરણ આપતાં કહે છે કે મારે ત્રણે લોકમાં કોઈ પ્રકારનું કર્તવ્ય નથી, મારે કશું મેળવવા જેવું નથી, કશી આશા કે તૃષ્ણા નથી, તોપણ હું કર્મ કરું છું. જો કર્મ ના કરું તો બીજાને પુરુષાર્થની પ્રેરણા ના મળે; માનવો પ્રમાદી બને. અજ્ઞાની માનવો અહંકારમાં અટવાઈને આસક્તિસહિત કર્મો કરે છે તેવી રીતે જ્ઞાનીપુરુષે અહંકારને ઓગાળી નાખીને, આસક્તિનો અંત આણીને કર્માનુષ્ઠાનમાં પ્રવૃત્ત થવું જોઈએ. આપણે આજે સમાજવાદની વાતો કરીએ છીએ પરંતુ સમાજવાદની એવી ઉચ્ચોચ્ચ ભાવનાનો

ઉલ્લેખ ગીતાએ આજથી હજારો વરસો પહેલાં કરેલો છે. સામાજિકતા, સામાજિક ભાવના અને સમાજહિતની કામના ગીતાએ વર્ણવી બતાવી છે. એ ભાવના કે કામના વ્યક્તિગત અથવા સમષ્ટિગત રીતે કલ્યાણકારક છે.

ભગવાન શ્રીકૃષ્ણ એ ચર્ચાવિચારણાના અનુસંધાનમાં જણાવે છે કે જ્યારે જ્યારે ધર્મનો હ્રાસ અને અધર્મની અભિવૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે સજ્જનોની રક્ષા કરવા તથા દુષ્ટતાને દમવા માટે હું યુગેયુગે જન્મું છું. એ કથનમાં યુગેયુગે શબ્દપ્રયોગ ખૂબ જ સૂચક અને અગત્યનો છે. એનો ધ્વનિ એવો ઊંડો છે કે ભગવાન આ અવની ઉપર અવારનવાર આવતાં થાકતા કે કંટાળતા નથી. સંસાર સુધરે કે ન સુધરે, સુખશાંતિમય બને કે ના બને તોપણ એ પોતાનું કર્તવ્ય કર્યા જ કરે છે. સામાન્ય અથવા અસામાન્ય માનવ તો બીજાને એકાદ-બે વાર મદદ કરે અને ધારેલું પરિણામ ના નીપજે તો હતાશ બનીને પુરુષાર્થને મૂકી દે. સંસારના કડવા અનુભવોથી એનું મન એટલું બધું ક્લેશયુક્ત બની જાય કે એ આજ જીવન પ્રત્યે ઉદાસીન બને અને એનો વહેલી તકે અંત આણીને ફરીવાર ભૂલેચૂકે પણ ના જન્મવાની ઈચ્છા રાખે. તો પછી યુગેયુગે જન્મવાની આકાંક્ષા તો રાખે જ કેવી રીતે ? પરંતુ ભગવાનની પ્રવૃત્તિ એવી નથી. એ તો મમતાળુ માતાની પેઠે સંસારની સેવા કર્યા જ કરે છે. માનવના મનમાં અને જીવનમાં પણ ધર્મનો હ્રાસ થાય છે. માનવનું મન અથવા જીવન અધર્મપરાયણ બની જાય છે ત્યારે ત્યારે પરમાત્મા એની અંદર પરમસત્યના સનાતન પાવન પ્રકાશને પ્રગટાવે છે. એ પ્રકાશને પામીને માનવ ધારે તો પદેપદે, પળેપળે, સ્થળેસ્થળે, યુગેયુગે જીવનને જ્યોતિર્મય બનાવી શકે છે. પરમાત્મા પોતે જ લોકકલ્યાણના કર્માનુષ્ઠાનમાં પ્રવૃત્ત બને છે તો એમના મહીમંડળના માનવે તો બનવું જ જોઈએ. ગીતાનો એવો સુસ્પષ્ટ સંકેત છે.

ગીતામાં લોકસંગ્રહ શબ્દનો સવિશેષ પ્રયોગ કરાયો છે. લોકસંગ્રહ શબ્દપ્રયોગ ગીતાનો આગવો શબ્દપ્રયોગ છે. એ શબ્દપ્રયોગ વેદ, ઉપનિષદ, દર્શનશાસ્ત્ર કે રામાયણમાં નથી મળતો. ભગવાન અર્જુનને જણાવે છે કે લોકસંગ્રહનો વિચાર કરીને પણ તારે કર્મ કરવું જોઈએ. ત્યાં લોકસંગ્રહ શબ્દ શું સૂચવે છે ? કેટલાક વિદ્વાનોનું મંતવ્ય એવું છે કે લોકસંગ્રહ એટલે લોક અથવા સંસારને માટે સત્કર્મોનો સંગ્રહ અથવા સમુચ્ચય. એવો સંગ્રહ માનવને માટે આવશ્યક જ નથી પરંતુ આશીર્વાદરૂપ છે. લોકસંગ્રહ શબ્દનો એવો અર્થ આવકારદાયક છે. તોપણ લોકસંગ્રહની ભાવનાનું હાર્દ વધારે સારી રીતે સમજવાની આવશ્યકતા છે. લોકસંગ્રહ દ્વારા સમાજનું શ્રેય સાધવાનું અથવા સમાજને ઉપયોગી થવાનું જે કલ્યાણકર્મ કરવામાં આવે છે એથી આપણે કોઈની ઉપર ઉપકાર કરતા નથી. એથી તો આપણને જ મદદરૂપ બનીએ છીએ. જગતમાં જન્મીને અહીંથી વિદાય થતાં પહેલાં આપણે આદર્શ માનવ તરીકેની સત્કર્મોની સુવાસને છોડી જવાની છે. માનવ તરીકે આપણા શરીરનો બને તેટલો વધારે ને વધારે સદુપયોગ કરવાનું અને એના દ્વારા અન્યને ઉપયોગી બનવાનું આપણું પવિત્ર કર્તવ્ય છે. એની આપણે અવજ્ઞા કરી શકીએ નહીં. એથી સૌથી પહેલો લાભ આપણને જ પહોંચે છે.

ભારતીય સંસ્કૃતિએ માનવજીવનના દ્વિવિધ આદર્શ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે : વ્યક્તિગત સમુન્નતિ અને અન્યની સુખાકારી. એ દ્વિવિધ આદર્શની સિદ્ધિનો સમ્યક્ પ્રયત્ન કરનારા જીવનને આદર્શ કહી શકાય. સંસારના સઘળા પદાર્થો દ્વારા દ્વિવિધ પ્રયોજનોની પૂર્તિ થાય છે. ફૂલ ખીલે છે ત્યારે સ્વયં સુવાસથી તથા

સુંદરતાથી સંપન્ન બને છે. પરંતુ સાથેસાથે જે ડાળી પર ખીલે છે એ ડાળીને સુંદરતા સમર્પે છે અને જે અરણ્યનું અંગ હોય છે એ અરણ્યને આકર્ષક, આહ્લાદક, સુવાસસભર કરે છે. સરિતા સલિલથી સંપન્ન બને છે અને અન્યને સલિલ અર્પે છે. માનવને અને પશુપક્ષીને મદદ કરે છે. ધરતીને ચેતનવંતી તથા સસ્યશ્યામલા બનાવીને નવું રૂપ ધરે છે. એની અંદર સંજીવન ભરે છે. સૂર્ય સ્વયં પ્રકાશપુંજ હોવાની સાથેસાથે પ્રકાશ રેલે છે. અન્યના અંધકારનો અંત આણે છે. વૃક્ષ, છાયા, કાષ્ઠ, પત્ર-પુષ્પ-ફળથી સંપન્ન બનવાની સાથેસાથે અન્યને એમનું દાન દે છે. વરસાદી વાદળ વારિથી ભરાઈને જગતનું જીવન બને છે. પ્રકાશવાન પ્રદીપ આજુબાજુ સઘળે પ્રકાશ પાથરે છે. પૃથ્વી તિતિક્ષાથી સંપન્ન બનીને જુદાજુદા જીવોને ધારણ કરે છે. વિશ્વમાં એવી રીતે કોઈપણ પોતાની જ કાજે જીવતું નથી દેખાતું. કોઈની દ્વારા કેવળ વ્યક્તિગત પ્રયોજનની પૂર્તિ નથી થતી. સૌ દ્વારા સમષ્ટિગત સુખશાંતિ-સમૃદ્ધિ-સમુન્નતિ પણ સધાય છે. તો પછી માનવ એ વિશ્વવ્યવહારમાંથી કેવી રીતે બાકાત રહી શકે ? એનાથી અસ્પર્શ્ય અથવા મુક્ત રહેવામાં એની શોભા ના ગણાય. એ તો સંસારમાં સૌથી વિશેષ સુવિચારશીલ, સંસ્કારી, સાધનસંપન્ન, સમૃદ્ધ, સુશિક્ષિત મનાય છે. એનું ગૌરવ એને માટે જ જીવવામાં અથવા એકલપેટા બનવામાં નથી. એ પોતાનાં જ સુખ, શાંતિ, સમૃદ્ધિ, સમુન્નતિ, મુક્તિ કે પૂર્ણતાને જીવનનું ધ્યેય બનાવે અને એની સંસિદ્ધિ સારુ શ્વાસ લે એ ભારતીય સાંસ્કૃતિક પરંપરાને પસંદ નથી. માનવો સર્વે ભૂતોના હિતમાં રત બને અને એને સારુ સમર્પિત બનતાં શીખે, બીજાને મુક્ત કરવામાં કે પૂર્ણતા તથા પ્રશાંતિ ધરવામાં ગૌરવ ગણે, એવો એનો સંદેશ છે. ગીતા એ સંદેશનો સુંદર પવિત્ર પ્રતિઘોષ પાડે છે. પ્રત્યેક પુરુષે એ સંદેશને ઝીલીને પોતાની જાતને પૂછવું જોઈએ કે મેં બીજાને માટે શું કર્યું. પોતાને માટે કે પોતાના પરિવાર માટે તો દ્રવ્યનું ઉપાર્જન કર્યું, પરંતુ બીજાને માટે થોડાક પણ દ્રવ્યનો ઉપયોગ કરી શકાયો ? પોતાને માટે તો વિદ્યા મેળવી પરંતુ એ વિદ્યા દ્વારા અન્યના અવિદ્યારૂપી અંધકારનો અંત આણીને આશીર્વાદરૂપ બની શકાયું ? પદ-પ્રતિષ્ઠા-સત્તા-અધિકાર સઘળું પોતાને માટે તો મેળવ્યું પરંતુ એમની મદદથી કોઈનું કાંઈક પણ શુભ કરી શકાયું ? જીવન પોતાને માટે જ જિવાયું કે બીજાને કાજે પણ જીવી શકાયું ? વૃક્ષની શીતળ છાયા માણી તો ખરી, પરંતુ કોઈને માટે એકાદ પણ વૃક્ષ કે છાયાનું સર્જન કરી શકાયું ? કોઈનું અશ્રુ લૂછી શકાયું ? કોઈના શરીર પર વસ્ત્ર વીંટાયું ? કોઈને અન્ન અપાયું ? પાણી પવાયું ? જીવન બક્ષાયું ? એનો ઉત્તર હા માં મળતો હોય તો જીવન સફળ છે, સાર્થક કે યજ્ઞમય છે. અને જો ના માં મળતો હોય તો નિષ્ફળ, નિરર્થક, અપૂર્ણ અથવા યજ્ઞરહિત છે.

*

છેલ્લાં ત્રણેક વરસથી ગુજરાતમાં વરસાદની જોઈએ તેવી કૃપા નથી રહી. એના કેટલાય વિભાગોમાં અકાળ જેવી પરિસ્થિતિ છે. માનવોની ને પશુઓની પીડાનો પાર નથી. તોપણ માનવોનું મનોબળ સારું છે. સૌ આવી પડેલી આફતને બને તેટલી ધીરજ, સહનશક્તિ અને શાંતિથી સહન કરે છે અને પોતપોતાની રીતે બીજાને મદદરૂપ બને છે. જામનગરમાં આ વરસે મારાં પ્રવચનો ચાલતાં હતાં ત્યારે મેં એના અનેક ઉદાહરણો જોયાં. સુપ્રસિદ્ધ ભીડભંજન મહાદેવમાં બે-ત્રણ સાધુપુરુષો રહેતા. એ સાધુપુરુષો રોજ સવારે અગિયાર-સાડા અગિયાર વાગ્યાના અરસામાં ખભે કાવડ મૂકીને ભગવન્નામના જયઘોષ કરતા નગરના જુદા જુદા ભાગોમાં નીકળી પડતા અને જે કાંઈ રસોઈ મળતી તેને લઈને બપોરે ત્રણેક વાગ્યા પહેલાં પાછા

ફરતા. એમનો કર્મયોગ અથવા સેવાયજ્ઞ અદ્‌ભુત હતો. મંદિરમાં સ્વસ્થાને પાછા ફરીને એ ભોજન કરતા. સાંજે મંદિરમાં સત્સંગનો નિર્ધારિત સમય પૂરો થતો એટલે એ તરફ અસંખ્ય ગરીબો અથવા અભાવગ્રસ્ત માનવો એકઠાં થતાં, ભગવાનનું પવિત્ર નામસંકીર્તન કરતાં લાઈનબંધ બેસી જતાં અને એમને અતિશય પ્રેમપૂર્વક જમાડવામાં આવતાં. કેટલીક સામગ્રીઓ ત્યાં પણ તૈયાર કરવામાં આવતી. એ સેવાયજ્ઞને નિહાળીને મારી પ્રસન્નતાનો પાર રહ્યો નહિ.

મોરબીમાં પણ એવો જ યજ્ઞ ચાલી રહેલો. ત્યાં કેટલાક સ્વયંસેવકો હાથલારી લઈને સંકીર્તન કરતા શહેરમાં ફરતા ને જે કાંઈ મળતું તે ગરીબ પ્રજાને જમાડતા. કેટલેક ઠેકાણે છાશકેન્દ્રો તથા પશુકેન્દ્રો ચાલતાં. સૌરાષ્ટ્રનાં કેટલાક શહેરોમાં એવાં પણ સેવાકેન્દ્રો સ્થપાયેલાં જ્યાં ફકત પચીસ પૈસામાં ભરપેટ ભોજન મળતું. ઠેકઠેકાણે નેત્રયજ્ઞો તથા દંતયજ્ઞો પણ થયા કરતા. જનતાને આવશ્યકતા પ્રમાણે વસ્ત્રો, પુસ્તકો તથા દવાનું દાન પણ કરવામાં આવતું. અભાવ અથવા અકાળના વિપરીત વખતમાં થઈ રહેલી એવી પ્રવૃત્તિઓનો પ્રભાવ મારા પર પુષ્કળ પ્રમાણમાં પડે એ સ્વાભાવિક હતું. એ પ્રવૃત્તિઓના પ્રવર્તકો તથા પોષકોનો મેં અભિનંદન આપ્યાં. મારાથી બનતી સહાયતા પણ કરી.

આજે એવા સેવાયજ્ઞોની આવશ્યકતા છે. સેવાયજ્ઞો જ સંસારને સુખી કરી શકશે. શાંતિ ધરશે, સમૃદ્ધિ બક્ષશે. માનવતાને રક્ષીને મહેકતી કરશે. સંપત્તિનું સમુચિત વિતરણ કરશે. સંસારમાં સ્વર્ગ સરજશે.

*

ગીતાના ત્રીજા અધ્યાયમાં યજ્ઞની ભાવનાને રજૂ કરતાં કહેવામાં આવ્યું છે :

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥३-१०॥
देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।
परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥३-११॥
इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥३-१२॥
अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसम्भवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥३-१४॥

એટલે કે યજ્ઞની સાથે બ્રહ્માએ પ્રજાનું સર્જન કરીને કહ્યું કે આ યજ્ઞ દ્વારા તમે પ્રગતિ કરો. એ તમારા માટે કામધેનુ સમાન કલ્યાણકારક અને સર્વ કામનાઓની સિદ્ધિ કરનાર બનો. એથી દેવોને પ્રસન્ન કરો એટલે દેવો તમને અનુગૃહિત કરશે. પારસ્પરિક સદ્‌ભાવ અને પ્રેમભાવથી તમે કલ્યાણપ્રાપ્તિ કરશો. યજ્ઞના ભાગથી તૃપ્તિ તથા પ્રસન્નતા પામેલા દેવો તમને ઈપ્સિત પદાર્થોનું દાન દેશે. એમને અર્પણ કર્યા વિના જે ભોગોપભોગ કરે છે તે સ્તેન કહેવાય છે. અપરાધી છે. યજ્ઞના શેષભાગને ખાનારા સર્વે પાપદોષોમાંથી મુક્તિ મેળવે છે, પરંતુ જે પોતાને માટે જ પકાવે છે અથવા એકલપેટા બને છે તે પાપ ખાય છે. અન્નથી ભૂતો થાય છે, વરસાદથી અન્ન સંભવે છે, યજ્ઞથી વરસાદ થાય છે, યજ્ઞ કર્મના પરિણામે પ્રગટે છે. કર્મ બ્રહ્મામાંથી

પ્રાદુર્ભાવ પામે છે, યજ્ઞ અક્ષર પરમાત્મામાંથી. એવી રીતે સર્વવ્યાપક પરમાત્મા સદા યજ્ઞમાં પ્રતિષ્ઠિત હોય છે.

એ શ્લોકમાં યજ્ઞથી વરસાદ થવાની વાત કહી છે. એ સાચું પરંતુ એ યજ્ઞ કેવળ સ્થૂળયજ્ઞ કે દ્રવ્યયજ્ઞ નથી; સત્કર્મરૂપી યજ્ઞ છે. માટે તો **यज्ञः कर्मसमुद्भवः** જણાવ્યું છે. માનવ જે સત્કર્મો કરે છે તે જ યજ્ઞમય બને છે. એથી કુદરત અનુકૂળ બને છે અને સુખ, શાંતિ, સમૃદ્ધિ વધે છે. પેલી પ્રાચીન કવિતાપંક્તિમાં કહેવાયું છે કે હે રાજા, તમારા રાજ્યમાં માગ્યા વરસાદ વરસે છે. કારણ કે તમારું જીવન ભક્તિવાળું-પરમાત્માની શ્રદ્ધાભક્તિથી સંપન્ન, પવિત્ર, સંયમી અને સત્કર્મપરાયણ છે.

"માગ્યે મેહ વરસે તમ દેશ, ભક્તિવંત તમારો વેશ."

જે દેશના માનવો તથા રાષ્ટ્રનાયકો માનવતાનો મૃત્યુઘંટ વગાડવામાં પ્રવૃત્ત હોય, ધર્મનીતિ તથા ભક્તિપરાયણ ના હોય, તે દેશમાં માગ્યા મેહ વરસી શકે નહીં અથવા પ્રકૃતિ એને અનુકૂળ થઈને એના પર સુખ, શાંતિ, સંપત્તિ, સમૃદ્ધિનો શુભાશીર્વાદ ના વરસાવી શકે. જે પ્રજા સુખ, શાંતિ, સંપત્તિથી સંપન્ન બનવા માગતી હોય તેણે સત્કર્મોથી સંપન્ન બનવું જોઈએ. ગીતાનો એવો સંદેશ છે. એ સંદેશને ભૂલીને આપણે ગીતાના સ્થૂળ મનફાવતા શબ્દાર્થને જ પકડી રાખ્યો છે. તેથી જેટલો થવો જોઈએ તેટલો લાભ નથી થઈ શક્યો. કેટલાક કહે છે કે સ્થૂળ યજ્ઞથી વાયુમંડળની વિશુદ્ધિ થાય છે. પરંતુ એ કથન આદર્શ નથી લાગતું. વાયુમંડળની વિશુદ્ધિ તો વિશુદ્ધ વિચારોથી, ભાવોથી તથા કર્મોથી જ થતી હોય છે. એ જ વિશુદ્ધિ વાસ્તવિક અને શાશ્વત હોય છે. માનવ પોતે માનવતામંડિત, મધુર, પવિત્ર, સત્કર્મપરાયણ બનવાની કોશિશ કરે તો વાયુમંડળ આપોઆપ વિશુદ્ધ બને છે. છતાં પણ જેમને એવા દ્રવ્યયજ્ઞોનો આધાર લેવો હોય તો ભલે લે. આપણને એમની સામે કશી જ હરકત નથી. આ તો એક વિચારસરણીની રજૂઆત કરી છે. ગીતા એની આગવી રીતે એ વિચારસરણીનું સમર્થન કરે છે.

* * *

## ૧૪. અંત સમયની સાધના

અંત સમયને સુધારવાની અથવા તો એમ કહો કે સમગ્ર જીવનને ઉજ્જવળ બનાવવાની, સુધારવાની અને કેવી રીતે જીવનના અંતિમ સમયને સુધારી લેવાની, વિચારસરણીનું દર્શન ગીતામાં થઈ રહે છે. જીવન મહત્વનું છે તેમ જીવનનો અંતકાળ પણ અગત્યનો છે, અને જીવનનું ધ્યાન રાખવું જોઈએ તેમ એના પ્રત્યે ગાફેલ ના રહેવું જોઈએ, એવો ગીતાનો સંદેશ છે. શરીર છોડવાનો સમય આવે ત્યારે શું કરવું ને કેવી રીતે શરીર છોડવું જોઈએ તે વિશે ગીતાએ કેટલાક રસમય વિચારો રજૂ કર્યા છે. એ વિચારનું વિહંગાવલોકન કરી લઈએ.

બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યા પછી છેલ્લા શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે હે અર્જુન, આ બ્રાહ્મી સ્થિતિ છે. એને પામ્યા પછી મોહ થતો નથી. અંતકાળે પણ જો એમાં સ્થિતિ કરવામાં આવે તો બ્રહ્મનિર્વાણની પ્રાપ્તિ થાય છે. સાધક શરીર છોડીને પરબ્રહ્મ પરમાત્મામાં મળી જાય છે.

એ શ્લોક મોટેભાગે જ્ઞાનીપુરુષોને ઉદ્દેશીને કહેવામાં આવ્યો છે. જે મહાપુરુષે પોતાના જીવનકાળ દરમ્યાન જ સ્થિતપ્રજ્ઞ દશાની પ્રાપ્તિ કરી હોય એને માટે એમાંથી ચલાયમાન થવાનો પ્રસંગ ભાગ્યે જ ઉપસ્થિત થાય છે. એની સ્થિતપ્રજ્ઞાવસ્થા આખર સુધી અક્ષય રહે છે. તોપણ એનો અર્થ એવો નથી કે એવા મહાપુરુષે પ્રમાદી બનવું કે ગાફેલ રહેવું. જીવનના આધ્યાત્મિક વિકાસની ઉચ્ચોચ્ચ અવસ્થાએ પહોંચ્યા પછી પણ એણે જાગ્રત અથવા આત્મનિષ્ઠ તો રહેવાનું જ છે. અખંડ આત્મનિષ્ઠા અથવા આત્મજાગૃતિનો અભાવ હોય તો એની દશા મૃગશાવકમાં મમત્વ કરીને આસક્ત બનેલા ને ભાન ભૂલેલા રાજર્ષિ ભરત જેવી દુઃખદ અને કરુણ થઈ પડે. જીવનમાં ઉચ્ચતમ અવસ્થાની પ્રાપ્તિ કરીને આત્મતૃપ્ત બનીને બેસી રહેવાનું નથી. પરંતુ એ અવસ્થાને અવિકારી, અપરિવર્તનશીલ, અખંડ બનાવવાની છે. જીવનના સર્વકાળે અને અંતકાળે પણ એમાં વિક્ષેપ ના પડે એનું ધ્યાન રાખવાનું છે. અંતકાળ પણ કોઈ કારણે બગડવો ના જોઈએ એવો ભાવાર્થ એ શ્લોકમાં અભિપ્રેત છે.

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥२-७२॥

અંતકાળે શરીરનો પરિત્યાગ કરતી વખતે યોગીપુરુષે શું કરવું જોઈએ એ વિશે પ્રકાશ પાડતાં આઠમા અધ્યાયના નવમા અને દસમા શ્લોકમાં જે કહ્યું છે તે ખૂબ જ નોંધપાત્ર છે.

"કવિ, પુરાતન, સૌના શાસક, અણુથી પણ અણુ, સર્વનું પાલન કરનારા, મનબુદ્ધિથી પૂર્ણપણે વિચારી ના શકાય એવા સ્વરૂપવાળા, અંધકારથી પર, સૂર્યસમાન પ્રકાશવાળા પરમાત્માને પ્રયાણકાળ વખતે મનને સ્થિર રાખીને, ભક્તિ તથા યોગબળથી સંપન્ન બનીને, બંને ભ્રમરની મધ્યના પ્રદેશમાં પ્રાણનો પ્રવેશ કરીને, જે યાદ કરે છે અને એ પરમાત્મામાં મનને સ્થાપે છે તે પુરુષ પરમપુરુષ દિવ્ય પરમાત્માને પ્રાપ્ત થાય છે."

એ પછીના બારમા તથા તેરમા શ્લોકમાં પણ કહેવામાં આવ્યું છે કે "શરીરનાં સઘળાં દ્વારોને બંધ કરી, મનને હૃદયમાં રોકી રાખી, પ્રાણને મસ્તકમાં સ્થિર કરી, યોગધારણામાં સ્થિત થઈ ઓમકારરૂપી એકાક્ષર બ્રહ્મનું ચિંતનમનન અથવા મારું સ્મરણ કરતાં જે દેહત્યાગ કરે છે તે પરમગતિને પામી લે છે.

प्रयाणकाले मनसाचलेन भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥८-१०॥

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥८-१२॥
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥८-१३॥

એવી યોગસાધનાની મદદથી શરીરને છોડવાનું કામ સૌને માટે સહેલું નથી હોતું. જેમણે જીવનભર પ્રાણાયામાદિ યોગસાધનાનો અભ્યાસ કર્યો હોય અને જે એની ક્રિયાપ્રક્રિયાઓમાં પારંગત બન્યો હોય એવા અસાધારણ યોગીપુરુષો જ એવી અલૌકિક રીતે પોતાના પાર્થિવ શરીરનો પરિત્યાગ કરી શકે. એવા યોગીપુરુષોની સંખ્યા એકદમ ઓછી હોય એ સહેલાઈથી સમજી શકાય તેમ છે. તો પછી એવા અસાધારણ યોગીપુરુષો સિવાયના બીજા સામાન્ય માનવો કે સાધકોનું શું ? એમને ઉત્તમોત્તમ મરણોત્તર ગતિની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે ? એ પાર્થિવ પૃથ્વી પરના પોતાના પ્રયાણને કેવી રીતે ઉત્સવમય બનાવી શકે ? ગીતાએ એનો ઉત્તર પણ આપ્યો છે. એ સૂચવે છે સૌથી સરળ, સાદી, સચોટ સાધના પરમાત્માના નામમાં પોતાના મનને લગાડી દેવાની અને પરમાત્મા સિવાયના બીજા પદાર્થોમાંથી ઉપરામતા કેળવવાની છે. એ સાધના સંસારી અને ત્યાગી, વિવિક્તવાસી અને વસતિમાં વસનારા સૌ કોઈ કરી શકે છે. પરમાત્માના નામમાં મનને જોડવાની પાછળ મનને પરમાત્માપરાયણ બનાવવાનો અથવા પરમાત્માના પ્રેમથી પરિપ્લાવિત કરવાનો સંદેશ સમાયેલો છે. એ સંદેશને સાર્થક કરવાથી જીવન સુધરે છે ને મૃત્યુ મંગલમય બને છે. ગીતાના આઠમા અધ્યાયના પાંચમા શ્લોકમાં કહ્યું છે :

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥८-५॥

"અંતકાળે જે મારું સ્મરણ કરીને શરીરને છોડીને પ્રયાણ કરે છે તે મને જ પામે છે એમાં શંકા નથી."

એ સાધના ધાર્યા કરતાં ઘણી સહેલી લાગે છે. અંતકાળે બધા બાહ્ય વિષયોમાંથી અને મનની નાનીમોટી મમતામાંથી મનને મુક્ત કરીને સર્વેશ્વર પરમાત્મામાં જોડી દેવું, એથી પરમાત્મામય બની શકાય. પરંતુ અંતકાળની એવી સાધનાની સફળતા પણ કાંઈ સહેલાઈથી નથી થઈ શકતી. એને માટે જીવનમાં પહેલેથી જ પરમાત્માના શરણ અને સ્મરણ-મનન દ્વારા એવો અભ્યાસ પાડવો જોઈએ કે પરમાત્મા સિવાય બીજા કશામાં આસક્તિ રહે જ નહીં. કશાનો રાગ રહે નહીં. જીવન દરમ્યાન પરમાત્માનું સ્મરણ ના હોય અને અંતકાળે એની આશા રાખીએ તો એ આશા મોટે ભાગે ઠગારી ઠરે. માટે કશું ઉધાર ના રાખવું જોઈએ. અંતકાળે નામ લઈશું ને પરમાત્મામાં મનને જોડીશું એમ માનવાને બદલે જીવનના સઘળા સમય દરમ્યાન નામ લેતા રહીએ એ જ બરાબર છે. અંતકાળે ગંગાજળ કે યમુનાજળની આશા રાખવાને બદલે અત્યારે જ

ગંગાયમુનામાં સ્નાન કરીએ, એના પવિત્ર પાણીનું પાન કરીએ, એમના પ્રશાંત પવિત્ર તટપ્રદેશ પર અનુકૂળતાનુસાર રહીને સાધનભજન કરીએ ને જીવનનું શ્રેય સાધીએ. અંતકાળે આપણા મુખમાં કોઈ તુલસીદલ મૂકે એવી અપેક્ષા રાખવાને બદલે અત્યારથી જ તુલસીદલનું સેવન કરીએ. એ આરોગ્યવર્ધક છે. અત્યારથી જ સંકીર્તનના સુમધુર સ્વરોથી કાનોને ભરી દઈએ. અંતરને આપ્લાવિત કરીએ. ભગવાનનું ધ્યાન ધરીએ. જીવન દરમિયાન ભગવાનનું સ્મરણ થતું રહેશે તો અંત સમયે પણ ભગવાન સિવાય બીજા કશાનું સ્મરણ નહીં સતાવે.

*

જ્ઞાની, ભક્ત કે યોગી સિવાયના બીજા સામાન્ય વિષયી માનવોની મરણોત્તર ગતિસંબંધી સૂચન પણ ગીતામાંથી મળી રહે છે. "જે જે વિષય, વસ્તુ, વ્યક્તિ કે ભાવનું સ્મરણ કરીને માનવ શરીરને પરિત્યાગે છે તે તે વિષય, વસ્તુ, વ્યક્તિ કે ભાવની અસર નીચે આવીને તેની પ્રાપ્તિ કરે છે."

यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥८-६॥

એનો અર્થ સંક્ષેપમાં એવો થાય છે કે ભગવાનમાં મનને જોડવાથી ભગવાનની પ્રાપ્તિ થાય છે ને સંસારના વિષયોમાં મનને પરોવવાથી વિષયોની પ્રાપ્તિ. ભગવાનની પ્રાપ્તિ શાંતિ, સિદ્ધિ, શાશ્વત સુખાકારી તથા મુક્તિનું ને વિષયોની પ્રાપ્તિ અશાંતિ, અધઃપતન, ક્લેશ તથા બંધનનું કારણ થઈ પડે છે. એ બંને માર્ગોમાંથી કોઈપણ એક માર્ગની પસંદગી કરવાની સૌને સ્વતંત્રતા છે. જીવનના કલ્યાણની પ્રાપ્તિની અભિલાષાવાળા પુરુષો પરમાત્માની પ્રાપ્તિના પાવન પથને પસંદ કરશે એમાં શંકા નથી.

* * *

## ૧૫. ગીતાનો યોગ

**૧. કર્મયોગ**

માનવની પ્રકૃતિ જ સામાન્ય રીતે એવી છે કે કોલાહલ અથવા સહેજ પણ કોલાહલ થતો હોય તો શાંતિને સાચવી ના શકે, સ્વસ્થતાથી વાંચી, વિચારી, લખી કે ધ્યાન ધરી ના શકે, અથવા મનને પોતાના પ્રિય પદાર્થમાં પરોવીને એકાગ્ર ના કરી શકે, એમાં તલ્લીન તો ભાગ્યે જ બની શકે. કોઈક ગંભીર ચિંતન-મનન કરવાનું હોય તો શાંતિની, બાહ્ય શાંતિની પણ અપેક્ષા રાખે છે. એ સંદર્ભમાં ગીતાના ગાયક ભગવાન કૃષ્ણના વ્યક્તિત્વનો વિચાર કરવા જેવો છે. એ એકાંત અરણ્યમાં, કોલાહલરહિત કર્મપ્રદેશમાં, ગંભીર ગિરિગુફામાં, શાંત સરિતાતટ પર, પુષ્પોના પરિમલ પ્રસન્ન ઉલ્લાસદાયક ઉદ્યાનમાં કે નિઃશબ્દ બંધ ઘરમાં નથી બેઠા. એ તો મહાયુદ્ધના મહાભીષણ મેદાનમાં છે. એમની આસપાસ સુવિશાળ સંગ્રામાતુર સેના છે. અશ્વોનો હણહણાટ, શસ્ત્રોના ખખડાટ, યુદ્ધકુશળ યોદ્ધાઓના શૂરવીરતાપૂર્ણ શબ્દધ્વનિ છવાયેલા છે. એમની વચ્ચે પણ એ સ્વસ્થચિત્ત અને શાંત છે. જ્ઞાનવિજ્ઞાનનાં ગૂઢાતિગૂઢ રહસ્યોને રજૂ કરતાં સહેજ પણ ક્ષોભ નથી અનુભવતા. એમની માનસિક સ્થિરતા અનંત અથવા અખંડ છે. એમનું આત્માનુભૂતિથી આલોકિત અંતર સહેજ પણ ક્ષુબ્ધ નથી બનતું. શાશ્વતી શાંતિ એમની ચિરસહચરી બનીને એમના વ્યક્તિત્વના પ્રત્યેક પાસામાં એવી રીતે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રગટ થાય છે. એમનું મુખમંડળ સહેજ પણ મ્લાન નથી બનતું. એ શું સૂચવે છે ? એ જ કે આદર્શ કર્મયોગી ભગવાન કૃષ્ણની પેઠે પ્રત્યેક પરિસ્થિતિમાં, સમ કે વિષમ વાતાવરણમાં, સ્વસ્થ અને શાંત હોય છે. એની પ્રસન્નતા કદી પણ કોઈયે કારણે કરમાતી નથી. ભગવાન કૃષ્ણ ગીતાના આદર્શ કર્મયોગના પ્રતીક જેવા છે.

ગીતાનો આદર્શ કર્મયોગ માનવને પોતાના સ્વભાવને સુધારવાનું, સંકલ્પોને શુચિ તથા સાત્વિક બનાવવાનું, તથા મન અને અન્ય ઈન્દ્રિયો પર કાબૂ કરવાનું શીખવે છે. એવો શુચિ, સાત્વિક, સંયમી પુરુષ પરિસ્થિતિથી પ્રભાવિત બનવાને બદલે પરિસ્થિતિ પર પોતાનો પ્રભાવ પાડતો હોય છે. પરિસ્થિતિ ગમે તેવી હોય તોપણ ચિત્તની સમતુલાને ગુમાવતો નથી. જય મળે કે પરાજય, સુખ આવે કે દુઃખ, લાભ મળે કે હાનિ, ઉલ્લાસના અવસર આવે કે વિષાદના, તોપણ મનને સ્વસ્થ રાખી શકે છે. બનાવેલી બાજી બગડી જાયે કે બગડેલી બાજી સુધરી જાય અથવા ના બનાવેલી ના કલ્પેલી બાજી સાકાર થાય તોપણ; આજુબાજુ અંધકારના ઓળા ઊતરી પડે, પ્રકાશનાં રહ્યાંસહ્યાં રશ્મિ અદૃશ્ય થાય અથવા એકાએક પ્રકાશ પથરાઈ જાય તોપણ; સ્નેહીજનો વિરોધી બને કે વિરોધી સ્નેહી બને તોપણ; જીવનમાં આઘાત-પ્રત્યાઘાતના પાર વિનાના પ્રસંગો પેદા થાય કે શમી જાય તોપણ; રથ દેખાય કે પથ ધૂલિધૂસર બનીને દેખાતો બંધ થાય તોપણ; આશાના કિલ્લા તૂટી પડે કે તૂટેલા ફરીવાર તૈયાર બને તોપણ; જીવનના જટિલ જંગમાં, મહાભારત મેદાનમાં વિરોધીઓ સામે લડવું પડે કે સહન કરવું પડે, પ્રહારો કરવા પડે અથવા સહવા પડે તોપણ; મનને શાંત રાખે છે. ગીતાના કર્મયોગનું એ અગત્યનું લક્ષણ છે-સમતા. સમતા સઘળા સંજોગો દરમ્યાન અને સર્વે જીવો પ્રત્યે એટલે કે આદર્શ કર્મયોગી સૌની અંદર પરમાત્માના પવિત્ર પ્રકાશને પેખે છે. જગતના જુદાજુદા

નામ-રૂપ-રંગવાળા પદાર્થોની અંદર જે એકમાત્ર પરિવર્તનશીલ પરમાત્માનો પ્રકાશ પથરાયેલો છે તે પ્રકાશનું દર્શન કરે છે. એના પરિણામે કોઈનો દ્વેષ નથી કરતો, કોઈને શત્રુ નથી સમજતો, સૌના પ્રત્યે પવિત્ર પ્રેમ રાખે છે અને સૌના હિતસાધનમાં સંલગ્ન રહે છે. એ સર્વહિતની સાધના નિઃસ્વાર્થ અથવા નિષ્કામ હોય છે. એવી સાધના દ્વારા એને પોતાને કશું જ મેળવવાનું નથી હોતું. એક માનવ તરીકેના પોતાના સ્વાભાવિક કર્તવ્ય તરીકે એ એની સાધના કરતો હોય છે. અથવા એમ કહો કે એના દ્વારા એવી સાધના થયા કરતી હોય છે. એને લીધે એને અસાધારણ આત્મસંતોષ મળે છે. એ જ તેનો પુરસ્કાર હોય છે.

*

ગીતાનો કર્મયોગ કર્મક્ષેત્રથી કંટાળવામાં, કર્મને ત્યાગવામાં કે ભાગી જવામાં નથી માનતો. કર્મક્ષેત્રને વફાદાર રહેવામાં, કર્મના અથવા સ્વધર્મના પાલનમાં અને જીવનસંગ્રામમાં રહીને પ્રશ્નો તથા સમસ્યાઓના કરાતા શૂરવીરતા સાથેના સફળતાપૂર્વકના પ્રતિકારમાં માને છે. એ ક્ષણિક સ્મશાનવૈરાગ્યને ઉત્તેજવા નથી માનતો. ક્લૈબ્યની ઉપાસના નથી કરતો. દૈન્યની આરતી નથી ઉતારતો. સમાજ સાથેના સંબંધ-વિચ્છેદમાં, લગ્ન-પારિવારિક જીવન કે પ્રવૃત્તિને તિલાંજલિ આપવામાં ગૌરવ નથી ગણતો. એ જગતની ને જીવનની વાસ્તવિકતાને સ્વીકારે છે, એમાં પરમાત્માની દૈવીલીલાનું દર્શન કરે છે, જીવન અને જગતની સમસ્યાઓને સમુચિત ન્યાય આપે છે, અને એમાંથી માર્ગ કાઢે છે. જીવનથી કંટાળતો નથી, નિરાશ નથી બનતો, નાસીપાસ નથી થતો. અર્જુન પોતાના સ્વાભાવિક કર્મને પરિત્યાગીને ભિક્ષુ બનીને ભિક્ષાન્ન પર નિર્વાહ કરવાની ઈચ્છા રાખતો'તો. એ ઈચ્છા એણે ભગવાન કૃષ્ણની આગળ પ્રદર્શિત કરી પણ ખરી. ભગવાન કૃષ્ણે એને એટલા માટે જ કર્મયોગનો સનાતન સુંદર સુખકારક સંદેશ આપ્યો. ભગવાને એને કહ્યું કે મારે ત્રણે લોકમાં કોઈ પ્રકારનું કર્તવ્ય નથી, કશું મેળવવા જેવું નથી, કર્મનું અનુષ્ઠાન ના કરવાથી કશું ગુમાવવાનું નથી, તોપણ હું કર્મ કરું છું. તો પછી બીજા સામાન્ય મનુષ્યોએ તો પોતાના અને પોતાની સાથે સંકળાયેલા જીવોના ધારણપોષણ અને ઉત્કર્ષને માટે તેમજ સામાજિક સુખ, શાંતિ, સમૃદ્ધિને માટે કર્માનુષ્ઠાન કરવું જ રહ્યું. એ અનુષ્ઠાન સદ્‌બુદ્ધિથી સંપન્ન બનીને જાગૃતિપૂર્વક કરાવું જોઈએ. બધા જ અથવા મોટા ભાગના માનવો જો કોઈ પ્રકારની ગેરસમજ, ભ્રાંતિ, ભીતિ, ક્ષણિક આવેગ, આઘાત, ઉશ્કેરાટ, હતાશા અથવા એવા જ કોઈક બીજા કારણને વશ થઈને પોતપોતાના વ્યક્તિગત, પારિવારિક કે સમષ્ટિગત કર્મોનો પરિત્યાગ કરે તો એનું પરિણામ કેટલું બધું ભયંકર આવે એની કલ્પના સહેલાઈથી કરી શકાય તેમ છે. ગૃહ તથા કુટુંબજીવન તૂટી પડે, સામાજિક વ્યવસ્થા છિન્નભિન્ન થઈ જાય અને રાષ્ટ્રજીવનને મોટું નુકશાન પહોંચે.

*

એની સાથે એ પણ યાદ રાખવાનું છે કે ગીતા આંખ મીંચીને ફાવે તેવા કર્મો કરવાનો આદેશ નથી આપતી. કર્મોની પાછળ વિવેકનું પીઠબળ હોવું જોઈએ તથા કર્મોનું અનુષ્ઠાન ચોક્કસ પ્રયોજનથી પ્રેરાઈને પોતાના ને બીજાના વિકાસમાં મદદ મળે એવી રીતે કરાવવું જોઈએ. પૂર્ણતાપ્રાપ્ત, મુક્ત અથવા પૂર્ણતાની ને મુક્તિની ઈચ્છાવાળા મહામાનવોએ પણ લોકહિતના કલ્યાણકાર્યોમાં પ્રવૃત્ત થવું જોઈએ. અધ્યાત્મને જીવન તથા જગત પ્રત્યે અભિમુખ કરવાની અને જીવન તથા જગતને અધ્યાત્મ પ્રત્યે અભિમુખ કરવાની

આવશ્યકતા છે. એવી અભિમુખતાથી એકમેકને લાભ થશે. એવી અભિમુખતા એકમેકને માટે આશીર્વાદરૂપ ઠરશે. અર્જુન અને કૃષ્ણના પાત્ર દ્વારા ગીતામાં એના પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે.

કર્મક્ષેત્રમાં પડેલા માનવની અંદર અધ્યાત્મની અભિરુચિ હોય તો એને લીધે એને અસાધારણ આત્મબળની પ્રાપ્તિ થાય છે. એ આત્મબળને લીધે એ કર્મ કરતાં કરતાં નમ્ર રહે છે, સ્વાર્થરહિત બને છે, નિર્મમ થાય છે, પ્રલોભનોને વશ નથી થતો. ને કર્મ કરીને પદ-પ્રતિષ્ઠા, અધિકાર, સુખોપભોગના મોહમાં કે નશામાં નથી પડતો. તટસ્થ રહી શકે છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આપણે એવા કર્મયોગીઓની આવશ્યકતા છે. એવા રાજપુરુષો, અમલદારો, સૈનિકો, સત્તાધીશો, ડોક્ટરો, વકીલો, પ્રાધ્યાપકો, શિક્ષકો, વેપારીઓ, કિસાનો, મજૂરો જોઈએ છે જે લક્ષ્મીની કે લલનાની લાલસામાં પડીને સત્યને, ન્યાયને, નીતિને, માનવતાને નેવે ના મૂકે. જે માનવતાને જ માને અને આરાધે. બીજા કશાની શેહમાં ના તણાય. એવા યોગીઓ, જ્ઞાનીઓ, ભક્તો, વિદ્વાનો, પંડિતો, સાધકો અને સિદ્ધો જોઈએ છે જે બીજાને માટે જીવતા કે કામ કરતા હોય. બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા હોય. ઈશ્વરના વિશાળ વિરાટ વિશ્વરૂપને વિલોકીને મન, વાણી, કર્મથી સેવતા હોય. એથી એમની શક્તિ, સ્વાનુભૂતિ, વિદ્યા કે સાધના નિરર્થક નહીં થાય. એમની સાથે જ વિદાય નહીં થાય. સમસ્ત સમાજનો વારસો બની રહેશે. સૌને સારુ પ્રેરક કે પથપ્રદર્શક બનશે. મહાત્મા ગાંધીજીએ આ જમાનામાં આપણને બતાવ્યું કે જીવન અને અધ્યાત્મનો, પ્રવૃત્તિ અને પરમાત્માનો સુભગ સમન્વય સાધી શકાય છે. એ રાજકારણમાં પણ રસ લેતા, પાર વિનાની પ્રવૃત્તિઓ કરતા, તોપણ ભગવાનને નહોતા ભૂલતા. એમનું મન ઈશ્વરની આજુબાજુ રમ્યા કરતું હતું. સ્વયં દોષમુક્ત બનીને બીજાને સહાયતા કરવા એ શ્વાસ લેતા, વર્તમાનકાળની અને ભવિષ્યની પ્રજા એમના જીવનમાંથી પાર વિનાની પ્રેરણા પામી શકે તેમ છે.

ગીતા સતત કર્મ કરવાનો સંદેશ આપે છે તોપણ કર્મને ખાતર કર્મનો સંદેશ નથી આપતી. કર્મ જીવનની શુદ્ધિને માટે, સંસારની સમુન્નતિને માટે હોવાં જોઈએ એવો આગ્રહ રાખે છે. કર્મને સાધ્ય નથી સમજતી, સાધન સમજે છે. સતત કર્મ ખરું પરંતુ આવશ્યક કર્મ, જીવનોપયોગી કર્મ, કલ્યાણકારક સત્કર્મ, એવો એનો અભિપ્રાય છે.

*

ગીતાના કર્મયોગનું બીજું મહત્વનું લક્ષણ અલિપ્તતા અથવા અનાસક્તિ છે. કર્મ કરવાં પરંતુ કર્મથી લેપાવું નહીં, કર્મમાં અને કર્મફળમાં આસક્ત ના થવું, કર્મની શુભાશુભ અસરોથી અલિપ્ત રહેવું એ ગીતાનો આદેશ છે. **पद्मपत्रमिवांभसा** અને **नलिनीदलमम्बुवत्** કહીને એ એની જ સ્મૃતિ કરાવે છે. પાણીમાં પદ્મની પાંખડી રહે છે તોપણ પાણીથી અસ્પર્શ રહે છે, એને કાદવ નથી લાગતો, તેમ કર્મનો કાદવ માનવને ના લાગવો જોઈએ. કર્મની અહંતા, મમતા, રાગદ્વેષ તથા સ્વાર્થવૃત્તિ અને ફળાસક્તિ કાદવ છે. કર્મ કરનારે એથી અલિપ્ત રહેવાની કળામાં કુશળ બનવું જોઈએ. એક પુષ્પની પાંખડીને સ્પર્શ કરીએ છીએ તો આંગળીને એના પરાગની અસર થાય છે. લેપ લાગે છે, એ અસર બહારથી જોતાં દેખાતી નથી, પરંતુ આંગળીને નાકે લગાડવાથી અનુભવી શકાય છે. એવી રીતે કર્મનો સ્થૂળસૂક્ષ્મ પ્રભાવ પણ તન, મન, વચન, અંતર પર પડતો હોય છે. એ પ્રભાવમાંથી મુક્તિ મેળવવા માટે પરમાત્મામાં મન રાખીને કૃષ્ણાર્પણ-બુદ્ધિથી

કર્મો કરવાં જોઈએ. એવાં કર્મો બંધનકારક નથી બનતાં. મંગલકારક બને છે. મારકને બદલે તારક થાય છે. સંસારમાં રહેવું પરંતુ સંસારના ના થવું. સંસારને પોતાની અંદર ના રાખવો. સંસારની બૂરાઈઓથી બચવું. દોષો તથા દૂષણોથી દૂર રહેવું. એને માટે સંસારની પરિવર્તનશીલતા કે ક્ષણભંગુરતાને વારંવાર વિચારવી. સત્ય તથા સનાતન પરમાત્માની પ્રીતિ કરવી. પ્રકૃતિનાં રૂપરંગો, વિષયો કે પદાર્થોમાં અટવાઈને, એનાથી ભ્રમિત થઈને, એમના સ્વામી પરમાત્માને કદાપિ ભૂલવા નહીં. એમને અને જીવનના ધ્યેયને સદા યાદ રાખવાં.

પુરુષ પ્રકૃતિના ગુણોમાં, રૂપરંગોમાં કે પદાર્થોમાં આસક્તિ કરીને ભાન ભૂલી જાય છે. પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપની વિસ્મૃતિ કરી બેસે છે. એ આસક્તિ એને માટે અનર્થકારક, અમંગલ, ઘાતક થઈ પડે છે. એને લીધે એ બદ્ધ બને છે, ને વિભિન્ન પ્રકારની વાસના તથા લાલસાથી પ્રેરાઈને સંસૃતિચક્રમાં અશાંત અને અપૂર્ણ બનીને ફર્યા કરે છે. પ્રકૃતિની અથવા પ્રકૃતિના વિવિધ વિષયોની એ આસક્તિગ્રંથિને તોડવા માટે પ્રકૃતિના સ્વામી પરમાત્માની પાસે પહોંચવાની આવશ્યકતા છે. જેમજેમ પરમાત્માની પાસે પહોંચવાની પ્રવૃત્તિ વધતી જશે તેમ તેમ અનાસક્તિ પણ વધતી જશે. ગીતા એવી અનાસક્તિનો ઉપદેશ આપે છે.

*

જગતમાં જે કાંઈ છે તે બધું પરમાત્માનું છે અને પરમાત્માને માટે જ વાપરવાનું છે. આપણે તો માત્ર ટ્રસ્ટી છીએ, માલિક નથી. ઉપનિષદના શ્રેયસ્કર શાશ્વત સંદેશનો પ્રતિઘોષ ગીતાએ પણ પોતાની આગવી રીતે પાડી બતાવ્યો છે. જગતની સઘળી સામગ્રી પરમાત્માની પ્રસન્નતા અને એના પ્રતિનિધિ જેવા માનવ અને અન્ય જીવોના સમુત્કર્ષને માટે વાપરવી જોઈએ. એની ઉપર સૌનો સમાન અધિકાર છે. જેમની પાસે સાધનસામગ્રી છે તે તેનો વિનિયોગ બીજાની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ તથા ભક્તિ માટે કરે એ આવશ્યક છે; સૌના સમ્યક્ સમજપૂર્વકના સુસંગઠિત પ્રયત્નોથી સૌનું શ્રેય સધાય, સૌને શાંતિ સાંપડે અને સૌની સુખાકારીમાં અભિવૃદ્ધિ થાય. જેમની પાસે છે તે બીજાને આપવા માટે તૈયાર રહે. સંસાર એવી આદાનપ્રદાનની પ્રવૃત્તિથી જ સુખી બનશે. કર્મયોગમાં સહયોગનું-સંયુક્ત પ્રયત્નનું મહત્વ ઘણું જ મોટું છે. આપણે ત્યાં જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ, હઠયોગ, રાજયોગ, કુંડલિનીયોગ, લયયોગ, નાદાનુસંધાનયોગ એવા જુદાજુદા યોગનું મહત્વ મનાય છે તે સારું છે પરંતુ સહયોગનું મહત્વ પણ એટલું જ મોટું છે એ વાત જરા પણ ભૂલવા જેવી નથી. સમાજની સઘળી શુભ શક્તિઓ પારસ્પરિક ભેદભાવને ભૂલીને એકઠી થઈને સૌની સુખાકારીને માટે સંયુક્ત પુરુષાર્થ આદરે તો એનું પરિણામ કેટલું બધું અસાધારણ અને આશીર્વાદરૂપ આવે ? સૂતરના એક તાંતણાની સ્વતંત્ર શક્તિ એટલી બધી નથી હોતી. એ સહેલાઈથી તૂટી જાય છે. પરંતુ એ તાંતણાઓ અનેકની સંખ્યામાં એકઠા થાય છે અને સુસંગઠિત બને છે ત્યારે એમની શક્તિ વધી જાય છે. એમના સંયુક્ત સહકારથી જે સૂત્ર કે રજ્જુ થાય છે તે મહાબળવાન પશુઓને બાંધવાનું કામ કરે છે અને બીજી કેટલીયે રીતે ઉપયોગી થાય છે. ઝાઝા હાથ રળિયામણાની કહેવત પ્રસિદ્ધ છે. ટીપેટીપે સરોવર ભરાય એ લોકોક્તિ પણ જાણીતી છે. સૂર્યકિરણો એક ઠેકાણે કેન્દ્રિત થઈને એટલાં બધાં ઉષ્માવાળાં ને પ્રતાપી બની

જાય છે કે જેના પર કેન્દ્રિત થાય છે તે પદાર્થને દઝાડે છે કે બાળી નાખે છે. માનવીનો સંયુક્ત શુભ પુરુષાર્થ પણ એવી રીતે અતિશય આશ્ચર્યકારક પરિણામોને પેદા કરે છે અને આશીર્વાદરૂપ ઠરે છે.

કોઈ ભાડૂતી મકાનમાં રહેનારા ભાડૂતને મકાન સારી અને નવી અવસ્થામાં મળે તોપણ એ એને સાચવે નહીં, બગાડી નાખે; એની દિવાલો કદરૂપી કરે, બારીઓના કાચને તોડી નાખે, ફર્શને મલિન બનાવે, ફર્નિચરને તોડે અને અવ્યવસ્થિત કરી દે; એમાં દોષ મકાનના માલિકનો નથી, ભાડૂતનો પોતાનો છે. કેટલાક ભાડૂતો ભાડાના મકાનને ખરાબ દશામાં મળ્યું તોપણ રંગરોગાન કરીને સારું કરે છે, સારું રાખે છે ને શણગારે છે. એમના મકાનમાં પ્રવેશતાંવેંત આપણને આનંદ થાય છે. પરંતુ મોટાભાગના ભાડૂતો ભાડાના મકાનનું ધ્યાન જેવું રાખવું જોઈએ તેવું નથી રાખતા. સંસારના પરમાત્માએ પ્રદાન કરેલા સુંદર મનહર મકાનને પણ એમાં રહેનારા માનવે બગાડી નાખ્યું છે. બિહામણું બનાવ્યું છે. એનું જેટલું જોઈએ તેટલું ધ્યાન નથી રાખ્યું. એને માટે ઈશ્વરને દોષ દેવો નકામો છે. માનવ ધારે તો સુસંગઠિત બનીને સંયુક્ત શુભ પુરુષાર્થ દ્વારા સંસારને સુખમય, સમૃદ્ધ, શાંત, સ્વચ્છ, સમુન્નત બનાવી શકે છે. એની પાસે સાધન છે, શક્તિ છે, બુદ્ધિ છે, મેધા છે, સંખ્યાબળ બધું છે; એની અંદર જો ભાવના ભળે અને એ પારસ્પરિક સહયોગ કરે તો શું ના થાય ? સંસારમાં સ્વર્ગ ઊતરી શકે. નરકની નાનાવિધ નિશાનીઓ દૂર થાય.

*

સ્વધર્મના પાલનને ગીતાના કર્મયોગમાં ખૂબ જ મહત્વનું માનવામાં આવ્યું છે. સ્વધર્મના ત્યાગથી કોઈનુંય કલ્યાણ નથી થઈ શકતું. સ્વધર્મનું સમ્યક્ અનુષ્ઠાન સૌને માટે આવશ્યક અથવા આશીર્વાદરૂપ છે. સંસારના પ્રત્યેક પદાર્થને પોતાનો અંગત પ્રાકૃતિક ગુણધર્મ હોય છે. એના સિવાય એ પદાર્થનું મૂલ્ય કશું જ નથી રહેતું. સૂર્યનો ધર્મ ઉષ્મા અથવા પ્રકાશ છે. એ પ્રખર પ્રકાશપુંજને લીધે જ સૂર્ય સૂર્ય કહેવાય છે. પ્રકાશને બાદ કરીએ તો સૂર્યનું અસ્તિત્વ જ ના રહે. સૂર્યને કોઈ સૂર્ય ના કહે. સરિતાનો ધર્મ સલિલ છે. એ સલિલને સદા અભિસરણ કરે છે. તેથી સરિતા કહેવાય છે. એનું અભિસરણ અટકી જાય તો એ તળાવ, જળાશય કે સરોવર કહેવાય પરંતુ સરિતાના નામથી ના ઓળખાય. સરી જતા સ્રોત કરતાં પણ એનું શરીર જુદું હોય છે. સલિલ હોય જ નહીં તો સરિતા કેવી રીતે બને ? પુષ્પનો ધર્મ પરાગ, પૃથ્વીનો ગંધ, મધનો મધુતા, ચંદ્રનો ચાંદની કહેવાય છે. ચાંદની વિનાના ચંદ્રનું, મધુતા વિનાના મધનું મૂલ્ય કશું જ નથી. એવી રીતે માનવનો ધર્મ-અવિભક્ત ધર્મ એની અંદર રહેનારી ચેતનાનો છે. એ ચેતના સિવાય એનું અને એના જીવનનું અસ્તિત્વ જ ના હોઈ શકે. એ પરમચેતના સત્યસ્વરૂપ છે. એનો કદાપિ કોઈયે કારણે નાશ કે હ્રાસ નથી થતો. એ અખંડ અને અવિકારી છે. ધર્મના સારરૂપ છે. એ ચેતનાનો સાક્ષાત્કાર કરવો એ ધર્મનો સંદેશ છે. એને માટે માનવતાની આવશ્યકતા તો છે જ. માનવતા સિવાય માનવનું મૂલ્ય શું ? માનવતાને લીધે જ માનવ પશુ કરતાં અલગ તરી આવે છે. માનવોચિત ગુણધર્મો જેનામાં ના હોય તેને જોઈને આપણે કહીએ છીએ કે આનો દેખાવ માનવનો છે, પશુનો નથી, એ તો પૂંછડું તથા શિંગડા નથી એથી સ્પષ્ટ છે, પરંતુ એ માનવ કરતાં પશુની વધારે પાસે છે અથવા પશુથી પણ બદતર છે. પ્રત્યેક માનવે પોતાની અંદર માનવતાને જગાડી, એની માવજત કરીને એનું સંવર્ધન કરવાની આવશ્યકતા છે. આપણે એવા માનવધર્મમાં માનનારા ને માનવધર્મનું પાલન કરવાવાળા માનવો જોઈએ છે.

માનવધર્મની માવજત કરનારો માનવ જીવનમાં જ્યાં હશે ત્યાં રહીને કર્તવ્યપરાયણ બનશે ને સ્વધર્મનું પાલન કરશે. પોતાના કર્તવ્યનો અથવા સ્વધર્મનો પરિત્યાગ કોઈયે સંજોગોમાં નહીં કરે. જુદા જુદા બાહ્ય ધર્મો કે સંપ્રદાયોની આડમાં આજે માનવધર્મ ભુલાયો છે, ગૌણ બની ગયો છે એ એક કરુણતા છે. માનવે અને માનવસમાજે એ કરુણતામાંથી છૂટવું રહ્યું. આદર્શ માનવ બનવાની કોશિશ કરતાં કરતાં પ્રત્યેક માનવે પોતાના ઘર પ્રત્યેના, પરિવાર પ્રત્યેના, સમાજ તથા વિશ્વ પ્રત્યેના કર્તવ્યનું પાલન કરવા તૈયાર રહેવું જોઈએ. જીવનની સાર્થકતા, શરીરધારણની સાચી શોભા એમાં જ સમાયેલી છે.

*

**૨. જ્ઞાનયોગ**

જ્ઞાનયોગનો મહિમા ગીતામાં આરંભથી અંતપર્યંત અત્યંત અસરકારક રીતે ગાવામાં આવ્યો છે. અર્જુને સ્વજનો કે ગુરુજનોને યુદ્ધમેદાનમાં જોઈને યુદ્ધ કરવાની ના પાડી. એવા યુદ્ધનો આશ્રય લેવાથી પાપના ભાગી થવાશે અથવા અપરાધી બનાશે એવી શંકા એના મનમાં પેદા થઈ. એના અંતરમાં અવિદ્યાજન્મય વ્યામોહ અને એના પરિણામરૂપ વિષાદ પેદા થયો. એમાંથી એને મુક્ત કરવા માટે આત્મજ્ઞાનની જ આવશ્યકતા હતી. પ્રકાશ વિના અંધકારનો અંત આવે નહીં તેમ આત્મજ્ઞાનના અલૌકિક પ્રકાશ વિના એની અવિદ્યાનો અંત નહોતો આવવાનો. એટલે ભગવાન કૃષ્ણે એના કલ્યાણને કાજે આત્મજ્ઞાનની ગૌરવવંતી ગંગાને પ્રવાહિત કરી. એ જ્ઞાનગંગામાં સ્નાન કરવાથી અર્જુન મોહમુક્ત બન્યો. એનો વ્યામોહ તથા વિષાદ ટળી ગયો.

ગીતાનું જ્ઞાન એવી રીતે કેવળ બુદ્ધિવિલાસ નથી, તર્કવિતર્ક કે ચિંતનમનનની પટુતા નથી. બૌદ્ધિક પ્રતિભા નથી. શાસ્ત્રાધ્યયનના પરિણામે પ્રાપ્ત થયેલી મેધાયે નથી. એ તો પરોક્ષ નહીં પરંતુ પ્રત્યક્ષ, અનુભવાત્મક આત્મજ્ઞાન છે. એના પરિણામે જીવનની આમૂલ ક્રાંતિ થાય છે. એ માનવને પંડિત, વિદ્વાન, દાર્શનિક, શાસ્ત્રી, આચાર્ય અથવા ફિલસૂફ બનાવીને બેસાડી રાખતું નથી પરંતુ જીવનમાં જડાઈને અથવા ઓતપ્રોત બની જઈને જીવનને ઉજ્જવળ, નિર્મળ, મોહરહિત, પરમાત્માપરાયણ, પ્રશાંત કરવાનું પરિબળ પૂરું પાડે છે. એવી દૃષ્ટિ બક્ષે છે જેથી વિનાશશીલ વિશ્વમાં સર્વત્ર અવિનાશી અપરિવર્તનશીલ પરમાત્માનું દર્શન સુલભ બને.

"સર્વે ભૂતોમાં સમાનરૂપે રહેનારા પરમાત્માને જે જુએ છે તે જ વાસ્તવિક રીતે જુએ છે. એ પરમાત્મા વિનાશશીલ વસ્તુઓમાં અવિનાશી બનીને વિરાજમાન છે."

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥१३-२७॥

જ્ઞાનની પરિસીમા પર પહોંચેલા પુરુષને જે દિવ્યદૃષ્ટિ અને અનુભૂતિની પ્રાપ્તિ થાય છે એની સહાયતાથી એ સર્વે જીવોમાં વિરાજેલા આત્માને અને આત્મામાં સર્વ જીવોને અવલોકે છે.

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥६-२९॥

જ્ઞાનની એવી પરાકાષ્ઠા પર પહોંચવાનું કાર્ય ધાર્યા જેટલું સહેલું નથી. એને માટે સુદીર્ઘ સમયનો એકધારો અખંડ પુરુષાર્થ જોઈએ. આત્મજાગૃતિ જોઈએ અને આત્મવિકાસનાં સર્વોચ્ચ શિખરોને સર કરવાની ઉત્કટ ઈચ્છા અથવા લગન જોઈએ. ગીતામાં કહેવામાં આવ્યું છે કે અનેક જન્મોના અનુરાગપૂર્વકના એકધારા અભ્યાસને અંતે જ્ઞાનીપુરુષ મારી પ્રાપ્તિ કરે છે. એ વખતે એને પરમાત્મા સિવાય બીજા કશાનો અનુભવ નથી થતો. જે છે, દેખાય છે અથવા અનુભવાય છે તે બધું વાસુદેવ અથવા પરમાત્મા જ છે એવું એને લાગ્યા કરે છે. એવા મહાત્મા સંસારમાં અતિશય દુર્લભ છે. પૂર્વનાં પુણ્યો હોય અથવા પરમાત્માનો અસાધારણ અનુગ્રહ થાય તો જ એનો સમાગમ સાંપડી શકે છે. એવા મહાત્માનું દેવદુર્લભ દર્શન જ્યારે-ત્યારે, જ્યાં ત્યાં અને જેને-તેને નથી થતું.

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥७-१९॥

જુદા જુદા જીવોમાં અથવા અખિલ જગતમાં એકમાત્ર પરમાત્માના પરમપવિત્ર પ્રકાશનું દર્શન થાય તો તેનું પરિણામ કેવું કલ્યાણકારક આવે એનું અનુમાન સહેલાઈથી કરી શકાય તેમ છે. બીજાની અંદર પરમાત્માનું દર્શન કરનાર, ભેદભાવથી, મોહથી, શોકથી, રાગ તથા દ્વેષથી, ભયથી અને એના પરિણામે પ્રકટનારી અશાંતિમાંથી કાયમને માટે મુક્તિ મેળવે છે. એને સમ્યક્ દર્શન, સમભાવ અથવા સમતાની પ્રાપ્તિ આપોઆપ થાય છે. દ્વંદ્વો એને ચલાયમાન નથી કરી શકતાં. જીવનની અને જગતની વિરોધાભાસી વિપરીત અસરોથી એ હંમેશાં અલિપ્ત અથવા મુક્ત રહે છે. વિષયોના વિષવાયુ એને કશી અસર નથી પહોંચાડતા. પાર વિનાના પ્રલોભનો એને સર્વસામાન્ય પુરુષોની પેઠે પ્રભાવિત કે પરાસ્ત નથી કરતાં. સંસારમાં એ તટસ્થ બનીને દ્રષ્ટારૂપે શ્વાસ લે છે. એની આત્મસ્થ શાંતિનો અને આત્મનિષ્ઠાનો કદી નાશ નથી થતો. એ પોતે તો ક્લેશમુક્ત બને જ છે પરંતુ બીજાને પણ ક્લેશમુક્તિનો માર્ગ બતાવે છે. એ પોતે તો અશાંતિ, દુઃખ, તાપને તરે જ છે પરંતુ બીજાને પણ તરવા માટે મદદ કરે છે. સંસારસાગરમાંથી પાર ઊતરવાની સાથે બીજાને પણ પાર ઉતારે છે. બીજાને પ્રકાશ તથા પ્રેરણા પૂરી પાડે છે. એક અથવા બીજી રીતે અનેકને પથપ્રદર્શન કરે છે. એનું જીવન એવી રીતે એનું પોતાનું જ નથી રહેતું, સમસ્ત સંસારનું થઈ જાય છે. એનું મૃત્યુ તો વાસ્તવિક રીતે થતું જ નથી. તોપણ બાહ્ય રીતે જે મૃત્યુ થતું જણાય છે તે પણ બીજાને માટે મંગલમય બને છે. એના જીવનની સ્મૃતિ અને શક્તિ અસંખ્યને આગળ વધવાની, માર્ગ ભૂલીને આડમાર્ગે અટવાયેલાને સાચા માર્ગે આવવાની પ્રેરણા પ્રદાન કરે છે.

આત્મજ્ઞાનના પરિણામે જીવનમાં કેવી ક્રાંતિની અપેક્ષા રાખવામાં આવે છે એનું આછુંપાતળું છતાં પણ સુરેખ અને સુભગ રેખાચિત્ર ગીતાના ૧૩મા અધ્યાયના શ્લોક ૭ થી ૧૧ માં દોરવામાં આવ્યું છે. એ રેખાચિત્ર ચિરસ્મરણીય તથા પ્રેરક છે. જ્ઞાન કેવળ બુદ્ધિની શોભા નથી, ચારિત્ર્યનું પ્રેરક પીઠબળ છે. એ પોતે પવિત્ર હોઈને જીવન ને એનો આધાર લેનારને પવિત્ર બનાવવાની શક્તિ ધરાવે છે. એવો ધ્વનિ એ શ્લોકાર્થોને વિચારવાથી સુસ્પષ્ટ રીતે સાંભળી શકાય છે. એ શ્લોકોમાં જે કાંઈ જણાવ્યું છે તે જાણવાનું ખૂબ જ રસપ્રદ થઈ પડશે.

"અમાનીપણું, દંભરહિતપણું, અહિંસા, ક્ષમા, સરળતા, ગુરુની સેવાપૂજા, પવિત્રતા, સ્થિરતા, આત્મસંયમ, ઈન્દ્રિયોના વિષયો પરથી વૈરાગ્ય, નમ્રતા, જન્મ-મૃત્યુ-વૃદ્ધાવસ્થા-વ્યાધિનાં દુઃખ અને દોષનું નિરંતર દર્શન, સ્ત્રીપુત્ર તથા ઘરબહાર વિગેરેમાં પ્રીતિ, મમતા અને આસક્તિનો અભાવ, શુભાશુભ અથવા અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિમાં સદા ચિત્તની સમતા, મારી અંદર અથવા પરમાત્મામાં અનન્ય એકનિષ્ઠ ભક્તિભાવ, એકાંત પ્રદેશવિશેષનું સેવન, જનસમૂહની પ્રીતિનો અભાવ, આત્મજ્ઞાનમાં મનની સદાની ધારણા, તત્વજ્ઞાનના પરમ અર્થરૂપ પરમાત્માનું દર્શન એ બધાને જ્ઞાનના નામથી ઓળખવામાં આવે છે. એનાથી જે ઊલટું હોય એ બધું અજ્ઞાન છે."

આત્મજ્ઞાનનાં એ લક્ષણો ખાસ વિચારવા તથા નોંધવા જેવાં છે. એ લક્ષણો સ્પષ્ટ રીતે સૂચવે છે કે આત્મજ્ઞાનને કેવળ બુદ્ધિ કે બૌદ્ધિક માહિતી સાથે સંબંધ નથી. એ કેવળ બૌદ્ધિક પ્રક્રિયા કે બુદ્ધિયોગ નથી. જીવનની પરિવર્તનની અથવા ઊર્ધ્વીકરણની સામગ્રી છે. આત્મદર્શનની અસરકારક અમોઘ સાધના છે. એમાં સર્વ પ્રકારના મનુષ્યોચિત સદ્ગુણોનો, વિવેકનો, વૈરાગ્યનો, આત્મસાક્ષાત્કારની સાધનાનો ને સિદ્ધિનો સમાવેશ થાય છે. આપણે ત્યાં મોટા ભાગના માનવોમાં એવી ભ્રામક માન્યતા પ્રવર્તે છે કે વિવેક, વૈરાગ્ય, શુદ્ધિ, સંયમ, સાધના અને આત્મજ્ઞાનની આવશ્યકતા એકલા સર્વસંગપરિત્યાગી, વિવિક્તવાસી, સાધનપ્રેમી સાધુપુરુષોને માટે જ છે. એમની આવશ્યકતા જેટલી એવા સાધુપુરુષોને છે તેટલી જ સંસારીજનોને છે. જેટલી ત્યાગીઓને તેટલી જ રાગીઓને, જેટલી એકાંતમાં રહેનારાને તેટલી જ વસતિની વચ્ચે વસનારાને છે. સંસારીઓ, રાગીઓ તથા વસતિની વચ્ચે વસીને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરનારાને અનેક પ્રકારનાં પ્રલોભનોને ને પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડે છે. એમની આગળ અહંતા-મમતા, રાગદ્વેષ, કામક્રોધ, અમૃત, અન્યાય, અધર્મ, અનાચારના અનેકવિધ પ્રસંગો પેદા થાય છે. એમાંથી સફળતાપૂર્વક પાર ઊતરવા માટે, અને પ્રલોભનથી પર રહીને કર્તવ્યના અનાસક્તિપૂર્વકના અનુષ્ઠાન માટે એ સૌની વિશેષ આવશ્યકતા છે. વિવેક, વૈરાગ્ય, સંયમ, તપ, ભક્તિ તથા સાધનાથી જે અસાધારણ શક્તિ સાંપડે છે તે શક્તિને લીધે માનવ છળકપટ નથી કરતો, સત્તાની કે લક્ષ્મીની લાલસામાં નથી પડતો, પદ-પ્રતિષ્ઠાની તૃષ્ણા નથી રાખતો, અહંકારી ઉદ્દંડ અને કુમાર્ગગામી નથી બનતો, તેમજ વિષયોમાં આસક્તિ કરીને ભાન નથી ભૂલતો. એવી નિર્મળ, અનાસક્ત, કર્તવ્યનિષ્ઠ અવસ્થાની આવશ્યકતા કોઈપણ દેશના રાષ્ટ્રપતિને, વડાપ્રધાનને, મંત્રીમંડળને, ન્યાયાધીશને, વકીલને, ડોક્ટરને, વેપારીને, ઓફિસરને, અધ્યાપકને, વિદ્યાર્થીને, મજૂર કે માલિકને, ધર્માચાર્યને, સેનાપતિ તથા સૈનિકને સૌ કોઈને છે. એવી અવસ્થા કોઈ સાધુસંતોનો જ ઈજારો નથી. મનુષ્યમાત્રનો ઈજારો છે. એ સૌ કોઈને માટે આશીર્વાદરૂપ છે. જે દેશમાં એવી અંતરંગ આત્મિક યોગ્યતાવાળા માનવો વધતા જાય છે તે દેશ સાચા અર્થમાં આદર્શ બને છે.

આત્મજ્ઞાનનો એ ઉપદેશ યુદ્ધકર્મની તૈયારીવાળા, કોલાહલથી ભરેલા, કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં યુદ્ધ કરવા માટે આવેલા અર્જુનને આપવામાં આવ્યો છે એ જ બતાવે છે કે જીવનના જટિલ સંગ્રામમાં, મહાભારત-મેદાનમાં ઊતરેલા પ્રત્યેક આત્માને માટે એ આવશ્યક, આવકારદાયક અને ઉપકારક છે.

*

આત્મજ્ઞાનની પ્રાપ્તિ શી રીતે થાય છે એ સંબંધી પણ ગીતામાતાના વિચારો જાણવા જેવા છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિનો પરંપરાગત સર્વસામાન્ય ક્રમ ગીતાએ માન્ય રાખ્યો છે એટલું જ નહીં પરંતુ એને ઉપદેશ્યો છે. ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે "કર્મસંસ્કારોથી સાંપડનારા લોકોને અસાર સમજીને વિદ્વાને એમનામાં અને સંસારના સમસ્ત સુખોમાં વૈરાગ્યભાવ જગાવવો અને પરમાત્માને પામવા માટે હાથમાં સમિધા લઈને શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનું શરણ લેવું. સદ્‌ગુરુએ પણ પોતાની પાસે વિધિપૂર્વક આવેલા પ્રશાંત મનના, મનના સંયમથી સંપન્ન શિષ્યને જેની મદદથી અવિનાશી પરમપુરુષ પરમાત્માનો પરિચય થાય છે એ બ્રહ્મવિદ્યાનો સુચારુરૂપે ઉપદેશ આપવો."

ગીતાના ચોથા અધ્યાયમાં ઉપનિષદની એ વિચારધારાનો સ્વીકાર કરતાં કહેવામાં આવ્યું છે કે "એ આત્મજ્ઞાનની પ્રાપ્તિ પ્રણિપાત કરીને, શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાયેલા **પ્રશ્નો પૂછીને** અને **સદ્‌ગુરુની સેવા દ્વારા** કરવી. જ્ઞાની તથા તત્વદર્શી પરમાત્મનિષ્ઠ મહાપુરુષ એ અમોઘ આત્મજ્ઞાનનો ઉપદેશ આપી શકશે. એ જ્ઞાનને પામીને તને ફરીવાર આવો મોહ નહીં થાય અને એની મદદથી સઘળા જીવોને મારામાં તેમજ આત્મામાં રહેલા જોઈ શકીશ."

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥४-३४॥
यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥४-३५॥

"યોગની સાધના કરીને સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ કરનારા મહાપુરુષને વખતના વીતવાની સાથે પોતાની અંદરથી જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ આ સંસારમાં બીજી કોઈ જ નથી."

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥४-३८॥

એક કથન દ્વારા ગીતા આત્મજ્ઞાનની પ્રાપ્તિના એક અન્ય સાધન પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે, ને વધુમાં કહે છે કે "આત્મજ્ઞાનની ઉપલબ્ધિ શ્રદ્ધાવાળા, જ્ઞાનપરાયણ, ઈન્દ્રિયોને વશ કરનારા માનવને થઈ શકે છે અને એની ઉપલબ્ધિથી સત્વર સનાતન શાંતિની અનુભૂતિ થાય છે."

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥४-३९॥

આત્મા પોતે પરમજ્ઞાનસ્વરૂપ હોવાથી સાધનાનો સમ્યક્ આધાર લઈને જે એના પ્રત્યે અભિમુખ બને છે અને એની પાસે પહોંચવાની પ્રવૃત્તિ કરે છે તેને પોતાની અંદરથી જ એ અલૌકિક અમોઘ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આત્મા જ એનો એકમાત્ર ગુરૂ બની જાય છે. જે બહારના ગુરૂ પાસેથી અથવા ધર્મશાસ્ત્રોની મદદથી જ્ઞાનને મેળવે છે, એમણે પણ આખરે તો આત્માનુભૂતિ દ્વારા એ જ્ઞાનને પ્રત્યક્ષ કરવું પડે છે. એ સિવાય એ જ્ઞાનની પરિપૂર્ણતા કે સાર્થકતા નથી થતી.

આત્મજ્ઞાનની પ્રાપ્તિનું ત્રીજું અસરકારક સાધન **ભક્તિયોગ** છે. ભક્તિયોગમાં શરણાગતિનો અથવા સમર્પણભાવનો મહિમા ઘણો મોટો છે. એનું સ્મરણ કરાવતાં ગીતાના દસમા અધ્યાયના દસમા અને અગિયારમા શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે "એવા સતત મુક્તદશામાં સ્થિતિ કરીને પ્રેમપૂર્વક ભજનારા ભક્તોને હું એવો બુદ્ધિયોગ આપું છું જેથી તે મને મેળવી લે. એમની ઉપર અનુકંપા કરવા અથવા અનુગ્રહ વરસાવવા એમના અંતરાત્મામાં પરમપવિત્ર પ્રકાશવાન પ્રજ્ઞાનો પ્રદીપ પ્રકટાવીને એમના અવિદ્યાજન્ય અંધકારનો અંત આણું છું."

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥१०-१०॥
तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥१०-११॥

પરમાત્માની પરમકૃપાથી શું ના થઈ શકે ? એ મૂંગાને વાણી આપે, નિરક્ષરને સાક્ષર કરે, અને સાક્ષરને સર્વોચ્ચ પદે પ્રતિષ્ઠિત કરી દે. એને માટે કશું જ અશક્ય નથી. કહે છે કે કાલિદાસ પર એ કૃપાનાં કિરણો વરસ્યાં તો એ વિશ્વવિખ્યાત મહાકવિ બની ગયા. નહિ તો જે ડાળી પર બેઠેલા તેને કુહાડીથી કાપવાની કોશિશ કરતા'તા ! એવી રીતે જીવનવૃક્ષની વિશાળ ડાળીને અવિદ્યાથી પ્રેરાઈને કુકર્મની કુહાડીથી કાપવાની કોશિશ કરનારા કેટલાય અવિદ્યાગ્રસ્ત આત્માઓ પરમાત્માની પરમકૃપાથી પરમાત્માભિમુખ બનીને કૃતાર્થ બની ગયા. મહર્ષિ વાલ્મીકિ, તુકારામ, નરસી મહેતા, સૂરદાસ, રામકૃષ્ણ પરમહંસદેવ જેવા મહાપુરુષોના અંતરમાં આત્મજ્ઞાનના અલૌકિક પ્રકાશને પાથરનારી શક્તિ ક્યાં હતી ? પરમાત્માની પરમકૃપાથી જ એમને પરમજ્ઞાનની પ્રાપ્તિ થયેલી અને એ શાસ્ત્રરૂપ બનેલા. રામકૃષ્ણદેવ તો જગદંબાને પ્રાર્થના કરતા કે મા, વેદોમાં, ઉપનિષદોમાં, ધર્મશાસ્ત્રોમાં જે કાંઈ જ્ઞાન છે એ આવશ્યકતા હોય તો કૃપા કરીને મને પ્રદાન કર. મારે તારા સિવાય બીજા કોઈનો આધાર નથી. મારામાં જપ, તપ, શાસ્ત્રજ્ઞાન, યોગ, ભક્તિ કશું જ નથી. હું તો તારો શરણાગત છું. મારા પર કૃપા કર. મને તારું દેવદુર્લભ દર્શન આપ. એવી પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે જગદંબાએ એમના પર કૃપા વરસાવી. એમના મુખમાંથી જે જ્ઞાનવિજ્ઞાનનાં ગૂઢાતિગૂઢ રહસ્યો નીકળતાં તે એ જમાનાના સમર્થ પંડિતો કે વિદ્વાનો-કેશવચંદ્ર સેન, પ્રતાપચંદ્ર મજમુદાર, ગિરીશ ઘોષ, પંડિત શશધર તર્કભૂષણ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા પ્રેમ અને આદર સહિત સાંભળતા. એ બધું જ્ઞાન પરમાત્માની કૃપાથી જ પ્રાપ્ત થયેલું.

એવું જ્ઞાન બીજા કોઈને પણ પ્રાપ્ત થઈ શકે. ગીતા તો કહે છે કે શરણાગત શ્રદ્ધાભક્તિયુક્ત ભગવદ્ ભક્તના હૃદયમાં ભગવાન પોતે જ જ્ઞાનના પવિત્ર પ્રદીપ બનીને પ્રકટ થાય છે. એ પ્રદીપના પ્રકાશને લીધે ભક્ત અવિદ્યારૂપી અંધકારમાંથી મુક્તિ મેળવે છે. એને લીધે એનો આત્મા સંસારના કોઈપણ પદાર્થ કે વિષયમાં આસક્તિ કરી શકતો નથી, પોતાના જીવનધ્યેયને ભૂલતો નથી, અને આત્મોન્નતિનાં અવનવાં સોપાનોને ક્રમેક્રમે સર કરે છે. એમને સર કર્યા સિવાય એને સાંતિ વળતી નથી કે ચેન પડતું નથી. પરમાત્માની સાચી કરુણા કે કૃપા એમાં જ સમાયેલી છે. જીવની સર્વપ્રકારે સર્વતરફથી રક્ષા કરવામાં અને એને પોતાની પાસે પહોંચાડીને કાયમને કાજે કૃતાર્થ કરવામાં.

*

ભગવદ્ ગીતામાં **જ્ઞાનપ્રાપ્તિ**નું ચોથું સાધન પણ બતાવ્યું છે. એનો ઉલ્લેખ પણ કરવા જેવો છે. ગીતાના છઠ્ઠા અધ્યાયના ઉપસંહાર વખતે અર્જુને પૂછ્યું કે કોઈ સાધક શ્રદ્ધાથી સંપન્ન હોય છતાં પણ પૂર્ણ સંયમી ના હોય એટલે યોગમાર્ગથી ચલિત બન્યો હોય, તો યોગની પરમસિદ્ધિની પ્રાપ્તિ ના થતાં તેને ગતિ સાંપડે છે ? ભગવાન કૃષ્ણે એના ઉત્તરમાં જણાવ્યું છે કે એવા સાધકનો સર્વનાશ નથી થતો. જે કલ્યાણકાર્ય કરે છે તેની કદી પણ દુર્ગતિ નથી થતી. એ સાધક પુણ્યલોકમાં જઈને કેટલાક કાળપર્યંત નિવાસ કરીને દૈવી સંપત્તિવાળા પવિત્ર પુરુષોને ત્યાં ફરી પાછો જન્મે છે અથવા સદ્‌બુદ્ધિસંપન્ન યોગીઓના કુળમાં પ્રકટે છે. એવા કુળનો જન્મ ખરેખર દુર્લભ કહેવાય છે. એ જન્મમાં પૂર્વજન્મની-પૂર્વશરીરમાં પ્રાપ્ત કરેલી સદ્‌બુદ્ધિનો સંયોગ પુનઃ પ્રાપ્ત કરે છે અને સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ માટે પ્રયત્નો આદરે છે. પૂર્વાભ્યાસને પરિણામે, એના અનુસંધાનમાં, યોગીની જિજ્ઞાસા માત્રથી પરબ્રહ્મ પરમાત્માને પામી લે છે. ત્યાં **तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।** (શ્લોક ૪૩ પૂર્વાર્ધ) કહ્યું છે. એટલે કે પૂર્વશરીરના બુદ્ધિસંયોગને ત્યાં પ્રાપ્ત કરે છે. એનો અર્થ જન્માંતરમાં મેળવેલા જ્ઞાનનો સંયોગ પણ થઈ શકે છે. એટલે કે પૂર્વજન્મમાં પમાયેલું જ્ઞાન કદી નિષ્ફળ નથી જતું. એનું અનુસંધાન પૂર્વજન્મમાં એક અથવા બીજા પ્રકારે ચાલુ રહે છે અને જીવનના આધ્યાત્મિક વિકાસમાં મદદરૂપ બને છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં પૂર્વજન્મના સંસ્કારો પણ એવી રીતે કારણરૂપ ઠરે છે. એને લીધે જ કેટલાક લોકોત્તર મહાપુરુષો નાની ઉંમરથી જ અસાધારણ આત્મજ્ઞાનથી સંપન્ન દેખાય છે. સ્વનામધન્ય સંતશિરોમણિ શુકદેવ, ભગવાન શંકરાચાર્ય, સંતશ્રેષ્ઠ જ્ઞાનેશ્વર મહારાજ, ગુરુ નાનકદેવ, ભક્તિમયી મીરાંબાઈ તથા મહર્ષિ દયાનંદ જેવા અસંખ્ય અન્ય મહાપુરુષો એના ઉદાહરણરૂપ છે. આત્મજ્ઞાનની શાશ્વત સરિતાનો પુનિત પ્રવાહ એક જ જન્મમાં પૂરો નથી થતો. પરમસિદ્ધિના સાગરમાં સમાઈ જતાં પહેલાં એ જન્મોજન્મ સુધી આગળ ને આગળ વહ્યા જ કરે છે.

*

### ૩. ગીતાનો ભક્તિયોગ

ગીતામાં ભક્તિયોગના સ્વરૂપની વિશદ અને સૂક્ષ્મ મિમાંસા કરવામાં આવી છે. ભક્તિયોગને ગીતાનો પ્રાણ કહી શકાય. એના પવિત્ર પ્રેરણાત્મક પ્રબળ પ્રતિધ્વનિ અઢાર અધ્યાયમાં ઠેકઠેકાણે પડ્યા કરે છે. ગીતાની પહેલાં પણ ભક્તિયોગનો પ્રચાર હતો. ગીતાએ એના સારતત્વને સમજીને તથા ગ્રહણ કરીને માનવજાતિના મંગલને માટે સીધી, સરળ, સચોટ, સારગર્ભિત ભાષામાં રજૂ કર્યું છે. એનો ભક્તિયોગ અતિશય સૂક્ષ્મ છે, ભક્તિના નામે વિવિધ દેવદેવીઓની ઉપાસનાનું, વિધિવિધાનોનું ને બાહ્ય સેવાપૂજા તથા કર્મકાંડોનું મહત્વ માનવા-મનાવવાને બદલે ગીતાએ ભક્તિની સૂક્ષ્મતા તથા વાસ્તવિકતાનો પરિચય કરાવ્યો છે. ભક્તિ જીવ અને શિવને સાંધનારો, એમની વચ્ચે સનાતન, પ્રત્યક્ષ સંબંધ સ્થાપનારો સેતુ છે. પરમાત્માની પાસે પહોંચાડનારી અલૌકિક ઔષધિ છે. સનાતન સુખ-શાંતિ-શક્તિ-સમૃદ્ધિ-સાર્થકતાને સમર્પનારી સંજીવની છે. અવિદ્યારૂપી અંધકારનો અંત આણીને પરમાત્માના પ્રેમજગતમાં પ્રવેશ કરાવનારી જાજવલ્યમાન જ્યોતિ છે. એ દૃષ્ટિથી એની પ્રતિષ્ઠા અને પ્રસંશા કરવામાં આવી છે.

ભક્તિ ભાવપ્રધાન હોવાથી એનો અધિક સંબંધ હૃદય સાથે છે. એ હૃદયમાં પરમાત્માનો પ્રેમ પ્રકટે ને પ્રબળ બને એટલે પરમાત્માના અનુગ્રહને અનુભવાય છે. પવિત્ર અને પ્રબળ પ્રેમ દ્વારા પરમાત્માના અસાધારણ અલૌકિક અનુગ્રહને અનુભવવો એ ભક્તિમાર્ગનું પ્રધાન પ્રયોજન છે. પરમાત્માને પોતાના જીવનનું પરમપ્રાપ્તવ્ય માનનારો અને એમના સુખદ સાક્ષાત્કારને માટે પ્રામાણિકપણે પુરુષાર્થ કરનારો આદર્શ ભક્ત તિલક કરે કે ના પણ કરે, માળા રાખે કે ના પણ રાખે, કંઠી બાંધે બંધાવે કે ના પણ બાંધે-બંધાવે, તીર્થોમાં ફરે કે ના પણ ફરે, મંદિરમાં જાય કે ના પણ જાય, પરંતુ એનું જીવન પવિત્ર હોય છે-છળકપટવાળું નથી હોતું. પૃથ્વી પર એ આસુરી સંપત્તિનું નહીં પરંતુ દૈવી સંપત્તિનું અને લૌકિક રાગવૃત્તિ, મમતા અથવા આસક્તિનું નહીં પરંતુ પરમાત્માના પવિત્રતમ પ્રેમનું પ્રતિનિધિત્વ કરે છે. સમસ્ત સંસાર એને માટે મધુમય મંગલ મંદિર બની જાય છે અને એમાં વસતા વિચરતા જુદાજુદા જીવો દેવતા જીવનતીર્થનો મહિમા ધારણ કરે છે. એના કપાળમાં જ નહીં, અંગેઅંગમાં પરમાત્માના પ્રેમનું તિલક હોય છે. એના હાથમાં માળા ના દેખાતી હોય તોપણ મનમાં પરમાત્માના સ્મરણમનનની માળા ચાલ્યા જ કરે છે. એના પ્રાણના પ્રાર્થનાપોકારો પુષ્પોનું કામ કરે છે. એનાં અશ્રુ અભિષેક બને છે અને શ્વાસપ્રશ્વાસ ધૂપબત્તીની ગરજ સારે છે. એના અંતરના અંતરતમમાં પ્રેમનો પ્રદીપ પ્રકાશે છે. કાળજામાંથી કરુણાની ધારા નીકળે છે.

એવા આદર્શ ભક્તનાં લક્ષણો ગીતાના બારમા અધ્યાયની પરિસમાપ્તિ સમયે વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવ્યા છે. એ લક્ષણો આ પ્રમાણે છે :

"સર્વ જીવો પ્રત્યે દ્વેષરહિતતા અથવા પ્રેમભાવની પ્રતિષ્ઠા, મિત્રતા, કરુણા, નિર્મમતા, અહંકારરહિતતા અથવા નમ્રતા, સુખ તથા દુઃખમાં સમતા, ક્ષમાભાવના.

સંતોષ, સતત આત્મસંયમ. યોગબુદ્ધિ. દૃઢ નિશ્ચય. ભગવાનને મન તથા બુદ્ધિનું અર્પણ. ભગવાનની જ ભક્તિ.

બીજાને ઉદ્વેગ ન કરાવવો અને બીજાથી ઉદ્વેગ ના પામવો. હર્ષ-શોક-ભય-ઉદ્વેગથી મુક્તિ.

કોઈ પ્રકારની દુન્યવી અપેક્ષા ના રાખવી. પવિત્રતા, દક્ષતા, દુન્યવી વિષયો પ્રત્યે ઉદાસીનતા, વેદનારહિતતા, કર્તવ્યબુદ્ધિનો પરિત્યાગ.

રાગદ્વેષ, શોક તથા તૃષ્ણાનો ત્યાગ. શુભ અને અશુભ બંનેમાંથી મનની ઉપરામતા.

મિત્ર અને શત્રુમાં, માન અને અપમાનમાં, શીતોષ્ણમાં અને સુખદુઃખમાં સમતા. સંગરહિતતા.

સ્તુતિ તથા નિંદાથી ચલાયમાન ના બનવું, મૌનવ્રતનું સેવન, જે કાંઈ મળે તો તેમાં સંતોષ માનવો. ઘરમાં મમતા અથવા આસક્તિ ના રાખવી. બુદ્ધિની સ્થિરતા.

ધર્મરૂપી અમૃતનું સદા સેવન કરવું, પરમાત્માપરાયણ બનવું. અખંડ અખૂટ શ્રદ્ધાથી સંપન્ન થવું. સર્વકાળે સર્વસ્થળે સર્વપ્રકારની શક્તિ અને સાધનસામગ્રીથી ઈશ્વરની એકનિષ્ઠ આરાધનામાં મગ્ન કે રત રહેવું." (શ્લોક ૧૩ થી ૨૦ નો ભાવાર્થ)

એ બધાં લક્ષણો એક વાતને સૂચવે છે ને સ્પષ્ટ કરે છે કે ભક્તની અંદર સૌથી અગત્યની વસ્તુ એનું પોતાનું નમ્ર નિર્મમ, વિશદ વિશાળ વ્યક્તિત્વ છે. એ કેવાં વસ્ત્રો પહેરે છે, ક્યાં રહે છે ને નોકરીધંધો કરે છે કે નથી કરતો એ એટલું બધું મહત્વનું નથી પરંતુ ભક્ત એટલે કે ભગવાનને ભજનારો છે કે નહીં એ જ

મહત્વનું છે. જેણે પોતાની જાતનું સમર્પણ કર્યું છે તે ભક્ત. એ ભગવાનને જ સમર્પિત હોય છે. ભગવાનને પોતાના જીવનના કુલમુખત્યાર, સર્વેસર્વા બનાવી દે છે. એની લીધે સર્વત્ર, સર્વપ્રકારે નિશ્ચિંત અને નિર્ભય બની જાય છે. ભગવાનની રક્ષા તથા કૃપાનો અહર્નિશ અનુભવ કરે છે. સર્વત્ર સર્વભાવે સદા ભગવાનને જ ભજે છે. સંસારના વિનાશશીલ વિષયોને કદીપણ ભજી શકતો જ નથી. આંખથી ભગવાનને જ ભજે છે એટલે ભગવાનને જ જુએ છે. કાનથી ભગવાનની કથાવાર્તાને, ભગવાનના સુમધુર સુખદ સંકીર્તનસ્વરોને સાંભળે છે, વાણીથી ભગવાનના ગુણાનુવાદ ગાય છે, નામજપ તથા સંકીર્તન કરે છે અને અન્યને પ્રકાશ, પ્રેરણા ને શાંતિ આપે છે. નાકથી ભગવાનનાં જ દિવ્ય શ્રીવિગ્રહની તથા દેવમંદિરોની અને ધર્મસ્થળોની સુવાસ લે છે. હાથને ભગવાનની સેવાપૂજાના ને ભગવાનના વિશાળ વિશ્વરૂપની સહાયતાના કલ્યાણકાર્યમાં લગાડે છે. પગથી એમની પ્રદક્ષિણા કરે છે. મનથી ભગવાનના ચિંતનમનન, અનુસ્મરણ, ધ્યાનમાં મગ્ન બનીને અલૌકિક આનંદને અનુભવે છે. શ્વાસોશ્વાસે ભગવાનને ભજે છે. હૃદયમાં એમની પ્રતિષ્ઠા કરે છે. રોમરોમને એમના રાગે રંગી નાખે છે. એ જ એના આરાધ્ય બને છે. ઉપાસ્ય રહે છે. એવી રીતે જેણે ભગવાનના ચારુ ચરણે પોતાના જીવનનું સર્વસમર્પણ કર્યું ને ભગવાનની જ સાથે સંબંધ બાંધીને ભગવાનની ભાવ-દુનિયામાં ભગવાનને કાજે જ જીવવામાં સ્વર્ગસુખ કે ગૌરવ ગણ્યું તે ભક્ત કહેવાય છે. એ ભજન ગાતો હોય અથવા ના પણ ગાતો હોય પરંતુ એના અંતરાત્મામાં ભગવાનનું જયગાન ગવાયા કરે છે. એ ધર્મશાસ્ત્રોને વાંચતો, વિચારતો અને જાણતો હોય કે ના હોય, એમનાથી એકદમ અનભિજ્ઞ હોય તોપણ શું ? એ પ્રત્યક્ષ ધર્મશાસ્ત્ર હોય છે. એના જીવનમાં ધર્મ અથવા ધર્મશાસ્ત્રોનો અર્ક હોય છે. બહારથી જોતાં એ સેવાપૂજા કરતો ના દેખાતો હોય તોપણ એનો અનુરાગથી અંજાયેલો અંતરાત્મા અખંડ આરાધના કર્યા જ કરે છે. સંસારમાં રહેવા છતાં અને પોતાને ફાળે આવેલાં કર્તવ્યો કરવા છતાં એ સંસારનો નથી હોતો. ભગવાનનો અને ભગવાનમાં જ હોય છે. એની વૃત્તિ તથા પ્રવૃત્તિ ભગવાનને માટે જ થતી હોય છે. એ ભગવાનના પ્રેમજગતમાં નિરંતર જાગે છે. એની આજુબાજુ ગમે તેવું વિષમ વિપરીત વાતાવરણ હોય તોપણ એનો પ્રતિકૂળ પ્રભાવ એના પર નથી પડતો. એનું જીવન સદા ભગવાન તરફ અભિમુખ બનીને વહ્યા કરે છે. સમુદ્રના તરંગો જેમ અનવરત રીતે ઊછળીને પોતાનું ગૌરવગીત ગાયા કરે તેમ એ પણ એમનું ગૌરવગીત ગાયા કરે છે. ભક્તના જીવનનો એકમાત્ર આનંદ એમાં જ હોય છે. ગૌરવગીતની સાર્થકતા ભગવાનના અસાધારણ અનુગ્રહના અનુભવમાં અને ચિરમિલનમાં રહેલી છે.

ગીતાના અભિપ્રાય પ્રમાણે ભક્તિ તથા દુન્યવી પ્રવૃત્તિ પરસ્પર વિરોધી નથી. ભક્તિ સંસારમાં રહીને પ્રવૃત્તિની વચ્ચે પણ કરી શકાય છે. સંસાર અને એની પ્રવૃત્તિ બાધક નથી, સાધક છે. બાધક તો માનવનું વિષયની વૃત્તિવાળું મોહગ્રસ્ત મલિન મન છે. એ મનને મોહમુક્ત કરવાની કોશિશ કરવામાં આવે અને પરમાત્માના પ્રેમભાવથી ભરી દેવામાં આવે તો એ નિર્મળ બનવા માંડે છે ને બાધકને બદલે સાધક બને છે. એટલા માટે એની અંદર ભક્તિભાવની પ્રતિષ્ઠા કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. ભક્તિભાવવાળા પુરુષની પ્રવૃત્તિ દુન્યવી હશે તોપણ છળકપટરહિત, નિઃસ્વાર્થ, પવિત્ર અને અન્યના લાભ માટેની થતી હશે. એની આગળપાછળ અહંકાર નહી હોય. મમત્વ અને રાગદ્વેષાદિ પણ નહિ હોય. એથી એવી પ્રવૃત્તિ પરમાત્માની

પાસે પહોંચવાના અમોઘ સાધનસરખી, પરમાત્માની લીલાના દર્શન માટેના માધ્યમસરખી, કલ્યાણકારિણી બની રહેશે. ભક્તિભાવવાળો સાત્વિક સાધક સંસારમાં સદા જાગ્રત રહીને કામ કરશે. અનાસક્ત બનશે.

રામકૃષ્ણ પરમહંસદેવ કહે છે કે ફણસને કાપવાથી હાથ ચીકણા થાય છે અથવા ખરડાય છે. પરંતુ પહેલાં હાથ પર તેલ લગાડીને પછીથી ફણસને કાપવામાં આવે તો એની ચીકાશ હાથને લાગતી નથી. એવી રીતે ભગવાનની ભક્તિ સિવાય સંસારમાં રહીને કાર્ય કરવામાં આવે તો અંતરાત્મા ખરડાય છે. પરંતુ એ જ અંતરાત્માને ભગવાનના ભક્તિભાવથી ભરી દેવામાં આવે કે ભરી દેવાનો પ્રયત્ન કરવામાં આવે તો એના પર સંસારનો કે સંસારના કર્મોનો પ્રતિકૂળ પ્રભાવ નથી પડતો. એ સંસારના સમવિષમ વાયુમંડળમાં વસવા છતાં પણ એનાથી અલિપ્ત રહે છે. જુદા જુદા વિષયોથી ખરડાતો નથી. પોતાના જીવનધ્યેયને સદા યાદ રાખીને એની દિશામાં મક્કમતાપૂર્વક આગળ વધે જાય છે.

ભક્તિનું સાધન સંપૂર્ણ સ્વતંત્ર છે. સાપેક્ષ નથી, નિરપેક્ષ છે. જેને એની પ્રાપ્તિ થાય છે તેના સઘળા મનોરથ પૂરા થાય છે. તે સુખી, શાંત, ધની અને ધન્ય બને છે. તેના જીવનમાં કોઈપણ પ્રકારની કમી નથી રહેતી. ભક્તને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે અલગ અભ્યાસ કે પ્રયાસ કરવાની આવશ્યકતા નથી રહેતી. આત્મજ્ઞાનની આકાંક્ષા અથવા આવશ્યકતા હોય છે તો એને પરમાત્માની પરમકૃપાથી એ આપોઆપ મળે છે. ગીતામાં જણાવ્યું છે :

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥१०-१०॥

"મારી સાથે પોતાની જાતને નિરંતર જોડનારા અને મને પરમ પ્રેમપૂર્વક ભજનારા એવા ભક્તોને હું બુદ્ધિયોગ અથવા જ્ઞાન આપું છું. એની મદદથી એ મારી પાસે પહોંચે છે."

ગીતામાં જ્ઞાનવિજ્ઞાનની જે ગુહ્યાતિગુહ્ય સામગ્રી પીરસવામાં આવી છે એનું કારણ અર્જુનનો ભગવાન કૃષ્ણને માટેનો સરળ, નિષ્કપટ, પ્રબળ ભક્તિભાવ જ છે. એને લીધે જ એમનો એના પર અસાધારણ અનુગ્રહ થયો છે અને એ બોલી ઊઠ્યા છે કે "જ્ઞાનના અર્ક જેવા ઉત્તમ જ્ઞાનને હું તારી આગળ ફરીવાર રજૂ કરીશ. એને મેળવીને સઘળા મુનિવરો પરમસિદ્ધિની પ્રાપ્તિ કરી ગયા છે. આ જ્ઞાનના આશ્રયથી મારી સાથે એકરૂપ બનેલા મહાપુરુષો સૃષ્ટિકાળમાં જન્મતા નથી અને પ્રલયના પ્રવાહ હેઠળ નથી આવતા."

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥१४-१॥
इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥१४-२॥

એ અસાધારણ ભક્તિભાવને લીધે તો અર્જુને મહાભારતના યુદ્ધની શરૂઆત પહેલાં ભગવાનને પોતાના રથના સારથિ થવાની પ્રાર્થના કરેલી અને એ પ્રાર્થનાને માન્ય રાખીને ભગવાન એના રથના સારથિ થયેલા.

"प्रेमके बस अर्जुन-रथ हांक्यो, भूल गये ठकुराई ..
सबसे ऊंची प्रेम सगाई ।"

વેદમાં કહ્યું છે કે સૃષ્ટિની શરૂઆતમાં બ્રહ્માને પ્રગટાવીને પરમબ્રહ્મ પરમાત્મા એમને વેદોનું દાન દે છે. મન, બુદ્ધિ અને આત્માને અનુપ્રાણિત અથવા આલોકિત કરનારા એ પરમદેવ પરમાત્માનું હું મુમુક્ષુ બનીને શરણ લઉં છું. એ કથન પરથી સમજાય છે કે શરણાગત ભક્તોને પરમાત્મા કૃપા કરીને આત્મજ્ઞાન આપી શકે છે.

સાચા ભક્તને બીજા કયા જ્ઞાનની આવશ્યકતા છે ? એને કાંઈ શ્રેષ્ઠ શાસ્ત્રજ્ઞ નથી થવું; પંડિત, શાસ્ત્રી, આચાર્ય, દાર્શનિક કે તર્કપટુ નથી બનવું. એની અભિલાષા તો પરમભાગવત થવાની કે ભગવાનના પ્યારા કૃપાપાત્ર બનવાની હોય છે. એને માટેના પ્રયત્નમાં એને જીવનની સફળતા લાગે છે. જ્ઞાનવિજ્ઞાનનાં ગૂઢાતિગૂઢ રહસ્યોની ઉપલબ્ધિ કરીને એને બીજું શું મેળવવાનું છે ? એ તો ભગવાનને મેળવવા માગે છે. જાણે છે કે એ જ એક મેળવવા જેવા છે. એ જ્ઞાન થયા પછી બીજા કયા જ્ઞાનની આવશ્યકતા છે ? એના જીવનમાં એ દિવ્યજ્ઞાનની જ્યોતિને ભગવાન કૃપા કરીને જાગ્રત કે જ્વલંત રાખે છે એના સિવાયના બીજા જ્ઞાનની જરૂર જણાય તોપણ ભગવાન એને પોતાની પરમકૃપાના પરિણામે પ્રાપ્ત કરાવે છે. અર્જુનના સંબંધમાં એવું જ બનેલું. ભગવાને એની વિવિધ જિજ્ઞાસાવૃત્તિને શાંત કરીને આખરે એને પોતાને શરણે આવવાનો સંદેશ આપેલો. છેવટે તો ભક્તે ભગવાનને જ શરણે જવાનું છે. એમાં જ એની સાધનાની સાર્થકતા છે. શરણ સિવાય દર્શન અને અનુગ્રહનો અનુભવ નથી થતો.

ભક્તે યોગની પણ ચિંતા કરવાની જરૂર નથી કારણ કે ભક્તિ યોગના ફળને પ્રદાન કરવાની શક્તિ ધરાવે છે. ભક્તિમાર્ગના સાધકને નામજપ, પ્રાર્થના, સ્તોત્રપાઠ, પૂજા કે ધ્યાન કરતાં કરતાં ભાવોદ્રેકના પરિપાકરૂપે એકાગ્રતાની અતિશયતા થવાથી સહજ સમાધિની પ્રાપ્તિ થાય છે. ભગવાનની કૃપાથી યોગની અષ્ટસિદ્ધિઓ પણ એનાં ચરણોમાં આળોટે છે. જીવનમુક્તિ અથવા કૈવલ્યની સંપ્રાપ્તિ એને સારુ સહજ બને છે. અને પરમશાંતિ તો એની સહચરી બની રહે છે. ગુણાતીત થઈને પરબ્રહ્મ પરમાત્મામાં પ્રતિષ્ઠિત થવાનું કાર્ય પણ અનન્ય ભક્તિયોગ દ્વારા ભગવાનને ભજનારને માટે કઠિન નથી હોતું. ગીતામાં જણાવ્યું છે :

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान्ब्रह्मभूयाय कल्पते ॥१४-२६॥

"અવ્યભિચારી ભક્તિયોગનો આધાર લઈને જે મારું અહર્નિશ સેવન કરે છે તે પ્રકૃતિના ત્રણે ગુણોથી ઉપર ઊઠીને બ્રહ્મસ્વરૂપ બની જાય છે."

ભક્તિના સેવનથી કાળાંતરે પરમાત્માનો પવિત્રતમ પ્રબળ પ્રેમ પ્રકટે છે, પ્રેમ વ્યાકુળતામાં પરિણમે છે, અને વ્યાકુળતા વધતાં પરમાત્માનું દર્શન દૂર નથી રહેતું. ભક્તિમાં અને એકમાત્ર ભક્તિમાં જ એવી રીતે ભગવદ્ દર્શન કરાવવાની શક્તિ સમાયેલી છે.

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम्॥८-२२॥

"જેમની અંદર સઘળાં ભૂતો રહેલાં છે, સારીયે સૃષ્ટિ સ્થિત છે અને જે સર્વત્ર વ્યાપક છે, તે પરમપુરુષ પરમાત્મા અનન્ય ભક્તિ દ્વારા પ્રાપ્ત થાય છે."

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥११-५४॥

"હે પરંતપ અર્જુન, અનન્ય ભક્તિથી જ આવી રીતે મારું જ્ઞાન, દર્શન અને મારી અંદર તાત્વિક રીતે નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશવાનું શક્ય બને છે."

એનો સૂચિતાર્થ એવો છે કે ભક્તિથી જ્ઞાન, ભક્તિ તથા યોગના ત્રિવિધ ફળની પ્રાપ્તિ થાય છે. ભક્તે એ ફળપ્રાપ્તિને માટેનો અલગ પુરુષાર્થ નથી કરવો પડતો. ભક્તિરૂપી કામધેનુના સેવનથી નાનામોટા, લૌકિક પારલૌકિક સમસ્ત હેતુની સિદ્ધિ થાય છે.

ભક્તિ સગુણ હોય કે નિર્ગુણ, સાકાર હોય કે નિરાકર અને સકામ હોય કે નિષ્કામ, ભક્તની પ્રકૃતિ કે રુચિ પ્રમાણે ગમે તેવી હોય તોપણ આવકારદાયક છે અને આશીર્વાદરૂપ ઠરે છે. ભક્તિ શરૂઆતમાં સગુણ કે સાકાર હશે તોપણ નિર્ગુણ નિરાકાર તરફ લઈ જશે. સકામ હશે તોપણ શનૈઃ શનૈઃ કે છેવટે નિષ્કામ થશે. ઈશ્વરકૃપાથી લૌકિક કામનાની મર્યાદા અથવા અસારતા સમજાતાં કામના નહીં રહે. આર્ત અને અભાવગ્રસ્ત, અશાંત અથવા અતૃપ્ત માનવ કોઈ કામના કરે અને એની પૂર્તિ માટે પરમાત્માને પ્રાર્થે કે ભજે એ સહાનુભૂતિથી સમજીએ તો સમજાય તેવું છે. પરંતુ ભક્તિ શબ્દપ્રયોગ અને ભક્તિની સર્વશ્રેયસ્કરી સાધના તો સંસારને કે સાંસારિક વિષયોને નહિ પણ ભગવાનને ભજવા માટે છે. એમાં જ એની સફળતા તેમજ સાર્થકતા છે, એ એનો આશ્રય લેનારા પ્રત્યેક ભક્તે યાદ રાખવાનું છે. જીવન પરમાત્માને ઓળખવા અને પરમાત્માની પાસે પહોંચવા માટે છે એ કોઈપણ કાળે કે સ્થળે નથી ભૂલવાનું.

*

**(૪) યોગ**

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં યોગ વિશે આખો છઠ્ઠો અધ્યાય સ્વતંત્ર રીતે જ લખવામાં આવ્યો છે. એનું શીર્ષક આત્મસંયમયોગ કરવામાં આવ્યું છે. યોગ એટલે પરમાત્માનો મેળાપ. એ મંગલ મેળાપને માટે ગીતામાં ખાસ કરીને જીવનની વિશુદ્ધિનો અને ધ્યાનની સાધનાનો મહિમા ગાવામાં આવ્યો છે. છઠ્ઠા અધ્યાયના અધ્યયનથી એ સંપૂર્ણપણે સ્પષ્ટ થાય છે.

યોગના નામે આપણે ત્યાં ભાતભાતના ખ્યાલો કે વિચારો પ્રવર્તે છે. કોઈ યોગને આસન તો કોઈ પ્રાણાયામ કહે છે તો કોઈ સમાધિ તો કોઈ જુદીજુદી આશ્ચર્યચકિત કરનારી સિદ્ધિઓને યોગનું નામ આપે છે. પરંતુ ગીતા યોગના વાસ્તવિક સીધા સરળ સ્પષ્ટ સ્વરૂપને રજૂ કરીને એ બધી ભ્રાંત અથવા અધૂરી વિચારધારાઓ કે માન્યતાઓમાંથી માનવને મુક્ત કરે છે; ભોગ સંસારના પદાર્થોનો કે વિષયોનો ઉપભોગ છે. યોગ પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ છે. પોતાની અંદર એનો અનુભવ કરવાની સાથે સમસ્ત સંસારમાં એનો અનુભવ કરવાની સાધના છે. એનો યોગ આદર્શ છે, આશીર્વાદરૂપ છે અને એથી સંપન્ન યોગી સામાન્ય તપસ્વીથી, કોરા શાસ્ત્રજ્ઞાનીથી, કેવળ કર્મ કરનારા કર્મઠ માનવથી ઉત્તમ છે. ગીતાએ એવા ઉત્તમ પ્રકારના યોગી બનાવાની પ્રેરણા પૂરી પાડી છે.

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥६-४६॥

"યોગી તપસ્વી કરતાં શ્રેષ્ઠ છે, જ્ઞાની કરતાં પણ અધિક છે. કર્મીથી પણ ઉત્તમ છે, એટલા માટે હે અર્જુન, તું યોગી થા."

*

ઘરમાં પાણીનો નળ હોય છે તે દ્વારા પાણી આવે છે પરંતુ એ પાણી નળમાંથી પેદા થતું નથી. ઉપરઉપરથી જોતાં એ નળમાંથી પ્રકટતું હોય એવો ભ્રમ થાય છે ખરો, પરંતુ ઝીણવટથી જોતાં જણાય છે કે નળનો સંબંધ પાઈપલાઈનની સાથે અને પાઈપલાઈનનો વોટરવર્કસની સાથે હોય છે. જળાશયનું વોટરવર્કસ દ્વારા પ્રવાહિત થયેલું પાણી પાઈપલાઈનમાંથી ક્રમેક્રમે આગળ વધે છે અને આખરે ઘરના નળમાં આવે છે. ત્યાંથી બહાર પડે છે. નળનો ને નળના પાણીનો સંબંધ એવી રીતે ધાર્યા કરતાં ઘણો વિસ્તૃત તથા સૂક્ષ્મ હોય છે. ઘરમાં કાચના ગોળા કે બલ્બમાંથી જે પ્રકાશ પથરાય છે એનું પણ એવું જ છે. એ પ્રકાશ ગોળા કે બલ્બમાંથી પ્રાદુર્ભાવ નથી પામતો. એનો સંબંધ વાયર સાથે, વાયરનો ઈલેક્ટ્રિક મીટર સાથે ને મીટરનો પ્રકાશને પ્રકટાવનારા પાવરહાઉસ સાથે હોય છે. પાવરહાઉસમાંથી પસાર થનારી મુખ્ય ઈલેક્ટ્રિક લાઈન સાથે ઘરના બલ્બનો સંપર્ક સધાય એ અનિવાર્ય રીતે આવશ્યક મનાય છે. એના સિવાય બલ્બમાં પ્રકાશ નથી પથરાતો અને ઘરમાં નથી ફેલાતો. પાવરહાઉસ બંધ થાય કે એમાંથી મુખ્ય લાઈન બગડી જાય તો પ્રકાશનો પ્રવાહ અટકી પડે છે. સરિતા પર બંધ બાંધીને નહેરોનું નિર્માણ કરવામાં આવે છે. એ નહેરો અનેક રીતે આશીર્વાદરૂપ થાય છે. હરિદ્વારમાં ગંગાની નહેરનું પાણી કેટલું બધું હૃદયંગમ લાગે છે! હરિદ્વારની અને એની આસપાસના પ્રદેશોની શોભા એને લીધે અનેકગણી વધી જાય છે. પરંતુ કોઈવાર નહેરના પાણીને બંધ કરવામાં આવે છે કે બીજે વાળવામાં આવે છે ત્યારે નહેર તદ્દન સુકાઈ જાય છે. હરિદ્વારના ઘાટની શોભા એકદમ ઓછી થાય છે. ઘાટ સૂના લાગે છે અને એમના આનંદાનુભવની આશામાં આવેલા પ્રવાસીઓ નિરાશ થાય છે. એમની બધીયે મજા મરી જાય છે. નહેરનું એ પાણી નહેરમાંથી જ નીકળતું હોત તો કદી બંધ થાત નહીં, પરંતુ એનો સંબંધ મૂળ સરિતા અને એની ઉપર બાંધેલા બંધ સાથે છે. પાણી ત્યાંથી જ પ્રવાહિત થાય છે ને ત્યાંથી એનું નિયમન કરવામાં આવે છે. એ નિયંત્રણની અસર ઓછાવત્તા પ્રમાણમાં નહેર પર થયા કરે છે. ગામડાંના કેટલાક વિસ્તારોમાં આપણે જોઈએ છીએ કે કૂવાનું પાણી જ હવાડામાં આવે છે. કૂવામાં જો પાણી હોય જ નહીં તો હવાડામાં ક્યાંથી આવે ? આપણા શરીરમાં પણ જે જીવન નામની નાનીસરખી નહેર છે, જે પ્રાણતત્વ, ચેતના કે આત્મશક્તિ છે, એનો સંબંધ વિશ્વની વિશાળ સરિતા સાથે, સમસ્ત સૃષ્ટિના પ્રાણતત્વ, આત્મા અથવા પરમચૈતન્ય, જીવન કે ચેતના સાથે છે. શરીરની અંદર પ્રકટનારો પ્રકાશ ત્યાંથી જ પ્રવાહિત થાય છે. એ મુખ્ય લાઈનમાંથી જ એને પોષણ મળે છે. એનું નિયંત્રણ સમસ્ત બ્રહ્માંડના પાવરહાઉસ જેવા પરમાત્મા દ્વારા, પરમાત્મામાંથી જ થાય છે. એ મુખ્ય લાઈન સંકેલાતા શરીરના વ્યક્તિગત જીવનનો પણ કામચલાઉ વખતને માટે અંત આવે છે. પરમાત્માની સાથેના પોતાના આત્મિક જોડાણને જે ઓળખે છે, એ જોડાણને જે કાયમ કરે છે, પોતાની અંદર જે જીવન છે, પ્રાણ છે, ચેતના છે, અસ્મિતા છે, એનું પ્રાદુર્ભાવસ્થાન કે મૂળાધાર ક્યાં છે એની જે સફળતાપૂર્વક શોધ કરે છે અને એની સાથે જીવનનો સહજ સંવાદ સાધે છે તે યોગી છે. યોગી એટલે પોતાની જાતને પૃથ્વીના

પરમપાવન પ્રકાશની મુખ્ય મૂળભૂત લાઈન સાથે જોડનાર. સૃષ્ટિના સનાતન રસ અથવા પરમાનંદરૂપી વોટર વર્કસ સાથે શાશ્વત સુદૃઢ સંબંધ સાધનાર.

*

ભારતના પ્રાચીન મહાપુરુષો સરિતાના મૂળને શોધવામાં રસ લેતા. સરિતાના પ્રવાહની ઊલટી દિશામાં પસાર થતાથતા એ સરિતાના ઉદભવસ્થાન સુધી જઈ પહોંચ્યા ત્યારે જ સંતોષ પામ્યા. ગંગાના પ્રાદુર્ભાવસ્થાનને શોધતા શોધતા એ ગોમુખ સુધી પહોંચી ગયા. યમુનાના મૂળની ખોજ કરતા કરતા યમનોત્રી જઈ પહોંચ્યા. ત્યાં એમણે મંદિરોની સ્થાપના કરી. પર્વતોનાં નાનાંમોટાં શિખરો પર ચઢીને દેવમંદિરો અથવા સ્મારકો કર્યાં. જીવનની સુવિશાળ સરિતાના મૂળ સુધી પહોંચવાની અને એના રહસ્યને ઉકેલવાની ભાવના પણ એમનામાં બળવાન બનેલી. એ સદ્દભાવનાથી પ્રેરાઈને એમણે યોગની અંતરંગ સાધનાનો આધાર લીધો. છેવટે જીવનના મૂળાધારનો અથવા આત્મતત્વનો સાક્ષાત્કાર કર્યો.

જીવનનો સ્થૂળ રીતે સંબંધાનુભવ બે રીતે થતો હોય છે. એક તો શ્વાસપ્રશ્વાસ અથવા પ્રાણ દ્વારા અને બીજો ચિંતનમનનની પ્રક્રિયા કરનારા મન દ્વારા. એ બંનેને અથવા એમાંથી કોઈપણ એકને એના મૂળ સુધી લઈ જઈને શાંત કરવામાં આવે તો એમના મૂળભૂત પ્રાદુર્ભાવસ્થાનનો પરિચય થાય છે. એ વિચારધારામાંથી પ્રાણાયામ, ધારણા, ધ્યાન અને સમાધિની પ્રક્રિયાઓ પ્રારંભ પામી છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં તથા અન્ય યોગગ્રંથોમાં એમનો ઉલ્લેખ કરાયેલો જોવા મળે છે.

*

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં આત્મસાક્ષાત્કારને માટે આત્મસંયમની સાધના બતાવવામાં આવી છે. તેમાં ધ્યાનના અંતરંગ અભ્યાસક્રમને અત્યંત અગત્યનો માનવામાં આવ્યો છે. એ અભ્યાસક્રમની સફળતા એની જરૂરી ભૂમિકા સિવાય થઈ શકે નહીં એ ખાસ યાદ રાખવા જેવું છે. એ ભૂમિકાને સંક્ષેપમાં જીવનશુદ્ધિનું નામ આપી શકાય. ધ્યાનયોગના સાધકનું વ્યાવહારિક અથવા બહિરંગ જીવન સદ્દગુણી, સાત્વિક, સદાચારી હોવું જોઈએ. એણે આહારવિહારમાં ધ્યાન રાખવું જોઈએ. એની ઉપર ધ્યાનની સાધનાની સફળતાનો ઘણો મોટો આધાર રહેતો હોય છે. યોગી ગમે ત્યારે, ગમે તે, ગમે તેટલું ખાય, ગમે તેમ વર્તે, નિયમિત ને નિયમબદ્ધ જીવન ના જીવે એવી જે માન્યતા મોટા ભાગના માનવોમાં પ્રચલિત છે તેના સંબંધમાં સ્પષ્ટતા કરતાં ગીતા સૂચવે છે કે યોગી સદ્દબુદ્ધિથી સમલંકૃત હોય છે. આદર્શ, નિયમિત, નિયમબદ્ધ જીવન જીવે છે અને પવિત્ર બનવાનો, વધારે ને વધારે પવિત્ર બનવાનો પ્રયત્ન કરે છે. એ સદા પરમાત્મભાવમાં પ્રતિષ્ઠિત હોય છે. જીવનના ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક શિખરે પહોંચ્યા પછી પણ બીજાને મદદરૂપ બનવાની ભાવનાથી મુક્ત નથી હોતો. બીજાને માટેની અનુકંપાવાળો હોય છે. પોતાને જે શાંતિ, મુક્તિ, પૂર્ણતા, સર્વાત્મભાવના, પરમાત્માનિષ્ઠા મળી છે તે સૌ કોઈને મળે ને સૌ પોતાના જીવનને ઉત્સવમય કરે એવી એની ભાવના હોય છે. એ ભાવનાને અનુસરતી પ્રવૃત્તિ પણ એના દ્વારા થયા કરે છે. છઠ્ઠા અધ્યાયના બત્રીસમા શ્લોકમાં કહ્યું છે, "જે સર્વત્ર આત્મદર્શન કરે છે, સમતા રાખે છે, ને સુખદુઃખને સરખાં સમજીને બીજાને સુખી કરવા અથવા દુઃખમુક્ત બનાવવા કોશિશ કરે છે તે યોગી સૌથી શ્રેષ્ઠ કહેવાય છે."

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।

सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥६-३२॥

ગીતાના યોગવર્ણનમાં ૧૧ મા અધ્યાયના ભગવાન કૃષ્ણના વિશ્વરૂપદર્શનના પ્રસંગને બાદ કરતાં બીજે ક્યાંય બાહ્ય સિદ્ધિઓનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. યોગના નામે જે સાધકો કે સામાન્ય માનવો જુદીજુદી નાનીમોટી સિદ્ધિઓની આશા અથવા લાલસા રાખે છે એમને એને લીધે કદાચ નિરાશ થવું પડશે. પરંતુ સાચા સાધકોને એથી મદદ મળશે. ગીતાની દૃષ્ટિએ મોટામાં મોટી સિદ્ધિ મન અને ઈન્દ્રિયો પરના વિજયની અને આત્મદર્શનની છે. પ્રકૃતિના વિષયો તથા પ્રલોભનો માનવને ચંચળ કે ચલાયમાન ના કરે, અને એની પ્રતિષ્ઠા પરમાત્મામાં જ રહે. એ દ્વારા સમતા, સમદર્શન, શાંતિથી સંપન્ન બનીને એ અલિપ્ત રીતે જીવન જીવે; એનાથી મોટી સિદ્ધિ એને બીજી કોઈ જ નથી દેખાતી. એ સિદ્ધિ કલ્યાણકારિણી હોવાથી એને મેળવવા માટે એ અવારનવાર ને પ્રકારાંતરે પ્રેરણા પ્રદાન કરે છે. જેથી સાધક આડમાર્ગે ચઢી જવાને બદલે આત્મોન્નતિના મંગલ માર્ગે આગળ ને આગળ વધતો જાય છે.

યોગ અને જ્ઞાન તો વિરોધી નથી જ, પરંતુ યોગ તથા ભક્તિ પણ અવિરોધી છે. યોગી મહાન ભક્ત હોઈ શકે છે. હોય છે. યોગી જડચેતનાત્મક સમસ્ત સંસારમાં રહેલા સર્વાન્તરયામી સર્વેશ્વર ભગવાનને જ ભજે છે. એની અંદર અનન્ય અખૂટ શ્રદ્ધા હોય છે. માટે તો ગીતામાં જણાવ્યું છે કે "સર્વે યોગીઓમાં જે યોગી મારામાં અંતરાત્માને જોડીને મને શ્રદ્ધાભક્તિપૂર્વક ભજે છે તે સૌથી શ્રેષ્ઠ છે."

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्तमो मतः॥६-४७॥

ભક્ત યોગી અને યોગી ભક્ત હોય છે કારણ કે બંને પોતપોતાની આગવી રીતે ભગવાન સાથે સંપર્ક સાધે છે ને ભગવાનને જ જીવનના સર્વાધાર સમજીને ભજે છે અને અનુભવે છે.

* * *

## ૧૬. ગીતા શું શીખવે છે ?

(૧)

ગીતા શું શીખવે છે એના કરતાં ગીતા શું નથી શીખવતી એ પ્રશ્ન વિચારવા જેવો છે. ધર્મ, તત્વજ્ઞાન, સાધના, આધ્યાત્મિકતાના સંબંધમાં ગીતાએ પર્યાપ્ત પ્રાણવાન પ્રકાશ પાડ્યો છે. એવા પ્રકાશ પાડ્યો છે જ યુગો સુધી ઝાંખો ના થાય કે નાશ ના પામે. જે માનવના અંતરાત્માને અહર્નિશ આલોકિત કરે. જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગનાં ગૂઢાતિગૂઢ રહસ્યોની રજૂઆત કરીને એણે માનવજાતિને માટે મહામૂલ્યવાન મહત્વનું કલ્યાણકાર્ય કર્યું છે. અસંખ્ય અંધકારગ્રસ્ત આત્માને પ્રકાશ પૂરો પાડ્યો છે, પ્રેરણાહીનને પ્રેરણા આપી છે, અશાંતને શાંતિ બક્ષી છે, પથભ્રાંતને પથપ્રદર્શન કર્યું છે, શંકાશીલને શંકાકુશંકાના વમળમાંથી બહાર કાઢ્યા છે, મોહમગ્નને મોહમાંથી મુક્ત કર્યા છે અને બદ્ધને મુક્તિનો મહારસ ચખાડ્યો છે. એણે જીવનને જ્યોતિર્મય કરવા માટે જરૂરી સઘળું શીખવ્યું છે.

ગીતા શું શીખવે છે ? કર્તવ્ય કરવાનું. સ્વધર્મનું સમ્યક્ પાલન. કર્તવ્યનો ત્યાગ એને લેશ પણ પસંદ નથી પડતો.

એ ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મનને સ્વસ્થ અને શાંત રાખવાનું, હિંમત કેળવવાનું, નીતિ-સદાચાર-માનવતાને ના છોડવાનું, પરમાત્માને શરણે જવાનું અને પ્રાર્થવાનું શીખવે છે. એના એ અને એવા બીજા જીવનોપયોગી શાશ્વત સંદેશને સમજીને જીવનમાં ઉતારીએ તો જીવન અવનવી દીપ્તિ તથા શાંતિથી સંપન્ન થાય ને વધારે જીવવા જેવું બની જાય.

ગીતા અર્જુનને માટે કહેવાયેલી, ગવાયેલી છતાં પણ એકલા અર્જુનને માટે નથી રહી, સૌ કોઈને માટે થઈ છે, એ એની વિશેષતા છે. મહાભારતના યુદ્ધમેદાનમાં ગવાયેલી તોપણ જીવનના મહાભારત-મેદાનમાં કામ લાગે છે, એ એની વિશિષ્ટતા છે. એ શીખવે છે કે જીવન મંગલ છે, મધુમય છે, મૂલ્યવાન છે, મહોત્સવમય છે, મહામહિમાવાન છે. ધર્મક્ષેત્ર છે, જગત પણ ધર્મક્ષેત્ર છે. જીવવા અને ચાહવા જેવું છે. એને આદર્શ માનવીની જેમ જીવવાની અને આદર્શ કરવાની આવશ્યકતા છે. એ કલ્યાણકાર્ય પ્રશ્નો, સમસ્યાઓ, પ્રતિકૂળતાઓ, વિઘ્નો, વિરોધો, ચિંતાઓ, ભયોથી ભયભીત થવાથી, હતપ્રભ બનવાથી ને ભાગવાથી નહિ થાય. એમનો શાંતિપૂર્વક શૂરવીરને છાજે તેવી રીતે સામનો કરવાથી અને એ પ્રયત્નમાં પરમાત્માની મદદ માગવાથી થઈ શકશે.

(૨)

ગીતા આત્માની અમરતાનો સંદેશ આપે છે ને કહે છે શરીર ગમે તેટલું સાચવવામાં આવે તોપણ નાશવંત છે. એની વિનાશશીલતાને વિચારીને કોઈએ નિરાશ નથી થવાનું, પરંતુ પોતાના જીવનના સોનેરી સમયનો પોતાના ને બીજાના ઉત્કર્ષને માટે બને તેટલો સદ્દપયોગ કરવાનો છે. એને સારુ સંકલ્પ કરવાનો છે, યોજના ઘડવાની છે, ને કામે લાગવાનું છે.

જે આત્માની અમરતામાં માને છે તે નિર્ભય તેમજ નિશ્ચિંત બની જાય છે. નિર્મોહ થઈ જાય છે. અનાત્મ પદાર્થોનાં કે વિષયોનાં આકર્ષણો એને આકર્ષી શકતાં નથી. મોહાવી, ભરમાવી કે ભાન ભુલાવી શકતાં નથી. એ સ્વધર્મના અનુષ્ઠાનમાં રત રહે છે.

આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ દઝાડી કે બાળી શકતો નથી, પાણી પલાળી શકતું નથી, પવન સૂકવી શકતો નથી. જે પોતાને આત્મસ્વરૂપ સમજે છે તે સર્વ પ્રકારના ક્લૈબ્યમાંથી મુક્તિ મેળવે છે. સત્કર્મોના સમ્યક્ અનુષ્ઠાન દ્વારા તે સ્થિતપ્રજ્ઞ બનીને પરમશાંતિ, અનાસક્તિ, આત્મિક પ્રસન્નતા તથા પરમાત્માની પ્રાપ્તિ કરે છે.

**(3)**

જીવનના કલ્યાણકાજે કર્મયોગનો આશ્રય લેવો જોઈએ.

કામ તથા ક્રોધથી પ્રેરાઈને માનવ ના કરવાનાં કામો કરતો હોય છે. એમને લીધી આત્મજ્ઞાનનો પ્રકાશ ઢંકાઈ જાય છે.

ઈન્દ્રિયો બળવાન છે. મન એમનાથી વધારે બળવાન છે, મનથી બુદ્ધિ બળવાન અને બુદ્ધિ કરતાં આત્મા બળવાન છે. એવી રીતે આત્માને સૌથી શ્રેષ્ઠ સમજીને, આત્મભાવ જગાડી તથા વધારીને, કામરૂપી શત્રુનો સંહાર કરવો જોઈએ. કામનો નાશ થતાં ક્રોધનો પણ લોપ થશે.

**(૪)**

વર્તમાન જીવન એક જ જીવન નથી. આ જીવન તો જીવનની વિશાળ પરંપરાનો એક અંશ છે, વચગાળાનો પડાવ છે. ભૂતકાળમાં કેટલાંય જીવન પસાર થયાં. આગળ પર બીજાં કેટલાંય પસાર થશે.

જીવનના આ અભિનય માટે જગતના રમણીય રંગમંચ પર ભગવાન પોતે પણ પધારે છે. ધર્મની પ્રતિષ્ઠા તથા માનવીય મૂલ્યોની માવજત માટે, અજન્મા હોવા છતાં પોતાની પ્રકૃતિનો આશ્રય લઈને અવારનવાર પધારે છે. તો પછી માનવને અહીં આવવું પડે છે એમાં આશ્ચર્ય શું ? વસવસો શાનો ? કંટાળો શા માટે ? જીવનને ને જગતને ધિક્કારવાથી અથવા અભિશાપરૂપ સમજવાથી કાંઈ જ નહીં વળે. જીવન પોતાને ને બીજાને માટે મંગલમય, મદદરૂપ, મહોત્સવમય બની જાય એવી રીતે જીવાવું જોઈએ. એને ધર્મની પ્રતિષ્ઠાથી પુલકિત અથવા માનવીય મૂલ્યોથી મંડિત કરવું જોઈએ. એમાં જ એની સાર્થકતા છે. જેની ઈચ્છા આવાગમનમાંથી મુક્તિ મેળવવાની હોય તે યોગ્ય દિશામાં પુરુષાર્થ કરીને તેમ પણ કરી શકે છે. માનવજીવનમાં એની પણ શક્યતા છે. નિષ્કામ કર્મયોગ, તપશ્ચર્યા, જીવનની વિશુદ્ધિ અને આત્મજ્ઞાન દ્વારા મેળવેલા આત્માનુભવથી એ પણ થઈ શકે છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે આત્માનુભૂતિવાળા જ્ઞાની મહાપુરુષની મદદ માગવી જોઈએ. એમની નમ્રતા તથા જિજ્ઞાસાપૂર્વક સેવા કરવી જોઈએ. જ્ઞાન જેવું પવિત્ર અને મોહનાશક, કલ્યાણકારક બીજું કશું જ નથી. તેથી પરમશાંતિ સાંપડે છે ને કર્મબંધન દૂર થાય છે. જ્ઞાનની તલવારથી અજ્ઞાનજન્ય સઘળા સંશયોને છેદી નાખીને માનવે જીવનના મંગલના માર્ગે અહર્નિશ આગળ વધવું જોઈએ.

**(૫)**

કર્મના ત્યાગ કરતાં કર્મયોગ ઉત્તમ અને કલ્યાણકારક છે. કર્મનો ત્યાગ કરવાને બદલે સૌએ કર્મયોગનો આશ્રય લેવો જોઈએ.

જે કોઈ પ્રકારનો રાગદ્વેષ રાખતો નથી કે કામના કરતો નથી તે નિત્યસંન્યાસી કહેવાય છે.

કર્મને બ્રહ્માર્પણ કરી સંગ અથવા આસક્તિ છોડીને કર્મ કરનાર, કમળનું દલ જેમ પાણીથી લેપાતું નથી તેમ, પાપથી નથી લેપાતો. એનાથી પાપ થઈ શકતું જ નથી.

**(૬)**

જે કર્મફળનો આશ્રય નથી લેતો; કરવાયોગ્ય કર્મને કરે છે, તે જ સંન્યાસી તથા યોગી છે.

યોગીએ શાંત-એકાંત પ્રદેશમાં રહીને આત્મચિંતન અને આત્માનું અનુસંધાન કરવું જોઈએ. પવિત્ર સ્થાનમાં આસન વાળવું જોઈએ.

મનથી સદા આત્માનું અનુસંધાન સાધવાથી છેવટે પરમશાંતિની પ્રાપ્તિ થાય છે.

બહુ ખાવાથી, તદ્દન ના ખાવાથી, અતિશય ઊંઘવાથી અથવા ઉજાગરા કરવાથી યોગસાધના નથી થઈ શકતી.

યોગની સાધના કઠિન છે તોપણ મક્કમ મનોબળવાળા સાધકને માટે કઠિન નથી રહેતી. મન ચંચળ છે, તોફાની, બળવાન, વિષયવતી વૃત્તિવાળું અને વશ કરવું કઠિન છે. તોપણ એકધારા અભ્યાસથી અને વૈરાગ્યથી વશ થાય છે. પોતાની જાતનો સંયમ ન સાધનારને માટે યોગની સાધના કપરી થઈ પડે છે. પરંતુ મન તથા ઈન્દ્રિયોનો સંયમ સાધનાર એ સાધનાને ક્રમેક્રમે કરી શકે છે.

એ સાધના અધૂરી રહી જાય કે એનો આધાર લેનારા સાધકનું કોઈ કારણે અધઃપતન થાય તોપણ સાધકનો પુરુષાર્થ નકામો નથી જતો. નવા જન્મમાં સાધક શેષ સાધનાને પુનઃ શરૂ કરે છે, પૂર્વના બુદ્ધિસંયોગથી સંપન્ન બને છે અને છેવટે સિદ્ધાવસ્થાની પ્રાપ્તિથી ધન્યતાને અનુભવે છે. કલ્યાણકાર્યને કરનારાની કદી દુર્ગતિ નથી થતી અને કલ્યાણકાર્ય કદી નકામું નથી જતું.

**(૭)**

માનવશરીર મહામૂલ્યવાન છે. તોપણ તેના મહિમાને સમજીને આત્માનુભૂતિને માટે કોઈક જ પ્રયાસ કરે છે. મોટા ભાગના માનવો તો દુન્યવી વિષયોમાં અને ઈન્દ્રિયોના ભોગોપભોગોમાં જ ડૂબેલા રહે છે. એમને આત્મદર્શનની અભિરુચિ જ નથી હોતી. આત્મદર્શનને માટે પ્રયત્ન કરનારા સાધકોમાંથી પણ કોઈક વિરલ જ એમાં સફળ થાય છે. વિવેક તથા વૈરાગ્યની કમીને લીધે તેમજ બીજી નાનીમોટી નબળાઈઓને લીધે મોટા ભાગના સાધકો અધવચ્ચે જ અટકી પડે છે.

પરમાત્મા સિવાય સંસારમાં બીજું કાંઈ જ નથી. સૂત્રમાં મણિગણ પરોવાયા હોય તેમ સમસ્ત સંસાર મારામાં પરોવાયેલો છે. પરંતુ અનુભવી આત્મજ્ઞાની સિવાય બીજા કોઈને એની ખબર નથી પડતી.

પરમાત્માની માયા દૈવી, ગુણમયી અને તરવી અતિશય કઠિન છે. જે માયાપતિ ભગવાનનું સાચા દિલથી શરણ લે છે તે જ તેને તરી શકે છે.

ભગવાનના ભક્તો ચાર પ્રકારના છે. આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની. એમાં એકનિષ્ઠ ભક્તિવાળો જ્ઞાની ભક્ત સૌથી શ્રેષ્ઠ છે. એ ભગવાનના આત્મા જેવો છે. એનું દર્શન અતિશય દુર્લભ છે. એવા જ્ઞાની

ભક્તને અનેક જન્મને અંતે પરમાત્માની પ્રાપ્તિ થાય છે. એ સર્વકાંઈ-સમસ્ત જગત પરમાત્મા છે એવું અનુભવે છે.

**(૮)**

પાર્થિવ શરીરનો પરિત્યાગ કરતી વખતે જે જે પદાર્થ કે વાસનામાં મન જાય છે તે તે પદાર્થ કે વાસનાની પ્રાપ્તિ થાય છે. અંતકાળે જેવી મતિ તેવી ગતિ એ ન્યાયે જે શરીરને છોડતી વખતે ભગવાનને યાદ કરીને ભગવાનમાં મનને જોડીને, વિદાય થાય છે તે ભગવદ્ ભાવને પામે છે. અંતકાળે મન ભગવાનમાં જોડી શકાય એટલા માટે અત્યારથી જ, જીવનના સઘળા કાળ દરમિયાન મનને ભગવાનમાં જોડવાની ટેવ પાડવી જોઈએ. જેનું જીવન સુધરે છે તેનું મરણ પણ સુધરે છે.

**(૯)**

દૈવી સંપત્તિથી સંપન્ન મહાપુરુષો ભગવાનને જગતના આદિ અને અવિનાશી સમજીને અનન્યભાવે શ્રદ્ધાભક્તિપૂર્વક ભજે છે. એ મારું જ સંકીર્તન કરે છે, મને જ સૌમાં નમે છે અને વ્રતનિયમના નિશ્ચિત પરિપાલન દ્વારા મને જ ઉપાસે છે. બીજા દુન્યવી પરિવર્તનશીલ પદાર્થોની પ્રીતિ અથવા આરાધના નથી કરતા.

ભગવાનને જે અનન્ય અનુરાગથી પ્રેરાઈને સર્વસ્થળે અને સમયે અહર્નિશ આરાધે છે એવા એકનિષ્ઠ ભક્તોને કશો ભય નથી રહેતો, કોઈ ચિંતા નથી રહેતી. ભગવાન એમની નિરંતર રક્ષા કરે છે, સંભાળ રાખે છે, અને એમને ભાતભાતનાં ભયસ્થાનો ને પ્રલોભનોમાંથી ઉગારીને આત્મોન્નતિના મંગલ માર્ગે આગળ વધારીને મુક્તિ તેમજ પૂર્ણતાનું દાન દે છે. ભગવાન એમના ઋણી બને છે.

ભગવાનને ભક્તિપૂર્વક પત્ર, પુષ્પ, ફળ કે પાણી પ્રદાન કરનારા ભક્તની એ સામગ્રીને ભગવાન સ્વીકારીને આરોગે છે. એથી ભગવાનની કૃપા મળે છે. એટલા માટે જે કાંઈ કરવામાં આવે, ખાવામાં આવે, હોમવામાં, આપવામાં અથવા તપવામાં આવે એ બધું ભગવાનને અર્પણ કરવું. એમ કરવાથી કર્મબંધનથી કે શુભાશુભ ફળથી છૂટી શકાશે, ભગવદ્ પરાયણ થવાશે, મુક્ત બનાશે, ને ભગવાનની પ્રાપ્તિ કરાશે.

અતિશય દુરાચારી પણ ભગવાનને ભજે તો સદાચારી થાય છે, સાધુ કે ધર્માત્મા થાય છે ને શાશ્વત શાંતિને મેળવી લે છે. ભગવાનના ભક્તનો નાશ થતો નથી.

માનવે ભગવાનમાં જ મન રાખવું જોઈએ, ભગવાનની જ ભક્તિ કરવી જોઈએ, ભગવાનના સંસારની સેવા કરવી જોઈએ, ભગવાનને સૌમાં નિહાળીને નમવું જોઈએ. એવી રીતે ભગવદ્પરાયણ જીવન જીવવાથી ભગવાનથી દૂર નથી રહેવાતું.

**(૧૦)**

પરમાત્મામાંથી સૌની ઉત્પત્તિ થાય છે ને પરમાત્માને લીધે જ સૌનું ધારણપાલન થાય છે. એવું સમજનારા પરમાત્માથી કદી દૂર નથી રહેતા. એ પરમપ્રેમ અને શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને પરમાત્માને ભજે છે.

એવા આદર્શ ભાવમય ભક્તોનાં મન ભગવાનમાં જ રમતાં હોય છે, એમના પ્રાણ ભગવાનને લીધે જ ટકે છે, એ પરસ્પર ભગવાનની વાતો કરીને સંતોષ અને આનંદનો અનુભવ કરે છે.

પોતાની સૌથી પ્રથમ વિભૂતિનું વર્ણન કરતાં ભગવાને કહ્યું છે કે સર્વ ભૂતોના હૃદયમાં રહેલો હું આત્મા છું. આત્મારૂપે ભગવાનનો અંશ રહેલો છે એવું માનીને સૌ પ્રત્યે પ્રેમ રાખવો ને સૌને મદદરૂપ બનવા તૈયાર થવું.

ભગવાન ચરાચર જગતનું બીજ અથવા મૂળ કારણ છે. એમના સિવાય સૃષ્ટિનું અસ્તિત્વ નથી સંભવી શકતું.

જે જે વિભૂતિથી સંપન્ન છે, સાત્વિક, સુંદર, સમૃદ્ધ અને ઉદાત્ત છે તે તે ભગવાનની વિરાટ શક્તિના અંશરૂપ છે. અખિલ જગતને પરમાત્મા પોતાની શક્તિના એક અંશથી ટકાવી રહ્યા છે.

**(૧૧)**

પરમાત્માનું દર્શન સ્થૂળ, વિષયલોલુપ, અહંતા-મમતાયુક્ત મલિન ચક્ષુથી નથી થઈ શકતું. એને માટે તો દિવ્ય દૃષ્ટિ જોઈએ. દિવ્ય દૃષ્ટિ એટલે રાગદ્વેષરહિત, નિર્મળ, પ્રેમમય, ભક્તિભાવભરપૂર દૃષ્ટિ. એને મેળવવાની આવશ્યકતા છે.

પરમાત્મા અવિનાશી છે, જાણવાયોગ્ય વસ્તુઓમાં શ્રેષ્ઠ છે, વિશ્વના મૂળાધાર છે, વિકાર અથવા હ્રાસથી પર છે, ધર્મના સનાતન રક્ષક છે અને અમૃતમય છે.

માનવે જીવનમાં એમના આદેશને અનુસરવું જોઈએ, એમની પ્રેરણા પ્રમાણે ચાલવું જોઈએ અને નિમિત્ત બનીને કાર્ય કરવું જોઈએ.

એમના મહિમાને જાણીને માનવ નમ્રાતિનમ્ર બની જાય છે. મલિનતામાંથી મુક્તિ મેળવે છે. એનો અહંકાર ઓગળી જાય છે. એ એમની પાસે પહોંચ્યા સિવાય રહી શકતો નથી. એનું સાચું જીવન ત્યારે જ શરૂ થાય છે. એ ભક્તિભાવથી ભરપૂર બને છે. અનન્ય ભક્તિભાવની જાગૃતિ થતાં ભગવાન દૂર નથી રહેતા. એથી ખેંચાઈ આવે છે.

જે ભગવાનને માટે કર્મ કરે છે, ભગવાનની ભક્તિ દ્વારા ભગવાનમાં રત રહે છે, સંગદોષ અને આસક્તિથી અલગ રહે છે અને વેરભાવથી મુક્ત થઈને પ્રેમભાવમાં પ્રતિષ્ઠિત બને છે, તે પરમાત્માને પામી શકે છે.

**(૧૨)**

ગીતા કહે છે કે ભગવાનમાં મનને જોડનારા, ભગવાન સાથે સર્વકાળમાં, સર્વસ્થળમાં ને સર્વ પ્રકારની પરિસ્થિતિમાં સંબંધ બાંધીને એમને પરમશ્રદ્ધાપૂર્વક ઉપાસનારા ભક્તો આદર્શ અને ઉત્તમ ભક્તો છે.

ઈશ્વરની નિર્ગુણ નિરાકાર રૂપે ઉપાસના કરનારા ભક્તો પણ ભગવાનની પ્રાપ્તિ કરી શકે છે. પરંતુ એમને સગુણ સાકાર ઉપાસના કરનારા ભક્તો કરતાં થોડીક વધારે મુસીબત પડે છે, થોડોક વધારે ક્લેશ થાય છે. સગુણ અથવા સાકાર સંસારમાં શ્વાસ લેવા ટેવાયેલા સાધક નિર્ગુણ નિરાકાર ઈશ્વરની ઉપાસના સહેલાઈથી નથી કરી શકતા. તોપણ એ મુખ્યત્વે પ્રકૃતિ, રુચિ અથવા ભૂમિકાનો વિષય છે. તેથી એને અનુસરીને સૌ કોઈ પોતાની અનુકૂળ ઉપાસનાનો આધાર લઈને આગળ વધી શકે છે. એના માટેની સ્વતંત્રતા સૌને છે.

જે સર્વ કર્મોને કૃષ્ણાર્પણ કરી, આત્મપરાયણ બની, પરમાત્માનું ધ્યાન ધરતાં પરમાત્માને અનન્યભાવે આરાધે છે, તેમને મૃત્યુમય સંસારસાગરથી ઉદ્ધારવામાં એ વિલંબ કરતા નથી. એટલા માટે મન તથા બુદ્ધિને પરમાત્મામાં ધારણ કરવાં. એથી એમની કૃપાની પ્રાપ્તિ થાય છે.

ભગવાનના ભક્તનું હૃદય પવિત્ર, ઉદાર અને વિશાળ હોય છે, હોવું જોઈએ. ભક્ત સમતા, સંયમ, પરમાત્મપરાયણતાની મૂર્તિ હોય છે, હોવો જોઈએ. ભક્તિરૂપી અમૃતપાન કરીને, અખંડ શ્રદ્ધાથી સંપન્ન બનીને, પોતાની જાતને ભગવાનમાં જોડીને ભગવાનને તન-મન-વચન-કર્મ અને અન્ય સાધનસામગ્રીથી ભજનારા ભક્તો ભગવાનને પ્રિય થાય છે ને ભગવાનના કૃપાપાત્ર બને છે.

**(૧૩)**

શરીર એક સુંદર ખેતર છે. ખેતરમાં બીજારોપણ કરવામાં આવે છે તેમ શરીરથી સત્કર્મોનું ને સાધનાનું અનુષ્ઠાન કરવું જોઈએ જેથી પોતાને સુખશાંતિ મળવાની સાથેસાથે બીજાને પણ મળી શકે; પોતાની સમુન્નતિ સધાવાની સાથે સાથે બીજાની પણ સાધી શકાય.

ગીતાની દૃષ્ટિ પ્રમાણે જેને આત્મજ્ઞાનની અભિરુચિ હોય અથવા પ્રાપ્તિ થઈ હોય એનામાં આ પ્રમાણે લક્ષણો દેખાવાં જોઈએ :

અહંકારરહિતતા, દંભરહિતતા, અહિંસા, ક્ષમા, સરળતા, ગુરુની સેવા, પવિત્રતા, સ્થિરતા, આત્મસંયમ, ઈન્દ્રિયોના વિષયોમાં વૈરાગ્ય, નમ્રતા, જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિજન્ય દુઃખ ને દોષનો વિચાર કે ખ્યાલ, સ્ત્રીપુત્રપરિવાર તથા ઘરમાં મમતા અથવા આસક્તિનો અભાવ, અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં મનની સ્વસ્થતા ને શાંતિ, ભગવાનની અડગ શ્રદ્ધાપૂર્વકની અવ્યભિચારિણી ભક્તિ, એકાંતસેવન, જનસમૂહની પ્રીતિનો અભાવ, આત્મજ્ઞાનની અભિરુચિ અને તત્વજ્ઞાનના વિષયરૂપ પરમાત્માનું દર્શન.

જ્ઞાનીમાં એ લક્ષણો ના હોય તો એને અજ્ઞાની સમજવો.

પરમાત્માનું દર્શન કોઈ પોતાની અંદર ધ્યાન દ્વારા કરે છે. કોઈ એમને ભક્તિ દ્વારા જુએ છે, કોઈ જ્ઞાનયોગની અને કર્મયોગની મદદથી એમનો સાક્ષાત્કાર કરે છે. કોઈ શાસ્ત્રશ્રવણ દ્વારા એમને આરાધે છે તે પણ મૃત્યુને તરી જાય છે.

જે સર્વ ભૂતોમાં રહેલા પરમાત્માનું દર્શન કરે છે તે જ સાચું જુએ છે. એ પરમાત્મા વિનાશશીલ વસ્તુઓમાં અવિનાશી છે. સર્વત્ર પરમાત્માને જોનાર બીજાની હિંસા નથી કરતો, બીજાને દુઃખ નથી દેતો, કોઈની સાથે દુર્વ્યવહાર નથી કરી શકતો. એની કલ્પનાય નથી કરતો.

**(૧૪)**

આત્મજ્ઞાન પરમજ્ઞાન છે. એને પામવાથી પરમસિદ્ધિની પ્રાપ્તિ થાય છે. પરમાત્માની સંનિધિ સાંપડે છે.

સત્વ, રજ તથા તમ પ્રકૃતિના ત્રણ ગુણો છે. એમને લીધે દેહી દેહમાં બંધાય છે ને સ્વરૂપને ભૂલી જાય છે.

સત્વગુણ સુખ સાથે, જ્ઞાન સાથે બાંધે છે.

રજોગુણ રાગાત્મક તથા તૃષ્ણામય છે. તે કર્મ સાથે બાંધે છે.

તમોગુણ અજ્ઞાનમાંથી પેદા થાય છે ને સંમોહક હોય છે. તે પ્રમાદ, આળસ, નિદ્રાથી બાંધે છે. જ્ઞાનને ઢાંકીને અજ્ઞાનરૂપી અંધકારની સૃષ્ટિ કરે છે.

માનવમાં પ્રકાશ અને જ્ઞાન પ્રકટે ત્યારે સત્વગુણ વધ્યો છે એવું સમજવું. લોભ, પ્રવૃત્તિપરતા, લાલસા વધે અને અસંયમ દેખાય ત્યારે રજોગુણ વધ્યો છે એવું સમજી લેવું. પ્રમાદ, મોહ, જડતા, અકર્મણ્યતા વધે ત્યારે તમોગુણ વધ્યો છે એવું માની લેવું.

સત્વગુણીને પવિત્ર અને જ્ઞાનીપુરુષોના લોકની પ્રાપ્તિ થાય છે, રજોગુણીને કર્મઠ લોકની ને તમોગુણીને મૂઢ કે જડયોનિની પ્રાપ્તિ થાય છે.

ત્રણે ગુણોને તરી જનાર, જીતી લેનાર કે ગુણાતીત બનનાર સર્વ પ્રકારના સંતાપ અને દુઃખોમાંથી મુક્તિ મેળવીને અમૃતપદની પ્રાપ્તિ કરે છે. પરમાત્માની શરણાગતિ, ભક્તિ અથવા અનુભૂતિ એમાં મદદરૂપ બને છે.

એવો પુરુષ વિષયોથી ઉદાસીન અને અલિપ્ત રહે છે. સુખ-દુઃખ, પ્રિય-અપ્રિય, માન-અપમાન, શત્રુ-મિત્ર, પ્રાપ્તિ-અપ્રાપ્તિની વચ્ચે સ્વસ્થ તથા શાંત રહે છે.

**(૧૫)**

આ સંસારરૂપી વૃક્ષ વિકારશીલ છે. સદાને માટે એકસરખી અવસ્થામાં નથી રહેતું. અશ્વત્થ છે. એના મહિમાને ને મર્મને જાણવાનું કામ કપરું છે. એને અનાસક્તિના શસ્ત્રથી છેદવું જોઈએ તથા અધિષ્ઠાતા પરમપુરુષ પરમાત્માને પામવાનો સંકલ્પ કરવો જોઈએ.

માનમોહ વિનાના, સંગદોષને જીતી ચૂકેલા, અધ્યાત્મપરાયણ, કામના સિવાયના, સુખદુઃખ જેવા દ્વંદ્વોથી મુક્ત, જ્ઞાનીપુરુષો પરમાત્માના દિવ્ય અવિનાશી પરમપદની પ્રાપ્તિ કરે છે.

જગતમાં જીવરૂપે પરમાત્માનો જ અંશ રહેલો છે.

શરીરને છોડીને અન્યત્ર જનારા જીવાત્માની સાથે મન તથા ઈન્દ્રિયો વિદાય થાય છે.

શરીરમાં રહેતા, ભોગ ભોગવતા અને શરીરને છોડીને જતા જીવાત્માને અજ્ઞાની નથી જોઈ શકતા. જ્ઞાનીઓ જોઈ શકે છે.

પુરુષોત્તમ પરમાત્માને જે જાણી લે છે તે સર્વને જાણી લે છે ને પરમાત્માને પૂરેપૂરા પ્રેમભાવથી ભજવા માંડે છે.

જ્ઞાનની સફળતા કે સાર્થકતા એના દ્વારા પરમાત્માની પાસે પહોંચીને જીવનને કૃતકૃત્ય કરવામાં રહેલી છે. જ્ઞાનનો સાચો ઉપયોગ એ જ છે.

**(૧૬)**

**દૈવી સંપત્તિના લક્ષણો**

અભય, હૃદયશુદ્ધિ, જ્ઞાન તથા યોગનો સંવાદ, દાન, ઈન્દ્રિયનિગ્રહ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, પ્રામાણિકતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, કઠોરતાનો અભાવ, જીવમાત્ર પ્રત્યે દયા, અલોલુપતા, કોમળતા, કુકર્મ કરવાનો સહજ સંકોચ, અડગતા, તેજ, ક્ષમા, પવિત્રતા, અદ્રોહ, અહંકારરહિતતા.

**આસુરી સંપત્તિના મુખ્ય લક્ષણો**

દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, કઠોરતા અને અજ્ઞાન.

એ બંને પ્રકારની સંપત્તિ ઓછાવત્તા પ્રમાણમાં સંસારમાં સર્વત્ર જોવા મળે છે. દૈવી સંપત્તિથી વ્યક્તિગત તથા સમષ્ટિગત દુઃખ, અશાંતિ, અનર્થ, બંધનથી મુક્ત મળે છે અને આસુરી સંપત્તિથી દુઃખ, અશાંતિ, ક્લેશ ને બંધન વધે છે. વ્યક્તિગત તથા સમષ્ટિગત સુખાકારી, સમૃદ્ધિ, સમુન્નતિ માટે દૈવી સંપત્તિની આરાધના આવશ્યક છે. સમાજમાં આસુરી સંપત્તિના ઓળા ઊતરે છે ત્યારે તે અવ્યવસ્થિત, અશાંત થાય છે અને દુઃખી બને છે.

આસુરી સંપત્તિના માનવો શરીરમાં આસક્ત હોય છે, આત્માને ઓળખતા અથવા ઓળખવા માગતા નથી અને સંસારના સુખોપભોગને જ જીવનનું સારસર્વસ્વ સમજતા હોય છે. ધર્મ, નીતિ, સદાચાર, માનવતા, કે બીજાની સેવામાં રસ નથી લેતા. ઈન્દ્રિયોના વિષયોમાં જ રત રહે છે. યેનકેન પ્રકારેણ ધન પ્રાપ્ત કરવું અને વૈભવી બનવું એ જ એમનું લક્ષ્ય હોય છે. જ્યાં હોય છે ત્યાં માનવતાનો મૃત્યુઘંટ વગાડીને એ સંકટની સૃષ્ટિ કરે છે. પોતાના સુખને માટે બીજાના સુખની હોળી કરે છે. જીવનના મહિમાને નથી જાણતા. એમનું વર્તન વિકૃત હોય છે, એમના વિચારો વિકરાળ અને એમની વાણી વિપરીત તથા વિષમયી. એ સંસારનું અહિત કરવા માટે જ જન્મ્યા હોય છે. બીજાના સુખને જોઈને જલે છે ને બીજાના દુઃખને દેખીને રાજી થાય છે. અહંકારથી ઉન્મત્ત અને અંધ બનીને પોતાને જ ઈશ્વર, સિદ્ધ, સુખી, શક્તિશાળી માને છે અને દાનવની જેમ ઘોર કર્મ કર્યા કરે છે. એ જ્યાં જન્મે છે ને જીવે છે ત્યાં ધરતીકંપ કે જ્વાળામુખીનું વિનાશકારક ક્લેશયુક્ત કામ કરે છે.

એમને જીવતાં તથા મૃત્યુ પછી અધમગતિની પ્રાપ્તિ થાય છે. એમનો અંતરાત્મા અહર્નિશ અશાંત રહે છે.

કામ, ક્રોધ, લોભ નરકનાં ત્રણ દ્વાર છે. એમને અધીન બનનાર નરકમાં પ્રવેશ કરે છે ને બીજાને માટે પણ નરક સરજે છે. એમનાથી મુક્તિ મેળવવી જોઈએ. એમનાથી મુક્તિ મેળવીને જે આત્મકલ્યાણને માર્ગે આગળ વધે છે તે પરમગતિને પામી લે છે અથવા આત્મવિકાસના સર્વોચ્ચ શિખરને સર કરે છે.

શાસ્ત્રવચનને પ્રમાણભૂત માનીને આગળ વધવું. મનસ્વી રીતે આગળ વધનારને સુખશાંતિની ને સિદ્ધિની પ્રાપ્તિ નથી થતી.

**(૧૭)**

પ્રત્યેક પુરુષ શ્રદ્ધામય છે અને શ્રદ્ધાપૂર્વક આગળ વધે છે. એનું વ્યક્તિત્વ એના આદર્શો અને સિદ્ધાંતોની શ્રદ્ધા પ્રમાણે બનતું હોય છે.

સાધનામાં સાત્વિક આહાર આવશ્યક છે.

સમજ સિવાયના, પીડા પહોંચાડનારા તપથી કોઈનું કલ્યાણ નથી થતું. સાધકે એવા તપથી દૂર રહેવું જોઈએ.

વાસી, એંઠો, અપવિત્ર, રસહીન આહાર કદાપિ ના કરવો. એવો આહાર તામસી લોકોને પ્રિય હોય છે.

શરીરનું તપ-દેવતા, બ્રાહ્મણ, ગુરુ, જ્ઞાનીપુરુષનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય, અહિંસા.

વાણીનું તપ-કોઈને ઉદ્વેગ થાય નહીં એવું બોલવું, સત્ય બોલવું, પ્રિય તથા હિતકર બોલવું, સ્વાધ્યાયમાં રત રહેવું.

મનનું તપ-મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, આત્મસંયમ, ભાવોની તથા વિચારોની પવિત્રતા.

સાધકે અને બીજા બધાએ, એ ત્રણે પ્રકારના તપનો આધાર લેવો જોઈએ. એ તપ કલ્યાણકારક છે.

સમાજના ધારણપોષણ અને અભ્યુત્થાનને માટે દાનની પ્રવૃત્તિ પણ કર્તવ્યભાવે ચાલુ રહેવી જોઈએ. દાનની પાછળ સેવાભાવ સમાયેલો છે. એ સૌને માટે શ્રેયસ્કર છે.

ૐ તત્ સત્ પરમાત્માનાં ત્રણ નામ છે. એ નામનું સદા સ્મરણ કરવું જોઈએ. પરમાત્માનાં બીજાં નામ પણ યાદ કરી શકાય.

**(૧૮)**

યજ્ઞ, દાન, તપરૂપી કર્મો માનવનું મંગલ કરનારાં છે અને એને પવિત્ર બનાવનારાં છે. એમનો ત્યાગ કદાપિ ના કરવો જોઈએ. એ કર્મોનું અનુષ્ઠાન આસક્તિ છોડીને તથા ફળની મમતાને મૂકીને કરવું જોઈએ. ત્યાગી તથા સંસારી સૌએ એ કર્મોને કરવાં જોઈએ.

દેહધારીથી કર્મોનો સંપૂર્ણ ત્યાગ કદી પણ નથી થઈ શકતો. સાચો તે જ છે જે કર્મોનો ત્યાગ નથી કરતો પરંતુ કર્મોના ફળનો ત્યાગ કરે છે. એટલે કે ફળને ઈશ્વરનો અધિકાર સમજીને એનો ઉપયોગ બીજાની સુખાકારી, શાંતિ અને સહાયતા માટે કરે છે.

કોઈપણ કર્મની સિદ્ધિ માટે પાંચ વસ્તુઓની અનુકૂળતા આવશ્યક હોય છે-અધિષ્ઠાન, કર્તા, કર્મ કરવાનાં જુદાંજુદાં સાધનો, પુરુષાર્થ અને દૈવ અથવા પ્રારબ્ધ.

જેનામાં કર્તાપણાનો ભાવ નથી અને જેની બુદ્ધિ લેપાતી નથી તેવો માનવ સમસ્ત સંસારને હણે તોપણ નથી હણતો ને નથી બંધાતો.

સાત્વિક કે સર્વોત્તમ જ્ઞાન સૌની અંદર એકાત્મતાનું, એક અવિનાશી પરમતત્વનું દર્શન કરતાં શીખવે છે.

મોક્ષ અને બંધન, પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કાર્ય અને અકાર્ય, અભય અને ભયને સારી પેઠે સમજનારી બુદ્ધિ જ સદ્‌બુદ્ધિ અથવા સાત્વિકી બુદ્ધિ છે. એથી સંપન્ન બનવાથી જ વ્યક્તિ તેમજ સમષ્ટિનું શ્રેય સધાય છે.

સાત્વિક સુખ શરૂઆતમાં વિષ જેવું અને છેવટે અમૃત બરાબર હોય છે. એનાથી બુદ્ધિ અને અંતરાત્મા સંતોષ અને આનંદ અનુભવે છે.

રાજસ સુખ વિષયો તેમજ ઈન્દ્રિયોના સંયોગને લીધે આરંભે અમૃતતુલ્ય અને અંતે વિષ બરાબર થઈ પડે છે.

તામસ સુખ આત્માને મોહમાં નાખે છે, આરંભે અને અંતે ભાન ભુલાવે છે. નિદ્રા, આળસ, પ્રમાદનું સુખ એવું હોય છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રનાં કર્મો સ્વભાવના ગુણોને અનુસરી વહેંચવામાં આવ્યા છે. શમ, દમ, તપ, શુદ્ધિ, ક્ષમા, પ્રામાણિકતા, જ્ઞાન, વિજ્ઞાન, આસ્તિકતા, બ્રાહ્મણનાં સ્વાભાવિક કાર્યો છે.

શૌર્ય, તેજ, ધીરજ, દાનવૃત્તિ, દક્ષતા, ઈશ્વરભાવ, યુદ્ધમાં પીઠ ના બતાવવી, ક્ષત્રિયનાં સ્વાભાવિક કર્મો છે.

કૃષિ, ગોરક્ષા, વાણિજ્ય, વૈશ્યનાં સ્વાભાવિક કર્મો છે.

સેવાનાં કર્મો શૂદ્રનાં સ્વાભાવિક કર્મો છે.

પોતપોતાનાં કર્મોને કરવાથી માનવને સિદ્ધિ સાંપડે છે. એ કર્મો દ્વારા સર્વાધાર, સર્વેશ્વર પરમેશ્વરને ઉપાસવાથી સિદ્ધિ મળે છે. સ્વધર્મ સાધારણ હોય તોપણ તેને વળગી રહેવું. પરધર્મનો મોહ ના રાખવો. સ્વધર્મનું પાલન કરતાં મૃત્યુ મળે તોપણ તેને મંગલમય માનીને વધાવી લેવું.

જે બુદ્ધિયોગનો આશ્રય લઈને, પરમાત્માપરાયણ બનીને, પરમાત્માને સેવે છે એ એમના અનુગ્રહથી કષ્ટો તથા ક્લેશોમાંથી મુક્તિ મેળવીને કૃતાર્થ થાય છે.

ઈશ્વર સૌના હૃદયમાં રહેલા છે. સૌને પ્રેરિત કરે છે. એમને શરણે જવાથી એમની કૃપા વરસે છે. પરમશાંતિ અને સનાતન સ્થાન સાંપડે છે. માટે સઘળી શંકાકુશંકાને અને ઉપાધિને તિલાંજલિ આપીને એક એમનું જ શરણ લેવું જોઈએ. શરણાગતની સર્વ પ્રકારે રક્ષા કરવી કે સંભાળ રાખવાની એમની પ્રતિજ્ઞા છે.

ગીતાના દિવ્ય જ્ઞાનનું દાન કરનાર મોટો ઉપકાર કરે છે. સમાજનું શ્રેય સાધે છે, ને પરમાત્માને પામી લે છે. એ જ્ઞાનયજ્ઞથી ઈશ્વરને આરાધે છે.

શ્રોતાને પણ અમોઘ અસાધારણ લાભ પહોંચે છે. એના અધ્યયનથી જીવન ઉજ્જવળ અને મરણ મંગલ બને છે.

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ધનુર્ધર અર્જુન બંને હોય, એટલે માનવ પુરુષાર્થી, નમ્ર બનીને ઈશ્વરની સાથે શાશ્વત સંબંધ બાંધીને એમની શ્રદ્ધાભક્તિથી સંપન્ન થઈને એમના માર્ગદર્શન મુજબ ચાલે, ત્યાં સંપત્તિ, વિજય, સફળતા, ઐશ્વર્ય અને અચળ જીવનચર્યાનો કે જીવનનિષ્ઠાનો રાસ રચાય છે. જીવન ઈશ્વરને ઓળખવા, ઈશ્વરના બનવા તથા ઈશ્વરના હાથમાં હથિયાર થઈને એ કરાવે તેમ કર્મ કરવા માટે છે. એનો ઉપયોગ એને માટે જ કરાવો જોઈએ. એમાં જ એની સફળતા અથવા સાર્થકતા સમાયેલી છે.

* * *

## ૧૭. શૌચ વિશે

ગીતાના સોળમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં શૌચને દૈવી સંપત્તિનું જરૂરી લક્ષણ કહેવામાં આવ્યું છે. તે ઉપરાંત સત્તરમા અધ્યાયના ચૌદમા શ્લોકમાં શારીરિક તપનું વર્ણન કરતી વખતે શૌચનું મહત્વ બતાવવામાં આવ્યું છે. યોગદર્શન ભગવાન પતંજલિ પણ શૌચનો નિયમમાં સમાવેશ કરે છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ છે, એવા તેમના સૂત્ર પરથી આ વાત સમજી શકાય છે. આમ શૌચને સાધનામાં ઘણું મહત્વ આપવામાં આવ્યું છે.

આનું કારણ પણ સ્પષ્ટ છે. પરમાત્માને સંતો ને શાસ્ત્રોએ પરમ પવિત્ર કહ્યા છે. પરમાત્મા અપવિત્ર છે એવી કલ્પના પણ કોઈને નથી આવતી. એટલે એવા પરમાત્માને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરનારે પણ પવિત્ર થવું જ રહ્યું એ સમજી શકાય તેમ છે. **समानशीलव्यसनेषु सख्यम् ।** 'પ્રેમ કે મૈત્રી પરસ્પર સમાન ગુણ ને પ્રકૃતિના પુરુષો વચ્ચે જ થઈ શકે છે.' એ પ્રસિદ્ધ ઉક્તિની જેમ માણસે પણ પરમાત્માની મૈત્રી મેળવવા તેમના જેવા ગુણસ્વભાવથી સંપન્ન થવા પ્રયાસ કરવો જોઈએ. પરમાત્મા સત્ય છે તો માણસે પણ જીવનમાં અસત્યને દૂર કરી સત્યમય બનવું જોઈએ એટલે કે સાચું બોલવું જોઈએ, સાચા પક્ષને ગ્રહણ કરવો જોઈએ ને સંસારની મોહમમતામાંથી મુક્ત થઈને પરમ સત્યરૂપી પરમાત્માની પ્રીતિ કરવી જોઈએ. પરમાત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે તો માણસે પણ અવિવેકને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરવો જોઈએ, ને ચિંતા તથા ભયશોકથી છૂટી જઈ, પરમ ને સનાતન આનંદમાં પ્રતિષ્ઠિત થવું જોઈએ. તે જ પ્રમાણે પરમાત્મા ક્ષમા ને દયાના સાગર છે, ને પ્રેમ તથા પવિત્રતાની મૂર્તિ છે તો માણસે પણ પણ જીવદયા ને ક્ષમાની ભાવના કેળવવી જોઈએ, ને પ્રેમ તથા પવિત્રતાની મૂર્તિ બનવું જોઈએ. એ રીતે જ પરમાત્માની પ્રાપ્તિ માટે તે લાયક બની શકે. માણસની પ્રકૃતિનું નિરીક્ષણ કરવાથી પણ જણાય છે કે તે શોક કે ચિંતાને બદલે આનંદની ચાહના કરે છે, અસત્યને નહિ પણ સત્યને ને મૃત્યુને નહિ પણ અમરતાને ઈચ્છે છે, દુઃખની નહિ પણ સુખની ને ક્રોધ કે ધિક્કારની નહિ પણ પ્રેમની કામના કરે છે, ને મલિનતાને બદલે પવિત્રતાને જ પસંદ કરે છે.

પવિત્રતા કે સ્વચ્છતા અંદરની ને બહારની બે પ્રકારની છે. બહારની પવિત્રતા ખાનપાન ને શરીર તથા ઘરબહારની શુદ્ધિમાં સમાઈ જાય છે. ને અંદરની પવિત્રતામાં મન ને વિચારોની શુદ્ધિનો સમાવેશ થાય છે. માણસ વધારે ભાગે દુર્ગુણો ને દુષ્ટ વિકારો તથા વાસનાનો દાસ હોય છે. તેથી તેનું હૃદયમંદિર મલિન થાય છે. એટલે દુર્ગુણોને દૂર કરીને પોતાના જીવનને તેણે સદ્ગુણોથી શણગારવું જોઈએ ને દુષ્ટ વિકાર ને વાસનાની ગુલામીમાંથી મુક્ત થવું જોઈએ. આને હૃદયશુદ્ધિ પણ કહે છે.

કેટલાક માણસો એમ કહે છે કે હૃદયશુદ્ધિ જ સર્વસ્વ છે. હૃદયશુદ્ધિ વિના પરમાત્માની પ્રાપ્તિ કે આત્મોન્નતિના માર્ગમાં એક ડગલું પણ આગળ વધી શકાય નહિ, તેમજ જે વિકાસ થાય તે પણ સંગીન ને નક્કર થાય નહિ. હૃદયશુદ્ધિ આત્મવિકાસની ઉત્તમ ને ઉત્તુંગ ઈમારતનો મુખ્ય પાયો છે. જેમ પાયાની મજબૂતાઈ પર ઘરની મજબૂતાઈ અવલંબે છે, તેમ આત્મિક વિકાસનો મુખ્ય ને મહત્વનો આધાર હૃદયશુદ્ધિ

પર રહે છે. માટે હૃદયશુદ્ધિને સર્વસ્વ માની તેના જ તરફ ધ્યાન આપવાનું કામ પૂરતું છે. બાહ્યશુદ્ધિ નહિ હોય તોપણ ચાલી શકશે. પણ એ કથન બરાબર નથી.

બાહ્યશુદ્ધિ નહિ હોય તોપણ ચાલી શકશે એમ શું કામ માનવું ? તે માન્યતા જ ભૂલભરેલી છે. અંદરની જેમ બાહ્યશુદ્ધિને પણ જરૂરી કેમ ના માનવી ? માણસ કપડાંની અંદરના ભાગને સાફ રાખે ને બહારના ભાગને ગંદો રાખે તે સારું કહેવાય કે ? તે જ પ્રમાણે મુખની અંદરના દાંત ને જીભને સાફ કરે, પણ મુખની બહારના આંખ, નાક કે કાનના ભાગને સાફ ના કરે તે પણ શોભાસ્પદ ગણાશે કે ? ખાવાનો ખોરાક ખૂબ સ્વચ્છ હોય, પણ જે થાળીમાં પીરસવાનો હોય તે થાળી તદ્દન ખરાબ ને કાટવાળી હોય તો તે ખોરાક તેવી થાળીમાં લેવાનું ને ખાવાનું ગમશે કે ? પીવાનું પાણી પણ તદ્દન ચોખ્ખું હોય, પણ પ્યાલો ચીકણો કે મેલો હોય, તો તેવા પ્યાલામાંથી પાણી લેવાની ઈચ્છા પણ થશે કે ? જે ઘરમાં માણસ વસવાટ કરે છે તે ઘરને તેણે અંદરથી તો સાફ કર્યું જ છે, ને વધુમાં તેને શણગારીને સુશોભિત પણ કર્યું છે; પણ ઘરની ચારે તરફ ખૂબ જ કચરો પડ્યો છે ને દુર્ગંધ છૂટે છે તો તેવા ઘરને કોઈ સુંદર કે સુશોભિત કહે એ બુદ્ધિમાન માણસને ગમશે કે ? ના, નહિ જ ગમે. માણસને સ્વાભાવિક રીતે જ સ્વચ્છતા વધારે ગમે છે, ને તે સ્વચ્છતા અંદર ને બહાર બધે જ જળવાય તે તેને વધારે પસંદ પડે છે. જેમ શરીર ને પ્રાણને નિકટનો સંબંધ છે, તેમ અંદરની ને બહારની બંને પ્રકારની સ્વચ્છતાને ખૂબ નજીકની સગાઈ છે. એકના વિના બીજું ભાગ્યે જ કામ કરી શકે, ને પરિપૂર્ણ બની શકે. શરીર વિનાનો કેવળ આત્મા શું લીલા કરી શકે ? તેવી જ રીતે આત્મા વિનાનું શરીર ગમે તેવું સુદૃઢ ને સુંદર હોય તોપણ ક્યાંથી ટકી શકે ? એટલે હૃદયશુદ્ધિને જ સર્વસ્વ માની બહારની શુદ્ધિને ઉડાવી દેવાની કે છેક ગૌણ ગણી લેવાની જરૂર નથી. તેનું મહત્વ પણ સ્વીકારવાનું છે. તે જ પ્રમાણે, બહારની શુદ્ધિના જરૂરી કામમાં પણ એટલા બધા લીન કે મશગૂલ બની જવાનું નથી કે તેને જ સર્વસ્વ માની બેસાય ને જેનું તે સાધન છે તે અંદરની શુદ્ધિ પ્રત્યે ઉદાસીન રહેવાય. અંદરની શુદ્ધિ તરફ પણ આંખમીંચામણા કરવાની જરૂર નથી. બાહ્ય શુદ્ધિ જરૂરી છે, પણ તેની સાથે અંદરની શુદ્ધિ પણ સાધવાની છે. તે અંદરની શુદ્ધિનું સાધન છે, એ સદા યાદ રહેવું જોઈએ. માણસનું શરીર ગમે તેટલું સુંદર કે સુદૃઢ હોય, ને સુડોળ પણ હોય, પરંતુ તે કૂડકપટને પોષતો હોય, ને કામક્રોધદંભ ને દ્વેષ તથા અહંકાર જેવા દુર્ગુણોનો દાસ હોય ને તેના વિચાર પણ સંકુચિત ને પામર કે અધમ હોય, ને તેવું જ અધમ તેનું વર્તન હોય, તો તેની શોભા કંઈ જ નથી. તેની વાણી પણ કટુ ને અશ્લીલ તેમજ અસત્ય હોય ને મનની ચંચલતા ને ઈન્દ્રિયસુખોની આસક્તિમાં તે ફસાયેલો હોય, તોપણ તેનું મૂલ્ય કાંઈ જ વિશેષ નથી. કેમ કે માણસ એટલે ફકત શરીર નથી. પણ શરીર, મન ને આત્મા ત્રણેયનો સમુચ્ચય છે. એ ત્રણેની શુદ્ધિ ને સ્વસ્થતા સાધવામાં જ માણસની મોટાઈ છે. એ ત્રણેની શુદ્ધિ ને સ્વસ્થતા જેનામાં જડે તે જ ઉત્તમ કે આદર્શ માણસ ગણી શકાય.

*

બાહ્ય શુદ્ધિમાં ખાનપાનની શુદ્ધિને પણ મહત્વની માનવામાં આવી છે. સ્વાસ્થ્ય ને સ્વભાવના સુચારુ ઘડતરને માટે યોગ્ય એવા ખાનપાનનો આશ્રય લેવાનું જરૂરી છે. આહારશુદ્ધિથી સત્વશુદ્ધિમાં મદદ મળે છે, એ વાત વિદ્વાનોએ સ્વીકારેલી છે. ખાનપાનના સંબંધમાં જુદીજુદી જાતના વિચાર જોવા મળે છે. પરંતુ

ખાનપાન આરોગ્યને માટે મદદરૂપ ને શુદ્ધ હોવાં જોઈએ એ લગભગ સર્વસ્વીકાર્ય છે. સાથેસાથે ખોરાક શુદ્ધિપૂર્વક તૈયાર થયેલો હોવો જોઈએ એ પણ જરૂરી છે. આ વિશે આટલો જ ટૂંકો ઉલ્લેખ પૂરતો માનીશું.

કેટલીકવાર એવું જોવામાં આવે કે બહારની શુદ્ધિ કે બહારના આચાર વિચાર પર જે માણસો ખૂબ ધ્યાન આપે છે, તે તેને જ સર્વસ્વ માની બેસે છે, ને તેના મોહમાં પડી જાય છે. આથી આગળ વધીને બીજા માણસો કરતાં તે પોતાને વધારે શ્રેષ્ઠ, સુધરેલા ને ઊંચા માને છે, ને બીજાને જંગલી જેવા પણ ગણે છે. તેમનામાં ખૂબ કટ્ટરતા ને બીજા પ્રત્યે કેટલીકવાર તિરસ્કાર પણ દેખાય છે. લાંબે વખતે તેમનામાં પવિત્રતાનું ને શુદ્ધ આચારવિચારનું એક પ્રકારનું અભિમાન ઊગી નીકળે છે. તે પોતાને ધાર્મિક ને બીજાને ધર્મભ્રષ્ટ માને છે. બહારની શુદ્ધિ જરૂરી છે, પણ તેથી જો માણસ વધારે કટ્ટર ને અસહિષ્ણુ તથા બીજા પ્રત્યે તિરસ્કાર રાખનારો બને તો તે ભૂષણને બદલે દૂષણ બને છે. બહારની કે અંદરની બંને પ્રકારની શુદ્ધિના સંબંધમાં આ સાચું છે. શુદ્ધિનો આશ્રય લઈને માણસે કટ્ટર, તિરસ્કારયુક્ત કે ભેદભાવવાળા ને અહંકારી નથી થવાનું, પણ ઉદાર, પ્રેમમય, એકતાથી યુક્ત ને નમ્રાતિનમ્ર બનવાનું છે. તે બાહ્ય શુદ્ધિની પાછળ ગમે તેટલું ધ્યાન આપે, ગમે તેટલીવાર ન્હાય, પોતાને કોઈ અડી જાય તો છાંટ લઈ લે કે ન્હાઈ નાખે કે પોતાના ચોકામાં કોઈને આવવા ના દે, તે તેની ઈચ્છાની વાત છે. પરંતુ કોઈયે સંજોગોમાં તેની કટ્ટરતા, ઉચ્ચનીચની માન્યતા ને ભેદભાવના તથા અહંતા મરે નહિ કે તેના દિલના દુર્ગુણ ધોવાય નહિ, પણ વધારે ને વધારે ગાઢ બને, તો તેવા શૌચ કે તેવી શુદ્ધિથી શો ઉપકારક હેતુ સરે ? સ્વભાવની અશુદ્ધિને ધોઈ નાખવા માટે જ શુદ્ધિ છે. તે અશુદ્ધિ કાયમ જ રહે તો શુદ્ધિનો અર્થ શો ? તેવી શુદ્ધિને સાચા અર્થમાં શુદ્ધિ કહી શકાય પણ ખરી કે ? દરેક પ્રકારની શુદ્ધિ માણસને વધારે ને વધારે ઉમદા, ઉદાર, પવિત્ર, સહાનુભૂતિશીલ ને વિવેકી બનાવે છે એ સારી પેઠે સમજી લેવાની જરૂર છે. તે ઉપરાંત માણસે ફકત બહારની શુદ્ધિને પણ પ્રાપ્ત કરી બેસી રહેવાનું નથી. તેથી આગળ વધવાનું છે ને અંદરની શુદ્ધિને પણ સાધવાની છે. જે માર્ગ કે સાધન છે તેને જ ગંતવ્ય સ્થાન કે સાધ્ય માનવાની ગેરસમજમાં તેણે કદી પણ ને કોઈયે કારણથી પડવાનું નથી.

*

અંદરની શુદ્ધિનું કામ કપરું છે. તે ખૂબ જાગૃતિ ને મહેનત માગી લે છે. તોપણ માણસ માને છે તેટલું કપરું નથી. જેને ઊભા થઈને ચાલવાની ઈચ્છા જ નથી, તેને માટે દિલ્લી કે કાશી ખૂબ જ દૂર છે, ને તેની પ્રાપ્તિ તે સ્વપ્નમાં પણ ભાગ્યે જ કરી શકશે. પણ એકવાર જેણે હિંમત ધારીને ચાલવા માંડ્યું, તેને માટે દિલ્હી કે કાશી ગમે તેટલું દૂર હોય તોપણ પાસે ને પાસે થતું જાય છે. પ્રત્યેક પગલે તેનું અંતર ઓછું થતું જાય છે, ને છેવટે તે લક્ષ્યસ્થાને જરૂર પહોંચી જાય છે. અંદરની શુદ્ધિના સંબંધમાં પણ એવું જ છે. જેને તેની ઈચ્છા જ નથી, તેને માટે તો તેની પ્રાપ્તિનો પ્રશ્ન જ નથી. પરંતુ શુદ્ધિના વિચારમાત્રથી તેનું હૃદય કંપી જાય છે, ને જેનાં અંગ અર્જુનની જેમ ઢીલાં પડી જાય છે, તે શુદ્ધિના સુંદર છતાં વિકટ કામમાં ભાગ્યે જ સફળ થઈ શકશે. રણમેદાનમાં જતાં પહેલાં જ વિરોધીની શક્તિના વિચારથી જે થથરે છે, તેને માટે વિજયની આશા ઓછી જ છે. વળી ગમેતેમ કરીને રણમેદાનમાં પહોંચી તો ગયા, પણ શત્રુને જોઈને ત્યાં જ ઉત્સાહ ઢીલો પડી ગયો, તોપણ કૈં વિશેષ હેતુ નહિ સરે. જે ઘા પડે તે વીરતાપૂર્વક લડીને સહન કરવાની ને પુષ્પની વૃષ્ટિ જેમ ગણવાની શક્તિ હોવી જોઈએ. તે ઉપરાંત, રણમાંથી નાસી છૂટવા કરતાં મરવું ભલું એમ માની, છેલ્લા

શ્વાસ સુધી લડી લેવાની તૈયારી હોવી જોઈએ. એવું મનોબળ ને એવી વીરતા હોય તો જ વિજયનો આનંદ મળી શકે. અંદરની શુદ્ધિ કે હૃદયશુદ્ધિના જંગનું પણ તેવું જ સમજવાનું છે. તે જંગમાં છેવટ સુધી લડી લઈને સફળ થવાનો નિશ્ચય જોઈએ. સફળ થવાનો પ્રયાસ કરતાં વચ્ચે ગમે તેવાં ને ગમે તેટલાં વિઘ્નો આવે, તોપણ નાહિંમત કે નિરાશ ના થવું જોઈએ. ઉત્સાહ ને દૃઢ મનોબળ સાથે આગળ ને આગળ વધવું જોઈએ. તો સફળતા જરૂર મળે. સંસારના પદાર્થો ને સાંસારિક સુખને માટે માણસ ખૂબ પ્રયાસ કરે છે, ને તેને માટે રાતદિવસ એક કરે છે. ખૂબ પરિશ્રમ કરીને કેટલાક માણસો સાપ, સિંહ, વાઘવરુ ને રીંછ તથા હાથી ને વાંદરાને પણ પાળે છે. બહારની દુનિયા પર પ્રભાવ જમાવવાનો પ્રયાસ કરે છે, ને સાગર ને પર્વતનો વિજય કરવાના પ્રયાસ કરે છે. તે જ પ્રમાણે માણસ પોતાની અંદરની દુનિયાની શોધ ને શુદ્ધિ કરવાનો નિશ્ચય કરે, ને તે પ્રમાણે પુરુષાર્થ પણ કરે, તો તે જરૂર સફળ થાય, ને બહારના પદાર્થો કે બહારની શોધો દ્વારા જે લાભ મળી શકે તેથી પણ વધારે લાભ મેળવી શકે. ફકત આવી શુદ્ધિ ને શોધનું મહત્વ તેને સમજાવું જોઈએ, ને તે માટેના પુરુષાર્થમાં તેણે લાગી જવું જોઈએ.

જેને આંતરિક શુદ્ધિની ઈચ્છા છે તેણે પોતાની અશુદ્ધિઓને ને પોતાના સ્વભાવ તેમજ વિચાર ને વર્તનના દોષોને વિવેકના સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી જોઈ લેવાની જરૂર છે. પોતાના દોષોને જોઈને માણસે તેમનું પારાયણ કર્યા કરવાનું નથી, પણ તેમને દૂર કરવાનો સત્વર ને નક્કર પ્રયાસ કરવાનો છે. શરૂઆતમાં આ કામ જરા અઘરું લાગશે. પરંતુ આગળ જતાં એવી ટેવ પડી જશે કે પ્રત્યેક પળે ને પ્રસંગે જીવનનું પૃથ્થકરણ થતું રહેશે ને જીવનની ત્રુટિ તેમજ વિચાર, વર્તન કે સ્વભાવની અશુદ્ધિ તરત ખ્યાલમાં આવશે, ને તેને દૂર કરવાનું કાર્ય પણ જારી રહેશે.

*

શરીર તેમજ બીજી બહારની સ્વચ્છતાના નિરંતર અભ્યાસથી શરીર પર મોહ ના થાય તે જોવાનું છે. તેથી તો શરીરના વાસ્તવિક સ્વરૂપનો ખ્યાલ આવવો જોઈએ, ને શરીર ફકત ઉપલક રીતે જ સારું લાગે છે એ સારી પેઠે સમજાઈ, પોતાના કે બીજાના શરીર પરનો મિથ્યા મોહ દૂર થવો જોઈએ. કોઈ કહેશે કે આ કેવી રીતે બની શકે ? તમે તો શરીર પર ધ્યાન આપવાનું કહો છો. તેથી તો મોહ ઘટવાને બદલે વધે. પરંતુ તેવું નથી. આપણે શરીરની શુદ્ધિ પર જ ધ્યાન આપવાનું કહીએ છીએ, શરીરની ટાપટીપ કે કૃત્રિમ શોભા તેમજ શરીરના વિલાસ પર ધ્યાન આપવાનું કહેતા નથી. એ સમજી લેવાની જરૂર છે. શરીરની ટાપટીપથી શરીરમાં મોહ થાય એ સમજી શકાય તેમ છે. પરંતુ શરીરની સ્વચ્છતાથી શરીરમાં મોહ થવાનો ભય રહેતો નથી. શરીરની સ્વચ્છતા માણસે વિચારપૂર્વક કરવાની છે. જો માણસનો વિવેક જાગ્રત હશે, તો શરીરની અશુદ્ધિને દૂર કરતી વખતે શરીરની બાહ્ય અશુદ્ધિનો પણ વિચાર કરશે, ને તેથી પણ આગળ વધી, શરીરની અંદર જે અશુદ્ધિ છે તેનો પણ વિચાર કરશે. આ વિચાર સદાયે જાગ્રત રહેવાથી શરીરના મિથ્યા મોહમાંથી તે બચી જશે, ને શરીરના મિથ્યા આકર્ષણ, ભોગ કે રસાસ્વાદમાં નહિ બંધાય. છતાં પણ તે શરીરને શુદ્ધ રાખશે, પ્રેમથી જોશે, કેમ કે આ શરીર ગમે તેવું હોવા છતાં માનવ ને સમાજ કે સંસારનું મહાનમાં મહાન મંગલ કરવાની શક્તિ ધરાવે છે. એટલે શરીરની નફરત કોઈપણ સંજોગોમાં ઈચ્છવા જેવી નથી. માણસે શરીરની વધારે પડતી મમતા ને આસક્તિમાંથી મુક્ત થવાનું છે. પોતાના ને બીજાના શરીરની અશુદ્ધિનો

વિચાર તાજો રાખી તેણે કોઈયે માનવશરીરમાં આસક્ત થવાનું નથી. ગીતા શરીરના દોષદર્શન દ્વારા શરીરમાં આસક્ત ના થવાનો જ સંદેશ આપે છે. એ આપણે આગળ પર વિચાર્યું છે. પાતંજલ યોગદર્શનમાં પણ એ જ સંદેશનું સમર્થન કરેલું છે. પતંજલિ કહે છે કે "બાહ્ય શુદ્ધિના અભ્યાસથી સાધકને પોતાના શરીરમાં અપવિત્ર બુદ્ધિ ને વૈરાગ્યની ભાવના થઈ જાય છે, તેથી તેને તેમાં આસક્તિ નથી રહેતી, ને બીજા માણસોના સંગની આસક્તિ પણ દૂર થાય છે." (પાતંજલ યોગદર્શન, સાધનપાદ, સૂત્ર ૪૦)

બાહ્યશુદ્ધિમાં આપણે શુદ્ધ ખાનપાનનો સમાવેશ કરી ગયા છીએ. તેમાં પવિત્ર માર્ગે પ્રાપ્ત કરેલા ધન દ્વારા અન્નાદિ મેળવવાં તેનો પણ સમાવેશ કરવાનો છે. ફૂડકપટ ને જૂઠ તથા શોષણ ને અનીતિમય ઉપાયો કે માર્ગો દ્વારા જે ધન મેળવાય છે, તે અશુદ્ધ છે, એ સહેજે સમજી શકાશે. મહેનત કે મજૂરી કરી નીતિમય માર્ગે મેળવેલું ધન જ ઉત્તમ છે. તેવા ધનના ઉપભોગનો સમાવેશ શૌચના વિશાળ સિદ્ધાંતમાં કરી શકાય.

*

હવે જરા બીજી વાત પર આવીએ. ભારતીય સંસ્કૃતિમાં શૌચ પર આટલું બધું લક્ષ આપવામાં આવ્યું છે ને વિચાર, વાણી તથા વર્તનની ઝીણામાં ઝીણી શુદ્ધિ પર ભાર મૂકવાની સાથે શરીર, ઘર કે ગામ તથા શહેર ને એમ સમસ્ત સંસારની બાહ્ય સફાઈ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે, છતાં બહુ ઓછા માણસોએ એ તરફ ધ્યાન આપ્યું હોય એમ જણાય છે. આપણા પ્રાતઃસ્મરણીય ઋષિવરો હૃદયશુદ્ધિના પક્ષપાતી તો હતા જ, પણ સાથેસાથે બહારની શુદ્ધિના પણ હિમાયતી હતા. તેમના આશ્રમ ખૂબ સ્વચ્છ ને સુંદર રહેતા. ઈશ્વરને તેમણે સત્ય, શિવ ને સુંદર કહ્યા છે. એટલે ઈશ્વરના અનુયાયી તરીકે તે સત્યના જ નહિ, પણ મંગલતા એટલે પવિત્રતાના ને સુંદરતાના પણ અનુયાયી હતા. પરંતુ પાછળથી કોણ જાણે ક્યારે, પણ દશા બગડવા માંડી. ધર્મ, સાધના ને ઉપાસનામાં પણ મલિન તત્વોનો પ્રવેશ થવા માંડ્યો, ને ઋષિમુનિના સંતાન જેવા કેટલાક સંતો પણ શરીરને ગંદું ને બેડોળ બનાવવામાં માની, તેવો જ ઉપદેશ આપવા માંડ્યા. વાળ ગંદા કરવા, શરીરને ભસ્મ ચોળવી, ગંદાં વસ્ત્રો પહેરવાં ને શરીર પણ ગંદું રાખવું, એ કેટલાકની દૃષ્ટિએ સાધુસંતનું ભૂષણ મનાવા માંડ્યું, ને જે શુદ્ધ રહે, શરીર, વસ્ત્ર કે ઘરને શુદ્ધ ને સુંદર રાખે તે સંત કે જ્ઞાની નહિ પણ શોખીન ને મોહગ્રસ્ત કહેવાય, એવા તદ્દન મિથ્યા ને ઉટપટાંગ ખ્યાલ પણ કેટલાક લોકોમાં ફેલાવા લાગ્યા.

થોડા વખત પહેલાં અમે આશ્રમને ચૂનો કરાવ્યો હતો. કેટલાય વરસોથી તેની દીવાલો વરસાદથી ધોવાયા જેવી થઈ ગઈ હતી. તેથી તેને પણ સ્વચ્છ કરવી જરૂરી માની વખત મળતાં ધોળાવી હતી. ધોળાવાથી તે સારી પેઠે ચમકવા માંડી. તેવામાં કેટલાક માણસો આવ્યા. તેમાંના એક અમલદારે કહેવા માંડ્યું, આપણા જેવા જ્ઞાની ને વૈરાગીને આવા ઊજળા આશ્રમમાં રહેવું ના શોભે. જો કે એ ભાઈ બધું સમજતા હતા. ને તેમણે આ શબ્દો વિનોદમાં જ કહ્યા હતા. પરંતુ બીજા કેટલાય માણસો એમ જ માને છે કે જ્ઞાની, વૈરાગી કે સંતપુરુષને તો સફાઈ, સ્વચ્છતા કે સુંદરતા સાથે કૈં જ લાગેવળગે નહિ. તે તો સાધારણ, તૂટ્યાફૂટ્યા ને ગંદા ઘરમાં પડ્યા રહે, ને જેવું તેવું ખાય. બનતા લગી લૂખો રોટલો જ. એવી તેમની માન્યતા હોય છે. સાધુને તે વળી દૂધ શું, ફળ શું ને ઘી શું એવી દલીલ કરતાં તે અચકાતા નથી.

મારે વાળ છે, એટલે કોઈ કોઈવાર તેમાં તેલ નાખવું પડે છે, ને રોજ તેને ઓળવા પણ પડે છે. કપડાં ગંદા રહે તે મને પસંદ નથી. તેવી જ રીતે જે સ્થળમાં રહેવાનું હોય તે સ્થળ ગંદુ રહે તે પણ મને પસંદ નથી. એટલે મારા શરીરની બહારની સફાઈનું રાખવું ઘટે તેટલું ધ્યાન હું જરૂર રાખું છું. ને તેને જ્ઞાન, વિવેક કે વૈરાગ્યનું ભૂષણ ગણું છું. બાળપણથી મને શૌચની જ કેળવણી મળી છે. નખ ને દાંત તથા વસ્ત્ર ચોખ્ખાં રાખવાના નિયમનું મારે પહેલેથી જ પાલન કરવું પડ્યું છે. તે નિયમનો ભંગ થતાં શાક ના મળે, ઊભા રહેવું પડે કે ખાવાનું ના મળે, એવો દંડ થતો. એટલે આજે પણ શૌચની જરૂર કે ઉપયોગિતા મારે મન ઘણી છે. જેમ મંદિરમાં મૂર્તિ સાફ હોય તેમ મંદિર પણ સાફ ને સુંદર હોવું જોઈએ એ વાતમાં હું માનું છું. ને જાણું છું કે ભારતીય ઋષિવરોની આ જ દૃષ્ટિ છે. બહારના ને અંદરના બંને પ્રકારના શૌચમાં તે માને છે. છતાં કેટલાય માણસો એ દૃષ્ટિને સમજતા નથી. તેથી ગેરસમજ થાય છે.

કેવળ કપડાં સાફ રાખવાથી ને આશ્રમની ગંદકી દૂર કરવાથી કેટલાક લોકો મને પૈસાદાર માને છે, તો કેટલાક હું તપ કરવા નહિ પણ મોજ કરવા માટે હિમાલયમાં રહું છું એમ કહે છે. તેમને ક્યાં ખબર છે કે જે અંદર ને બહારથી શુદ્ધ છે કે શુદ્ધ થવાનો પ્રયાસ કરે છે, ને જે વિવેકી થઈ ખરાબને છોડી દઈને સારાને ગ્રહણ કરે છે, તે જ આ સંસારમાં સૌથી મોટો શ્રીમંત છે, ને તે જ પૈસાદાર છે. તેની પાસે ઈશ્વરના પ્રેમનો પૈસો છે. તે ઉપરાંત, બાહ્યાભ્યંતર શુદ્ધિ એ એક પ્રકારનું તપ જ છે, ને તેવી શુદ્ધિ દ્વારા જ માણસ અંતરના અનેરા આનંદની કે ભીતરી મોજની પ્રાપ્તિ કરી શકે છે. પણ એવા માણસોના વિચારોને ફેરવતાં જરા સમય લાગશે. જળોની જેમ મજબૂત રીતે તે તેમના મનને વળગેલા છે તેથી. છતાં પણ તેના પરિવર્તન બાબત નિરાશ થવાની જરૂર નથી. સત્ય વસ્તુનો આગ્રહ ને પ્રયોગ દ્વારા અપાતો સંદેશ ચાલુ રહેશે તો ગમે તેવા પૂર્વગ્રહ પણ જરૂર દૂર થઈ જશે. સારું છે કે એવા પૂર્વગ્રહયુક્ત માણસો બહુ ઓછા છે. આધ્યાત્મિકતા શૌચ, વ્યવસ્થા ને નિયમિતતાથી શોભી ઊઠે છે એ સમજી લેવાની જરૂર છે. 'સત્ય, દયા, તપ, શૌચ છે પદ ધર્મના ચાર' એમ કહીને જે શૌચને ધર્મના મુખ્ય ચાર અંગમાં સ્થાન આપવામાં આવ્યું છે તે શૌચનો અનાદર કરીને અશૌચ કે બહારની કે અંદરની અશુદ્ધિનું પોષણ ને સમર્થન કરનારને ધાર્મિક કે ધર્મના પ્રતિનિધિ કેવી રીતે કહી શકાય ? એટલે ધર્મ કે વૈરાગ્ય ને આત્મિક વિકાસને નામે અશુદ્ધિને ચલાવી લેવામાં સાચો વિવેક નથી જ નથી.

*

ધર્મને આધ્યાત્મિકતાથી દૂર જઈને વિચારીએ તોપણ બહારની ને અંદરની સ્વચ્છતા પ્રત્યે માણસોનું ધ્યાન હજી બરાબર દોરવાની જરૂર છે એમ લાગ્યા વિના નથી રહેતું. ભારતનાં ગામડાં હજી સાફ નથી. ત્યાં ગંદકીના ઢગલા પડ્યા હોય છે. ગામડાંની સફાઈ તો જરૂરી છે જ. પણ કેટલાંક શહેરોની સફાઈ પણ જોઈએ તેવી નથી દેખાતી. ભારતની ભૂતકાલીન મહત્તાથી પ્રેરાઈને જે માણસો કાશી, કે વૃંદાવન ને અયોધ્યા જાય છે, તે ત્યાંના અસ્વચ્છ વાતાવરણથી વાકેફ છે જ. હરિદ્વાર ને ઋષિકેશની કુદરતી શોભા ખૂબ છે. પણ ત્યાં પણ ગંદકી તો દેખાય જ છે. જો કે બીજાં સ્થળો કરતાં પ્રમાણમાં ઘણી જ ઓછી છતાં પણ મહાન તીર્થ જેવાં ગણાતાં સ્થળો જોઈએ તેટલાં ચોખ્ખા નથી એ તો સાચું જ છે. તીર્થોની કેટલીક સુંદર નદીઓમાં કેટલેક ઠેકાણે ગટરની ગંદકી ને જુદાંજુદાં કારખાનાંનો મેલ વહાવી તેના પાણીને દૂષિત કરવામાં આવે છે તે પણ

ઓછું આશ્ચર્યકારક નથી. માણસે નદીના શુદ્ધ જળને દૂષિત કરવા કરતાં ગંદકીનો નિકાલ કરવાનો કોઈ બીજો માર્ગ શોધી કાઢવો જોઈએ. કેટલાય માણસો, નદીકિનારાનાં ગામો ને પશુઓ નદીના પાણીનો ઉપયોગ કરે છે. તેનો વિચાર કરીને માણસે નદીઓ પ્રત્યે ને નદીનો ઉપયોગ કરનાર માણસો પ્રત્યે માનવતાભર્યું વર્તન કરવું જોઈએ.

જ્યાં ત્યાં કચરો નાખવાની ને એંઠવાડ ઢોળવાની ટેવનો પણ અંત આવવો જોઈએ. કેટલાક માણસોને રસ્તામાં થૂંકવાની, પાનની પિચકારી મારવાની, કાગળ ને ફળની છાલ નાખવાની ને મકાનોની દિવાલ પર મનમાં ફાવે તેમ લખવાની ટેવ હોય છે. આવા માણસો ટ્રેનના ડબાને પણ ગંદા કરી નાખે છે. આ વસ્તુનો અંત આવવો જોઈએ, ને માણસોએ સ્વચ્છતાના નિયમ પ્રમાણે ચાલતાં શીખવું જોઈએ. અશ્લીલ વિજ્ઞાપનો કે જાહેરખબરો પણ બંધ થવી જોઈએ, ને અશ્લીલ ચિત્રો ને પુસ્તકો વેચનાર, લેનાર ને ઉત્પન્ન કરનાર કોઈ રહેવું ના જોઈએ. સારાંસારાં શહેરોમાં પણ સારા મુખ્ય રસ્તાઓ પર સિનેમાનાં કેટલાંક અશ્લીલ ચિત્રો લોકોના આકર્ષણ માટે મૂકવામાં આવે છે. આની અસર સમાજના માનસિક આરોગ્ય પર ઘણી જ ખરાબ થાય છે. જાહેર સ્થાનો ને શહેરોને તે શોભાવતાં નથી, પણ તેમની નૈતિક ગંદકીમાં વધારો કરે છે. આ બદીનો અંત આવવો જોઈએ. શહેરો ને ગામડાંની સફાઈ થઈ જવી જોઈએ. પોતાની અંદરના ને બહારના બંને પ્રકારના ગંદકીના અસુર સામે લડવા ને તેને પરાસ્ત ને નિર્મૂળ કરવા સૌએ તૈયાર રહેવું જોઈએ. એ બાબતમાં ધર્મપ્રાણ ભારતે હજુ ઘણું શીખવાનું બાકી છે.

*

કેટલાક સમય પહેલાં અમદાવાદમાં એક પરદેશી સદ્‌ગૃહસ્થ આવ્યા હતા. અમદાવાદના મેયર સાથે તે એકવાર શહેરમાં ફરવા નીકળ્યા. રસ્તામાં તેમણે કેળાં લીધાં. તે ખાઈને તેની છાલ તેમણે પોતાના કોટના ગજવામાં મૂકી. તેમની સાથેના દેશી માણસોને માટે આ વાત વિચિત્ર જેવી હતી. કેટલેક આગળ ગયા પછી પેલા પરદેશી સદ્‌ગૃહસ્થે મ્યુનિસિપાલિટીની કચરાપેટી વિશે પૂછ્યું, તે પેટી તેમને બતાવવામાં આવી. એટલે કેળાંની ગજવામાં રાખી મુકેલી છાલને તેમણે પેટીમાં ફેંકી દીધી. દેશીભાઈઓ તેમની આ ઉત્તમ શિસ્ત, સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિ ને રીતભાત જોઈને ખરે જ વિસ્મય પામ્યા. પાછળથી તેમણે આ વાત વર્તમાનપત્રોમાં પણ પ્રસિદ્ધ કરી. આ પ્રસંગ ઘણો જ નાનો છે પણ તેની શિક્ષા ઘણી મોટી છે. માણસે સ્વચ્છતાના સંબંધમાં કેટલા બધા જાગ્રત રહેવાનું છે, ને જાગ્રત રહીને સ્વચ્છતાની સાચવણીમાં મદદ કરીને પોતાની તથા બીજાની સેવામાં કેવી રીતે સહાયક થવાનું છે, તે ખ્યાલ આવા નાના પ્રસંગ પરથી સહેજ આવી શકશે.

એવી રીતે અંદરની સ્વચ્છતા એટલે ચારિત્ર્યશુદ્ધિ પર સારી પેઠે ધ્યાન આપવાનું છે. ચારિત્ર્યની અશુદ્ધિને લીધે સમાજમાં કેટલીય કપરી સમસ્યાઓ ઊભી થાય છે, ને ગુન્હાનું પ્રમાણ વધે છે. માણસો ચારિત્ર્યશુદ્ધિ તરફ ધ્યાન આપે તોપણ સંસારનાં અર્ધાથી વધારે દુઃખોનો અંત આવી જાય. કોઈપણ પ્રજાની પ્રગતિનો આંક તેની ચારિત્ર્યશુદ્ધિ પરથી જ કાઢી શકાય છે. તેના તરફ માણસ જેટલું ધ્યાન આપે તેટલું ઓછું છે.


પશ્ચિમના કેટલાક દેશો વિશે કહેવાય છે કે ત્યાં છાપાં વેચનાર કોઈ હોતું નથી. છાપાં મળવાનું નક્કી સ્થાન હોય છે. ત્યાં જઈને માણસો પેટીમાં પૈસા નાખીને છાપાં લઈ લે છે. છાપાં વેચનાર પોતાના કામકાજથી પરવારીને મોડી સાંજે દુકાને આવે છે, ને છાપાંના પૈસા ગણી લે છે. આશ્ચર્ય છે કે તે પૈસા બરાબર જ નીકળે છે. પરસ્પર વિશ્વાસના ધોરણ પર આવા કેટલાય વ્યવહાર ચાલે છે. હવે ભારતની વાત કરો. મુંબઈ સરકારે આ જ રીતને અમલમાં મૂકવાનો વિચાર કર્યો. સ્વ. સાને ગુરુજીના ગ્રંથોનું વેચાણ આ જ પદ્ધતિથી કરવાનો વિચાર કર્યો. નક્કી દિવસે તપાસ કરવામાં આવી તો જણાયું કે જેટલી કિંમતના પુસ્તકો માણસો લઈ ગયા હતા, તેનાથી અર્ધી કિંમત પણ પૈસા નાખવાની પેટીમાં ભાગ્યે જ હતી ! આ પરથી નિરાશ થવાની જરૂર નથી. બીજા દેશોમાં પણ નૈતિક ને વ્યાવહારિક દોષો સારા પ્રમાણમાં છે. તેમ ભારતમાં બીજે જોવા પણ ના મળે એવી કેટલીક વિશેષતા છે. છતાં જે વાસ્તવિકતા છે, તેની તરફ કોઈએ આંખ આડા કાન કરવાની જરૂર નથી. આ સંદેશ ધર્મ, જાતિ, દેશ કે રંગભેદને ધ્યાનમાં લીધા વિના આપણે સારા સંસારને આપીએ છીએ. કેમ કે સમસ્ત માનવજાતિ એક છે, ને આ સંસાર એક પંખીનો માળો છે. ભારત પાસે મહામૂલ્યવાન એવી નૈતિક ને આધ્યાત્મિક મૂડી છે, જે પ્રેમમૂર્તિ મીરાંની ભાષામાં કહીએ તો "ખરચી ન ખૂટે, વાકો ચોર ન લૂટે, દિનદિન બઢત સવાયો" જેવી છે. તેના સમ્યક્ ઉપયોગથી માનવ ને સમાજનું જીવન મૂલ્યવાન બની શકે તેમ છે. તે મૂડીનાં કેવળ વખાણ ને ગુણગાન કરીને બેસી રહેવાને બદલે, તેને જીવનમાં વટાવવા તત્પર થવું જોઈએ. તો જ જીવનને અજવાળી શકાય. તે મૂડીમાં બાહ્યાભ્યંતર બંને પ્રકારના શૌચનું સ્થાન ઘણું મહત્વનું છે.

* * *

**સમાપ્ત**

* * *

**ABOUT THE AUTHOR**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**

# Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**